"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"નું ૮ મું પુસ્તક.

બંગ કવિવર ડૉ. સર રવીન્દ્રનાથ ટાગોરકૃત

ચોખેરવાલી

(દ્વિતીય ખંડ)

ભાષાન્તરકર્તા,

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી; મુંબાઇ.

પ્રકાશક

ચુનીલાલ અમરશી મહેતા;

મેનેજર-"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા;" અમદાવાદ.

કિંમત બાર આના.

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"નું ૮ મું પુસ્તક.

બંગ. કવિવર ડૉ. સર રવીન્દ્રનાથ ટાગોરકૃત

ચોખેર વાલી

એટલે

આંખની કણી !

(દ્વિતીય ખંડ.)

ભાષાન્તર કર્તા,

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી; મુંબાઈ.

પ્રકાશક

જીવનલાલ અમરશી મહેતા

મેનેજર—"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"; અમદાવાદ.

કિંમત બાર આના.

આવૃત્તિ ૧ લી.] ઈ. સ. ૧૯૧૭. [પ્રત ૧૬૦૦.

અમદાવાદ

ધિ ડાયમન્ડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું. ઠે. સલાપોસરોડ.

અને

પીરમશાહ રોડ ઉપર "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"ની ઑફિસમાં
જીવનલાલ અમરશી મહેતાએ પ્રસિદ્ધ કર્યું.

ચોખેર વાલી–ખંડ બીજો.

ઉપોદ્ઘાત.

'ચોખેર વાલી'ના બીજા ખંડનું ભાષાન્તર સાહિત્યશોખીન ગુર્જર પ્રજા સમક્ષ રજૂ કરતાં મને આનંદ ઉપજે છે. આ પુસ્તકના પ્રથમ ખંડનો સત્કાર આપણી પ્રજાએ બહુ સારી રીતે કર્યો છે. વર્તમાનપત્રો અને માસિકોએ તેમજ સારા વિદ્વાનોએ આ વાર્તા વખાણી છે, એ જોઈ, લેખક અને પ્રકાશકના ઉત્સાહમાં વૃદ્ધિ થઈ છે; અને પ્રજા સમક્ષ આવાં સારાં પુસ્તકો વધુ ને વધુ સંખ્યામાં મૂકવાની અભિલાષાઓને પોષણ મળ્યું છે.

એક નવલકથાથી વાચકવૃંદને આનંદ મળે અને તે સાથે તેમનાં ચારિત્ર ઘડાય, તેમજ જીવનની કર્ત્તવ્યકર્મતુલામાં ધર્મ, નીતિ, પ્રભુભક્તિ અને પવિત્રતાનાં માપ સમાનતાથી રહે, એવા જે ઉચ્ચ ઉદ્દેશો ડા. સર રવીન્દ્રનાથ ટાગોરે પોતાની બધી નવલકથાઓમાં રાખ્યા છે, તેથી આપણા દેશના નવલકથા લખનારાઓને ખાસ એક નવું તત્વ જાણવાનું મળ્યું છે. હાલમાં પ્રત્યેક વર્ષમાં બહાર પડતી ગુજરાતી નવલકથાઓનાં જો અવલોકન કરીશું તો આપણને ઉપર જણાવેલા અંશોવાળી નવલકથાઓની સંખ્યા બહુ જૂજ માલુમ પડશે. સ્વ. શ્રી ગોવર્દ્ધનરામના "સરસ્વતીચંદ્ર" પછી ગુજરાતી ભાષામાં કોઈ પણ વાર્ત્તાનું પુસ્તક એવું લોકપ્રિય થઈ પડેલું નથી તેનું કારણ પણ આવાં તત્વોની ન્યૂનતાનું હોય એમ માની શકાય છે. જો એ માનવું ખરૂં હોય તો આપણા લેખકોએ તેવી દિશામાં કાર્યપદ્ધતિ શરૂ કરવી જોઈએ.

આ પુસ્તકના પ્રથમ ખંડની પ્રસ્તાવનામાં જણાવ્યું હતું તેમ વિનોદિની આખરે પવિત્ર રહે છે અને વિધવાધર્મને કોઈ પણ રીતે

દૂષિત કરતી નથી. **મહેન્દ્ર** અને **આશા** પુનઃ એકઠાં થઈ પોતાનો જીવનરથ સુખમાં ખેડે છે. **રાજલક્ષ્મી**, એ દંપતિને એકત્ર થયેલાં જોઈ સંતોષથી મરણ પામે છે અને **અન્નપૂર્ણા** **વિનોદિની**ને લઈને કાશીએ જાય છે. **બિહારી** આ આખી નવલકથામાં એક અપૂર્વ વ્યક્તિ તરીકે ઝલકી રહ્યો છે. તે હમેશને માટે કુમારો રહે છે અને ગંગા કિનારે ગરીબ અને દર્દી કામદારો તથા કારકુનોની સુશ્રૂષા કરવા માટે એક આશ્રમ સ્થાપીને લોકકલ્યાણના માર્ગમાં બનતા યત્ન કરે છે. **મહેન્દ્ર** અને **આશા** તેના આશ્રમમાં જોડાય છે; તથા એ રીતે આખી વાર્તા છેવટે સુખી ઘટનામાં ફેરવાઈ જાય છે.

છેવટે, એકવાર ફરીથી, ડા. સર રવીન્દ્રનાથ ટાગોરે મને "ઈંગ્લીશ"માંથી આ પુસ્તકનું ભાષાન્તર કરવાની ઉદાર દીલથી અને કાંઈ પણ શરતવિના પરવાનગી આપી છે તે માટે તેઓશ્રીનો તેમજ "ગુજરાતી", "ગુજરાતી પંચ," "નવજીવન", "સમાલોચક", "સાહિત્ય", "ખુરશેદ પ્રકાશ" અને એવાં બીજાં સાપ્તાહિકો તથા માસિકોએ આ નવલકથાના પ્રથમ ખંડ માટે સારો અભિપ્રાય આપ્યો છે, તે માટે તે સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માની અત્રે વિરમું છું.

કાનજી ખેતસીની ચાલી.
મુંબાઇ નં. ૪
તા. ૧-૨-૧૬.

ધનશંકર હીરાશંકર
ત્રિપાઠી.

અનુક્રમણિકા.

રા. રા. નૃસિંહદાસ ભ. વિભાકર, બેરીસ્ટર-ઍટ-લૉએ

"વિચાર–પુષ્પમાળા"

બે વર્ષથી મુંબઈમાં શરૂ કરી છે. તેના પહેલા તથા બીજા વર્ષનાં આઠ પુસ્તકો તેમની તરફથી બહાર પડી ગયાં છે, અને ત્રીજા વર્ષથી એટલે ૧૯૧૭ થી તે પ્રસિદ્ધ કરવાનું તથા ચલાવવાનું અમે સ્વીકાર્યું છે.

ત્રીજા વર્ષનું પહેલું પુસ્તક–પ્રે૦. બેઈનની એક નવલકથા **"નીલ-નેની"** નામે–બહાર પડ્યું છે. એ સુન્દર પુસ્તકનું ભાષાન્તર પ્રે. રા. ટ્રેનિંગ કૉલૅજના સાહિત્યપ્રેમી શિક્ષક રા. રા. **સાકરલાલ અમૃતલાલ** દવે બી. એ. એ સરલ ભાષામાં કરેલું છે. કાગળ વગેરેની અત્યંત મોંઘવારી છતાં એન્ટિક કાગળમાં ઉત્તમ રીતે છાપેલું છે. **કિંમત ૦–૮–૦.**

"વિચાર–પુષ્પમાળા"નું ચાલુ સાલનું બીજું પુસ્તક મહાત્મા **જેમ્સ એલનના** મનનીય પુસ્તક ઉપરથી **"સ્વર્ગની સામગ્રી"** નામે બહાર પડશે, અને ત્રીજા પુસ્તક તરીકે **ગુજરાતી સંવાદોનો** સંગ્રહ આપવાની ધારણા છે, અને તે કામ ચાલુ છે.

"પુષ્પમાળા"ના ગ્રાહકોને કેટલાંક પુસ્તકો ચાલુ વર્ષમાં અર્ધી કિંમતે આપવાની ગોઠવણુ કરી છે તેની વિશેષ માહિતી માટે અર્ધા આનાની ટીકીટ મોકલવી.

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ના ગ્રાહકોને પણ આ પુસ્તકો અર્ધી કિંમતે મળશે. વિ. પી. પોસ્ટેજ જૂદું. લખોઃ—

જીવનલાલ અમરશી મહેતા,

સંપાદક, "વિચાર–પુષ્પમાળા"; **અમદાવાદ.**

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"ના

ગ્રાહકોને ખાસ ખબર.

"ચોખેરવાલી; ખંડ ૨ જો" આ પુસ્તકમાળાના ચાલુ ગ્રાહકોને ૧૯૧૬ ના છેલ્લા પુસ્તક તરીકે મોકલાય છે. કાગળો વગેરેના ભાવ ત્રણગણા વધી ગયા છે, છતાં અમે કાગળ હલકી જાતના આમાં વાપર્યા નથી. એટલુંજ નહિ, પણ ભાવના વધારાના પ્રમાણમાં કિંમતમાં વધારો બીલકુલ કર્યો નથી, પણ કંઇક ઘટાડોજ કર્યો છે.

નવા ગ્રાહક થનારને હવે સને ૧૯૧૫ ની સાલનાં પુસ્તકોનો લાભ નહીં મળે, માટે તે કોઇએ માગવા તસ્દી લેવીજ નહિ. પણ ૧૯૧૬ની સાલમાં ફરજીયાત તથા ઐચ્છિક દાખલ અપાયેલાં **બધાં પુસ્તકો સાથે અર્ધી કિંમતે** મળશે. છૂટક કોઇ પણ પુસ્તક અર્ધી કિંમતે નહિ અપાય. પ્રવેશફીના આઠ આના ભરીને આ પુસ્તકમાળાના ૧૯૧૭ ની શરૂઆતથી કાયમના નવા ગ્રાહક થનારને સને ૧૯૧૭ની સાલનાં પુસ્તકો ઉપરાંત સન ૧૯૧૬ નાં નીચેનાં આઠ પુસ્તકો **સામટાં લેનારનેજ અર્ધી કિંમતે** મળશે.

ફરજીયાત અપાયેલાં.

૧—૦—૦ **ચોખેરવાલી**, પ્રથમ ખંડ. (સર રવિન્દ્રનાથ ટાગોર કૃત.)

૦—૮—૦ **પશુમાંથી દેવ** (મહાત્મા જેમ્સ એલનના ગ્રન્થ-ઉપરથી).

૧–૧૦–૦ **જર્મનીની ઉન્નતિ.**

૦–૧૨–૦ **ચોખેરવાલી**, ખંડ ૨.

ઐચ્છિક દાખલ અપાયેલાં.

૨–૮–૦ **દીવાને સાગર** **સાગર**ની ગઝલો, કવિતા વગેરેનો સંગ્રહ.

૧–૪–૦ **કુમુદચન્દ્ર** (નવલકથા.)

૧–૦–૦ **પ્રવાસીના પત્રો.**

૦–૮–૦ **બાળઉછેર—બાળરક્ષણ.** (સ્ત્રીઉપયોગી નિબંધ.)

સન ૧૯૧૭ માટે છપાતાં નવાં પુસ્તકો.

ચાલુ સાલ માટે નીચેનાં પુસ્તકો છપાય છે. તેમાંથી જેમ જેમ તૈયાર થશે તેમ તેમ પુસ્તકમાળાના ગ્રાહકોને અપાશેઃ—

૧ **ચક્રવર્તી અશોક.** (ઐતિહાસિક નવલકથા.મે માસમાં અપાશે).

૨ **મુક્તિમાળા** અથવા જીવરાજજીવન્મુક્તિ આખ્યાન; ભા. ૧ લો. (વેદાન્તનો સરલ ને સુબોધક સ્વતંત્ર નવો ગ્રન્થ.)

૩ **તત્ત્વચિંતન.** (મહાત્મા જેમ્સ એલનના ગ્રન્થ ઉપરથી નિત્ય પાઠ કરવા યોગ્ય તારીખવાર શિક્ષાપત્રી. આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં તદન નવું અને અપ્રતિમ નવડશે એ નિઃસંદેહ છે.)

૪ **રણથંભોરની રજપુતાણી "ચંદા"**—ઐતિહાસિક નવલકથા.

૫. **સર ફીરોજશાહ મહેતાનું** સ્વતંત્ર જીવન ચરિત્ર—રા. રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયાને ખાસ લખવા સોંપેલું છે.

અચ્છિક તરીકે મળવાનાં પુસ્તકો.

આ ઉપરાંત નીચેનાં પુસ્તકો ૧૯૧૭ માં **અર્ધી કિંમતે ઐચ્છિક તરીકે** આપવા માટે પસંદ કરવામાં આવ્યાં છે:—

૧–૮–૦	**જ્યૉર્જ વૉશિંગ્ટનનું** જીવનચરિત્ર.	૦–૮–૦	**મજનૂ અને જોગી.** (**સાગરકૃત** એક લાંબો સ્નેહ સંવાદ).
૦–૮–૦	**નીલનેની** (પ્રો. એઇનની એક સુન્દર નવલકથા).	૦–૮–૦	**દિવ્યરંભા** (અદ્ભુત રસભરી ડીટેક્ટીવ વાર્તા.)
૦–૧–૦	**તપસ્વિની** (નવુંનાટક).	૧–૮–૦	**કર્નલ મેડાઝ ટેલરનું** જીવનચરિત્ર.
૦–૮–૦	**શારદા અને ચન્દ્રલેખા** (નાટક).		

આ પ્રમાણે ચાલુ સાલમાં પુસ્તકમાળાના ગ્રાહકોને લાભ મળશે; તે લેવા ગુર્જર વાચક ભાઈ–બહેનો નહીંજ ભૂલે એવી ખાત્રી છે.

જીવનલાલ અમરશી મહેતા,

મેનેજર—"ગ્રા. વ. પુસ્તકમાળા"; **અમદાવાદ.**

ચોખેર વાલી

એટલે

આંખની કણી !

(દ્વિતીય ખંડ.)

પરિચ્છેદ ૧.

ભેદાયલાં હૃદયોનો મિલનપ્રસંગ.

આશાએ એક દિન અન્નપૂર્ણાને પૂછ્યું: "માસી, તમને કોઈ દિવસ માસા યાદ આવે છે કે ?"

અન્નપૂર્ણા: "અગિયાર વર્ષની વયે હું વિધવા થઈ છું. સ્વામીની મૂર્તિ છાયાની પેઠે મારા સ્મરણમાં છે."

આશા બોલી: "ત્યારે તમે નિત્ય કોનું ધ્યાન ધરો છો ?"

અન્નપૂર્ણા: "મારા સ્વામી આજે જે ઈશ્વર પાસે બિરાજે છે તે ઈશ્વરનું."

આશા: "તેમ કરવાથી તમને કાંઇ સુખ મળે છે ?"

અન્નપૂર્ણા સ્નેહથી આશાના મસ્તક ઉપર પોતાનો હાથ ફેરવતાં બોલી: “મારા મનની એ વાત તને કેમ સમજ પડે, બેટા ? મારૂં મન અને જેનું ધ્યાન હું ધરૂં છું તેજ બન્ને એ વાત સમજીએ છીએ.”

આશા પોતાના મનમાં વિચારવા લાગી: “હું જેનું નિત્ય રાત દિવસ ધ્યાન ધરૂં છું તે શું મારા મનની વાત નથી જાણતા ? મને પત્ર લખતાં આવડતો નથી તેથી તેમણે કેમ પત્ર લખવો બંધ કર્યો ?”

આશાને મહેન્દ્ર તરફથી એક પણ પત્ર મળ્યો નહોતો. એક દીર્ઘ નિઃશ્વાસ નાંખતી, તે પોતાના મનમાં બોલી: “મારી સખી ચોખેરવાલી જો મારી પાસે હોત તો તે મારા મનની વાત સારી રીતે પત્રમાં લખાવત.”

ગમે તેવા અક્ષરોમાં લખેલી એક નાની સરખી કાપલી સ્વામીને પ્રસન્ન નહિ કરે એ વિચારથી આશા પત્ર લખવાની ઇચ્છા કરતી નહિ. કદિ જો સાહસ કરી લખવા બેસતી તો જેટલો વધુ શ્રમ તે સારા અક્ષર લખવા પાછળ લેતી તેટલા વધુ તેના અક્ષર બગડતા. જેમ જેમ તે પોતાની મનની વાતો લખવાનો વિચાર કરતી તેમ તેમ તેની ગુંચવણ વધતી હતી. કેવળ “શ્રીચરણેષુ” લખી સહી કરવાથી અન્તર્યામી દેવતાની પેઠે મહેન્દ્ર આશાના મનના વિચારો સમજી શકે એમ હોત તો આશાનો પત્ર લખવાનો શ્રમ સાર્થક થાત. અફસોસ, વિધાતાએ જ્યારે આશામાં આટલો પ્રેમભાવ નિપજાવ્યો ત્યારે તે પ્રકટ કરવાને તેને કેમ સુંદર ભાષા ન આપી ?

દેવની શયનઆરતિ થયાં બાદ આશા માસીના પગ દાબતી તેની પાસે બેઠી. તેણે કહ્યું: “માસી, તમે કહો છો કે પતિને પ્રભુ ગણી નિરંતર તેની સેવા કરવી એ સ્ત્રીઓનો ધર્મ છે; પરન્તુ જે સ્ત્રી મૂર્ખ હોય, જેને બુદ્ધિ ન હોય, જે સ્ત્રી સ્વામીની કેવે પ્રકારે સેવા કરવી જોઇએ તે સમજતી ન હોય તેણે શું કરવું ?”

માસી ક્ષણેક પર્યંત આશા પ્રત્યે જોઇ રહી અને બોલી: "હું પણ મૂર્ખજ છું, તોપણ ભગવાનની સેવા અને ભજન કર્યા કરૂં છું."

આશાએ શંકા ઉઠાવી: "તે તો તમારા અંતરની વાત સમજે છે, અને તેનાથી પ્રસન્ન થાય છે; પરન્તુ સ્વામી મૂર્ખ સ્ત્રીની સેવાથી પ્રસન્ન નં રહે તો?"

અન્નપૂર્ણા બોલી: "સર્વને પ્રસન્ન કરવાની શક્તિ સર્વમાં નથી હોતી. બેટા, ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક જે સ્ત્રી નિરંતર સ્વામીની સેવા કરે છે તેને તુચ્છ ગણી, સ્વામી કદાચ તિરસ્કારે તોપણ જગદીશ્વર તો તેને ગૃહણ કરે છેજ."

આશા કંઇ ઉત્તર ન આપતાં ચૂપ રહી. માસીની વાત ઉપરથી કંઇક સાંત્વન પ્રાપ્ત કરવા તેણે ઘણો યત્ન કર્યો, પણ તેને વિશ્વાસ ન આવ્યો કે સ્વામી જેનો અસ્વીકાર કરે તેને જગદીશ્વર સહાય કરે-સ્વીકારે. તે માસીના પગ ફરીથી ચાંપવા લાગી.

અન્નપૂર્ણા, તેનો હાથ પકડી તેનું શિશ ચુમી, પોતાના રૂંધાયલા કંઠે બોલી: "ચુન્ની, દુઃખ અને કષ્ટમાં જે અનુભવ અને જે શિક્ષા મળે છે તે, દુઃખ અને કષ્ટની વાતો માત્રનું શ્રવણ કરવાથીજ નથી પ્રાપ્ત થતાં. એક સમયે હું પણ તારી ઉમ્મરે સંસારવ્યવહારમાં પ્રવૃત્ત રહેતી હતી. તે સમયે મને પણ તારી પેઠેજ વિચાર આવતા, કે જેની હું સેવા કરૂં છું તેને સંતોષ કેમ નથી થતો? જેની પૂજા કરૂં છું તેનો કૃપાપ્રસાદ કેમ નથી મળતો? જેનું ભલું કરવા યત્ન કરૂં છું તે મારા કૃત્યને ભલી દૃષ્ટિએ કેમ નથી જોતા? પણ પછીથી મારો એજ અનુભવ થયો કે એ પ્રમાણે હમેશાં થતું નથી. અન્તે એક દિવસ મારાથી સહન થઇ શક્યું નહિ. મને જણાયું કે સંસારમાં મારૂં સર્વ કર્યું કારવ્યું વ્યર્થ ગયું. તેજ દિવસે સંસારથી સંબંધ તોડી હું અહિં ચાલી આવી. પણ આજે જોઉં છું કે મારૂં કરેલું કાંઇપણ નિષ્ફળ

ગયું નથી ! પુત્રી, જેની સાથે આપણો મૂળ સંબંધ છે, જે આ સકળ જગતનો મૂળ પુરૂષ છે, તે મારાં સર્વ કૃત્ય–સેવા, પૂજા અને શુભ વાંચ્છનાઓ આજે સ્વીકારે છે–ગૃહણ કરે છે. તે આ મારા હૃદયમાં રહી એ સર્વનો સ્વીકાર કરે છે ! મને જો પ્રથમથીજ એ પ્રમાણે જ્ઞાન હોત, સંસારનાં સર્વ કાર્ય તેનાં પરત્વે માનીનેજ જો મેં કર્યાં હોત, અને એનેજ ઉદ્દેશીને સંસારમાં મારૂં હૃદય પરોવ્યું હોત તો મને આજે કોણ દુઃખ દઇ શકત ? ”

આશાએ આખી રાત શૈય્યામાં સુતે સુતે માસીની વાતોનો વિચાર કર્યો પણ તેને કશી સમજ પડી નહિ. પરન્તુ પુણ્યપરાયણ માસી ઉપર એને અસીમ ભક્તિ અને અપૂર્વ શ્રદ્ધા હતાં. માસીની વાતમાં કંઇ પણ સમજ ન પડવા છતાં તેણે તેને શિરોધાર્ય કરી. જે ઇશ્વિરને માસીએ સકળ સંસારથી વિશેષ ગણી, પોતાના હૃદયમાં સ્થાન આપ્યું તે ઇશ્વિરને ‘અંધકારમાં’ બિછાના પર બેઠી થઇ, પ્રણામ કરતી આશા બોલી: “ હું બાલિકા છું, અજ્ઞાન છું, તમને નથી ઓળખતી. માત્ર એક મારા પતિને દેખી રહી છું. એમાં જો કાંઈ અપરાધ હોય તો ક્ષમા કરશો. પ્રભુ, હું મારા પતિની પૂજા કરૂં છું તેનો સ્વીકાર કરવા આપ તેમને કહેશો ! એ જો સ્વીકાર નહિ કરે–પગપ્રહારથી દૂર કરશે તો–હું મરી જઇશ ! હું મારી માસી જેવી પુણ્યાત્મા નથી કે કેવળ તમારોજ આશ્રય ગૃહણ કરી જીવી શકું.”

એટલું કહી વારંવાર હાથ જોડી આશાએ જગદીશ્વરને પ્રણામ કર્યાં.

આશાના કાકાએ કલકત્તે પાછા ફરવા વિચાર કર્યો. વિદાય થવાને આગલે દિવસે સાંજે અન્નપૂર્ણાએ આશાને પોતાની પાસે બેસાડી કહ્યું: “ ચુન્ની, સંસારનાં શોક, દુઃખ અને અમંગળથી સર્વદા તને રક્ષવાની મારામાં શક્તિ નથી ! મારો તને એકજ ઉપદેશ છે કે ગમે તે કષ્ટ પડે, પણ તારે વિશ્વાસ, ભક્તિ અને ધર્મથી લેશ પણ ચલિત થવું નહિ. ”

આશા માસીની ચરણરજ મસ્તક ઉપર ચઢાવી બોલી: "માસી, તમારા આશીર્વાદથી સૌ સારૂં થશે."

આશા કલકત્તે પાછી ફરી. વિનોદિનીએ રોષ દાખવી કહ્યું: "આટલા દિવસ પરદેશમાં રહી પણ એકકે પત્ર ન લખાયો?"

આશાએ કહ્યું: "તમે પણ ક્યાં લખ્યો છે?"

વિનોદિની: "આપણે વાત નહોતી થઇ કે પ્રથમ તમે લખશો?"

આશાએ વિનોદિનીને ગળે વળગી પડીને પોતાનો અપરાધ સ્વીકારતાં કહ્યું: "બ્હેન, જાણો તો છો કે મને લખતાં નથી આવડતું! તમારા જેવી ભણેલી ગણેલી સ્ત્રીને લખતાં મને શરમ આવે છે."

અલ્પ સમયમાં બન્ને સખીઓના મનનું સમાધાન થઇ ગયું.

વિનોદિની બોલી: "દિનરાત સાથે ને સાથે રહીને તમે તમારા પતિનો સ્વભાવ બગાડી નાંખ્યો છે. એમની પાસે એક માણસ નિરંતર જો ન રહે તો એમને કળ જ નથી વળતી."

આશા બોલી: "એ કારણથી તો હું તેમને તમારા હાથમાં સોંપી ગઇ હતી. સાથે કેમ રહેવું એ તમે મારા કરતાં વધારે સમજો છો."

વિનોદિની બોલી: "દિવસના તો ગમે તે પ્રકારે કૉલેજમાં મોકલી હું નિશ્ચિંત બનતી હતી. પણ રાતના ઘણો ત્રાસ. 'વાતચીત કરવી પડશે, બેસીને વાંચો જરા' એવું કહી રોકાણ કરતા."

આશાએ કહ્યું: "કેવાં હોંશિયાર છો, સખી ચોખેરવાલી? તમે તો લોકોને મોહી લ્યો છો! પણ લોકો તમને કેમ છોડી દે છે?"

વિનોદિની બોલી: "સાવધ રહેજો, બ્હેન! તમારા પતિ આજ કાલ મારા પ્રત્યે જે સ્નેહ દાખવે છે તે ઉપરથી મને શંકા થાય છે કે કદાચ મને વશીકરણવિદ્યાનું જ્ઞાન હશે!"

આશા હસીને બોલી: "તમને જ્ઞાન ન હોય તો બીજા કોને

હોય ? તમારી એ વિદ્યાનું સ્હેજ પણ જ્ઞાન મને હોત તો હું મને ભાગ્યશાળી માનત !"

વિનોદિની: "કેમ કોઇનો સર્વનાશ કરવાની ઇચ્છા થઈ છે કે શું ? જે છે તેની જ રક્ષા કરો. અન્યને વશીભૂત કરવાનું પ્રયોજન નથી."

આશાએ વિનોદિનીનું મ્હોં દાબીને કહ્યું: "મુંગા રહો, હવે બહુ બોલબોલ શું કરો છો ?"

આશા, કાશીએથી આવ્યા બાદ પ્રથમ મિલનેજ મહેન્દ્રે તેને કહ્યું: "માસી પાસે તું ઘણાં સુખચેનથી રહી હોઉં એમ જણાય છે, આરોગ્ય ઘણું સારૂં છે. રૂષ્ટપુષ્ટ થઇ આવી છે ને શું !"

આશા ઘણી શરમાઇ ગઇ. તેને વિચાર થયો કે શરીર કોઇ પ્રકારે પણ વધવું નહોતું જોઇતું ! હું મહા મૂર્ખ છું. મારી કોઇપણ વાત ઠીક નથી થતી ! મારૂં મન આટલું બધું ચિન્તાગ્રસ્ત છતાં પણ શરીર વધી ગયું એ ઠીક ન થયું !

આશાએ ધીરેથી પૂછ્યું: "તમે દિવસ કેવી રીતે વીતાવ્યા ?"

આંજ પ્રશ્ન જો અગાઉ પૂછવામાં આવ્યો હોત તો મહેન્દ્ર એવો ઉત્તર આપત કે: "અરે, મને તો દિવસ બહુજ કપરા લાગ્યા ! કશાથી ચેન પડતું નહોતું." પણ આજે એનામાં પહેલાંના જેટલો ઉત્સાહ નહોતો. તેણે માત્ર ટુંકમાંજ કહ્યું: "ઠીક ગયા."

આશાએ ઉંચી નજર કરી મહેન્દ્ર તરફ જોયું તો તેને જણાયું કે પહેલાંના કરતાં તેનું શરીર કંઇક દુર્બળ બન્યું હતું. તેનો ચહેરો ફીક્કો પડી ગયો હતો. નેત્રમાં એક પ્રકારની તીવ્ર ઝળક જણાતી હતી.

આશાના હૃદયમાં ભારે વ્યથા થઈ. તે વિચાર કરવા લાગી: "અરે, મારા વિના મારા પતિને ઘણું કષ્ટ પડયું ! હું તેમને છોડીને કાશીએ ગઇ ન હોત તો ઠીક થાત !"

સ્વામી રોગી અને દુર્બળ બની ગયા, અને પોતે આરોગ્યવતી બની તે કારણે પણ તે પોતાના સ્વાસ્થ્યને ધિક્કારવા લાગી.

મહેન્દ્રે પૂછ્યું: " કાકીનું આરોગ્ય કેમ છે ? "

એના ઉત્તરમાં કાકીના કુશળ મંગળના સમાચાર મળ્યા બાદ **મહેન્દ્રને** હવે કીયા વિષયપર વાત કરવી તે સુઝ્યું નહિ. પાસેજ એક જુનું પુરાણું વર્તમાનપત્ર પડયું હતું. તે હાથમાં લઈ તે વાંચવા લાગ્યો. **આશાને** ઝોકાં આવવા માંડયાં. તેને વિચાર આવ્યો: " આટલા દિવસના વિયોગ પછી મળ્યાં તોપણ એમણે મારી સાથે નિખાલસ મને કંઈ વાત કરી નહિ. અરે, મારી સામે બરાબર દૃષ્ટિ પણ ન કરી ! એમને થયું છે શું ? મેં પત્ર ન લખ્યો તેથી તો અપ્રસન્ન નથી થયા ? અથવા તો માસીના કહેવાથી વધારે દિવસ હું કાશીમાં રહી તેથી તેમને રોષ તો નથી ચડયો ?" **મહેન્દ્રના** સ્વભાવમાં થયેલો ફેરફાર એ પોતાનાજ કોઈ અપરાધનું પરિણામ હોવું જોઇએ, એમ ગણી તે અપરાધ શોધી કાઢવા **આશા** પ્રયાસ કરવા લાગી.

બીજે દિવસે **મહેન્દ્ર** કૉલેજથી જ્યારે ઘેર આવ્યો ત્યારે ઉપાહારને માટે કંઈક મિઠાઈ અને ફળ લઈને **રાજલક્ષ્મી** આવી. **આશા** થોડે દૂર કબાટ પકડી ઉભી રહી.

રાજલક્ષ્મીએ પૂછ્યું: " **મહેન્દ્ર**, આજ તારી તબિયત કંઈક નરમ છે શું ? "

મહેન્દ્રે ઉત્તર આપ્યો: " નહિ બા, તબિયત તો સારી છે. "

રાજલક્ષ્મીએ પૂછ્યું: " ત્યારે તું કેમ કંઈ ખાતો નથી ? "

મહેન્દ્રે કંઈક ચ્હીડવાઈને કહ્યું: " ખાતો નથી તો શું કરું છું ? "

દિવસ ઉન્હાળાના હતા. સંધ્યાકાળ પડતાં **મહેન્દ્ર** અગાશીમાં ફરવા લાગ્યો. તે ધારતો હતો કે " આજ મારૂં પુસ્તકવાંચન બંધ

નહિ પડે. “ આનન્દમઠ ”* સમાપ્ત થવા આવ્યો છે. કેવળ બે ત્રણ પરિચ્છેદ હવે બાકી છે. વિનોદિની ગમે તેવી નિષ્ઠુર છે પણ એ બે ત્રણ પરિચ્છેદ તો અવશ્ય પૂર્ણ કરશેજ.” પરન્તુ સંધ્યાકાળ વીતી અને રાત્રી શરૂ થઈ ચૂકી; નિત્યનો સમય પણ થઈ ગયો. છતાંયે મહેન્દ્રની આશા સફળ થઈ નહિ. નિરાશ બની તે પલંગ પર જઈ પડયો !

શરમાળ આશા શૃંગાર સજી, મંદ ગતિએ ઓરડામાં દાખલ થઈ. મહેન્દ્ર પલંગ ઉપર પડયો હતો. આગળ વધતાં આશાને સંકોચ લાગવા માંડયો. વિયોગ પછી પુનઃ મિલન સમયે નવીન સમાગમ સમય જેટલીજ કંઈક લજ્જા રહે છે.

આજ આશા વણ બોલાવી શી રીતે અંદર જઈ શકે ? કંઈક સમય પર્યંત તે દરવાજા પાસે ઉભી રહી; પણ મહેન્દ્રનાં જાગૃત થવાનાં કંઈ ચિહ્ન જણાયાં નહિ ! ઘણીજ ધીરી ગતિયે એકએક પગલું આગળ મૂકતી તે અંદર જવા લાગી. ધડકતા હૃદયને હાથ વતી દાબતી દાબતી તે પલંગ પાસે જઈ પહોંચી. મહેન્દ્ર નિદ્રામાં હતો. આશાને લાગ્યું કે જાણે સર્વ અલંકારો તેનો ઉપહાસ કરી રહ્યા છે ! આશાને ઇચ્છા થઈ કે જાણે કોઈ અન્ય સ્થળે નાશી જઈ સુઈ રહું.

તે બહુજ સંભાળથી આસ્તે રહીને પલંગ પર બેઠી છતાં પણ પલંગ હાલ્યો અને કંઈક અવાજ થયો. પહેલાં મહેન્દ્ર કદિ અગાધ નિદ્રામાં હોવા છતાં પણ જાગૃત થઈ જતો; પણ આજે તેનાં નેત્ર ઉઘડયાં નહિ. તે નિદ્રાવશ હતોજ નહિ, જાગૃતજ હતો. પલંગપર એક બાજુએ ભીંત તરફ મ્હોં ફેરવી તે પડી રહ્યો હતો. આશા કંઈપણ બોલ્યા વિના મુંગી મુંગી સુઈ ગઈ. મહેન્દ્ર મ્હોં ફેરવીને સુતો હતો છતાં તેનાથી એ છૂપું રહ્યું નહિ કે આશા અશ્રુપાત કરી રહી હતી.

---

* સ્વ. બાબુ બંકિમચંદ્રની જાણીતી નવલકથા.

તેની નિષ્ઠુરતા, તેના હૃદયને પીડવા લાગી. બહુ વિચાર કર્યા છતાં પણ તેને એ ન સુઝયું કે **આશા**નો કેવે પ્રકારે આદર કરવો? તેની સાથે શી વાત કરવી? અંતરમાં તેનું હૃદય સાલવા લાગ્યું. તેને તીવ્ર વેદના થઇ, પણ કોઇ ઉપાય જડયો નહિ. તેણે વિચાર્યું: "અત્યારે તો ઠીક છે પણ સવારના આવો સ્વાંગ નહિ ભજવાય, તે વખતે તો અવશ્ય એકમેકની દ્રષ્ટિ મળશેજ. તે સમયે શું કરીશ? શી વાત-ચીત કરીશ?"

પરન્તુ **આશા**એ તેને આ સંકટમાંથી ઉગાર્યો. તેને **મહેન્દ્ર**ની વર્તણુંકથી બહુ માઠું લાગ્યું. તે અપમાનિત બની, સવારના વહેલી ઉઠીને ત્યાંથી જતી રહી. તે **મહેન્દ્ર**ને પોતાનું મ્હોં બતાવવાની હિમ્મત કરી શકી નહિં.

પરિચ્છેદ ૨.

મોહાંધ.

આશા વિચાર કરવા લાગી: "આમ કેમ થયું ? મારો એવો શો દોષ થયો છે ?"

જે દિશામાં વાસ્તવિક વિપત્તિ હતી તે દિશામાં તેનું લક્ષ પણ ન ગયું. **મહેન્દ્ર** **વિનોદિની** પ્રત્યે પ્રેમ કરે એ તેને સંભવિત પણ ન લાગ્યું. સંસારલીલાથી તે બિલકુલ અનભિજ્ઞ હતી. તે સિવાય લગ્ન પૂર્વે **મહેન્દ્ર**ને માટે પોતે જે અભિપ્રાય બાંધ્યો હતો તેથી વિરુદ્ધ કલ્પના પણ કરવી એ **આશા**ને માટે અસંભવિત હતું.

મહેન્દ્ર આજે કૉલેજમાં કંઇક વહેલો ગયો. પ્રથમ જ્યારે **મહેન્દ્ર** કૉલેજ જતો ત્યારે **આશા** બારણા પાસેની જાળીમાં આવી ઉભી રહેતી હતી. **મહેન્દ્ર** પણ ગાડીમાંથી એકવાર તેના તરફ દૃષ્ટિ કરતો અને આ ક્રમ નિત્ય ચાલતો હતો. તદનુસાર આજ પણ ગાડીનો ખખડાટ કર્ણ પર પડતાં **આશા** નિત્યની પેઠે જાળી આગળ જઇ ઉભી રહી. **મહેન્દ્ર**ની દૃષ્ટિ પણ હમેશના અભ્યાસને લીધે તેની તરફ ખેંચાઇ. **મહેન્દ્રે** જોયું કે **આશા** ઉભી છે. હજુ તે નાહી નથી. કપડાં મલિન થઇ ગયાં છે. માથાના કેશ વિખરાઇ ગયલા છે. મ્હોં સુકાઇ ગયલું છે. એક ક્ષણભર નજર કરી, તુર્ત દૃષ્ટિ નીચી કરી. **મહેન્દ્ર** પોતાના હાથમાંના પુસ્તકમાં જોવા લાગ્યો. આજે કોણ જાણે તે નિર્દોષ નીરવ રસમય નેત્રસંભાષણ ક્યાં ઉડી ગયું ? તે ભાવપૂર્ણ મધુર હાસ્યનો આજે પત્તોજ નહતો !

ગાડી ગઇ. આશા તેજ સ્થાને જમીન ઉપર પડી રહી. પૃથ્વી, સંસાર–સર્વ તેને વિરસ જણાયાં. સાડા દશનો અમલ હતો. માર્ગ-પરથી તે સમયે ઘણાં નગરવાસીઓ પોતપોતાને કામે જતા આવતા નજરે પડતા હતા. ગાડીઓનો ખખડાટ સંભળાતો હતો, એક પાછળ બીજી એમ કેટલીયે ટ્રામગાડીઓ પસાર થઇ રહી હતી.

એકાએક આશાને કંઇ વિચાર સ્ફુર્યો–તે સમજી! તેને વિચાર આવ્યો: "બિહારીબાબૂ કાશી આવ્યા તે વર્તમાન સાંભળી, એ મારાથી અપ્રસન્ન થયા છે. તે સિવાય અન્ય કોઇ ઘટના બની હોય એવું સાંભરતું તો નથી. પણ તેમાં મારો શો દોષ?"

વિચારમાં ને વિચારમાં આશાના હૃદયની ગતિ ક્ષણભર મંદ પડી. એકાએક તેને શંકા થઇ: "મને એમ જણાય છે કે બિહારીબાબૂ કાશી ગયા તે સાથે મને કંઇપણ સંબંધ હોવો જોઇએ એવી એમને શંકા ઉપજી છે. અમારી બેની સંતલસથી આ કાર્ય થયું છે, એમ તેઓ માને છે! અરેરે! આવો સંદેહ! કેવું લજ્જાસ્પદ! બિહારીનું નામ સાંભળતાંજ મને ત્રાસ છૂટે છે તો જ્યારે એ આ પ્રકારનો સંદેહ કરે ત્યારે મારે માટે પ્રાણવિસર્જન કરવા સિવાય અન્ય કોઇ માર્ગ હોઇ શકે ખરો? પરન્તુ જો એમને શંકા કરવાનું કંઇપણ સચોટ કારણ મળ્યું હોય તો તે પ્રમાણે એ શામાટે મને સ્પષ્ટ કહેતા નથી? અથવા મારાથી કંઇ અપરાધ થયો હોય તો તેની શિક્ષા શામાટે નથી કરતા? જે હોય તેનો જે તે ખુલાસો કરવાને બદલે જ્યારે ત્યારે મારાથી દૂર શા માટે રહે છે?" આશાને આવા ને આવા વિચા-રોથી ઘણું દુઃખ ઉત્પન્ન થયું. તેને એમ લાગ્યું કે મહેન્દ્રને કોઇ એવી તો વિચિત્ર ભ્રમણા થઇ હોવી જોઇએ કે જે વિષે પોતાની સમક્ષ કાંઇપણ વાત કરવી એ તેને ઉચિત લાગતું નથી.

મહેન્દ્ર કૉલેજમાં પહોંચ્યો પણ તેનું ચિત્ત આજે અભ્યાસમાં નહોતું. કૉલેજમાં ભાષણ વખતે શ્રેણીબદ્ધ વિદ્યાર્થીઓની વચ્ચે બેઠો હતો ત્યાંપણ જાળીમાં ઉભેલી આશા, તેના વિખરાયલા વાળ, મલિન વસ્ત્ર, વ્યથિત વ્યાકુળ દૃષ્ટિ, એ સર્વ દૃશ્ય વારંવાર તેના નેત્ર આગળ તરવર્યા કરતાં હતાં.

કૉલેજનો નિત્યક્રમ સમાપ્ત થયો. મહેન્દ્ર પાસેનાજ એક ચોગાનમાં આવેલા સરોવરની પાળ પર ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તેને વિચાર આવ્યો: “ આશા સાથે કેવો વ્યવહાર રાખવો ઉચિત છે? દયાપૂર્ણ કે નિષ્ઠુરતાભર્યો? છળકપટવાળો કે શુદ્ધ હૃદયનો? શું ઉચિત છે?” સાયંકાળ થયો પણ તે કશા નિર્ણયપર આવી શક્યો નહિ. “હાલ આશા ઉપર મારો જેવો પણ પ્રેમ છે તેવો અન્ય સ્ત્રીઓના વિષયમાં દુર્લભ ગણાય” એમ વિચારી તેણે પોતાના મનનું સાંત્વન કર્યું. “ એ પ્રેમથી આશા કેમ સંતુષ્ટ નથી રહેતી? વિનોદિની અને આશા બન્નેને સ્થાન આપવાને યોગ્ય એવું મારૂં પ્રશસ્ત, હૃદય છે. વિનોદિની સાથે મારો પવિત્ર પ્રેમસંબંધ છે તેમાં દાંપત્ય નીતિનો લેશ પણ ભંગ થતો નથી.”

આમ મનનું સાંત્વન કરી મહેન્દ્રે પોતાના હૃદય ઉપરનો ભાર હલકો કર્યો. વિનોદિની અને આશા બન્નેમાંથી કોઇને પણ ન ત્યજતાં એ ચંદ્રબિંબથી શોભિત આકાશપટ સમાન પોતાના જીવનને સુખમાં વ્યતિત કરી શકવાના વિચારે તેના હૃદયને પ્રસન્ન અને પ્રફુલ્લિત બનાવી મૂક્યું. આજ રાતનાજ સ્નેહપૂર્ણ વિનોદગોષ્ટિ અને હાસ્ય-ચેષ્ટાથી આશાના અંતરની સર્વ વ્યથા દૂર કરી દઇશ, એમ નિશ્ચય કરી મહેન્દ્ર ત્વરાથી ગાડીમાં બેસી ઘેર જવા નીકળ્યો.

ભોજન સમયે આશા દૃષ્ટિએ પડી નહિ. રાતના શયન સમયે તો આવશેજ એમ ધારી મહેન્દ્ર શૈય્યા ઉપર જાગતો પડી રહ્યો. પરન્તુ

એ શૂન્ય સ્થાનમાં શૂન્ય સેજ ઉપર કઇ સ્મૃતિએ **મહેન્દ્ર**ના હૃદય પર સત્તા ફેલાવી ? **આશા** સાથે પ્રથમ નિત્ય જે નવીન પ્રેમલીલા અનુભવાતી તે ?—ના. સૂર્યના પ્રકાશ આગળ જેમ ચંદ્રનો પ્રકાશ ઝાંખો પડી જાય છે તેમ એના હૃદયમાં પૂર્વાનુરાગની સ્મૃતિ ઝાંખી થઇ ગઇ છે, અને એક ચપલ ઉજ્વલ તરૂણ મૂર્તિએ, એ સરળ બાલિકાની સંકોચપૂર્ણ મધૂર સુકોમળ મર્તિને છુપાવી પોતાની સત્તા પ્રસારી દીધી છે !

કંઇક સમય પૂર્વે એક દિવસ સન્ધ્યા સમયે **વિનોદિની** "કપાળ કુંડલા" વાંચતી હતી અને **મહેન્દ્ર** આરામાસન ઉપર પડ્યો પડ્યો તે સાંભળતો હતો. વાંચતાં વાંચતાં રાત્રી ઘણી વ્યતિત થઇ ગઇ. ગૃહનાં અન્ય સર્વલોક નિદ્રાવશ થઈ ગયાં હતાં. રાત્રીના ભાગમાં શૂન્ય ખંડમાં ફેલાયલી શાંતિ સમયે **વિનોદિની**નો કોમળ કંઠસ્વર મધૂરતા ફેલાવી રહ્યો હતો. એકાએક તે નીચે જવા તૈયાર થઇ ત્યારે **મહેન્દ્રે** તેને નિસરણી સુધી મૂકી આવવા જણાવ્યું હતું. એ સર્વ વૃત્તાંત અત્યારે **મહેન્દ્ર**ના મનમાં તાજો થયો. વારંવાર એ વૃત્તાંતનું સ્મરણ થવાથી **મહેન્દ્ર**નાં રોમાંચ ઉભાં થયાં. રાત્રી વધવા લાગી. તે સચેત બન્યો. તેના મનમાં આશા સ્ફુરવા લાગી કે **આશા** હવે આવતી હશે. પણ **આશા** આવી નહિ.

મહેન્દ્ર પોતાના મનમાં બોલ્યો: "હું તો કર્તવ્યપાલન માટે આતુર છું. પણ **આશા**જ વ્યર્થ અભિમાન ધરી નથી આવતી તેમાં મારો શો દોષ ?"

એમ વિચાર કરીને પોતાના ચિત્તમાં **વિનોદિની** સંબંધી અધિક અને અધિક ઉર્મિઓને સ્થાન આપવા લાગ્યો. એમ કરતાં કરતાં એક વાગ્યો. આ વખતે **મહેન્દ્ર**નું ધૈર્ય ખુટયું. તે બારણાં ઉઘાડી બહાર આવ્યો. અગાશી ઉપર આવી જોયું તો, ઉન્હાળાની ચાંદની સુંદર અને

સોહામણી લાગતી હતી. સમસ્ત કલકત્તા શહેર એ સમયે નિદ્રાદેવીના સુખમય પાશમાં લપટાઇ ગયું હતું.

ઘણા વખતની **મહેન્દ્ર**ની આકાંક્ષા આજે પ્રબળ બની ઉઠી. જ્યારથી **આશા**, કાશીથી પાછી ફરી હતી ત્યારથી **મહેન્દ્રે** **વિનોદિની**ને જોઇ નહતી. શાંત અને ચાંદનીવાળી રાત **મહેન્દ્ર**ના મનને મોહિત કરી, **વિનોદિની** તરફ લઇ જવા લાગી. **મહેન્દ્ર** નિસરણી ઉતરી નીચે ગયો. વિનોદિની જે ખંડમાં સુતી હતી તેની સામેના ઓટલા ઉપર ચઢીને જોયું તો તેના ખંડનું દ્વાર ખુલ્લું હતું. અંદર જઇ **મહેન્દ્રે** દૃષ્ટિ ફેરવી તો શૈય્યા હોવા છતાં તેમાં કોઇ સુતેલું જણાયું નહિ. ઘરમાં કોઇનાં પગલાંનો અવાજ સાંભળી દક્ષિણ બાજૂએ અગાશીમાં ઉભેલી **વિનોદિની**એ પૂછ્યું: " કોણ એ ?"

મહેન્દ્રે દીન સ્વરે કહ્યું: " **વિનોદિની**, હું છું."

એટલું કહી તે તુર્તજ **વિનોદિની** પાસે જઈ ઉભો રહ્યો.

ઉષ્ણકાળની રાત્રી હોવાથી **વિનોદિની** અને **રાજલક્ષ્મી** આજ અગાશીમાં સુતાં હતાં. **રાજલક્ષ્મી** બોલી: "**મહેન્દ્ર**, આટલી મોડી રાતે તું અહિં કેમ આવ્યો ?"

વિનોદિનીએ પોતાના શ્યામ ભ્રમર નીચેથી એક અગ્નિમય વ્રજબાણ ફેંક્યું. **મહેન્દ્ર** કંઇ પણ ઉત્તર ન આપતાં ત્યાંથી સત્વર વિદાય થયો.

પરિચ્છેદ ૩.

વિનોદિનીની ચિઠ્ઠી.

બીજે દિવસે સવારથીજ આકાશ વાદળાંથી ઘેરાયલું હતું. કંઇક દિવસોની ઉષ્ણતાથી સંતપ્ત થયેલું આકાશ વાદળાંથી શીતળ બન્યું. હમેશના નિયમ કરતાં આજે પણ **મહેન્દ્ર** કૉલેજમાં વહેલો ગયો. તેનાં મલિન કપડાં ઓરડીની બહાર પડયાં હતાં અને **આશા** તે ગણી ગણીને યાદીમાં નોંધતી હતી અને પછી ધોબીને આપતી હતી.

મહેન્દ્ર સ્વભાવે ભોળો અને અસાવધ હતો. એણે **આશા**ને કહી મૂકયું હતું કે ધોબીને કપડાં આપ્યા પહેલાં હમેશાં ખિસ્સાં સારી પેઠે સંભાળથી તપાસી જોવાં. **મહેન્દ્ર**ના કોટના ગજવામાં હાથ નાંખતાંજ **આશા**ને તેમાંથી એક ચિઠ્ઠી મળી.

એ ચિઠ્ઠી વિષધર સર્પમાં રૂપાંતર પામી. તેજ સમયે તે **આશા**ને દંશ કરત તોપણ ઠીક થાત. કારણ ઉગ્ર વિષ શરીરમાં પ્રવેશ કરી બહુ તો પાંચ મિનિટમાં નિવેડો લાવી દે છે. પરન્તુ આ વિષ મનમાં પ્રવેશ કરી મૃત્યુને નિમંત્રણ દે છે, પણ તેથી મૃત્યુ થતું નથી. ચિઠ્ઠી વાંચતાં **આશા**એ જોયું કે તે વિનોદિનીની લખેલી હતી. ક્ષણમાં **આશા**નું મુખ રકતવર્ણું બની ગયું. ચિઠ્ઠી લઇ તે બીજા ઓરડામાં જતી રહી; અને હૃદયને હાથથી દાબી રાખી તે વાંચવા લાગી. તેમાં લખ્યું હતું:

" ગતરાત્રીના તમારા ઉદ્ધત વર્તનથી પણ હજુ તમને શિક્ષણ મળ્યું નહિં કે ? આજે ફરીથી તમે દાસી સાથે ગુપ્ત રીતે ચિઠ્ઠી મોકલી !

તે દાસીએ મનમાં શો વિચાર આણ્યો હશે ? અરેરે, જગત્માં કોઇને પણ મ્હોં બતાવાય એવી તમે મને નહિં રહેવા દો ?

"મારી પાસેથી તમે શેની ઇચ્છા રાખો છો ? પ્રેમ ? તમારા મનમાં એ માયિક વૃત્તિ વળી ક્યાંથી ? જન્મથી તે આજ દિન પર્યંત તમે પ્રેમજ અનુભવ્યો છે; છતાં પણ તમારો લોભ, તમારી લલુતા હજુ મટતાં નથી ?

"સંસારમાં મારે માટે પ્રેમ કરવા લાયક કે પ્રેમ પ્રાપ્ત કરવા લાયક કોઇ સ્થાન નથી તેથી હું પ્રેમની સાથે ક્રીડા કરી પ્રેમપીડા મટાડી રહી છું. જ્યારે તમારો સમય હતો ત્યારે તમે પણ એ ખેલમાં સામેલ થયા હતા. પણ એનો એ અવસર સદાયે નિભતો નથી. અવસર વીતી ગયો છે. હવે ગૃહમાં તમારી અગત્ય છે, માટે ખેલ છોડી હવે ત્યાં જાઓ. મારે ગૃહજ નથી. હું એકલી અટૂલી છું. મને ફાવશે તેવી રમત રમીશ; પણ તમને ત્યાં નહિ બોલાવું.

"તમે લખો છો કે મારા પ્રત્યે પ્રેમ રાખો. એ વાત રમતમાંજ શોભે–હવે નહિ; પણ મને જો સત્ય પૂછો તો હું તમારી એ વાત માનતી નથી. એક સમયે તમે એમ સમજતા હતા કે તમે આશાને ચાહો છો, તેના પ્રત્યે પ્રેમ રાખો છો, એ પણ અસત્ય હતું. હવે તમે એમ ધારો છો કે તમે મને ચાહો છો, મારી પ્રત્યે પ્રેમ કરો છો. એ પણ અસત્યજ છે. તમે માત્ર તમારી જાતનેજ ચાહો છો.

"પ્રેમની પ્યાસે મારા હૃદયને ઉપર અને નીચે સર્વ સ્થળે શુષ્ક બનાવી દીધું છે. એ પ્યાસને–એ તૃષ્ણાને મટાડો એવું તમારી પાસે કંઇ પણ સાધન નથી. હું તમને ચેતવણી આપું છું કે તમે મારો પીછો છોડી દો, મારી પુંઠે ન ભમો–નિર્લજ્જ બની મને લજ્જિત ન કરો.

"તમે મને નિષ્ઠુર કહો છો. એ પણ સત્ય હોઇ શકે. પરન્તુ મારામાં કંઇક દયાભાવ રહેલો છે, તેથી આજ હું દયા લાવીને તમને

જતા કરૂં છું. આનો જો ઉત્તર આપશો તો હું નિશ્ચયપણે એમ માનીશ કે અહિંથી નાસી ગયા સિવાય મારો અન્ય કાંઇ છૂટકારો નથી.”

ચિઠ્ઠી વાંચી રહેતાંજ આશાને જાણે પોતાનો સર્વ આશ્રય નષ્ટ થઇ ગયો હોય એવું લાગ્યું. શરીરની નસો જાણે રક્તહીન બની શિથિલ થઇ ગઈ; શ્વાસ લેવાની પણ ગતિ જાણે રહી નહિ; સૂર્યે પણ કેમ જાણે તેનાં નેત્ર આગળથી પોતાનો પ્રકાશ દૂર ન કર્યો હોય તેવી તેની સ્થિતિ થઇ પડી. આશા પ્રથમ ભીંતને, પછી કબાટને, પછી ખુરશીને એમ પકડતી પકડતી અંતે એકાએક જમીન ઉપર બેસી ગઈ. ક્ષણેક રહીને પુનઃ સચેત બની તેણે પુનઃ એકવાર ચિઠ્ઠી વાંચવા યત્ન કર્યો, પણ તેનું ભ્રાન્ત ચિત્ત કોઈ ઉપાયે પણ ચિઠ્ઠીનો ભાવાર્થ સમજી શક્યું નહિ. કેવળ તે ચિઠ્ઠીના શ્યામ અક્ષરો તેની દૃષ્ટિ સમક્ષ નાચવા લાગ્યા. “આ શું ? આ શું થયું ? કેમ થયું ? અરે, આ શું સંપૂર્ણ રીતે સર્વ નાશ થયો ? હું શું કરૂં ? કોને કહું ?” તેને કશી સુઝ પડી નહિ. જળવગર માછલી જેમ તરફડે તેમ તેનું હૃદય મુંઝાવા લાગ્યું; ડૂબતી વ્યક્તિ આશ્રય મેળવવા માટે વારંવાર જળ ઉપર હાથ ફેલાવી શૂન્ય આકાશમાં શૂન્ય ચેષ્ટા કરે તેમ આશા પણ પોતાના મનમાં કાંઇ ને કાંઇ આશ્રય શોધવા મહા યત્ન કરવા લાગી, પણ કંઇ પ્રાપ્ત થયું નહિ. સર્વ પ્રયાસ નિષ્ફળ ગયો. અન્તે છાતી દાબી, એક દિર્ઘ નિઃશ્વાસ નાંખી, તે બુમ પાડી ઉઠી: “ માશી ! ઓ માશી ! ”

આ સ્નેહનું સંભાષણ ઉચ્છ્વાસની સાથે નીકળતાંજ, તેનાં નેત્રમાંથી અશ્રુબિન્દુ ટપકવા લાગ્યાં. બહુવાર સુધી આક્રંદ કર્યા પછી, તે પોતાના મનને પૂછવા લાગી : “ મારે આ ચિઠ્ઠીનું શું કરવું ? ”

એમને કદાચ ખબર પડે કે મારા હાથમાં આ ચિઠ્ઠી આવી હતી તો એમને ઘણી શરમ લાગશે. આ વિચારે તેને બહુ કષ્ટ આપ્યું. તેણે

નિશ્ચય કર્યો કે આ ચિઠ્ઠી જ્યાં હતી ત્યાં પાછી રાખું ને કોટ ધોબીને ન આપતાં ખીંટીપર ટિંગાવી રાખું.

એ પ્રમાણે નિશ્ચય કરી ખુલ્લી ચિઠ્ઠી સાથે **આશા** ધોબી હતો ત્યાં ગઈ. ધોબી કપડાંની ગાંસડી ઉપર માથું મૂકીને સુઇ ગયો હતો. **આશા મહેન્દ્ર**નો કોટ હાથમાં લઇ તેમાં ચિઠ્ઠી મૂકતી હતી. એટલામાં પરિચિત સ્વર સંભળાયો: " **ચો**ખેરવાલી ! "

આશા એકદમ ચિઠ્ઠી અને કોટ પલંગ ઉપર નાંખી, તેના ઉપર બેસી ગઇ. વિનોદિનીએ અંદર આવીને કહ્યું: "ધોબીને ત્યાં ઘણાં કપડાં અદલબદલ થઈ જાય છે. જે કપડાં ઉપર નિશાન કર્યું ન હોય તેના ઉપર નિશાન કરવા હું લઈ જાઉં છું."

આશાથી વિનોદિની તરફ દૃષ્ટિ પણ કરી શકાઇ નહિ. મુખ ઉપરથી રખેને મનોભાવ સ્પષ્ટ થાય એ ભીતિથી તે બારી તરફ મ્હોં ફેરવી આકાશ તરફ જોવા લાગી. બન્ને ઓષ્ટ દાબી રાખ્યા કે વખતે આંખમાંથી આંસુ ન નીકળી પડે.

વિનોદિનીએ એકવાર ધ્યાનપૂર્વક **આ**શા પ્રત્યે દૃષ્ટિ કરી. પછી તેણે મનમાંજ કહ્યું: " હં, સમજ પડી, ગત રાત્રિનો વૃત્તાંત એના જાણવામાં આવ્યો લાગે છે; પરન્તુ તેનો સર્વે ક્રોધ મારા ઉપર શામાટે? કેમ જાણે મારોજ દોષ ન હોય ? "

વિનોદિનીએ **આ**શા સાથે વાત કરવા યત્ન કર્યો નહિ. તે કેટલાંક કપડાં લઈ એકદમ ઓરડીની બહાર નીકળી ગઈ.

વિનોદિની સાથે **આશા** આજદિન પર્યંત સરળ ચિત્તે મિત્રતા દાખવી રહી હતી. પોતાની સખી વિષે જે મત તેણે બાધ્યું હતું તે પ્રમાણે કાંઇ ચિઠ્ઠીમાંથી જણાય છે કે નહિ, તે શોધવા **આ**શાએ પુન તે ચિઠ્ઠી વાંચવા વિચાર કર્યો.

આશા ચિઠ્ઠી શોધતી હતી એટલામાં એકાએક **મહેન્દ્ર** ઓરડામાં દાખલ થયો. કોણ જાણે શેનુંએ સ્મરણ થઈ આવ્યું કે તે કૉલેજમાંથી એકદમ પાછો ફર્યો..

આશાએ તે ચિઠ્ઠી લુગડાંના છેડાતળે સંતાડી દીધી. **મહેન્દ્ર** **આશાને** ઓરડામાં જોઇ સહેજ ખંચાયો; પછી વ્યગ્ર ચિત્તે તે ઓરડામાં આમતેમ દૃષ્ટિ કરવા લાગ્યો. **મહેન્દ્ર** શું શોધી રહ્યા હતો તે **આશાના** ધ્યાનમાં હતું, પણ તેને એ ન સુઝયું કે કોઇ ઉપાયે **મહેન્દ્ર** ન જાણે તેમ ચિઠ્ઠી જ્યાં હતી ત્યાંજ રાખી, પોતે ત્યાંથી ચાલી જાય.

મહેન્દ્ર એકે એકે સર્વે કપડાં જોવા લાગ્યો. **મહેન્દ્રનો** આ નિષ્ફળ પ્રયાસ જોઇ **આશાથી** રહેવાયું નહિ. તેણે કોટ અને ચિઠ્ઠી બન્ને જમીન ઉપર ફેંકી દીધાં અને પછી બન્ને હાથે પોતાનું મ્હોં છુપાવી બેસી ગઇ. **મહેન્દ્રે** વિદ્યુત્ સમાન ચપળતાથી તે ચિઠ્ઠી ઉઠાવી લીધી અને એક ક્ષણ પર્યંત **આશા** તરફ જોઈ રહ્યો.

થોડીવારે **મહેન્દ્ર** જલદી જલદી નિઃસરણી ઉતરી નીચે ગયાનો સણુસારો **આશાના** કાનપર આવ્યો. તેજ સમયે ધોબીએ કહ્યું : "શેઠાણીજી, કપડાં આપતાં હજુ કેટલી વાર લાગશે ? બહુવાર થઈ, હજી મારે ઘણે દૂર જવાનું છે."

પરિચ્છેદ ૪.

વિનોદિનીની નાસી જવાની સંમતિ.

રાજલક્ષ્મીએ આજે સવારથીજ વિનોદિનીને બોલાવી નહિ. વિનોદિની નિત્ય નિયમાનુસાર કોઠારમાં ગઇ. રાજલક્ષ્મીએ તેના તરફ દૃષ્ટિ સરખી પણ કરી નહિ. તે લક્ષ્યમાં છતાં વિનોદિની બોલી: "ફોઇજી, આજ તમારી તબિયત ઠીક ન હોય એમ જણાય છે. તબિયત બગડે એમાં ખોટું પણ શું? કાલે રાત્રે મહેન્દ્ર ભાઇએ કર્યું પણ કેવું? એકદમ એક ગાંડા મનુષ્યની માફક ચાલ્યાજ આવ્યા! એ પછી મને તો આખી રાત ઉંઘ ન આવી."

રાજલક્ષ્મી નીચું જોઇ રહી. તે કંઇ કરતાં બોલી નહિ.

વિનોદિની, આગળ બોલી: "કદાચ ચુન્ની સાથે કંઇક કલહ ઉભો થયો હશે, તેની વાત કરવા કે તેનો તોડ કાઢવા મારી પાસે આવ્યા હશે. એક રાત પણ ધૈર્ય ન ધરી શક્યા! ફોઇજી, તમે ગમે તે કહો, તમારા પુત્રમાં અન્ય હઝાર ગુણ ભલે હશે પરન્તુ ધૈર્ય તો રતીભાર પણ નથી! એથીજ મારે એમની સાથે બનતું નથી તો?"

રાજલક્ષ્મીએ ગુસ્સે થઇ કહ્યું: "વિનોદિની! તું ખોટી બકબક શામાટે કરે છે? મને આજ કંઇપણ વાત ગમતી નથી."

વિનોદિની: "ફોઇજી, મને પણ આજ કોઇ વાત રૂચતી નથી. તમને સાંભળીને દુઃખ થશે એમ જાણી અસત્ય વાતો ઉપજાવી કાઢી, તમારા પુત્રનો દોષ હું છુપાવવા યત્ન કરતી હતી. પણ હવે તે છુપું રાખી શકાય એમ રહ્યું નથી."

રાજલક્ષ્મીએ ક્રોધમાં કહ્યું: "મારા પુત્રના ગુણદોષની મને સર્વ ખબર છે. પણ તું આટલી માયાવિની છે તેમની મને ખબર નહોતી."

વિનોદિની પણ ન જાણે કેવો કટાક્ષમય ઉત્તર આપવા તૈયાર થઇ પણ તુર્તજ પોતાના મન ઉપર અંકુશ રાખી તેણે શાંતભાવે કહ્યું : "ફોઇજી, તમે સત્ય કહો છો. કોઇ કોઈને જાણી શકતું નથી. પોતાનુંજ મન સર્વ કોઇ ક્યાં વર્તી શકે છે? તમે પણ એક વખત તમારી વહુની ઈર્ષ્યા કરી, મહેન્દ્રનું મન તેનાથી વિરક્ત કરવા મારી દ્વારા પ્રયાસ ક્યાં નહોતો કર્યો ?"

રાજલક્ષ્મીની ક્રોધજ્વાળા પ્રકટ થઇ. તે બોલી : "અભાગની, પુત્ર સંબંધમાં માતાની ઉપર આવું કલંક મૂકતાં તારી જીભ કપાઈ કેમ નથી જતી ?"

વિનોદિનીએ કિંચિત્ પણ વિચલિત થયા વિના કહ્યું : "આપણા સ્ત્રીવર્ગનો સ્વભાવજ એવો છે. મારામાં શી માયા હતી તે હું નહોતી જાણતી પરન્તુ તમે તે જાણી ગયાં. તેજ પ્રમાણે તમારામાં શો કપટભાવ હતો તેની તમને ખબર નહોતી, પણ મેં તે જાણ્યું. આપણે એવાંજ કપટી—માયાપૂર્ણ છીએ."

ક્રોધથી રાજલક્ષ્મી કાંઇ બોલી શકી નહિ. તે બીજા ખંડમાં જતી રહી.

વિનોદિની કંઇક સમય પર્યંત સ્થિરભાવે ત્યાંજ ઉભી રહી. તેનાં નેત્રામાંથી અગ્નિ વર્ષી રહ્યા હોય એમ જણાતું હતું.

સવારનું ગૃહકાર્ય સંપૂર્ણ થતાંજ રાજલક્ષ્મીએ મહેન્દ્રને પોતાની પાસે બોલાવ્યો. ગત રાત્રીના પ્રસંગ વિષે કંઈપણ ખુલાસો કરવા પોતાને બોલાવવામાં આવશેજ એવું તે જાણતો હતો. હમણાંજ તેને વિનોદિનીની ચિઠ્ઠી મળી હતી અને તે વાંચી તેનું મન બહુ વ્યાકુળ થઈ ગયું હતું. જેમ પાણીની છોળ સામી કોઇ વસ્તુ નડવાથી તે

જરા હઠી પુનઃ તેજ દિશા તરફ જોરથી જાય છે, તેમ **મહેન્દ્ર**નું મન જેમાં અનેક વિચારોની લહેર ઉઠી રહી હતી તે **વિનોદિની**ની તરફથી ટક્કર ખાઈ ક્ષણભર પાછું હઠી, પુનઃ અતિ વેગથી તેની તરફ દોડ્યું. એવી અવસ્થામાં માની સાથે પ્રશ્નોત્તર કરવા એ **મહેન્દ્ર**ને માટે અસાધ્ય હતું. તે સારી પેઠે સમજતો હતો કે **વિનોદિની**ની પાસે કસમયે જવાની વાતનો ઉલ્લેખ કરી બા મને ધમકાવશે તો મારા સ્વભાવાનુસાર વિદ્રોહી બની મારા હૃદયની વાત મારાથી સ્પષ્ટપણે કહી દેવાશે, અને તેમ થશે તો પછી ઘરમાં ઘોર અશાંતિ મચી રહેશે. **મહેન્દ્રે** વિચાર કર્યો કે એટલા માટે હાલ તુર્ત ઘરમાંથી બહાર જતા રહેવું અને સર્વ વાતોનો લક્ષપૂર્વક વિચાર કરી જોવો. એમ વિચારી તેણે નોકરને કહ્યું: "બાને જઇને કહે કે આજે મારે કૉલેજમાં ઘણું જરૂરનું કામ છે તે હમણાં તો હું કૉલેજમાં જાઉં છું. ત્યાંથી આવ્યા પછી મળીશ."

જેમ એક ઠોઠ વિદ્યાર્થી શાળામાંથી નાશી જાય છે તેમ **મહેન્દ્ર** પણ કંઈ ખાધાપીધા વિના ઝટપટ કપડાં પહેરી કૉલેજમાં ગયો. **વિનોદિની**ની ચિઠ્ઠી, જે આજ વારંવાર તે કૉલેજમાં જતાં પહેલાં વાંચ્યા કરતો હતો તે ઉતાવળમાં ઉતારેલા, ડગલાના ખિસ્સામાંજ પોતાના ખંડમાં પડેલી રહી ગઈ.

થોડોક સમય વરસાદ પડયા પછી પાછો બંધ થઈ ગયો પણ આકાશ વાદળાંથી ઘેરાયલું હતું. આજ **વિનોદિની**નું મન શાન્ત નહોતું. જ્યારે તેના મનની એવી સ્થિતિ રહેતી ત્યારે તે કામકાજમાં વધારે ગુંથાયલી રહેતી. આજે તે ઘરમાંનાં બધાં કપડાં એકઠાં કરી તેના ઉપર શાહીનાં નિશાન કરતી હતી. **આશા** પાસે તે કપડાં લેવા ગઇ ત્યારે તેની સ્થિતિ જોઇ તેનું મન વિશેષ શોકાતુર બન્યું. સંસારમાં જો અપરાધીજ ઠરવાનું હોય તો પછી તેણે અપરાધનાં લાંચ્છનજ માત્ર

શા માટે અનુભવવાં? અપરાધનું સુખ પણ શા સારૂ ન ભોગવવું? એ વિચાર વિનોદિનીને થયો.

વરસાદનું એક ઝાપટું પાછું બપોરે પડયું. વિનોદિની પોતાના ખંડમાં જમીન ઉપર બેઠી હતી. સામે કપડાંનો ઢગ પડયો હતો. દાસી એક એક કપડું તેને આપતી જતી હતી, અને વિનોદિની નિશાન કરવાની શાહીથી તેના ઉપર નિશાન કરતી હતી.

એકાએક **મહેન્દ્ર** બોલ્યા ચાલ્યા વગર ત્યાં આવી ઉભો રહ્યો. દાસી તેને જોતાંજ ત્યાંથી જતી રહી. વિનોદિની હાથમાંનું કપડું ફેંકી, દૂર ઉઠીને ઉભી થઇ અને બોલી: “જાઓ, અહિંથી જતા રહેો.”

મહેન્દ્રે પૂછ્યું: “કેમ મેં શું કર્યું?”

વિનોદિની ક્રોધથી બોલી: “શું કર્યું? ભીરૂ, નામર્દ! તમારાથી થઇજ શું શકે એમ છે? નથી તમને પ્રેમ કેમ કરવો તેની સમજ, કે નથી તમને કર્તવ્યપાલનનું ભાન! ત્યારે પછી મને શા માટે સર્વ આગળ બદનામ કરો છો?”

મહેન્દ્રે પૂછ્યું: “હું તમને નથી ચાહતો એમ કહેવા માંગો છો?”

વિનોદિની: “હા, હું એમ કહું છું. ચોરીછુપીથી એકવાર અહિં, બીજીવાર ત્યાં એમ શા માટે આવજા કરો છો? એ જોઇ મને તમારા પ્રત્યે તિરસ્કાર આવ્યો છે. પણ હવે મારાથી એ સહન થાય એમ નથી. કૃપા કરી જતા રહો.”

મહેન્દ્ર: “તમને મારા ઉપર તિરસ્કાર આવ્યો છે?”

વિનોદિની: “હા.”

મહેન્દ્રનો ભાવ બદલાઇ ગયો. તેણે કહ્યું: “વિનોદિની, હજી પ્રાયશ્ચિત કરવાનો સમય છે? હું સર્વસ્વ ત્યજી જતો રહેવા તૈયાર થાઉં તો તમે મારી સાથે આવવા રાજી છો?” એમ કહેતાં કહેતાં **મહેન્દ્રે** વિનોદિનીનો હાથ પકડી તેને પોતાની તરફ ખેંચી.

વિનોદિની: "છોડો, છોડો, મને વાગશે."

મહેન્દ્ર: "વાગવા દો; પણ તમે મારી સાથે આવશો કે નહિ તેનો જવાબ આપો!"

વિનોદિની: "ના, કોઈ દિવસ પણ નહિ."

મહેન્દ્ર આવેશમાં બોલ્યો: "શા માટે નહિ? તમે તો સર્વ નાશ તરફ મને અહિં સુધી ખેંચી લાવ્યાં છો. હવે તમારાથી મને છોડી દેવાય એમ નથી. તમારે મારી સાથે આવવુંજ પડશે."

એટલું કહી મહેન્દ્રે પૂર્ણ બળથી વિનોદિનીને પોતાના હૃદય સાથે દાબી રાખી કહ્યું: "આજે મારા પ્રત્યેના તમારા તિરસ્કારથી પણ મારો વિચાર પલટી શકે એમ નથી. હું તમને લઇ ગયા વિના રહેવાનો નથી. ગમે તે પ્રકારે પણ હું તમને ચાહતાં શીખવીશ."

વિનોદિની બહુ બળ વાપરી, મહેન્દ્રના બાહુપાશમાંથી મુક્ત થઇ.

મહેન્દ્ર બોલ્યો: "તમે ચારે દિશાએ આગ પ્રકટાવી દીધી છે. હવે તમારાથી તે બુઝાવાય એમ નથી, તેમ નાસી જઇ શકાય એમ પણ નથી."

એટલું બોલતાં બોલતાં મહેન્દ્રનો સ્વર ઉચ્ચ થઈ ગયો. તે જોશાથી બોલ્યો: "વિનોદિની, તમે શા માટે આ સર્વ બાજી રચી? હવે તો એનાથી મુક્ત થવાય એમ નથીં. મૃત્યુ શિવાય હવે મુક્તિ નથી."

એટલામાં રાજલક્ષ્મી ત્યાં આવી પહોંચી. તેણે પૂછ્યું: "મહેન્દ્ર, અહિં શું કરે છે?"

મહેન્દ્રે પોતાની ઉન્મત્ત દૃષ્ટિ વિનોદિની તરફથી માની તરફ ફેરવી. ત્યારબાદ ફરી પાછું વિનોદિની તરફ જોયું: "હું સર્વસ્વ ત્યજી જાઉં છું. બોલો, તમારે મારી સાથે આવવું છે કે નહિ?"

વિનોદિનીએ એકવાર રાજલક્ષ્મીના ક્રોધપૂર્ણ મુખ તરફ દૃષ્ટિ કરી. ત્યાર પછી આગળ વધી અવિચલિત ભાવે **મહેન્દ્રનો** હાથ પકડી તે બોલી: " હા, આવીશ— "

મહેન્દ્રે કહ્યું: " બસ ત્યારે, હવે આજનો દિવસ વીતવા દો. હું જાઉં છું. કાલથી તમારા શિવાય અન્ય કોઇને હું મારૂં પોતાનું ગણવાનો નથી. "

એટલામાં ધોબીએ આવીને કહ્યું: " હવે મારાથી વધારે સમય થોભાય એમ નથી. આજ તમને ફુરસદ ન હોય તો હું કાલે આવીને કપડાં લઇ જઇશ. "

દાસી આવીને કહેવા લાગી: " બાઇજી, ઘોડાવાળો કહે છે કે દાણો થઇ રહ્યો છે. "

વિનોદિની ઘણું ખરૂં સાત દિવસનો દાણો તોળીને તબેલામાં મોકલી આપતી હતી અને બારી આગળ જઈ ઘોડાને દાણો ખવરાવવામાં આવતો ત્યારે ઉભી રહીને જોતી હતી.

એક નોકરે આવીને કહ્યું: " **શંભુને** આજે **દીનાનાથજી** સાથે કજીયો થયો છે. તે કહે છે કે હિસાબ કરો. હું મારી નોકરી છોડી જાઉં છું અને કોઇ બીજી નોકરી શોધી કાઢીશ. "

સંસારનું–ઘરનું સર્વ કામ આજ આ પ્રમાણે હમેશ કરતાં જુદીજ રીતે ચાલી રહ્યું છે!

પરિચ્છેદ ૫.

બિહારી ઉપર પાશ.

બિહારી પણ વૈદ્યક કૉલેજમાં અભ્યાસ કરતો હતો. એકાએક પરીક્ષાના સમયના થોડા દિવસ પૂર્વે તેણે અભ્યાસ છોડી દીધો. કોઇ વિસ્મિત થઇ, તેના એ કૃત્ય વિષે પ્રશ્ન કરતું તો તે ઉત્તર આપતો કે પરીક્ષા પાસ કરી મારે અન્ય મનુષ્યોનાં સ્વાસ્થ્યની સંભાળ લેવાની છે; પરન્તુ પ્રથમ મારે મારા પોતાનાં સ્વાસ્થ્યની તો સંભાળ રાખવી જોઇએ ને ?

બિહારીને યશની તૃષ્ણા નહોતી, ધનનો લોભ નહોતો, આજીવિકાની ચિંતા નહોતી; પરન્તુ તેની કાર્યશક્તિ હદ્દવિનાની હતી; અને હર હમેશ તે કંઇને કંઇ કામમાં મચ્યોજ રહેતો. આર્ટ કૉલેજમાં બી. એ. ની પદવી પ્રાપ્ત કરી તે ઇજીનિયરિંગ કૉલેજમાં દાખલ થયો હતો ત્યાં તે વિદ્યામાં જેટલી દક્ષતા પ્રાપ્ત કરવી એ આવશ્યક સમજતો હતો તેટલી પ્રાપ્ત કરી વૈદ્યક કૉલેજમાં દાખલ થયો હતો. મહેન્દ્ર એનાથી એક વર્ષ પૂર્વે એટલે કે બી. એ. ની પદવી પ્રાપ્ત કર્યા પછી તરતજ દાખલ થયો હતો.

બિહારી અને મહેન્દ્રની મિત્રતા કૉલેજના અન્ય વિદ્યાર્થી વર્ગમાં પ્રસિદ્ધ હતી. અન્ય વિદ્યાર્થીઓ વિનોદમાં તેમને "શ્યામ દેશના જોડીઆ ભાઇઓ"ની ઉપમાથી સંબોધતા હતા. ગયે વર્ષે મહેન્દ્ર પરીક્ષામાં નિષ્ફળ નીવડયાથી, બન્ને મિત્ર સહાધ્યાયી થયા. એટલામાં આ બન્ને મિત્ર વચ્ચે શાથી ત્રૂટ પડી તેનું રહસ્ય કોઇને સમજાયું

નહિ. મહેન્દ્ર જે સ્થળે મળી જશે એવું બિહારીને લાગતું તે સ્થળે બિહારી જતોજ નહિ, અને કદાચ જતો તો અલ્પ સમયમાંજ ત્યાંથી દૂર થતો. કારણ બિહારી જાણતો હતો કે મુલાકાત થતાં મહેન્દ્ર પૂર્વના પેઠે પોતાની સાથે વાતચીત નહિં કરે અને તેથી અન્ય વિદ્યાર્થીઓ તેઓ બન્નેની હાંસી કરશે. અધ્યાપક તેમજ વિદ્યાર્થીવર્ગ સર્વને દૃઢ વિશ્વાસ હતો કે બિહારી, માન સાથે પરીક્ષા પસાર કરશે; અને પ્રશંસા તથા શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરશે; પરન્તુ સૌના આશ્ચર્ય વચ્ચે બિહારીએ કૉલેજ એકદમ છોડી દીધી.

બિહારીની પાડોશમાં મનોહરનાથ નામે એક રંક બ્રાહ્મણ રહેતો હતો. તે બિચારો કોઇ મુદ્રાલયમાં બીબાં ગોઠવવાનું કામ કરી રૂ. ૧૨ ના માસિક દરમાયા ઉપર પોતાના કુટુંબનો નિર્વાહ કરતો હતો. બિહારીએ તેને કહ્યું: “ તમે તમારો પુત્ર મને સોંપો. હું તેને લખતાં વાંચતાં શિખવીશ. ”

બ્રાહ્મણે ઘણા સંતોષથી પોતાના આઠ વર્ષના વસંતને બિહારીને ત્યાં રાખ્યો. બિહારી તેને પોતાની અમુક પદ્ધતિ પ્રમાણે શીખવવા લાગ્યો. તેણે મનોહરનાથને કહ્યું: “ દશ વર્ષની વય પહેલાં હું એને વાંચતાં શીખવીશ નહિ. બિહારી આખો દિવસ તેની સાથે રમતમાં ગાળતો, તેને મેદાનમાં ફરવા લઇ જતો, પદાર્થ. સંગ્રહસ્થાન દેખાડવા તેડી જતો, પ્રાણીઓનું સંગ્રહસ્થાન બતાવતો અને ઝાડપાનના બગીચામાં પણ લઇ જતો. બિહારી તેને મોઢેથી અંગ્રેજીમાં વાતચીત કરતાં શીખવતો હતો. વાતચીતમાં ઐતિહાસિક પ્રસંગો વિષે તેને જ્ઞાન આપતો. એ પ્રકારે બાળકના મનની વૃત્તિ કઇ દિશામાં છે, તેની પરીક્ષા કરી તે વૃત્તિને ઉત્સાહિત કરી, ઉન્નત બનાવવી, એ તરફ બિહારીનું લક્ષ હતું. એક ક્ષણભર પણ તે વિશ્રામ લેતો નહિ.

એક દિવસ પુષ્કળ વરસાદ પડ્યાથી બહાર જઈ શકાય એમ નહોતું. વરસાદ થોડોક વખત રહી ગયો હતો પણ ફરી પાછો સાંજે પડવા લાગ્યો. બિહારી પોતાના દિવાનખાનામાં બેઠો બેઠો વસંતને કેવે પ્રકારે વિનોદ કરાવવો તેનો વિચાર કરી રહ્યા હતો. એટલામાં ઘરનો નોકર આવીને કહેવા લાગ્યો: "બહાર કોઇ સ્ત્રી—"

હજી તો વાક્ય પુરૂં નહોતું થયું ત્યાર પહેલાં વિનોદિની ઓરડામાં દાખલ થઇ.

બિહારીએ એકદમ ચકિત બનીને પૂછ્યું: "અરે, આ શું, મોટાં ભાભી?"

"તમારાં કોઇ સ્ત્રીવર્ગનાં સગાં અત્રે તમારી સાથે રહેતાં નથી?"

બિહારી: "મારૂં કોઈ સગું કે પારકું છેજ નહિ. કેવળ મારાં માજી છે પણ તે મારે ગામ રહે છે."

વિનોદિની: "ત્યારે મને તમારે ગામ લઈ જાઓ."

બિહારી: "ત્યાં તમને કેવાં સંબંધી તરીકે લઇ જાઉં?"

વિનોદિની: "તમારી દાસી તરીકે હું ત્યાં ઘરનું સઘળું કામ કરીશ."

બિહારી: "પરન્તુ માજીને તેથી ઘણું આશ્ચર્ય લાગશે. તેમણે કદિ પણ નોકર ન હોવાની ફરિયાદ કરી નથી. પણ પ્રથમ મને જાણવા દો કે આવો વિચાર વળી તમને ક્યાંથી થયો? વસંત, જા સુઈ જા તો." વસંત સુવા ગયો.

વિનોદિની બોલી: "બહારની ઘટના સાંભળી તમને અંદરની વાતની કંઇ સમજણ પડશે નહિ."

બિહારી: "કદાચ ન સમજ્યો કે ખોટું સમજ્યો તો તેથી હાનિ પણ શી થાય એમ છે?"

વિનોદિની : " ભલે, તમારી ઇચ્છા હોય તો ખોટું માનજો પણ હું તો કહું છું કે **મહેન્દ્ર** મને ચાહે છે."

બિહારી : " એ કાંઇ નવીન નથી, તેથી બીજીવાર સાંભળવાની મારી ઇચ્છા પણ નહોતી."

વિનોદિની : " વારંવાર કહી સંભળાવવું એવી મારી પણ ઇચ્છા નથી; અને તેથીજ હું તમારી પાસે આવી છું કે મને આશ્રય આપો."

બિહારી : " તમારી ઇચ્છા નથી; પરન્તુ એ વિપત્તિનું ઉત્પાદક કારણ કોણ છે? **મહેન્દ્ર**ને તેના ગ્રહણ કરેલા માર્ગથી ભ્રષ્ટ કરનાર કોણ હતું?"

વિનોદિની : " એ સર્વ કરનાર હું છું—હું તમારાથી કશું ગુપ્ત રાખવા માગતી નથી. હું ભલી હોઉં કે ભૂંડી હોઉં તોપણ એકવાર મારા હૃદયની સ્થિતિ સમજવા કૃપા કરો. મારા હૃદયમાં જ્વાળા બળતી હોવાથીજ મેં **મહેન્દ્ર**ના ગૃહમાં આગ પ્રકટાવી છે. એકવાર મને પણ એમ લાગ્યું હતું કે: હું પણ **મહેન્દ્ર**ને ચાહતી હતી, પણ તેમાં મારી ભૂલ હતી."

બિહારી : " તે તો હું પણ સમજું છું, કારણ કે જે ચાહે તે આવી રીતે આગ તો પ્રકટાવેજ નહિ."

વિનોદિની : " **બિહારી** બાબૂ, એ સર્વ તમારા શાસ્ત્રની વાતો છે, પરન્તુ મારી મતિ હજુ એ સર્વ ગ્રહણ કરવા યોગ્ય થઈ નથી. બિહારીબાબૂ, એકવાર તમારાં શાસ્ત્રને બાજુએ રાખી, અન્તર્યામીની પેઠે મારા હૃદયમાં દૃષ્ટિ કરો. હું આજે મારો સર્વ વૃત્તાંત તમને કહેવા ચાહું છું."

બિહારી : " મોટાં ભાભી, શું હું નિત્ય શાસ્ત્રનીજ વાતો કરૂં છું? હૃદયની પરીક્ષાનું કામ તે સર્વથી મહાન્ પરીક્ષકનું છે. જો હું શાસ્ત્રની આજ્ઞાનુસાર ન ચાલું તો જરૂર હું અવળે માર્ગે ચઢી જાઉં."

વિનોદિની : "સાંભળો બિહારીબાબૂ, હું અત્યારે નિર્લજ્જ બની કહું છું કે તમે મને એ કામથી રોકી શકત. મહેન્દ્ર મને ચાહે છે એ તો સત્યજ છે. પરન્તુ તે અંધ છે. મને એણે ઓળખી નથી. એક સમય એવો હતો કે તમે મારી સત્ય પરીક્ષા કરી છે; એકવાર તમારા હૃદયમાં મારે માટે શ્રદ્ધા પણ ઉત્પન્ન થઇ હતી. બોલો, સત્ય કહો, કંઈ પણ છૂપાવવાની ચેષ્ટા ન કરતા."

બિહારી : "સત્યજ બોલીશ. મને એક દિવસે તમારા ઉપર શ્રદ્ધાભાવ થયો હતો ખરો."

વિનોદિની : "તમે ભૂલ્યા નથી; પરન્તુ જો તમે મારી પરીક્ષા કરીજ હતી, મારા ઉપર તમને શ્રદ્ધા ઉપજી જ હતી, તો પછી ત્યાંથી અટક્યા કેમ? હું આજ નિર્લજ્જ બની તમારી પાસે આવી છું, અને નિર્લજ્જ થઇને પૂછું છું કે તમે મને શા માટે તમારો પ્રેમ અર્પણ ન કર્યો? મારૂં ભાગ્ય ફુટયું હતું. તમે પણ આશાના પ્રેમમાં ડુબી ગયા. નહિ, તમે ક્રોધ ન કરશો. ધ્યાનપૂર્વક સાંભળો, હું આજે કંઈ પણ છૂપાવવા માગતી નથી. તમે આશાને ચાહો છો એવો વિચાર પણ તમારા મનમાં નહિ સ્ફુર્યો હોય, તે પહેલાંની હું એ વાત જાણું છું. પરન્તુ મને એ નહોતું સમજાતું કે તમને સર્વને આશામાં એવી મોહિની શી જણાય છે? સારૂં કે નઠારૂં એ એનામાં જ હતું શું? વિધાતાએ પુરુષોને અંતર્ દૃષ્ટિ લેશ પણ અર્પી નથી. તમે શું જોઇને અને તે પણ કેટલું જોઇને મોહાસક્ત થઈ જાઓ છો? હું તો જાણું છું કે તમે પુરુષો અંધ છો—નિર્બોધ છો."

બિહારી ઉઠીને ઉભો થયો. તે બોલ્યો : "આજે તમારે જે કંઇ કહેવું હોય તે સર્વ સાંભળવાને હું તૈયાર છું પણ મારી પ્રાર્થના છે કે જે વાત કહેવા યોગ્ય નથી તેનો ઉચ્ચારજ ન કરશો."

વિનોદિની બોલી: "તમને શી લાગણી થાય છે તે હું સમજું છું. પરન્તુ જેની શ્રદ્ધા પ્રાપ્ત કરવા હું ભાગ્યશાળી થઇ હતી, જેનો પ્રેમ પ્રાપ્ત થતાંજ મારો જન્મ સફળ થાય એમ હતું તેની સમક્ષ રાત્રિને સમયે જે વ્યથાને કારણે ભય, લજ્જા અને શંકાનો ત્યાગ કરી દોડી આવું છું, તે વ્યથા કેટલી તીવ્ર હશે તેનો વિચાર કરી, જરા ધૈર્ય ધરો. હું સત્ય કહું છું કે **આશા** પ્રત્યે તમારી પ્રેમદ્રષ્ટિ મેં અનુભવી ન હોત તો મારી દ્વારા એનો આવો સર્વનાશ કદી ન થાત."

બિહારીનો ચહેરો ઉતરી ગયો. તે બોલ્યો: "**આશા**નું શું થયું? તમે તેને શું કર્યું છે?"

વિનોદિની બોલી: "**મહેન્દ્ર** ગૃહત્યાગ કરી, મને લઇ, વિદેશ જવા તૈયાર થયો છે!"

બિહારી ઉચ્ચે સ્વરે બોલી ઉઠ્યો: "એ કદિ પણ નહિ બને. કોઇ પ્રકારે પણ એ પ્રમાણે થઇ શકશે નહિ."

વિનોદિની: "કોઇ પ્રકારે નહિ? **મહેન્દ્ર**ને રોકનાર આજે કોણ છે?"

બિહારી: "તમે રોકી શકો એમ છો."

વિનોદિની ક્ષણભર મૌન્ય ધરી રહી. ત્યારબાદ બિહારીનાં નેત્ર સાથે નેત્ર મેળવી તે બોલી: "મારે શા સારૂ રોકવા જોઇએ? તમારી **આશા**ને માટે? મારે મારા સુખ દુઃખનો કંઈ પણ વિચારજ ન કરવો! તમારી **આશા**નું ભલું થાય, **મહેન્દ્ર**ના ગૃહમાં શાંતિ અને સુખ વસે, તેને માટે હું મારી શાન્તિ અને મારા સુખને તિલાંજલિ આપું? એવી ભલી હું નથી. એવું ધર્મશાસ્ત્ર મેં વાંચ્યું નથી! હું જેનો ભોગ આપું, તેના બદલામાં મને શું મળે છે?"

બિહારીનો મુખભાવ ક્રમશઃ ક્રોધિષ્ટ બનતો ગયો. તે બોલ્યો: "તમે બને તેટલું સ્પષ્ટપણે બોલ્યાં છો. હવે હું પણ એક વાત સ્પષ્ટ

કરૂં છું. તમે જે ઘટના ઉપસ્થિત કરી છે અને જે વાત કરો છો તેમાંનો ઘણો અંશ તમે જે કાંઇ સાહિત્ય વાંચ્યું હોય તેમાંથી ચોરેલો છે. એમાંનો બાર આની ભાગ નાટક અને નવલકથામાંનો છે."

વિનોદિની: "ચોરેલો ?"

બિહારી: "હા, ચોરેલો ભાગ અને તે પણ ઉત્તમ પ્રકારના ગ્રંથોમાંથી નહિજ. તમે ભલે એમ માનો કે એ સર્વ તમારાજ વિચારો છે પણ એ સર્વ છપાયલી વસ્તુઓનો પ્રતિધ્વનિ છે. તમે જો એક અબોધ, મૂર્ખ બાલિકા હોત, તો તમારે સંસારમાં પ્રેમથી વંચિત રહેવું ન પડત; પરન્તુ નાટકની નાયિકા રંગભૂમિ ઉપરજ શોભે. તે ગૃહમાં દીપી નીકળેજ નહિ."

વિનોદિનીનું તીવ્ર તેજ અને તેનો દુઃસહ દર્પ ન જાણે ક્ષણમાં ક્યાં ચાલ્યાં ગયાં! ઘણી વારે બિહારી તરફ સહેજ પણ ઉંચી દૃષ્ટિ કર્યા વિના તેણે શાન્ત નમ્ર સ્વરે પૂછ્યું: "ત્યારે હવે મારે શું કરવું ? તમે શી આજ્ઞા કરો છો ?"

બિહારી: "હું તમને કોઈ અસાધારણ કાર્ય કરવાનું નહિ કહું. સામાન્ય સ્ત્રીબુદ્ધિ તમને જે કહે તે તમારે કરવું. તમે તમારે ગામ જઇ ત્યાં રહો."

વિનોદિની: "કેવી રીતે જાઉં ?"

બિહારી: "સ્ત્રીઓના ડબ્બામાં તમને બેસાડી તમારા ગામના સ્ટેશન સુધી હું તમને પહોંચાડી જઈશ."

વિનોદિની: "ત્યારે આજની રાત તો હું અહિંજ પડી રહીશ."

બિહારી: "નહિ, મને મારા પોતાના ઉપર વિશ્વાસ નથી."

એ સાંભળતાંજ તે ક્ષણે વિનોદિની બિહારીના પગ આગળ પડી અને તેના પગ પોતાની છાતી સાથે દબાવી બોલી: "પ્રાણનાથ, એટલી અપૂર્ણતા ભલે રહી. કેવળ પથ્થરની મૂર્તિસમાન કઠિન-પવિત્ર

ન બનો! દુઃખિત પ્રત્યે પ્રેમ રાખતાં જરા દોષ તમને પણ લાગવા દો." એમ કહી વારંવાર વિનોદિની બિહારીના પગ ચુમવા લાગી.

વિનોદિનીના એકાએક આ કલ્પનાતીત વ્યવહારથી બિહારી પોતાને સાવધ રાખી શક્યો નહિ. તેની માનસિક અને શારીરિક શક્તિ તદ્દન શિથિલ બની ગઈ. તે નિઃસ્તબ્ધ સ્થિતિ અને વિહ્‌વલતાનો અનુભવ થતાં જ વિનોદિની ઉઠી ઉભી થઈ અને પોતાના હાથ તેના ગળામાં નાંખી બોલી: "જીવનસર્વસ્વ, હું જાણું છું કે તમે ચીરકાળ પર્યંત મારા થઇ શકો એમ નથી; પણ તમે મને ચાહો છો એટલું એક ક્ષણ માટે પણ મને જાણવા દો; તે પછી હું સંતોષ માની મારે ગામ જતી રહીશ. પછી હું કોઇની પાસે કાંઇપણ યાચના કરીશ નહિ. આજ માત્ર હું તમારી પાસે કોઈ એવી વસ્તુ માગું છું, જેનું સ્મરણ મને જીવનપર્યંત રહે."

એટલું કહી નેત્ર મીંચી, વિનોદિનીએ પોતાનું અરૂણ કપોલ અને પોતાના મૃદુ ઓષ્ટ બિહારીના ઓષ્ટ સાથે રાખ્યાં. ક્ષણભર તે બન્ને નિશ્ચલ રહ્યાં અને નિરવતા પ્રસરી રહી. ત્યારબાદ એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી, ધીરે ધીરે પોતાને ગળેથી વિનોદિનીના હાથ દૂર કરી, બિહારી ઉઠીને બીજી ખુરશી ઉપર જઈ બેઠો.

બિહારીએ રૂંધાઇ ગયલો કંઠ સ્પષ્ટ કરતાં કહ્યું: "રાત્રે એક વાગે એક ગાડી જાય છે."

વિનોદિનીએ કંઇક વિલંબે અસ્ફુટ સ્વરમાં ઉત્તર આપ્યો: "હું તે ગાડીમાં જઇશ."

તે સમયે ઉઘાડે શરીરે વસંત ત્યાં આવીને બિહારીની ખુરશી પાસે ઉભો રહ્યો અને વિનોદિની તરફ ગંભીરભાવે જોવા લાગ્યો.

બિહારીએ પૂછ્યું: "હજુ તું સુતો નથી કે?"

વસંત કાંઇપણ ઉત્તર ના આપતાં, જેમ ઉભો હતો તેમજ ગંભીર બની ઉભો રહ્યો.

વિનોદિનીએ તેને પોતાની પાસે બોલાવવા પોતાના હાથ પ્રસાર્યા. વસંતે પ્રથમ તો તેની પાસે જવા આનાકાની કરી, પણ પછી ધીરે ધીરે તે તેની પાસે ગયો. વિનોદિની તેને દૃઢ આલિંગન કરી અશ્રુશ્રાવ કરી રહી.

પરિચ્છેદ ૬.

વિનોદિની ક્યાં ગઇ?

અસંભવિત લાગતી વસ્તુ કોઇક સમયે સંભવિત બને છે. અસહ્ય વસ્તુ સહ્ય બને છે–સહેવી પડે છે. જો એ પ્રમાણે ન બનતું હોત તો **મહેન્દ્ર**ની તે રાત વ્યતીત કેમ થાત? **વિનોદિની** સાથે નાસી જવું એવો નિશ્ચય કરી **મહેન્દ્ર** સાયંકાલે ગૃહ ત્યજી ગયો. રાત્રે તે પોતાના એક મિત્રને ત્યાં સુઇ રહ્યો. ઘેર ન આવ્યો. તે રાત્રે **વિનોદિની**ના નામનો એક પત્ર લખી તેણે ટપાલમાં નાંખ્યો. પત્રમાં અન્ય કાંઇ નહોતું. માત્ર પ્રયાણની તૈયારી કરી રાખવાની સૂચનાઓ હતી.

એ પત્ર બીજે દિવસે **મહેન્દ્ર**ને ત્યાં પહોંચ્યો. **આશા**માં ઉઠવાની પણ હિમ્મત નહોતી. તે હજુ સુતી જ હતી. નોકર હાથમાં પત્ર લઇ તેની પાસે આવ્યો. તેણે કહ્યું: "શેઠાણી, કાગળ આવ્યો છે."

આશાનું હૃદય ઉછાળા મારી રહ્યું. એક પલકમાં તેને અનેક શંકાઓ ઉઠી અને નષ્ટ થઇ. તેણે પત્ર હાથમાં લીધો. પત્ર **વિનોદિની**ના સરનામાનો હતો. અક્ષર **મહેન્દ્ર**ના હતા. તેણે પોતાનું માથું પાછું તકીઆ ઉપર નાંખી દીધું. એક પણ શબ્દ બોલ્યા વિના પત્ર તેણે પાછો નોકરને આપી દીધો.

"કોને આપું?" નોકરે પૂછ્યું.

"તે હું નથી જાણતી." **આશા**એ ઉત્તર દીધો.

રાતના શુમારે આઠેક વાગે **મહેન્દ્ર** ઉતાવળો ઉતાવળો આવ્યો અને **વિનોદિની**ના ઓરડા આગળ જઇ ઉભો રહ્યો. ઓરડામાં સર્વત્ર

અંધકાર છવાયલો હતો. ખિસ્સામાંથી દીવાસળી કાઢી તે સળગાવીને જોયું તો ઓરડો ખાલી હતો. વિનોદિની ત્યાં નહોતી. કાંઈ સામાન પણ જણાતો નહોતો. દક્ષિણ તરફની ઓસરી આગળ જઇ જોયું તો ત્યાં પણ કોઇ નહોતું. તેણે બૂમ પાડી "વિનોદિની"! પણ કાંઇ ઉત્તર મળ્યો નહિ. મહેન્દ્ર આવેશમાં આવી જઈ બોલ્યો: "હું કેવો મૂર્ખ? કેવો નાદાન! તે સમે એને મારી સાથે લઇ જવી એ જ ઉચિત હતું. બાએ અવશ્ય એને કાંઇ કહેલું હોવું જોઇએ અને તેથી જ તે જતી રહી હશે." આ કલ્પના મનમાં આવતાં તેને તે સત્ય પણ ભાસી. વ્યગ્રચિત્તે તે તેજ સમયે રાજલક્ષ્મીના ઓરડામાં ગયો. ત્યાં પણ કાંઇ પ્રકાશ ન હતો. પણ પાછલો દરવાજો ખુલ્લો હોવાથી જણાયું કે, રાજલક્ષ્મી બિછાના ઉપર પડી રહી હતી. મહેન્દ્ર ક્રોધિત સ્વરે બોલ્યો: "બા, તમે વિનોદિનીને શું કહ્યું? શા બોલ સંભળાવ્યા?"

રાજલક્ષ્મી: "હું તો કાંઈ પણ બોલી નથી!"

મહેન્દ્ર: "ત્યારે તે છે ક્યાં?"

રાજલક્ષ્મી: "તે હું શું જાણું?"

મહેન્દ્રે અવિશ્વાસથી કહ્યું: "તમે નથી જાણતાં? ઠીક! હું એને શોધવા જાઉં છું. ગમે ત્યાં હશે પણ હું એનો શોધ કર્યા વિના રહેવાનો નથી." મહેન્દ્ર એટલું કહી, એકદમ ચાલ્યો ગયો.

રાજલક્ષ્મી પથારીમાંથી ઉઠીને મહેન્દ્રની પાછળ દોડતી દોડતી કહેવા લાગી: "મહેન્દ્ર! મહેન્દ્ર! પાછો આવ. મારી વાત જરા સાંભળતો જા."

મહેન્દ્ર એક્કે શ્વાસે બહાર નીકળી ગયો. એકાએક તે પાછો ફર્યો. તેણે દરવાનને પૂછ્યું: "મોટાં ભાભી ક્યાં ગયાં છે તેની તને ખબર છે?"

દરવાને કહ્યું: "અમને કોઇને કશું કહ્યું નથી. હું જાણતો નથી."

મહેન્દ્રે દાંત પીસીને પૂછ્યું: "નથી જાણતો?"

દરવાન: "ના, ભાઇ સાહેબ, મને કશી ખબર નથી."

મહેન્દ્રે એમજ માની લીધું કે બાએ આ લોકોને પણ કાંઇ પત્તો આપવાની ના કહીમૂકી છે.

તે સમયે કલકત્તા મહાનગરમાં ગેસની રોશનીથી ક્રમશઃ નષ્ટ થતા, સંધ્યા સમયના અસ્પષ્ટ અંધકારમાં વેપારીઓ પોતપોતાના માલની ફેરી કરી રહ્યા હતા. માર્ગમાં રાહદારીઓની ઘણી ગીર્દી હતી. એવી કલરવપૂર્ણ ભીડમાં **મહેન્દ્ર** ભળી ગયો અને જોતજોતામાં તો અદૃશ્ય થઇ ગયો.

પરિચ્છેદ ૭.

બિહારીની મોહદશા.

રાતના બિહારી જ્યારે એકલો પડતો ત્યારે પોતાના સંબંધમાં વિચાર કરવાની તેની પ્રકૃતિ નહોતી. તે કદિપણ પોતાનાં કાર્યો સંબંધી આલોચના કે પ્રત્યાલોચના કરતો નહિ. તેનો ઘણો સમય અભ્યાસમાં કે કામકાજમાં વહી જતો. એમાંથી કાંઈ સમય અવશિષ્ટ રહેતો તો તે પોતાના ઇષ્ટમિત્રો અને બંધુજનો વિષે વિચાર કરતો. અન્ય લોકોને પોતાના હૃદયમાં પ્રાધાન્યસ્થાન આપી, તે આનંદ અનુભવતો. પરંતુ એક દિવસ તે પ્રબળ આઘાતથી સર્વ લોકથી અલગ થઈ ગયો. પ્રલય અંધકારમાં વેદનાના ગગનભેદી શૈલશિખર ઉપર તેને એકલા ઉભા રહેવું પડ્યું. એ પછી, તેને એકાન્તમાં રહેતાં ભીતિ લાગવા માંડી. હવે તે પોતાના ઉપર બને તેટલો કામનો વિશેષ ભાર નાંખી, મનને અવકાશ મેળવવા દેતો ન હતો.

પણ આજે તે પોતાની હૃદયનિવાસી વૃત્તિઓને કોઈ પ્રકારે પણ અંકુશમાં રાખી શક્યો નહિ. ગઈ કાલે વિનોદિનીને તે તેને ગામ વળાવી આવ્યો હતો ત્યારથી એ ગમે તે કામમાં લાગ્યો હોય, ગમે તેની સાથે વાતમાં રોકાયો હોય, છતાં એનું વેદનાવ્યાકુળ હૃદય, એને ઉદાસીનતા તરફ ખેંચી જતું હતું.

આજે પહેલીજ વખત બિહારી ઉપર શ્રમ અને ખેદની અસર જણાઇ. આજે તેણે વસન્તને કાંઇ અભ્યાસ કરાવ્યો નહિં. સાંજથીજ તેને સુઇ જવાની આજ્ઞા આપી દીધી. આજ માતાથી ત્યજાયલા બાળક

ની પેઠે, તેનું હૃદય સાંત્વના માટે, મિત્રના આશ્વાસન માટે, પ્રીતિસુધાથી ભરપૂર જીવનને માટે વિશ્વવ્યાપી અંધકારમાં કોઇનો શોધ કરી રહ્યું હતું. આજે તેની દૃઢતાનું તેના કઠિન સમયનું બંધન તૂટી ગયું હતું અને તે શિથિલતામાં પરિવર્તન પામ્યું હતું. બિહારીએ જેનો વિચાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી તેની તરફજ તેનું હૃદય આજ દોડી રહ્યું હતું. તેને અટકાવવાની તેનામાં શક્તિ નહોતી. મહેન્દ્ર સાથેની મિત્રતામાં પ્રારંભથી તે અંતસુધી જે જે પ્રસંગો, વાતો, અનુભવ વગેરે તેને યાદ હતાં તેનો આજ તે વિસ્તારપૂર્વક વિચાર કરવા લાગ્યો. તેણે સાથે સાથે એ પણ તપાસવા માંડ્યું કે જે નાના જગતમાં પોતાના જીવનની ઇમારત તેણે ચણી હતી, તે કિયા દુર્ગ્રહ સાથે અથડાઈ વિછિન્ન થઈ ગઈ?

સૌથી પ્રથમ કઇ સત્તાએ તેના ઉપર અસર કરી, એ પ્રશ્ન એના મનમાં ઉદ્ભવતાંની સાથેજ એના અંધકારમય હૃદયમાં સૂર્યાસ્ત સમયની કરુણ છાયારૂપ આશાનું લજ્જિત લલિત વદન દેખાયું, અને સાથે સાથે તેના મંગલમય વિવાહોત્સવનો પવિત્ર ધ્વનિ તેના કર્ણમાં અથડાવા લાગ્યો. અદૃષ્ટ આકાશના અજ્ઞાત પ્રાંતમાંથી આવી, આ શુભ ગ્રહ (આશા) બન્ને મિત્રોની વચ્ચે ઉભો રહ્યો. તે ગ્રહે આ બે પ્રિય મિત્રોની પવિત્ર મિત્રતામાં કાંઇક અંતર ઉત્પન્ન કર્યો; પણ તે પછી જાણે ક્યાંથી એક ગૂઢ વેદના, જેનું ઉચ્ચારણ પણ કરવું ઉચિત નહતું, જેને હૃદયમાં પણ સ્થાન આપી શકાય એમ નહતું, તે ઉત્પન્ન થઇ. ત્યાર બાદ જે શનિગ્રહનો ઉદય થયો તેણે મિત્રોના સ્નેહભાવને, પતિપત્નીના નિર્મળ પ્રેમને, ગૃહની અખંડ શાંતિને અને પરમ પવિત્રતાને એકદમ નષ્ટભ્રષ્ટ કરી નાંખ્યાં. બિહારીએ પ્રબળ ઘૃણાથી આ શનિગ્રહરૂપિણી વિનોદિનીને પોતાના અંતઃકરણથી દૂર કરવા યત્ન કર્યા. પણ હા! એ કેવું આશ્ચર્ય! બિહારીના યત્ન નિષ્ફળ નીવડયા! વિનોદિનીની મૂર્ત્તિ પોતાના હૃદયમાંથી તે દૂર કરી શક્યો નહિ. તે બિહારી

તરફ દુર્ભેદ્ય રહસ્યપૂર્ણ અનિમેષ દૃષ્ટિથી જોતી સ્થિરભાવે ઉભી રહી. ધીરે ધીરે તે અનિમેષ નેત્રની જ્યોતિ મલીન થવા માંડી. હૃદયની તૃષાથી શુષ્ક બનેલી દૃષ્ટિ અશ્રુજળના સિંચનથી સ્નિગ્ધ બની જોત-જોતામાં ગંભીર ભાવ ધરી રહી. ક્ષણભરમાં તે મૂર્ત્તિ, બિહારીના ચર્ણ નિકટ પડી. તેના પાદયુગ્મને છાતી સરસા અડકાડી તેણે તેને આલિંગન કર્યું. બિહારીની આસપાસ વીંટળાઇ, પોતાનાં મુખ તથા ઓષ્ટનું મિલન તેણે બિહારીનાં મુખ અને ઓષ્ટ સાથે કર્યું. બિહારી નેત્ર મીંચી, એ મુખને પોતાના સ્મૃતિપ્રદેશથી દૂર કરવા લાગ્યો; પરન્તુ કોઇ પ્રકારે પણ તેને દૂર હઠાવવાને બિહારીનો હાથ ઉપડી શક્યો નહિં. એક અપૂર્ણ વ્યાકુળ ચુમ્બન તેના મુખ ઉપર જન્મ પામ્યું. બિહારીનાં સર્વ અંગનાં રોમાંચ ઉભાં થઈ ગયાં.

બિહારી અત્યારે અગાશીમાં બેઠો હતો. તેનાથી શૂન્ય અંધકાર-માં બેસી રહેવાયુ નહિં. અન્ય કોઇ દિશામાં મનને પ્રવૃત્ત કરવા તે સત્વર પ્રકાશવાળા ખંડમાં જતો રહ્યો. એક ખૂણામાં મેજ ઉપર રેશમી રૂમાલથી ઢાંકેલી એક તસ્વીર પડી હતી. બિહારીએ રૂમાલ ખસેડી, તે તસ્વીર હાથમાં લીધી. દીવા નજદિક બેસી એકાગ્રચિત્તે તે તસ્વીર તરફ તેણે જોયા કર્યું.

તે આશા અને મહેન્દ્રની એકત્ર તસ્વીર હતી. લગ્ન પછી થોડાક દિવસે તે તસ્વીર પડાવવામાં આવી હતી. તસ્વીરની નીચે મહેન્દ્રે પોતાને હાથે મહેન્દ્ર અને આશાએ પોતાને હાથે આશા, એમ લખ્યું હતું. તસ્વીરમાં નવવિવાહના મધુર દિવસો સજીવ દીસતા હતા. એક ખુરશી ઉપર મહેન્દ્ર બેઠો હતો. તેના મુખ ઉપર નવીન લગ્નકાળના પ્રેમભર્યા ભાવની ઝલક પ્રકટી રહી હતી. પાસેજ આશા નિર્દોષ વદને ઉભી હતી. આજ મહેન્દ્ર પોતાની એજ જીવનસખીને તરછોડીને કેટલે દૂર જઇ રહ્યો છે ?

બિહારીએ આ તસ્વીર હાથમાં રાખી, ધિઃક્કારદ્વારા વિનોદિનીને પોતાના હૃદયથી દૂર કરવાની ઇચ્છા કરી; પરન્તુ વિનોદિનીના પ્રેમ-વિહ્વલ હાથ જાણે પોતાના પગને પકડી રહ્યા હોય એમ તેને લાગ્યું. બિહારી પોતાના મનમાં કહેવા લાગ્યો: "આવો સુંદર પ્રેમી સંસાર તેં શામાટે છૂંદી નાંખ્યો?" પરન્તુ ચુંબન માટે ઉત્સુક બનેલી વિનો-દિનીના અધરઓષ્ઠ કહેવા લાગ્યા: "હું તમને ચાહું છું. સકળ જગત્-ના લોકમાંથી મેં તમને એકલાને જ પસંદ કર્યા છે."

બિહારીની વાતનો આ ઉત્તર સહેજ પણ સંતોષકારક નહતો. એ ઉત્તર, દુઃખી બનેલા ઘરનો દારૂણ આર્ત્તનાદ છૂપાવી શકે ખરો? બિહારીએ વિચાર કરી, વિનોદિનીને માટે પોતાના મનમાં કહ્યું: "પિશાચિની!" આ શબ્દો તેણે ઘણા જ ક્રોધથી કહ્યા હતા. તેમાં લેશ પણ આદરભાવનો અંશ નહોતો.

પોતાના જીવનભરના પ્રેમના અધિકારોથી વંચિત બની, બિહારી એક કંગાલ ભિક્ષુક પેરે સંસારમાર્ગમાં ઉભો રહ્યો હતો. એવે સમયે આ પ્રકારનો અયાચિત, અપરિમિત પ્રેમઉપહારનો તે કેવી રીતે અના-દર કરી શકે? આજ સુધી બિહારીને પ્રેમઉપહાર જેવું અન્ય શું મળ્યું હતું? આટલા દિવસ સુધી પોતાનું સર્વ જીવન, અન્યને અર્પણ કરી તે પોતે તૃપ્ત થતો—સંતોષ ધારણ કરતો. આજ વિધાતાએ જાણે પકવાન્નથી ભરેલો સોનાનો થાળ તેને ભેટ મોકલી આપ્યો છે. મંદભાગી બિહારી તેના અપૂર્વ સ્વાદથી કેવી રીતે દૂર રહી શકે?

બિહારી એકાગ્ર ચિત્તે હાથમાં તસ્વીર લઇ, વિચારવમળમાં હતો એટલામાં કંઇક અવાજ થવાથી તે ચોંકી ઉઠયો. નેત્ર ઉઘાડી જોયું તો તેણે મહેન્દ્રને આવતો દીઠો. બિહારી ચમકીને ઉભો થયો. તેના હાથમાંની તસ્વીર જમીન ઉપર પડી ગઇ. તેનું તે તરફ લક્ષ ગયું નહિં. મહેન્દ્રે આવતાંવેંત જ પૂછ્યું: "વિનોદિની ક્યાં છે?"

બિહારી મહેન્દ્રની પાસે ગયો અને તેનો હાથ પકડી બોલ્યો: "મોટાભાઇ, જરા બેસો તો ખરા! હું તમારી સાથે કેટલીક વાતચિત કરવા માગું છું."

મહેન્દ્રે કંટાળાથી ઉત્તર આપ્યો: "મને અત્યારે વાતુચિત કરવાનો અવકાશ નથી. વિનોદિની ક્યાં છે? મારે માત્ર એજ બાબત જાણવી છે!"

બિહારી બોલ્યો: "તમે જે પ્રશ્ન કર્યો તેનો જવાબ ટુંકમાં આપી શકાય એમ નથી. એનો ઉત્તર મેળવવા માટે થોડોક વખત સ્થિર ચિત્તે બેસવું જોઇશે."

મહેન્દ્ર: "તું શું મને ઉપદેશ દેવા માગે છે? એવો ઉપદેશ મેં નાનપણમાં બહુ સાંભળ્યો છે."

બિહારી: "નહિં, નહિં, હું જરાપણ ઉપદેશ દેવા માગતો નથી. ઉપદેશનો મને અધિકાર નથી તેમજ તમને ઉપદેશ આપવા હું મને પોતાને યોગ્ય પણ ગણતો નથી."

મહેન્દ્ર: "ત્યારે શું તારે મને ઠપકો આપવો છે? મને ધમકાવવો છે? હું જાણું છું કે—હું પાખંડી, નીચ, નરાધમ, કપટી વગેરે જે કહીશ તે છું, પણ એ બધા પહેલાં તું મને કહે કે વિનોદિની ક્યાં છે? તું જાણે છે કે નહિ?"

બિહારી: "જાણું છું."

મહેન્દ્ર: "મને કહીશ કે તે ક્યાં છે?"

બિહારી: "ના."

મહેન્દ્ર: "તારે કહેવું જ પડશે. તેં એને ફોસલાવીને અહિં લાવી રાખી છે. તે મારી છે. મને પાછી સોંપી દે."

બિહારી ક્ષણએક મૌન્ય ધરી રહ્યા પછી બોલ્યો: "તે તમારી નથી. હું એને અહિં લાવ્યો નથી. તે પોતે જ મારી પાસે આવી છે."

મહેન્દ્રે ઉચ્ચ સ્વરે કહ્યું: “ખોટું, તદ્દન ખોટું !” તે બહાર જતો રહ્યો. ઓરડાની બહાર એક બીજા ખંડનાં બંધ બારણાંને હચમચાવતો તે બૂમો પાડવા લાગ્યો: “**વિનોદિની! વિનોદિની!**”

અંદરથી રૂદનનો અવાજ આવતો સાંભળી **મહેન્દ્ર** બોલી ઉઠયો: “**વિનોદિની,** કાંઇ ભય રાખશો નહિ. હું—**મહેન્દ્ર**—આવ્યો છું. તમને સત્વર છોડાવીને લઇ જઇશ. કોઇની શક્તિ નથી કે મારી પાસેથી તમને લઇ જવાની હિમ્મત કરે.” **મહેન્દ્રે** બારણાંને જોરથી ધક્કો માર્યો. દ્વાર ખુલી ગયું. **મહેન્દ્ર** વેગથી અંદર દોડયો. ઓરડામાં ઘોર અંધારૂં હતું! તેણે જોયું કે બિછાનામાં કોઇ ભયભીત બનીને સુઇ રહ્યું છે.

બિહારીએ એ ઓરડામાં આવી **વસંતને** પોતાની પાસે લીધો અને સાન્ત્વન દેતાં કહ્યું: “**વસંત;** બ્હીશ નહિ હોં! બ્હીવાનું કાંઇ કારણ નથી.” નિરાશ બનેલો **મહેન્દ્ર** ત્યાંથી સટકી ગયો. અહિંતહિં, ઉપર નીચે, સર્વ સ્થળે તેણે ફાંફાં માર્યાં પણ જેને શોધતો હતો તે ન મળી. તે પાછો **બિહારી** હતો ત્યાં આવ્યો. બાળક **વસંત** હજી પણ **બિહારીના** અંકમાં સુતો સુતો રડતો હતો અને **બિહારી,** દીવો પ્રકટાવી, તેનો વાંસો થાબડીને, તેને નિદ્રાધીન કરવા મથી રહ્યા હતો.

મહેન્દ્રે, બિહારીને ફરીથી એનો એજ પ્રશ્ન કર્યો: “**વિનોદિની** ક્યાં છે? તેને તે ક્યાં સંતાડી છે?”

બિહારી: “મોટાભાઇ, નાહક શું કામ આમ તોફાન કરો છો? તમે આ બાળકને નાહક્ ભયભીત કરી મૂક્યો છે. તેથી કદાચ તે બિચારાની તબિયત પણ બગડશે. હું એટલુંજ કહું છું કે—**વિનોદિની**ના સમાચાર સાથે તમારે કશો સંબંધ નથી.”

મહેન્દ્રે દાંત પીસીને કહ્યું: “સાધુ, મહાત્મા, હવે તું **ધર્મનો** ઢોંગ જવા દે. મારી **સ્ત્રીની** તસ્વીર હાથમાં લઇ, રાતના કિયા દેવનું

ધ્યાન ધરી, કિયો પવિત્ર મંત્ર જપી રહ્યો હતો ? પાપી, દગાબાજ !"

એટલું કહેતાં કહેતાં, **મહેન્દ્રે** તે તસ્વીર જમીન ઉપર ફેંકી દીધી; અને તેના ઉપર જોરથી પગ મૂક્યો. કાચ ભાંગી ગયો અને તેના ચૂરેચૂરા થઇ ગયા. અંતે **મહેન્દ્રે** તે તસ્વીર હાથમાં લઇ, તેના ટૂકડે ટૂકડા કરી, **બિહારીના** અંગ ઉપર ફેંક્યા ! !

મહેન્દ્રની આવી ઉન્મત્ત દશા જોઇ, **બિહારીની** આંખમાં આંસું આવી ગયાં. ક્રોધ, ક્ષોભ અને ખેદથી તેનો કંઠ રૂંધાઇ ગયો. તેણે આંગળી દ્વાર તરફ ચીંધીને **મહેન્દ્રને** કહ્યું: "જાઓ, અહિંથી ચાલ્યા જાઓ."

મહેન્દ્ર એકદમ બહાર જતો રહ્યો.

પરિચ્છેદ ૮.

ગ્રામ્યજીવન.

યાત્રિકો વિનાની ખાલી ગાડીના સ્ત્રીઓના ડબ્બામાં બેઠાં બેઠાં વિનોદિનીએ જ્યારે દૂર વૃક્ષોનાં ઝુંડમાં વસેલું એક ગામડું જોયું ત્યારે તત્કાળ તેને સરળ સરસ ગ્રામ્યજીવનનું સ્મરણ થઇ આવ્યું. તેણે વિચાર કર્યો કે વૃક્ષોની છાયા તળે રહી, મારાં પ્રિય પુસ્તકોનું અધ્યયન કરી, નગરનિવાસથી ઉદ્‌ભવેલાં શોક અને વેદનાથી સહજ વારમાં હું મુક્ત બની જઇશ અને શાંતિસુખ અનુભવીશ. તે સ્વગત વિચારવા લાગી: "બસ, હવે તો એ પ્રમાણેજ વર્તવું. બીજા કશાની કિંચિત્ પણ સ્પૃહા ન રાખવી." તેને એવી ઇચ્છા થઈ કે "આ પ્રકારની સુવર્ણરંજિત નિસ્તબ્ધ અને વિસ્તીર્ણ શાંતિમાં ડૂબી બધુંએ વિસરી જઈ, અદ્બૈત આનંદનો અનુભવ કરીશ. કોઈ સાથે મારે શું પ્રયોજન છે? આ જીવનનૌકાને વિવિધ રંગોથી આન્દોલિત થયલા સુખ દુઃખ સાગરને કિનારે લઇ જઇ, શબ્દહીન સંધ્યા સમયે, કોઈક કંપહીન વડવૃક્ષ સાથે બાંધી દઈશ." ગાડી વેગથી જતી હતી. કોઈ કોઈ સ્થળે આમ્રવૃક્ષપરના મોરની મહેંક ગ્રામ્યશાન્તિનું ભાન કરાવતી હતી. વિનોદિનીના હૃદયની અવસ્થા પરિવર્તન પામી. તેણે પોતાના મનમાં કહ્યું: "ભલે જે થયું તે ઉચિત થયું છે. હવે મને કોઇ પ્રકારની ઉપાધિ નડશે નહિ. મારા જીવન સંબંધે મારે હવે લેશ પણ કાળજી ધરવાનું કારણ રહ્યું નથી. હવે સર્વ ભૂલી જઇ, ચિન્તા પરહરી, સુખનિદ્રાનો અનુભવ કરીશ. ગામની અન્ય કોઇ સામાન્ય સ્ત્રીની પેઠે ગૃહ અને ગામના કામકાજમાં સંતોષથી, આરામથી મારૂં જીવન વ્યતીત કરીશ."

સન્તપ્ત હૃદયને આ પ્રકારે આશામય આશ્વાસન આપી, વિનોદિનીએ પોતાના કુટીરમાં પ્રવેશ કર્યો ! પરન્તુ હાય ! શાંતિ ક્યાં છે ? જ્યાં જુઓ ત્યાં શૂન્યતા અને દારિદ્ર છે ! ચારે દિશામાં નજર કરતાં જીર્ણ, અસ્ત-વ્યસ્ત, અનાદત અને મલિન સ્થિતિનોજ ભાસ થાય છે. બહુ દિવસ સુધી બંધ રહેલી ઓરડી એકાએક ઉઘાડી, વિનોદિની અંદર ગઇ તો તેનો શ્વાસ ગંદી હવામાં ગુંગળાવા લાગ્યો. જે કાંઇ થોડી ઘણી વસ્તુઓ ત્યાં હતી તે સર્વ મૂષઃઉત્પાત, કીટદંશ અને ધૂળના આક્રમણથી ધૂળધાણી થઇ ગઇ હતી. વિનોદિની જ્યારે ઘેર પહોંચી ત્યારે સૂર્યાસ્ત થઇ ગયો હતો. સર્વત્ર અંધકાર છવાઇ રહ્યો હતો. આવા ગૃહમાં આનંદનું તો નામ જ ક્યાંથી હોય ? કોઇ યુક્તિ કરી, દિવો સળગાવ્યો તો તેના ધુમાડાથી અને ક્ષીણ પ્રકાશથી ઘરની દીનતા અધિક દૃશ્યમાન થવા લાગી. પ્રથમ તે આજ સ્થળે રહેતી હતી; પણ તે વખતે તેને પોતાની અવસ્થા પીડાજનક લાગતી નહતી; પણ તે જ અવસ્થા આજે તેને અસહ્ય જણાઇ. તેનું દ્રોહી અંતઃકરણ દૃઢતાથી બોલી ઉઠ્યું : "અહિં એક ક્ષણ પણ રહી શકાય એમ નથી." એક ગોખલામાં બે એક પુસ્તકો અને માસિકો કઢંગી અવસ્થામાં પડયાં હતાં. ધૂળનો ઢગલો તેમની ઉપર ચઢી બેઠો હતો. તેને અડકવાનું પણ વિનોદિનીને મન ન થયું. મચ્છરોનો ગણગણાટ અને નિશાચરોનો અવાજ વધ્યો જતો હતો. હવાનું નામનિશાન નહોતું. વિનોદિનીના પડોશનાં ઘરમાં તેના સાસરાની કોઇ સગી વૃદ્ધા રહેતી હતી પણ તે બીજે ગામ ગઇ હતી. વિનોદિનીને ઘરમાં એકલું રહેવું ગમ્યું નહિં. તે બીજી પાડોશણને ત્યાં ગઇ. વિનોદિનીને જોઇ આસપાસની સર્વ સ્ત્રીઓ દિગ્મૂઢ જેવી થઇ ગઇ. એક બીજીના કાનમાં ધીરે ધીરે કહેવા લાગી : " અરે બાપરે, વિનોદિની તો ગોરી ગોરી થઇ આવી છેને શું ? કપડાં લત્તાં પણ કેવાં પહેર્યા છે ! જાણે મડમ સાહેબ !" તે સ્ત્રીઓ માંહોમાંહે કોણ જાણે

શી સંજ્ઞાઓ કરી, વિનોદિની તરફ લક્ષ્ય કરી, પુનઃ એક એકના સામું જોવા લાગી. જે કાંઇ લોકવાયકા સંભળાઈ હતી તેનું તેમને પ્રમાણ પણ મળી ગયું. પહેલાં કરતાં હમણાં પોતાનામાં કેટલું પરિવર્તન થયું હતું તેનું કાંઇક ભાન હવે વિનોદિનીને થયું. તેને પોતાના ઘરમાં દેશવટા જેવો અનુભવ થવા લાગ્યો. તેણે જોયું કે પોતાને ક્ષણભર પણ તે સ્થળે ચેન પડવાનું નથી.

ટપાલ ખાતાના બુઢ્ઢા સિપાઇને વિનોદિની બાળક હતી ત્યારથીજ ઓળખતી હતી. બીજે દિવસે ગામના તળાવ ઉપર વિનોદિની સ્નાન કરવા ગઇ હતી, એટલામાં આ બુઢ્ઢાને તેણે જોયો. તે એકદમ તેની તરફ દોડી ગઇ અને તેને બૂમ પાડીને પૂછવા લાગી: "પંચુકાકા, મારો કોઇ પત્ર છે કે?"

"ના." તે બુઢ્ઢાએ ઉત્તર આપ્યો.

"એક તો હોવોજ જોઇએ. લાવો જોઉં જરા." એમ કહી વિનોદિનીએ તેના હાથમાં ગામના આઠ દશ પત્ર હતા તે લીધા. બે ત્રણવાર ઉલટાવીને જોયા પણ તેમાં એક પણ પત્ર તેના નામનો નહતો. ઉદાસીન ભાવે જ્યારે તે તળાવપર પાછી ફરી, ત્યારે તેની એક સખીએ કૌતુકપૂર્ણ કટાક્ષથી પૂછ્યું: "વિનોદિની, પત્ર ન મળ્યો એટલામાં આટલી બધી ચિંતાતુર કેમ બની ગઇ?" વળી એક પ્રગલ્ભા પ્રૌઢા બોલી: "અરે, ટપાલમાં કાગળ આવે એવું ભાગ્ય આપણું ક્યાંથી? મારા ધણી, દીયેર, ભાઈ બધાએ પરદેશમાં નોકરી માટે ગયા છે, પણ અમારા ઉપર તો કોઇ દિવસ પણ પત્ર આવ્યો નથી." અંતે એ પ્રમાણે જેમ વાત આગળ ચાલતી ગઇ તેમ તેમ વ્યંગ અને કટાક્ષનો વિશેષ ઉપયોગ થવા લાગ્યો.

વિનોદિનીએ બિહારીને પ્રાર્થના કરી હતી કે નિત્ય ન બને તો દર અઠવાડીએ તો અવશ્ય કાંઇ નહિ તો એક બે લીટી પણ

લખી મોકલવી. આજને આજજ બિહારીનો પત્ર આવવાનો સંભવ બહુજ થોડો હતો, છતાં પણ અધિક ચાહને વશ થઇ તે આશા છોડી ન શકી. કલકત્તા છોડયાને જાણે વર્ષો વીતી ગયાં હોય તેમ તેને ભાસવા લાગ્યું.

શત્રુ અને મિત્રસ્ત્રીઓ દ્વારા વિનોદિનીને એ પણ માલુમ પડયું કે મહેન્દ્ર સાથે પોતાને અનુચિત સંબંધ હોવાની અસત્ય વાયકા સમસ્ત ગામમાં ઘેરે ઘેર ફેલાઇ રહી હતી. શાંતિ હવે ક્યાંથી હોય ?

વિનોદિની ગામવાસીઓથી પોતાને દૂર રાખવા યત્ન કરવા લાગી. એ ઉપરથી ગામવાસીઓ વિશેષ ઉગ્ર બન્યા. પાપિણીને ત્રાસ આપવા અને કટુવેણુ શ્રવણ કરાવવાની મોજ, લાગ મળ્યે તેઓ જતી કરવા તૈયાર નહોતા.

મોટા શહેરમાં મોજશોખ માણ્યા પછી, એક નાના સરખા ગામડામાં એકાન્તસેવન બહુ દુર્ઘટ છે. તેવે સ્થળે એકાન્તમાં, અંધકારમાં, ઘવાયલા હૃદયને આરામ અપાય એ શક્ય નથી. સર્વની તીવ્ર, કૌતૂહલભરી દૃષ્ટિ તે ઘા પ્રત્યે જ આકર્ષાય છે. પોતાનું દુઃખ સહન કરી મૂંગે મ્હોંએ બેસી રહેવાને પણ વિનોદિની સ્વતંત્ર નહોતી.

બીજે દિવસે પણ જ્યારે તેને પત્ર ન મળ્યો ત્યારે તેણે નીચેનો પત્ર બિહારીને લખ્યો:

" રખે મનમાં ભીતિ ધરતા. હું તમને પ્રેમપત્ર લખવા બેઠી નથી. તમે મારા વિચારક છો. હું તમને પ્રણામ કરૂં છું. કદિ સ્વપ્ને પણ મેં કલ્પના નહોતી કરી કે કોઇને પણ મારે શિશ નમાવવું પડશે. પ્રભો ! તમારો જય થયો. હું હવે વિદ્રોહ નહિં કરૂં; પરન્તુ મારાપર દયા કરો. મને જીવતદાન આપો. આ નિર્જન જંગલમાં રહેવાનું મારાથી બને એટલો આશ્રય મને અવશ્ય આપો. એ પ્રમાણે થતાં કોઈ પણ મને તમારા શાસનથી વિરૂદ્ધ વર્તન કરવા પ્રેરી શકશે નહિં. આટલું જ

લખી. હવે હું પત્ર સમાપ્ત કરૂં છું. મારે કહેવાનું તો ઘણુંએ છે, હૃદય તે કહેવા આતુર થઇ રહ્યું છે, પણ મેં પ્રતિજ્ઞા કરી છે કે તમને ત્રાસ ન આપવો; અને મારી તે પ્રતિજ્ઞા હું અવશ્ય પાળીશ." વિનોદિનીએ પત્ર ટપાલની પેટીમાં નાંખ્યો. સમસ્ત ગામવાસીઓ ફરીથી નિંદામાં પ્રવૃત્ત બન્યા. તેઓ કહેવા લાગ્યા: "ઘરનાં બારણાં બંધ કરી પત્ર લખે છે! પત્રને માટે ટપાલના સિપાઈની પૂંઠે દોડે છે! થોડા દિવસ કલકત્તે રહી આવી એટલામાં તો સર્વે શર્મધર્મ મૂકી દીધાં! સર્વ ઉપર પાણી ફેરવ્યું!" ઇત્યાદિ.

ત્રીજે દિવસે પણ પત્ર ન મળ્યો. વિનોદિની આખો દિવસ ઘરમાં ભરાઇ રહી. અંદર બહાર ચારે દિશાના આઘાત અને અપમાનથી વિનોદિનીના હૃદયનો અંધકાર, નિષ્ઠુર સંહારક શક્તિનું રૂપ ધરી, ઉપર આવવા મથન કરવા લાગ્યો. આવા આવિર્ભાવથી, વિનોદિનીને એવી ભીતિ ઉપજી કે તેણે બહાર નીકળવાનું જ છોડી દીધું.

બિહારીનું કોઈ પણ સ્મરણચિહ્ન વિનોદિની પાસે નહોતું. તેનો કોઇ પત્ર કે તસ્વીર પણ નહોતાં. આ શૂન્યતામાં તે કોઇ સંઘિયારો શોધવા લાગી. બિહારીનું કોઈ સ્મરણચિહ્ન હૃદયમાં રાખી તે પોતાના હૃદયનો વેગ અશ્રુદ્વારા ખાલી કરવા માગતી હતી.

વિનોદિનીના સાંભળવામાં આવ્યું હતું કે મનને એકાગ્ર કરી ધ્યાન ધરતાં ધરતાં જેની ઇચ્છા કરીએ છીએ તે પાસે આવે છે—તેનાથી આવ્યા વિના રહેવાતું જ નથી. આ ઉપરથી તે હાથ જોડી નેત્ર મીંચી બિહારીના ધ્યાનમાં મગ્ન થઇ. તે બોલી: "મારૂં જીવન શૂન્ય જ છે. મારૂં હૃદય શૂન્ય છે. સર્વત્ર મને શૂન્યતાજ ભાસે છે. એ શૂન્યતામાં તમે એકવાર દર્શન આપો. તમારે એક ક્ષણ પણ અવશ્ય આવવું જ પડશે. તે સિવાય હું તમને છોડું એમ નથી."

પોતાની સર્વ શક્તિથી તે આ પ્રમાણે બોલી એટલે તેને પોતાનામાં રહેલા બળનું સત્ય ભાન થવા લાગ્યું. તેને લાગ્યું કે તેનો પોકાર, તેનો પ્રેમ, નિષ્ફળ નહિ નીવડે. માત્ર સ્મરણ કરવાથી, અસત્ય આશાના મૂળમાં હૃદયરક્ત રેડવાથી, હૃદય શિથિલ બની જાય છે; પરન્તુ એકાગ્ર મનનું ધ્યાન આપણને ઘણી સહાય કરે છે. એ પ્રકારે એકાગ્ર મને ધ્યાન ધરવાથી જણાય છે કે જાણે આપણી સહાય કરનારૂં આપણું પ્રિયજન આપણી પાસેજ છે–દૂર હોવા છતાં પણ તે નિકટવર્તી ભાસે છે.

બિહારીમાં ધ્યાનમગ્ન થયાથી, સંધ્યા સમયે દીપકશૂન્ય અંધકારમય ગૃહ વિશેષ અંધકારમય ભાસતું હતું.

વિનોદિનીની દૃષ્ટિમાં સમાજ, સંસાર, ગામ અને સર્વ બ્રહ્માંડ પ્રલયમાં લુપ્ત થઇ ગયાં હતાં. એટલામાં કોઇએ દ્વાર ખખડાવ્યું. વિનોદિની ચપળતાથી ઉઠી અને સંશયહીન વિશ્વાસથી દોડતી જઈ, દ્વાર ખોલતી ખોલતી બોલી ઉઠી: "પ્રભો! આવી પહોંચ્યા?"

તેને દૃઢ વિશ્વાસ હતો કે આ સમયે સંસારનું અન્ય કોઇ પણ મનુષ્ય તેને ત્યાં આવે જ નહિ.

મહેન્દ્ર આવેશથી બોલી ઉઠયો: "હા, આવ્યો છું, વિનોદિની."

અત્યંત ક્રોધથી વિનોદિનીએ તેનો તિરસ્કાર કર્યો અને કહ્યું: "જાઓ જાઓ, અહિંથી સત્વર ચાલ્યા જાઓ."

મહેન્દ્ર એકાએક સ્તંભિત થઇ ગયો. એટલામાં–"અરે, વિનોદિની તારી સાસુની કાકીજી કયારે......?" એમ બોલતી કોઇ પ્રૌઢા સ્ત્રી કાંઇ ખબર પૂછવા આવતી હતી, તે દ્વારમાં મહેન્દ્રને ઉભેલો જોઇ એકાએક ખંચાઇ ગઇ અને ત્યાંથી એકદમ પાછી ફરી.

પરિચ્છેદ ૯.

આખરે બન્ને નાઠાં!

એકાએક આખા ગામમાં ભારે ચર્ચા થઈ રહી. ગામના વૃદ્ધ પુરુષો દુર્ગાદેવીના મંદિરમાં એકત્ર મળી પરસ્પર કહેવા લાગ્યા: "આવો ક્રમ વધુ સમય સુધી હવે સહન કરી શકાય એમ નથી. કલકત્તામાં જે બન્યું હશે તે જાણે આપણે જાણુતા જ નથી એમ કરીએ, પણ આ પ્રમાણે પત્ર ઉપર પત્ર લખીને મહેન્દ્રને અત્રે બોલાવે, એ પ્રકારનું તેનું પ્રકટ સાહસ અને આવી નિર્લજ્જતા તો હવે જોઈ શકાય એમ નથી."

વિનોદિનીની આજે સંપૂર્ણ ખાત્રી હતી કે બિહારીનો પત્ર મળશે જ. પણ તેની તે આશા સફળ નીવડી નહિ. વિનોદિની પોતાના મનમાં કહેવા લાગી: "મારા ઉપર બિહારીનો શો અધિકાર છે? મેં શા માટે તેની આજ્ઞા સાંભળી અને માની? મેં શા માટે તેની સમક્ષ પ્રકટ કર્યું કે મારે માટે જે કંઇ વ્યવસ્થા તમે કરશો તે હું સાદર સ્વીકારી લઇશ? પોતાની પ્રિય આશાનું રક્ષણ કરવા જેટલો જ મારી સાથે એને સંબંધ છે ને? મારા હિતની તેને કંઇ પણ ઇચ્છા નહિ હોયને? એક પત્ર મેળવવા જેટલો પણ મારો એના ઉપર અધિકાર નહિ? શું હું એટલી બધી તુચ્છ છું? મારી પ્રત્યે આટલી બધી ઘૃણા?"

વિનોદિનીનું હૃદય ઇર્ષાના વિષમ વિષથી પરિપૂર્ણ બની ગયું. તે મનમાં બોલી: "અન્ય કોઇને માટે હું આટલું કષ્ટ, દુઃખ સહન કરત પણ આશાની ખાતર મારાથી તેમ નહિ બને? એક આશાને

લીધે મારે દીનતા, વનવાસ, લોકનિંદા, અનાદર, જીવનમાં સર્વવાતની અતૃપ્તિ, એ સર્વ શું સહન કરી લેવાં? આતું અંતિમ કષ્ટ મેં મારી મેળે શા માટે મારે શિરે વ્હોર્યું? શા માટે મેં મારૂં સર્વનાશનું વ્રત સંપૂર્ણ ન કર્યું? હું મૂર્ખ છું. શા માટે બિહારી પ્રત્યે મેં પ્રેમ કર્યો?"

વિનોદિની એક કાષ્ટના પૂતળા સમાન જડ બની, ગૃહમાં બેઠી હતી. ત્યાં તેની સાસુની કાકીજી પોતાની પુત્રીને મળીને પાછી આવી. આવતાંની સાથે તેણે કહ્યું: "હરામખોર, કાળામુખ, આ તારે માટે શી વાતો થઈ રહી છે, તેનું તેને ભાન પણ છે કે?"

વિનોદિની: "જે કાંઇ વાત થાય છે તે સાચી છે."

વૃદ્ધ સ્ત્રી: "ત્યારે આવું કલંક લઇ ગામમાં આવવાની શી જરૂર હતી? અહિં આવી શા માટે?"

વિનોદિનીના હૃદયમાં કુતૂહલ મચી રહ્યું હતું. તે પોતાના ક્ષોભને રોકી મૌન્યવત ધરી બેસી રહી.

ડોસી બોલી: "હવે તારે અહિં રહેવાની જરૂર નથી. હું તને અહિં રહેવા નહિ દઉં. મારા દુર્ભાગ્યને લીધે મારાં જે કોઇ હતાં તે સર્વ મરણ પામ્યાં. હું પાપિણી આ જોવા–સાંભળવાને જીવતી રહી, પણ હવે મારાથી વધારે વખત સહન થાય એમ નથી. તેં કુળનું નામ બોળ્યું. તું જલદી અહિંથી ચાલી જા."

"હું હમણાં જ જાઉં છું." ઓરડાની બહાર નીકળી દ્વાર આગળ ઉભી રહી, વિનોદિની બોલી. તે બહાર ઉભી એટલામાં સ્નાન કર્યા વગરનો, ભોજન વિનાનો, ગાંડા જેવો દેખાતો મહેન્દ્ર ત્યાં આવી ઉભો રહ્યો. આખી રાત જાગૃણ કર્યાથી તેનાં નેત્ર રક્તવર્ણાં બની ગયાં હતાં. તેનું મ્હોં શુષ્ક થઇ ગયું હતું. તેણે એવો સંકલ્પ કર્યો હતો કે સૂર્યોદય થતાં પહેલાં વિનોદિની પાસે જઈ, તેને પોતાની સાથે લઇ જવાનો એક વધુ પ્રયાસ કરી જોવો. પરન્તુ વિનોદિનીના

પ્રથમ દિવસના વર્તનથી તે તેમ કરતાં અટકયો. તેની હિમ્મત ચાલી નહિ. તેના મનમાં અનેક સંકલ્પવિકલ્પ થવા લાગ્યા; પરન્તુ જેમ જેમ દિવસ ચઢતો ગયો, આગગાડીનો સમય પાસે આવતો ગયો તેમ તેમ મહેન્દ્રનું ધૈર્ય ખૂટી ગયું. તે સર્વ સંકોચ છોડી, સર્વ વિચાર પડતા મૂકી, સ્ટેશન પરના આરામગૃહમાંથી ગાડીમાં બેસી વિનોદિનીના ગૃહ પાસે આવ્યો.

લજ્જાનો ત્યાગ કરી પ્રકટ રૂપે કોઇ દુઃસાહસિક કાર્યમાં પ્રવૃત્ત થવાથી એક પ્રકારનું બળ પ્રાપ્ત થાય છે. તે બળના આવેગથી મહેન્દ્રને એક પ્રકારના આનંદનો અનુભવ થયો. તેના શરીરની શિથિલતા, મનની વ્યથા સર્વ નષ્ટ થઈ ગયાં. ગામના લોક કુતૂહલથી તેની તરફ જોઇ રહેતા. ઉન્મત્ત મહેન્દ્રની દૃષ્ટિમાં તે લોકો નિર્જીવ માટીનાં પૂતળાં સમાન દેખાતા હતા. મહેન્દ્રે કોઈની તરફ દૃષ્ટિ ઉંચી કરી જોયું પણ નહિ. એકદમ સીધો વિનોદિનીના ઘર આગળ આવીને તે ઉભો રહ્યો. તે બોલ્યો: “વિનોદિની, હું એવો કાયર નથી કે તમને લોકનિંદા અને અપમાન સહન કરવા એકલાં તજી જાઉં! મેં નિશ્ચય કર્યો છે કે ગમે તે થાઓ પણ તમને અવશ્ય અહિંથી લઇ જવાં. હું સોગંદપૂર્વક કહું છું કે જેમ તમારી ઇચ્છા હશે તે પ્રમાણે સર્વ કાંઇ થશે. તમે દયા કરશો તો હું જીવતો રહીશ. તમે કૃપા નહિ કરો તો હું તમારા માર્ગમાંથી દૂર થઇશ. સંસારમાં મેં અનેક અવિશ્વાસનાં કામ કર્યાં છે; પણ આજે તમે મારા ઉપર વિશ્વાસ રાખો. હું પ્રલય નિકટ ઉભો છું. તે સમયે છળ કપટ કરવાનું સાહસ કરૂં એમ નથી.”

વિનોદિનીએ કિંચિત્ પણ વિચલિત ન થતાં કહ્યું: “મને તમારી સાથે લઇ જાઓ. ગાડી તૈયાર છે?”

મહેન્દ્રે આનંદાવેશમાં ઉત્તર દીધો: “હા, તૈયાર છે.”

એટલામાં ડોસીએ બહાર આવીને કહ્યું: "મહેન્દ્ર, તું મને નથી ઓળખતો, પણ તું મારો સગો થાય છે. કાંઇ પારકો નથી. તારી મા રાજલક્ષ્મી આ ગામમાં જ જન્મી હતી. ગામના સગપણથી હું તેની માસી થાઉં છું. તો હું તને પૂછું છું કે: "આ બધું તોફાન કેમ કરે છે? તારી સ્ત્રી છે, મા છે, છતાં નફ્ફટ બની, ગાંડાની પેઠે આમ કેમ ભમે છે? ચાર આબરૂદાર આસામીઓમાં તારૂં મ્હોં તું શી રીતે બતાવી શકીશ?"

મહેન્દ્રે કાંઇ ઉત્તર આપ્યો નહિ. તે મૌન્ય ધરી રહ્યો. ડોસી પુનઃ બોલી: "તમારે બેને જવું હોય તો અત્યારે જ જાઓ. મારા ઘરના દરવાજા ઉપર ઉભાં ન રહો. જાઓ, ટળો અહિંથી."

એટલું કહી તેણે દ્વાર અંદરથી બંધ કર્યાં. વિનોદિની વગર સ્નાને, વગર ભોજને ખાલી હાથે બહાર ઉભી હતી. એજ દશામાં તે ગાડીમાં ચઢી બેઠી. જ્યારે મહેન્દ્ર ગાડીમાં બેસવા ગયો, ત્યારે વિનોદિની તેને મના કરતાં બોલી: "ના, તમે ન બેસશો. સ્ટેશન દૂર નથી. તમે ચાલતા આવો."

એમ કહી તેણે ગાડીનું બારણું બંધ કર્યું અને ગાડીવાનને સ્ટેશન તરફ ગાડી હાંકવા કહ્યું.

ગાડીવાને પૂછ્યું: "શેઠ, તમે નથી આવતા?"

ગાડી ચાલી ગઇ. ગામમાં થઇને જવાની મહેન્દ્રની હિંમત ચાલી નહિ. તે ખેતરો અને વાડાઓમાં થઇને સ્ટેશન ઉપર ગયો.

પરિચ્છેદ ૧૦.

માતાનું કલ્પાંત.

મહેન્દ્ર ક્યાં જતો રહ્યો હશે એની ચિન્તામાં ને ચિન્તામાં રાજલક્ષ્મીની ક્ષુધા, તૃષા, નિદ્રા સર્વે નાશ પામ્યાં. દીનાનાથ ચારે દિશામાં મહેન્દ્રને શોધતો ફરતો હતો. જે સ્થળે મહેન્દ્રને મળવાનો સહેજ પણ સંભવ ન હતો તે સ્થાન પણ તે જોઈ વળ્યો હતો. દરમ્યાન મહેન્દ્ર વિનોદિનીને સાથે લઇ, કલકત્તે પાછો ફર્યો. એક મકાન ભાડે લઈ, તેમાં વિનોદિનીને રાખી, મહેન્દ્ર પોતાને ઘેર આવ્યો.

માતાના ઓરડામાં પ્રવેશ કરી તેણે જોયું તો સર્વત્ર અંધકાર ફેલાઇ રહ્યો હતો. ક્ષીણ પ્રકાશ આપતો નાનો દીવો એક ખૂણામાં જોવામાં આવતો હતો. રાજલક્ષ્મી એક રોગીની પેઠે પથારીમાં પડી રહી હતી અને આશા તેની પાસે બેઠી બેઠી તેના પગ ચાંપતી હતી. આટલે દિવસે વહુએ સ્વયં ઇચ્છાથી સાસુનાં ચરણ પાસે પોતાનું આસન ગ્રહણ કર્યું હતું. મહેન્દ્રનો પ્રવેશ થતાંજ, આશા ચકિત થઇ, ઉઠીને ત્યાંથી જતી રહી. મહેન્દ્રે કહ્યું: "બા, મારાથી ઘરમાં અભ્યાસ કરવાનું બની શકતું નથી. મેં કૉલેજની પાસે એક મકાન ભાડે રાખ્યું છે; અને હું ત્યાં જ રહીશ."

રાજલક્ષ્મીએ આંગળીના ઇસારાથી મહેન્દ્રને ત્યાં બેસવા કહ્યું.

મહેન્દ્ર સંકોચ પામતો પથારીના છેડા આગળ બેઠો.

રાજલક્ષ્મી બોલી: "મહેન્દ્ર, તારી ઇચ્છામાં આવે ત્યાં તું રહે પણ વહુને કષ્ટ ન આપ."

મહેન્દ્ર ચૂપ રહ્યો. રાજલક્ષ્મી આગળ બોલી: "હું આજ લગી મારા દુર્ભાગ્યને લઇને આવી સુશીલ વહુની પરીક્ષા કરી શકી નહિ." બોલતાં બોલતાં રાજલક્ષ્મીનું હૈયું ભરાઇ આવ્યું. તે આગળ બોલવા લાગી: "પરન્તુ તું તેને વિષે એ બધું જાણે છે, અને સમજે છે તે છતાં પણ કેમ આવું દુઃખ આપે છે?" રાજલક્ષ્મીથી રહેવાયું નહિ. તે અશ્રુસ્રાવ કરવા લાગી. મહેન્દ્રને ત્યાંથી નાશી જવાની ઇચ્છા થઇ. પણ તેની એટલી હિંમત ચાલી નહિં. તે મૂગો મૂગો પથારી આગળ બેસી રહ્યો. થોડી વાર પછી રાજલક્ષ્મીએ પૂછ્યું: "આજ રાતના તો રહીશ કેની?"

મહેન્દ્ર: "ના."

રાજલક્ષ્મી: "ત્યારે ક્યારે જવાનો છે?"

મહેન્દ્ર: "અત્યારે જ જાઉં છું."

રાજલક્ષ્મી મહાકષ્ટે ઉઠી બેઠી થઈ. તેણે પૂછ્યું: "અત્યારે? તારી વહુને મળ્યા વિના જઈશ?" મહેન્દ્ર નિરૂત્તર રહ્યો.

રાજલક્ષ્મી બોલી: "તારી વહુએ આ બે ત્રણ દિવસ કેમ વિતાડયા હશે તેનો તને ખ્યાલ પણ નહિ આવે! અરે! નિર્લજ્જ, તારી નિષ્ઠુરતા જોઇ મારી છાતી ફાટી જાય છે!" એટલું કહી વૃક્ષની કાપેલી ડાળીની પેઠે રાજલક્ષ્મી પાછી પથારીમાં પડી. મહેન્દ્રને નાશી છૂટવાનો અવકાશ મળ્યો. તે ઉઠી ઓરડાની બહાર નીકળી પડયો અને ધીમે ધીમે પગલાં ઉપાડતો દાદર ચઢી ઉપર પોતાના ઓરડામાં ગયો. આશા સાથે મેળાપ કરવાની તેની મુદ્દલે ઇચ્છા નહોતી. સીડી ચઢી જેવો મહેન્દ્ર ઉપર પહોંચ્યો કે તેના ઓરડાની સામે અગાશીમાં જમીન ઉપર સુતેલી આશા તેની દૃષ્ટિએ પડી. આશાએ તેના પગલાંનો અવાજ સાંભળ્યો નહિ હોવાથી એકાએક મહેન્દ્રને પોતાની સામે આવેલો જોઈ બેઠી થઇ, અને પોતાનું વસ્ત્ર ઠીકઠાક કર્યું.

એજ સમયે મહેન્દ્રે : "ચુન્ની !" એટલોજ માત્ર ઉચ્ચાર કર્યો હત તો આશા મહેન્દ્રનો સર્વ દોષ પોતાને શિરે ઉઠાવી લઇ, ઉલટી પોતે ક્ષમા ચાહનાર અપરાધિની પેઠે મહેન્દ્રના ચરણ ગ્રહી, પોતાનું જીવન રૂદન કરત. પરન્તુ મહેન્દ્ર તે પ્રિય નામ હવે પોતાની જીભ ઉપર લાવી શક્યો નહિ. "ચુન્ની" કહી આશાને બોલાવવા તેણે જેટલો યત્ન કર્યો તેટલી તેને વેદના થઇ. જેટલી તેણે ઇચ્છા કરી તેટલી યંત્રણા તેને પહોંચી. તેને લાગ્યું કે આજ આશાને એ પ્રિય નામથી બોલાવવી એ માત્ર ઉપહાસજ છે. મેં પોતેજ વિનોદિનીને ત્યજવાનો માર્ગ સ્વહસ્તે બંધ કર્યો છે ત્યારે આશાને આવું અસત્ય, મોઢાનું આશ્વાસન આપવામાં પણ લાભ શો છે ?

આશાને એટલો તો સંકોચ લાગ્યો કે તે મૂઢવત્ બેસીજ રહી. ઉઠીને ઉભા થવું પણ તેને અશક્ય લાગ્યું. મહેન્દ્રે તેની સાથે કંઈ પણ સંભાષણ ન કર્યું. તે મૂગો મૂગો અગાશીમાં ભ્રમણ કરવા લાગ્યો. કૃષ્ણ-પક્ષ હોવાથી આકાશમાં ચંદ્રબિંબ જણાતું નહતું. ઉપર આકાશમાં, તે-જ તારાગણ, તેજ સપ્ત ઋષિ, જેમણે મહેન્દ્ર અને આશાની અનેક નિભૃત નીરવ પ્રેમલીલા નીરખી હતી તે આજે પણ પ્રકાશિત હતા !

મહેન્દ્ર વિચાર કરવા લાગ્યો: "કેટલાક દિવસની મચેલી ગડબડ આ અંધકારમાં ભુંસી નાંખી," અગાઉની પેઠે આશાની પાસે જઈ બેસું તો કાંઇ પ્રશ્ન ન રહે, અને પ્રથમ જેવો જ પ્રેમાનંદ પુનઃ ઉદ્ભૂત થાય ! પણ હાય ! એ મૂળ સ્થાન પુનઃ પ્રાપ્ત કરવું એ હવે ઘણું કઠિન છે. હવે તે પ્રાપ્ત કરવાનો માર્ગ રહ્યો નથી ! આશાની પાસે એ સ્થાન પ્રાપ્ત કરવું મારે માટે અસંભવિત થઇ ગયું છે. મેં મારે હાથે જ તે ગુમાવ્યું છે. અદ્યાપિ વિનોદિની સાથે મારો સંબંધ સ્વતંત્ર છે. પ્રેમનું ઉન્મત્ત સુખ છે પરન્તુ તે બંધન એવું નથી કે જેમાંથી મુક્ત ન થઇ શકાય, જેને તોડી ન શકાય. હવે જ્યારે મેં પોતાની મેળે જ

વિનોદિનીને સમાજ છોડાવી મારી સાથે તેડી આણી છે ત્યારે તેને કોઇ અન્ય સ્થળે મોકલી શકાય એમ નથી. તેનો માત્ર એકજ આધાર હું છું. હવે તેનું અન્ય કોણ છે? હવે તો ઇચ્છા હો વા ન હો પણ વિનોદિનીનો સર્વ ભાર મારે પોતાને શિરે મારે ઉઠાવવોજ પડે એમ છે; અને એમ હોવાથી એક મ્યાનમાં બે તરવાર, એક હૃદયમાં બે સ્ત્રીઓનો પ્રેમ હું રાખી શકું ખરો કે?"

એ પ્રમાણે તર્ક કરતાં કરતાં મહેન્દ્રનું હૃદય અંદરને અંદર પીડાતું ગયું. અગાઉ નિત્ય અગાશીમાં પોતે આશા સાથે બેસતો તે વાત યાદ આવી. તે પ્રેમમિલનની એકાન્ત રાતો, મહેન્દ્રને એકાએક આરામ અને સુખની સામગ્રીઓ હતી એમ લાગ્યું; પરંતુ તે સહજ સુલભ સુખ તથા આરામ જેનો ઉપભોગ કરવાનો માત્ર એક તેનોજ અધિકાર હતો તે આજ એને માટે અત્યંત દુરાશાની સામગ્રી જણાય છે. પોતાના શિર ઉપર જે મહદ્ વ્યથા તેણે વ્હોરી હતી તેમાંથી એક ક્ષણભર પણ તે વિશ્રાન્તિ પ્રાપ્ત કરી શકે એમ નથી.

એક દીર્ઘ નિઃશ્વાસ સાથે મહેન્દ્રે આશા પ્રતિ દૃષ્ટિ ફેંકી. અતિ પ્રબળ પ્રયાસે રોકી રાખેલાં અશ્રુથી ભરપૂર હૃદય સહિત આશા હજુ પણ તેજ સ્થિતિમાં બેઠેલી હતી. અંધકાર, માતાની ગોદની પેઠે તેની શરમ અને લજ્જા છૂપાવી રહ્યો હતો.

એકાએક કંઇક તરંગ આવ્યાથી મહેન્દ્ર આશાની સમિપ જઇ ઉભો. સમસ્ત અંગનું રક્ત, આશાના મુખ ઉપર એકત્રિત થઇ ગયું. તેણે નેત્ર મીંચી દીધાં. મહેન્દ્ર શું કહેવા માંગતો હતો તે વિસરી ગયો. કહેવા યોગ્ય હતું પણ શું? પરન્તુ કાંઇ પણ બોલ્યા વિના ચાલ્યા જવું તેને ઉચિત લાગ્યું નહિ. તેણે પૂછ્યું: "ચાવીનો ઝુમખો ક્યાં છે?"

ચાવીનો ઝુમખો પથારી નીચે હતો. આશા ઉઠી અંદર ગઇ. મહેન્દ્ર પણ તેની પાછળ પાછળ ગયો. આશાએ ઝુમખો તેની સામે

ધર્યો. મહેન્દ્રે તે હાથમાં લઇ એકે એકે સઘળી કુંચીઓ પોતાના કબાટને દીધેલા તાળામાં લગાવવા લાગ્યો. આશાએ ધીરે સાદે કહ્યું : “ એ તાળાની કુંચી મારા ઝુમખામાં નથી.”

એ કુંચી કોની પાસે હતી તે આશા કહી શકી નહિ; પણ મહેન્દ્ર સમજી ગયો. મહેન્દ્ર સમક્ષ રડી ન પડાય તેથી આશા ત્વરિત વેગે ઓરડાની બહાર નીકળી ગઇ. અંધકારપૂર્ણ અગાશી ઉપર એક ખૂણા તરફ મ્હોં કરી, પોતાના રૂદનવેગને બળપૂર્વક ખાળી રાખી તે અશ્રુ સારવા લાગી. પરન્તુ ઓચિંતુ તેને ભાન થયું કે મહેન્દ્રનો વાળુનો સમય થયો હતો. તે નીચે ગઇ.

રાજલક્ષ્મીએ આશાને પૂછ્યું :“ મહેન્દ્ર ક્યાં છે, વહુ ? ”

આશા : “ ઉપર. ”

રાજલક્ષ્મી :“ તું નીચે શા માટે આવી ત્યારે ? ”

આશા નીચી દૃષ્ટિ કરી બોલી: “ એમને માટે વાળુની—”

રાજલક્ષ્મી વચ્ચેજ બોલી : “ તે સર્વ વ્યવસ્થા હું કરૂં છું. તે દરમ્યાન તું જરા મ્હોં ધોઇ સાફ કરી, સારાં વસ્ત્ર પહેર; અને તરત મારી પાસે આવ. હું તારો અંબોડો પણ બાંધું.”

આશા સાસુની આજ્ઞાનો ઉપહાસ કે અનાદર કરી શકી નહિ. પરન્તુ ઉક્ત આજ્ઞા સાંભળી તેને ઘણી લજ્જા લાગી. ભીષ્મપિતામહે જેમ મૃત્યુની ઇચ્છાથી મૌન્ય ધરી બાણોનો વર્ષાદ સહન કર્યો હતો તેમ આશાએ પણ ધૈર્યથી રાજલક્ષ્મીએ કરેલી આજ્ઞા પ્રમાણે સર્વ શૃંગાર શરીર ઉપર ધારણ કર્યો.

આશા ધીરે ધીરે સીડી ચઢી ઉપર ગઇ. મહેન્દ્ર અગાશીમાં નહોતો. ધીરે ધીરે ઓરડા આગળ જઇ જોયું તો ત્યાં પણ તે નહોતો. ભોજન થાળ પણ જેવોને તેવોજ પડયો હતો. તેમાંથી એક ગ્રાસ પણ તેણે ભરેલો જણાતો નહોતો.

આશાને જણાયું કે કુંચી ન મળવાથી **મહેન્દ્રે** બળ વાપરીને કબાટનું તાળું તોડ્યું છે. કબાટમાંથી કેટલાંક આવસ્યક કપડાં અને પુસ્તકો લઇ તે કોણ જાણે ક્યાં જતો રહ્યો છે!

બીજે દિવસે એકાદશી હતી. **રાજલક્ષ્મી** પથારીમાં અસ્વસ્થ પડી હતી. આકાશમાં વાદળાં છવાઈ રહ્યાં હતાં. હમણાં વર્ષાદ ટૂટી પડશે એમ લાગતું હતું. **આશા** સાસુજીની પાસે જઇ તેના પગ ચાંપતી બોલી: " સાસુજી, તમારે માટે ગરમ દૂધ અને ફળ તૈયાર છે. લઇ આવું? ખાશો?"

વહુની આવી અનન્ય સેવા જોઈ, **રાજલક્ષ્મી**નાં નેત્રમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. તે ઉઠીને બેઠી થઈ અને **આશા**ને પોતાની ગોદમાં લઇ વારંવાર તેનું અશ્રુથી ભીનું થયલું કપાળ ચૂમવા લાગી.

રાજલક્ષ્મીએ પૂછ્યું: " મહેન્દ્ર શું કરે છે?"

આશા આ પ્રશ્નથી ઘણી લજ્જા પામતી બોલી: " એ તો ચાલ્યા ગયા છે."

રાજલક્ષ્મી: " ક્યારે ગયો? હું તો જાણુતી પણ નથી?"

"કાલ રાતનાજ ગયા છે."

આ સાંભળતાંજ **રાજલક્ષ્મી**ની સર્વ કોમળતા જાણે તેનો ત્યાગ કરી ગઇ. **આશા**નો અંગસ્પર્શ કરવામાં તેને કંઇ રસ જણાયો નહિ. **આશા** મનમાં એક પ્રકારની નીરવ લાંછનાનો અનુભવ કરતી ત્યાંથી જતી રહી.

પરિચ્છેદ ૧૧.

મોહિત થયલાં પતંગિયાંનો સંસાર.

વિનોદિનીને પહેલી રાત્રે **મહેન્દ્ર** ભાડાના મકાનમાં મૂકીને પોતાનાં કપડાં તથા પુસ્તકો લેવાને પોતાને ઘેર ગયો તે વખતે વિનોદિની કોલાહલથી ભરપૂર કલકત્તા નગરમાં પોતે ઘણો વખત રહેલી હોવા છતાં આજ હૃદયશૂન્ય બની ગઈ. તે એકાન્તમાં અનેક તરંગરંગમાં ગુંથાઈ. યદ્યપિ પૃથ્વી ઉપર તેનું સ્થિર આશ્રયસ્થાન એક પણ નહતું; તોપણ એકથી બીજી બાજુએ અને બીજીથી ત્રીજી બાજુએ ક્ષણિક સ્થાનો બદલી શકાય એમ હતાં. પોતાની જીવનનૌકા તે સમયના પ્રવાહમાં વહેવા દે છે; નાવ બહુ હલકી છે; જરાક પણ અહિં તહિં ઝોકો આવતાં ઉલ્ટી જવાની કિંવા ડૂબી જવાની દહેશત રહેલી છે. એવે સમયે તેને સ્થિર અને સાવધાન રાખવાની તથા સુકાન બરોબર પકડવાની જરૂર છે. જરાક ચૂક કરવાથી અનર્થના સાગરમાં તેને અવશ્ય ડૂબવું પડશે.

વિનોદિની આજ જે સ્થિતિમાં છે તેમાં કઈ રમણીના હૃદયમાં કંપ ન થાય? અન્યનું મન સર્વ પ્રકારે વશવર્ત્તિ બનાવવા માટે જેટલી લીલા અને જેટલા ખેલ ખેલવા જોઇએ—સાથે સાથે અલગ પણ રહેવું જોઇએ, એને માટે આ સ્થાનની સંકીર્ણતામાં અવકાશ ક્યાં છે? **મહેન્દ્ર**ની અડોઅડ હવે તેને રહેવાનું છે, તેનાં નયન સમક્ષ પોતાનું જીવન વ્યતીત કરવાનું છે, એ માટે વિનોદિનીએ તૈયાર રહેવાનું છે; પરંતુ ભેદ એ છે કે **મહેન્દ્ર** કિનારે જઈ પોતાનું સ્થાન મેળવી શકે એમ છે અને પોતે? વિનોદિનીને માટે એક પણ સ્થાન નથી. પોતાની

અસહાય અવસ્થા તે ખુલ્લી દૃષ્ટિથી જોઈ શકી. તે ક્રમશઃ બલસંચય કરવા લાગી. પોતાને માટે વિવિધ માર્ગોનો તે શોધ કરવા લાગી.

જે દિને વિનોદિનીએ બિહારી પાસે પોતાનો પ્રેમ પ્રકટ કર્યો તે દિનથી તેના ધૈર્યનો બંધ ટૂટી ગયો. જે ઉદ્યત ચુંબનને તે બિહારી પાસેથી ચોરી લાવી હતી તેને જગતમાં બીજે ક્યાંયે સ્થાન નહતું. વિનોદિની તેને પવિત્ર અર્ઘ્યની પેઠે, એજ ઇષ્ટદેવતાને પુનઃ સમર્પવા માટે, પોતાની પાસે ને પાસે લઇને ફરતી હતી. વિનોદિનીનો સ્વભાવજ હતો કે કોઈ પણ કામને તે એકદમ છોડી દેતી નહતી. તેનું હૃદય સંપૂર્ણરૂપે નિરાશ બનવાનું જાણતું જ નહોતું. તેનું મન હમેશાં તેને અત્યંત દૃઢતાથી કહ્યા કરતું હતું કે—મારી આ પૂજા, બિહારીને અવશ્ય સ્વીકારવી પડશે.

વિનોદિનીનું મન આ પ્રબળ પ્રેમની સાથે આત્મરક્ષાનો આગ્રહ પણ કરવા લાગ્યું. બિહારીના શરણ શિવાય વિનોદિનીને માટે અન્ય કોઈ ઉપાય નહતો. વિનોદિની મહેન્દ્રને તો સારી પેઠે ઓળખી ગઈ હતી. તેની ઉપર ભાર નાંખવામાં આવે તો તે સહન કરી શકતો નહિ. તેને તજી દીધા પછી પણ પુનઃ વશ કરી શકાય એમ હતું. તેને એ રીતે પકડી શકાય ખરો, પરંતુ જો તેને પકડી રાખવામાં આવે તો નાસી જવાની ઇચ્છા કરે એવા ચિત્તનો પણ તે હતો.

કોઈ પણ અબલાને જે નિશ્ચિન્ત, વિશ્વસ્ત કિંવા નિરાપદ આશ્રયની આવશ્યકતા હોય તો તે બિહારી આપી શકતો હતો. આજ બિહારીને તજી દેવાથી વિનોદિનીને મહા સંકષ્ટ થયું.

જે દિને વિનોદિની પોતાનું ગામ તજીને કલકત્તે આવતી હતી તે દિને સ્ટેશનેથી તેણે મહેન્દ્રને પોસ્ટ ઓફિસે મોકલીને કહેવરાવી દીધું હતું કે પોતાના સર્વ કાગળો હવેથી કલકત્તાને નવે શિરોનામે મોકલવા. બિહારી આજ સુધી પણ એકે પત્ર નહિ લખે એમ તે

ધારતી નહતી. તેણે એકવાર ફરીથી વધુ સાત દિન સુધી વાટ જોવાનું નિશ્ચિત કર્યું. પોતાના મનમાં એ નિશ્ચય કરીને વિનોદિની ઉઠી. જે અન્ધકારમય ખંડમાં પોતે અત્યાર સુધી વિચારગ્રસ્ત દશામાં બેઠેલી હતી તેમાં એક વાર દૃષ્ટિક્ષેપ કર્યો. અંધકારજ હતો. રસ્તા તરફની એક બારી તેણે ઉઘાડી નાંખી. કલકત્તા નગરના સરિયામ રસ્તા ઉપર ગેસના દીવા થઈ ગયા હતા. અત્યારે બિહારી આજ નગરમાં છે. અહિંથી બેએક ગલી છોડીને જરાક આગળ વધતાં, બિહારીનું મકાન આવે છે. મકાનના દરવાજામાંથી અંદર પ્રવેશતાં એક નાનું સરખું આગણું આવે છે. એ પછી તુર્તજ અંદરના ભાગમાં એક નિઃસરણી દ્વારા બિહારીના ખંડમાં જઇ શકાય છે. અત્યારે સાયંકાળે, બિહારીના એ પ્રકાશપૂર્ણ ખંડમાં અખંડ શાંતિમાં તે એક ખુરશી ઉપર બેઠો હશે અને તેના પગ પાસે નીચે પેલો બ્રહ્મબટુ વસન્ત–એક સુન્દર ગોરો અને ભરેલા અંગનો નિર્દોષ શિશુ–તસ્વીરોનું ‘આલ્બમ’ લઇને બેઠો હશે તથા તેમાંનાં ચિત્રો જોતો જોતો આનન્દમગ્ન થતો હશે. એ બાળકના આનન્દથી બિહારી આનન્દિત થતો હશે. આ પ્રકારનું ચિત્ર ક્રમશઃ વિનોદિની સમક્ષ રજુ થઇ ગયું. સ્નેહ અને પ્રેમની લહરીઓથી વિનોદિનીનું હૃદય ભરાઇ ગયું. શરીરનાં રોમાંચ ઉભાં થઇ ગયાં. વિનોદિનીને વિચાર આવ્યો. હું અત્યારે ત્યાં જઇ શકું એમ છું. પોતાની એ પ્યારી ઇચ્છાને તે પોતાના હૃદય પ્રદેશમાં વારંવાર ભ્રમણ કરાવવા લાગી. પહેલાં તે પોતાની આ ઇચ્છાનુસાર વર્તી શકતી હતી, પરન્તુ આજ દિલગીરીની વાત છે કે તે તેમ કરી શકતી નથી. આ વખતે તેને કેવળ ઇચ્છા પરિતૃપ્તજ કરવાની નથી–ઉદ્દેશ્ય સિદ્ધ કરવાનો છે. “બિહારી બાબૂ મારા પત્રનો ઉત્તર આપે છે કે નહિ તે તો જોઉં.” વિનોદિની વિચારવા લાગી. “તે પ્રત્યુત્તર પાછીજ શો માગી લેવો એજ હું નક્કી કરીશ. અત્યારે પુનઃ એકાએક ત્યાં જવાથી

જાણ્યે–અજાણ્યે બિહારીબાબૂની અપ્રસન્નતાના પંઝામાં સપડાઇ જાઉં તો ? સાહસ કરવાની જરૂર નથી.”

આ પ્રકારે વિચાર કરતાં કરતાં રાત્રિના દશ વાગી ગયા. એ સમયે મહેન્દ્ર આવી પહોંચ્યો. તેણે બે ત્રણ દિન એવી ઉદ્વિગ્ન દશામાં વીતાડયા હતા કે તેને ખાવાનું કે સુવાનું પણ ગમ્યું નહતું. આજ કૃતકાર્ય બનીને–વિનોદિનીને તેને ઘેરથી પોતાની સાથે આણીને તે ઘણોજ સુસ્ત બની ગયો હતો–તેને એક પ્રકારનો શ્રમ પહોંચ્યો હતો. આજ પોતાની સ્થિતિ સાથે–સંસાર સાથે–લડવાની તેનામાં બિલ્કુલ શક્તિ નહોતી. ભારથી દબાયલો, ભાવી જીવનની ચિન્તાઓથી ગ્રસ્ત થયલો, મહેન્દ્ર ગ્લાનિ, ઉદાસીનતા, વગેરેથી ગુંચવાઈ ગયો હતો.

બંધ દરવાજા પાસે ઉભા રહીને તેને ખખડાવવામાં મહેન્દ્રને ઘણી લજ્જા ઉપજી. જે નીશામાં તેણે સમસ્ત સંસારને ઠોકરે માર્યો હતો તે નીશો આજ કયાં છે ? માર્ગેથી અવરજવર કરી રહેલા અપરિચિત માણસોનો આજ તેને સંકોચ કેમ લાગે છે ?

નોકર નવો હતો. તે અંદરના ભાગમાં સુઇ રહ્યો હતો. દરવાજો ઉઘાડવા માટે ઘણી જ બૂમો પાડવી પડી. ઘણો જ ખડખડાટ કરવો પડયો. અજાણ્યા નવીન ઘરના અન્ધકારમાં પ્રવેશતાં જ મહેન્દ્રનું મન, એક દીવાની માફક, ગુલ થઈ ગયું. મહેન્દ્ર શ્રીમંત હતો. માતાનો લાડકવાયો બાળક હતો. તેના વિલાસની સર્વ સામગ્રી મૂલ્યવાન્ હતી. ઘરમાં ત્રણ ત્રણ માણસો પંખા નાંખતા હતા; પરંતુ આજ નવીન ઘરમાં એમાંનું કાંઈ નથી. આ સમયે પોતાની ચિરાભ્યસ્ત વસ્તુઓનો અભાવ, મહેન્દ્રને બહુજ દુઃખદ થઈ પડયો. તેણે વિચાર કર્યો. “અહિં સર્વ વસ્તુઓ મારે વસાવવી જોઇશે. આ ઘરની સર્વ વ્યવસ્થાનો ભાર મારી ઉપર છે.”

મહેન્દ્રે પોતાના કિંવા પરના આરામની ચિન્તા કદી પણ કરી નહતી. આજથી એક નવગઠિત અસંપૂર્ણ ગૃહની દેખરેખ તેને કરવી પડશે. નિઃસરણી ઉપર કેરોસીન તેલનો એક ખુલ્લો ડબ્બો બળતો હતો, તેમાંથી અત્યંત ધુમાડો નીકળી રહ્યો હતો. તેણે આ ડબ્બાની જગ્યાએ એક સારૂં ફાનસ અથવા તો લેંપ લાવવાનો વિચાર કર્યો. નિઃસરણી ઉપર ચઢવાનું ચુનાનું પ્રથમ પગથિઉં ભાંગી ગયેલું હતું. તેણે આવતી કાલે મિસ્ત્રીને બોલાવીને તેનું સમારકામ કરાવવાનો વિચાર કર્યો. રસ્તા તરફ આ ઘરની બહાર બે દુકાનો હતી. તેમાં જરી-પુરાણો–જુનો સામાન વેચાતો હતો. મહેન્દ્રે વિચાર કર્યો કે આ ઘરમાં એક પણ દુકાન હોવી ન જોઈએ. હાલ મકાનવાળાને જોરથી કહેવું પડશે કે બે ત્રણ દિનમાં આ દુકાનો ખાલી કરાવવી. તેમનું ભાડું હું આપીશ. આ પ્રકારે આ સર્વ કામ પોતાને જ કરવાનાં છે એ વિચારથી તેના પરિશ્રમમાં વૃદ્ધિ થઇ.

મહેન્દ્ર નિઃસરણી પાસે થોડીકવાર ઉભો રહ્યો અને વિનોદિની ઉપર તેને જે પ્રેમ હતો તે પ્રેમને ઉત્તેજિત કરવાના વિચારો કરી રહ્યો. તેણે પોતાના મનને આશ્વાસન આપ્યું કે: "આજ દિન સુધી સમસ્ત પૃથ્વીને વિસરીને જેની મેં ચાહના કરી છે તેને આજ પ્રાપ્ત કરી છે. આજ ઉભયને કશા વિઘ્નનો ભય નથી. આજ આનન્દનો અવસર છે."

વિનોદિનીએ માર્ગમાંથી મહેન્દ્ર બાબૂને આવતાં દીઠો હતો. તેણે ધ્યાનનિમગ્ન સ્થિતિમાંથી ઉઠીને દીવો સળગાવ્યો અને હાથમાં સાવરણી લઇને તેણે પુંજો કાઢવાનો પ્રારંભ કર્યો. કચરો કાઢવાની સાવરણી વિનોદિનીનો એક કિલ્લો છે. તેની ઓથે રહીને તે ઘણો આશ્રય મેળવી રહી છે.

મહેન્દ્રે, તેના ખંડમાં પ્રવેશ કરતાં કહ્યું: "વિનોદિની, આજ તો જરૂર તમને અહિં દરેક પ્રકારની અગવડ પડી હસે."

વિનોદિનીએ કચરો કાઢતાં કાઢતાં કહ્યું: " મને કાંઇ નથી પડી."

મહેન્દ્ર: " હું બે ત્રણ દિનમાં બીજો બધો સામાન લઇ આ-વીશ. ત્યાં લગી તમને જરાક કષ્ટ પડશે ખરૂં."

વિનોદિની: " નહિં. વધુ સામાન હવે લાવવાની કશી જરૂર નથી. અહિં જે કાંઇ છે તે જરૂરીઆત કરતાં પણ વધારે છે."

મહેન્દ્રે રસિકતાથી પરંતુ ધડકતા હૈયાથી કહ્યું: "હું અભાગી પણ શું 'જરૂરીઆત કરતાં વધારે' છું?"

વિનોદિની: " તમને પોતાને તમે એટલાબધા વધારે ન સમજશો. જરા નમ્રતા રાખવી સારી છે."

આ નિર્જન સ્થાનમાં દીવાના પ્રકાશમાં માથું નીચું રાખીને પુંજો કાઢી રહેલી વિનોદિનીની એકાગ્ર મૂર્ત્તિને જોઇને મહેન્દ્રના મનમાં મોહનો પુનઃ સંચાર થયો. આજ જો તે પોતાના ઘરમાં હોત તો દોડીને વિનોદિનીના પગ પકડી લેત, પરન્તુ આ ઘર તેનું નથી. આજ વિનોદિની અસહાય છે. તે તદ્દન મહેન્દ્રના પાશમાં છે. આ સમયે પોતાનું માન ન જાળવવું એ નીચતા અને નામર્દાઇનું કામ થઇ પડશે.

વિનોદિનીએ કહ્યું: " તમે ચોપડીઓ અને કપડાંલત્તાં અહિં કેમ લાવ્યા?"

મહેન્દ્રે ઉત્તર દીધો: "તેમને હું મારી જરૂરીઆતની વસ્તુઓ સમજું છું. એ કાંઈ જરૂરીઆતથી વધારાની વસ્તુઓની ગણત્રીમાં નથી."

વિનોદિની: " હું એ જાણું છું; પણ તમે તે અહિં શા સારૂ લાવ્યા?"

મહેન્દ્ર: " તમારૂં કહેવું બરાબર છે. આહં કોઇ આવશ્યક વસ્તુઓ શોભતી નથી. વિનોદિની, આ બધાં પોથાં-ચોથાં ઉઠાવીને તમે

રસ્તામાં ફેંકી દો. હું કશો વાંધો લઇશ નહીં. પરંતુ તે સાથે જરા એટલું સંભાળજો કે મને દૂર ન ફેંકી દેવાય !"

એટલું કહી, એ બહાને જરા આગળ વધીને, **મહેન્દ્રે** ચોપડીઓની પોટકી **વિનોદિની**ના પગ પાસે મૂકી.

વિનોદિની ગંભીરભાવે કચરો કાઢતી કાઢતી, માથું ઉંચું કર્યા વિના બોલી: "**મહેન્દ્ર**બાબુ, તમારાથી અહિં નહિ રહેવાય."

મહેન્દ્ર આ સાંભળીને આશ્ચર્યાન્વિત થઇ ગયો. તેનો કંઠ રૂંધાઇ ગયો, ચિત્તવ્યગ્ર બની ગયું. તેણે કહ્યું: "કેમ **વિનોદિની**, શું તમે મને પણ દૂર કરવા માગો છો? તમારે માટે મેં સર્વસ્વ તજ્યું છે તેનું શું આ પરિણામ છે?"

વિનોદિની: "મારે માટે હું તમને તમારૂં સર્વસ્વ તજવા દઇશ નહિ."

મહેન્દ્ર: "પણ એ તમારા હાથની વાત નથી. ચારે બાજુએથી સકળ પરિવાર, સંસાર મારાથી અલગ છે. કેવળ એકલાં તમે જ મારૂં સર્વસ્વ છો, **વિનોદિની** ! **વિનોદિની** !—"

એટલું કહી **મહેન્દ્ર** નીચે બેસી ગયો અને વિહ્‌વલતાથી **વિનોદિની**ના બન્ને પગ પકડીને વારંવાર તેમને ચુમ્બન કરવા લાગ્યો. **વિનોદિની** જબર્દસ્તીથી પગ છોડાવીને આઘી ખસી ગઇ ને બોલી: "**મહેન્દ્ર**બાબુ, તમે શી પ્રતિજ્ઞા કરી હતી, યાદ નથી કે?"

મહેન્દ્રે દઢતાથી કહ્યું: "યાદ છે. મેં તમારી આગળ સોગંદ લીધા હતા કે, તમારી જેમ ઇચ્છા હશે તેમ વર્તીશ! સોગંદ નીભાવવા હું તૈયાર છું. કહો હું શું કરૂં?"

વિનોદિનીએ ઉત્તર દીધો: "જાઓ, તમે તમારે ઘેર જઇને રહો."

મહેન્દ્ર: "**વિનોદિની**, શું હું તમારી કોઇ અનિચ્છાની વસ્તુ છું? જો એમ છે તો પછી મને અહિં સુધી તમારી સાથે શું કરવા ઘસડી

લાવ્યાં ? જે તમારા ભોગની વસ્તુ નથી તેનો શિકાર કરવાની તમને શી જરૂર પડી ? સત્ય કહો. શું હું મારી ઇચ્છાથી તમારા બંધનમાં જકડાવા આવ્યો હતો ? કે તમે પોતે જ મને બંધનમાં ફસાવવાની ઇચ્છા કરી ? મને બાંધ્યો અને હવે પછી તમે આવી રીતની રમત રમો છો તે શું મારે સહન કરવી જ જોઇએ ? અસ્તુ. એમ છતાં પણ મારૂં વચન હું નીભાવીશ. તમારા માટે જે ગૃહને મેં લાત મારી, મારૂં આશ્રયસ્થાન વિનષ્ટ કર્યું છે તે ગૃહમાં જઇને હું રહીશ."

વિનોદિની જમીન ઉપર બેસીને બોલ્યા વિના વાસીદું કાઢવા લાગી.

મહેન્દ્ર કંઇક વાર પર્યન્ત તેની પ્રત્યે સ્થિર દૃષ્ટિથી તાકી રહ્યો અને પછી બોલ્યો: "**વિનોદિની**, તમે નિષ્ઠુર છો. હું અત્યંત અભાગી છું કે તમારા ઉપર મુગ્ધ બન્યો !"

વિનોદિની લેંપ પાસે જઇ, તેનું મોઢિઉં કાઢીને સાફ કરવા લાગી. **મહેન્દ્રને** એટલો બધો ક્રોધ ચઢ્યો કે "લાવ, એના પત્થર સમાન હૃદયને મારી કઠ્ઠણ મુક્કીઓથી જોરથી ભાંગી નાંખું ! આ નીરવ નિર્દયતા અને અચલ ઉપેક્ષાને જોરથી ધક્કો મારી, બાહુબલથી છૂંદી નાંખું !"

મહેન્દ્ર બહાર ગયો અને પાછો આવીને કહેવા લાગ્યો: "હું નહિ જાઉં, તમે એકલાં રહેશો તો પછી તમારી રક્ષા કોણ કરશે ? તમને બ્હીક લાગશે."

વિનોદિની: "એની ચિંતા કરવાની તમારે જરૂર નથી. મારાં ફોઇજીએ તમારા ઘરની દાસીને કાઢી મૂકી છે અને આજ તે મારે ત્યાં આવી છે. દરવાજાને અંદરથી તાળું વાસીને, અમે બે તદ્દન નિશ્ચિંતપણે સુઇ રહીશું."

પરિચ્છેદ ૧૨.

અસંતોષથી છૂટાં પડયાં !

મહેન્દ્ર **વિનોદિની** ઉપર જેટલો ખીજાતો કે ચ્હીડાતો હતો એટલો તે **વિનોદિની** તરફ વિશેષ ને વિશેષ આકર્ષાતો હતો. એ વજ્રમૂર્ત્તિને પોતાની છાતી સાથે દબાવીને કોમળ બનાવવાની તેને ઉત્કટ ઇચ્છા થઇ. એ ઇચ્છામાંથી છૂટકારો મેળવવા **મહેન્દ્ર** તુર્ત જ તે ઘર છોડીને જતો રહ્યો. માર્ગમાં ચાલતાં ચાલતાં તેણે પ્રતિજ્ઞા કરી કે: વિનોદિનીએ બતાવેલી ઉપેક્ષામાં હું તેની તરફ નિષ્કાળજી બતાવીશ. તે વિચારવા લાગ્યો : " જે અવસ્થામાં **વિનોદિની**નો સમસ્ત આધાર જગતમાં મારા એકલા ઉપર અવલંબી રહ્યો છે, તેમાં એ મારા પ્રત્યે આમ ચૂપકીદીથી બેધડક સુદૃઢ સુસ્પષ્ટ રૂપથી ઉપેક્ષા કેમ દર્શાવે છે—મારો સ્વીકાર કેમ કરતી નથી ? શું કોઇ પુરુષનું કદી આવડું મોટું અપમાન થયું હતું ? " **મહેન્દ્ર**નું અભિમાન ખંડિત થવા છતાં પણ "ઉનંચાસ મરૂદ્‌ગણુ "ની[1] પેઠે તે મર્ણ પામ્યું નહિ .પણ કેવળ હૃદયને પીડિત બનાવવા લાગ્યું. વળી તે વિચારવા લાગ્યો : " શું હું એટલો બધો તુચ્છ

---

૧. દૈત્યોની માતા દિતિએ ઈન્દ્રની હત્યાને કારણે ગર્ભ ધારણ કર્યો હતો. ઈન્દ્ર ચાલાકીથી દિતિની પાસે રહીને તેની સેવા ઉઠાવવા લાગ્યો. એક દિન ઈન્દ્રને અવસર મળ્યો. તેણે યોગબલથી ગર્ભમાં પ્રવેશ કરી બાળકના સાત ટુકડા કરી નાંખ્યા. પુનઃ તે મર્ણ પામે એ ઇચ્છાથી અક્કેક ટુકડાના વધુ સાત સાત ટુકડા કર્યા. પરંતુ દિતિના પુણ્ય પ્રતાપથી બાળક મર્ણ પામ્યું નહિ અને તેને " ઉનંચાસ મરૂદ્‌ગણ " એ અભિધાન અપાયું. —ભાગવત.

છું કે મારી સાથે આવું વર્તન ચલાવવાની તે હિમ્મત કરે? અત્યારે મારા શિવાય એનું અન્ય કોણ સહાયક છે?"

વિચારતાં વિચારતાં તેને યાદ આવ્યું કે: **બિહારી** છે! એકાએક થોડીવાર સુધી જાણે તેની છાતીનું લોહી ઠરી ગયું હોય, એમ તેને લાગ્યું, "**વિનોદિની**ને **બિહારી**નો આશ્રય છે. એ તેને જ ચાહે છે. હું તો ઉપલક્ષ્ય માત્ર છું. લક્ષ્ય કેવળ **બિહારી** છે, હું તેની નિઃસરણી છું. તેના પગ ઠરાવવાનું, પગની લાત મારવાનું સ્થાન છું, અને એ સાહસને પરિણામે જ તે મારો આટલો બધો અનાદર કરે છે!" વળી વધુ વિચારતાં **મહેન્દ્ર**ને સંદેહ ઉપજ્યો કે **બિહારી** સાથે **વિનોદિની**ને પત્રવહેવાર ચાલે છે અને **વિનોદિની**ને તેના તરફથી આશ્રય મળતો રહે છે.

તુર્ત જ **મહેન્દ્ર** **બિહારી**ના ઘર તરફ ચાલ્યો. **બિહારી**ના ઘરનાં બારણાં તેણે ખખડાવ્યાં ત્યારે બહુ રાત પડી ગઇ નહોતી. જરાક કડું ખખડાવતાં દરવાને ઉઠીને બારણું ઉઘાડયું અને કહ્યું: "બાબૂજી ઘરમાં નથી."

મહેન્દ્ર ચોંકયો. તેણે વિચાર કર્યો: "હું બેવકુફની માફક અહિં તહિં ઘુમ્યા કરૂં છું, પરંતુ આ વખતે અવશ્ય **બિહારી** **વિનોદિની** પાસે જ ગયો હશે. એજ કારણે **વિનોદિની**એ આજ રાતના નિર્દયતાથી મારૂં અપમાન કર્યું છે—અને હું પણ મારીને હાંકી મૂકાયલા ગધેડાની પેઠે નાસીને આવતો રહ્યો છું!"

મહેન્દ્રે પોતાના એ પૂર્વપરિચિત દરવાનને કહ્યું: "**ભજ્જુ**, બાબૂ ઘરમાંથી ક્યાં ગયાં છે?"

ભજ્જુ: "તેમને તો આજ ગયાને ચાર પાંચ દિવસ થયા—કંઇ પશ્ચિમ તરફ ફરવા ગયા છે."

આ સાંભળીને **મહેન્દ્ર**ને શાંતિ થઇ. તેણે વિચાર કર્યો: "લાવ, થોડોક વખત આરામથી સુઇ રહું, આખી રાત રખડી રઝળીને કાંઇ

પુરી કરી શકાશે નહિં." મહેન્દ્ર બિહારીના ખંડમાં ગયો અને કોચ ઉપર આંખો બંધ કરીને પડી રહ્યો. તુર્ત જ તેને નિદ્રા આવી ગઇ.

મહેન્દ્રે પહેલાં જે દિને બિહારીને ત્યાં જઇને ધાંધલ મચાવ્યું હતું, તેને બીજે દિન બિહારી કાંઈ પણ નિશ્ચય કર્યા વિના પશ્ચિમ તરફ ગયો હતો. એમ કરવામાં તેનો હેતુ એ હતો કે અહિં રહેવાથી, પહેલાંના મિત્ર સાથે કદી વઢવાડ થાય અને તેનું પરિણામ વધુ માઠું આવે, એટલું જ નહિં પણ જીવન પર્યન્ત એ સંતાપના કારણ રૂપ બને.

મહેન્દ્ર બિહારીને ત્યાં સુતા પછી બીજે દિવસે ઉઠયો. તે વખતે ૧૧ વાગી ગયા હતા. ઉઠયો એટલે સામેના નાના ગોળ ટેબલ ઉપર તેની દૃષ્ટિ પડી. તેણે જોયું કે, વિનોદિનીના હાથની લખેલી બિહારીના શિરોનામાની એક પત્રિકા પત્થર નીચે દબાવીને કોઇએ રાખી મૂકી હતી. મહેન્દ્રે જલ્દી ઉઠીને જોયું તો પત્રિકા ઉઘાડયા વિનાની જ હતી. બિહારી પ્રવાસે ગયલો હોવાથી આ પત્રિકા અહિં પડી રહી હતી. મહેન્દ્રે ધ્રુજતે હાથે પત્રિકા ઉઘાડી અને વાંચવા માંડી. આ પત્રિકા એજ હતી, કે જે વિનોદિનીએ પોતાને ગામથી બિહારી ઉપર લખી હતી. પરંતુ હજી સુધી તેનો ઉત્તર તેને મળ્યો નહતો.

પત્રમાંનો પ્રત્યેક શબ્દ જાણે પોતાને દંશ દેતો હોય એમ મહેન્દ્રને લાગ્યું. બિહારી બાળપણથી મહેન્દ્રની પ્રત્યેક બાબતમાં આડે આવતો હતો. જગત્માં પ્રેમ અને સ્નેહ સંબંધમાં મહેન્દ્ર–દેવતાને જે કાંઈ અર્પણ થતું તેની નિર્માલ્ય બિહારીના ભાગે આવતી. પણ આજ મહેન્દ્ર સ્વયંપ્રાર્થી બની રહ્યો છે અને બિહારી વિમુખ છે છતાં પણ વિનોદિની મહેન્દ્રને તજીને એ અરસિક બિહારી ઉપર પ્રેમ કરવા તત્પર થઇ છે ! મહેન્દ્રને પણ વિનોદિનીના એ ત્રણ પત્રો મળ્યા હતા, પરંતુ બિહારી ઉપરના આ પત્ર આગળ એ પત્રો બિલકુલ બનાવટી–બેવકુફોને બનાવનારા–કપટલીલારૂપ હતા !

જ્યારે **મહેન્દ્ર**ને, **વિનોદિની** પોતાને ગામથી લઇને આવતી હતી ત્યારે તેણે પોસ્ટ-ઓફિસમાં નવું શરનામું લખાવવાને કેમ આતુરતા બતાવી હતી, તે હવે **મહેન્દ્ર**ના સમજવામાં આવ્યું ! **વિનોદિની** પોતાનું સર્વ-તનમન અર્પણ કરીને **બિહારી**ના પ્રત્યુત્તરની આતુરતાથી રાહ જોઇ રહી હતી.

પહેલાંની પ્રથાનુસાર, પોતાના શેઠ ઘરમાં નહોતા તોપણ, **ભજ્જુ** ચાહ બનાવી લાવ્યો અને બજારમાંથી થોડીક મિઠાઇ પણ લાવ્યો. **મહેન્દ્ર** એ બધું આરોગી ગયો, પણ આજ એ નહાવાનું ભૂલી ગયો. ખૂબ તપી ગયલી જમીન ઉપર જેમ એક પથિક પોતાના પગ ઝટઝટ ઉપાડે છે તેમ **મહેન્દ્ર** પણ ક્ષણે ક્ષણે **વિનોદિની**ની હૃદય બાળનારી પત્રિકા તરફ દૃષ્ટિ ફેંકવા લાગ્યો. **મહેન્દ્રે** પણ લીધું કે: 'હવે કોઈ પણ રીતે **વિનોદિની**ની મુલાકાત નહિ લઉં.' પણ પાછો એ વિચારવા લાગ્યો કે: બે એક દિન વધુ જતાં જો આ પત્રિકાનો ઉત્તર નહિ મળે તો, **વિનોદિની** **બિહારી**ને ત્યાં આવશે અને એ સમયે **બિહારી** અહિં ન હોવાની વાતની તેને ખબર પડશે અને તેથી તેને એક પ્રકારની સાન્ત્વના થશે. આ સાન્ત્વનાની કલ્પના **મહેન્દ્ર**ને અસહ્ય જણાઇ. **મહેન્દ્રે** પત્ર પોતાના ખિસ્સામાં મૂક્યો અને **વિનોદિની**વાળે ઘેર ગયો.

મહેન્દ્રને ઉતરેલે ચહેરે પાછો આવેલો જોઇ **વિનોદિની**ને દયા ઉપજી. તેણે વિચાર્યું કે, **મહેન્દ્રે** આખી રાત ગલીકુંચીઓમાં રખડીને પસાર કરી હશે. તેણે પ્રશ્ન કર્યો: "કાલે રાત્રે શું તમારે ઘેર નહોતા ગયા ?"

મહેન્દ્ર: "ના."

વિનોદિની તેની કંઇક ખુશામત કરતી હોય એમ બોલી: "ત્યારે

અત્યાર સુધી તમે કશું ખાધું–પીધું છે કે નહિ ?" એટલું કહી સેવા-પરાયણા વિનોદિની તેને માટે ભોજનનો પ્રબન્ધ કરવા લાગી.

એ જોઇ મહેન્દ્રે કહ્યું: "અરે, રહેવા દો, રહેવા દો. હું જમીને આવ્યો છું."

વિનોદિની: "ક્યાં ?"

મહેન્દ્ર: "બિહારીને ત્યાં."

થોડીકવાર સુધી વિનોદિનીનો ચહેરો પીતવર્ણો બની ગયો; પરંતુ તુર્ત જ ચપળ બનીને તેણે પુનઃ પ્રશ્ન કર્યો: "બિહારીબાબૂ કુશલ તો છે ને ?"

મહેન્દ્ર: "કુશળ જ હશે, એ તો પશ્ચિમ તરફ ચાલ્યો ગયો !" મહેન્દ્રે આ વાત એવી રીતે કહી કે જાણે બિહારી આજ જ બહાર ગયો હોય. પુનઃ વિનોદિનીના વદનનું રક્ત ઉડી ગયું. ફરીથી સચેત થઇને તે બોલી: "એમના જેવા તો ચંચલ મેં કોઇને જોયા નથી. એમ જણાય છે કે તમારી અને મારી બધી વાતની ખબર તેમને પડી ગઇ હશે. શું તે બહુ જ નારાજ થઇ ગયા છે ?"

મહેન્દ્ર: "એમ લાગે તો છે. નહિંતર આ અસહ્ય ગરમીના દિવસોમાં કોઇ શોખીન કદી પરદેશમાં ફરવા જાય ?"

વિનોદિની: "એમણે કાંઇ મારી વાત કરી હતી કે ?"

મહેન્દ્ર: "વાત કરવાનું બીજું શું હોય ? આ લ્યો બિહારી-નો પત્ર"–એટલું કહી, મહેન્દ્રે પત્ર વિનોદિનીના હાથમાં મૂક્યો અને તીવ્ર દૃષ્ટિથી તેના મ્હોં ઉપર થતા ફેરફાર જોવા લાગ્યો. વિનોદિનીએ પત્ર તુર્ત જ ઉઘાડયો. તેમાં તેના પોતાના જ અક્ષરોથી બિહારીને લખાણ કરવામાં આવ્યું હતું. કાગળ ઉલટ સુલટ ફેરવી જોયો પરંતુ તેમાં બિહારીના બિલકુલ હસ્તાક્ષર નહોતા.

થોડીવાર શાંતિ ધારણ કર્યા પછી વિનોદિનીએ મહેન્દ્રને પૂછ્યું : "તમે આ પત્ર વાંચ્યો છે ?"

વિનોદિનીની મુખમુદ્રા જોતાં મહેન્દ્રને ભય ઉપજ્યો. તેણે અ-સત્ય કહ્યું : "ના." વિનોદિનીએ એ પત્રના ટુકડે ટુકડા કરી નાંખ્યા અને તેને ખૂબ ઝીણા કરી નાંખીને બારીમાંથી રસ્તામાં ફેંકી દીધા.

મહેન્દ્રે કહ્યું : "હું ઘેર જઉં છું." વિનોદિનીએ ઉત્તર દીધો નહિ. મહેન્દ્રે પુનઃ કહ્યું : "તમારી જેમ ઇચ્છા હશે તેમ હું વર્તીશ. સાત દિન સુધી હું મારે ઘેર રહીશ. કૉલેજમાં જતી વખતે નિત્ય એક વાર આવીને દાસીદ્વારા અહિંનો સર્વ કાંઇ બંદોબસ્ત કરી જઇશ. તમને મળીને ત્રાસ આપીશ નહિ." મહેન્દ્રનું કહેવું વિનોદિનીએ સાંભળ્યું કે નહિ તે તો કોણ જાણે પણ તેણે કાંઇ ઉત્તર દીધો નહિ. તે ખુલ્લા દ્વારમાંથી અન્ધકારમય આકાશ તરફ નિહાળી રહી હતી.

મહેન્દ્ર પોતાના સામાનની પોટકી લઇને ચાલતો થયો.

આ સૂના મકાનમાં વિનોદિની એક જડ લાકડાની પુતળી માફક બેસી રહી. એ પછી જાણે પોતાની શૂન્યતાને તે દૂર કરવા માગતી હોય તેમ, પોતાની છાતી ઉપરથી ચોળી ફાડી નાંખી અને હાથની મૂઠીઓ વાળીને નિર્દયતાથી તે વતી પોતાની છાતી કૂટવા લાગી.

છાતી કૂટવાનો અને રડવાનો અવાજ સાંભળીને ખેમી દાસી એકદમ દોડી આવી અને કહેવા લાગીઃ "બહેન, આ શું કરો છો ?"

વિનોદિનીએ ચીસ પાડીને કહ્યું : "જતી રહે અહિંથી." ખેમીને ઓરડાની બહાર કાઢી મૂકીને વિનોદિનીએ બારણાં બંધ કરી અંદરથી સાંકળ વાસી દીધી અને તે પછી બાણથી ઘવાયલી હરિ-ણીની પેઠે તે આર્તસ્વરથી રૂદન કરવા લાગી. આવી રીતે તે શ્રમિત અને વ્યથિત થઇ ગઇ એટલે એકદમ તેને મૂર્છના આવી ગઇ. આ દશામાં આખી રાત તે બારણાં આગળ પડી રહી.

સવારનાં જ્યારે રવિકિરણોએ બારીમાંથી તેના ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે જાગ્રત થતાં વેંત જ વિનોદિનીને વિચાર સ્ફુર્યો કેઃ " કદાચ બિહારી ખરેખર બહાર નહિ ગયા હોય તો ? કદાચ મહેન્દ્રે અસત્ય કહ્યું હશે તો ? " તેણે એકદમ ખેમીને બોલાવી અને કહ્યુંઃ "જા, એકદમ બિહારીબાબુને ઘેર જઇને તપાસ કરી આવ કે તેઓ શું કરે છે ? "

ખેમી એક કલાક પછી પાછી ફરી અને બોલીઃ " બિહારીબાબુનું ઘર બંધ છે. દરવાજો ખખડાવ્યો એટલે અંદરથી એમના માણસે કહ્યું કે બાબૂ ઘરમાં નથી. એ તો પશ્ચિમ તરફ ફરવા ગયા છે."

હવે વિનોદિનીના મનમાં સન્દેહનું કાંઇપણ કારણ રહ્યું નહિ.

પરિચ્છેદ ૧૩.

આ તે પતિપત્ની કે અજાણ્યાં?

રાતના **મહેન્દ્ર** ઉઠીને ચાલ્યો ગયો, એ સાંભળીને **રાજલક્ષ્મી** **આશા** ઉપર નારાજ થઇ. એ એમ સમજી કે **આશા**ની ટકટકથી કંટાળીને **મહેન્દ્ર** ચાલ્યો ગયો હશે. **રાજલક્ષ્મી**એ **આશા**ને પૂછ્યું: "કાલ રાત્રે **મહેન્દ્ર** કેમ ચાલ્યો ગયો?"

આશાએ શરમથી નીચે જોઇને કહ્યું: "હું નથી જાણતી."

રાજલક્ષ્મીએ આગલી રાતનો પ્રસંગ સંભારીને કહ્યું: "તું નથી જાણતી ત્યારે કોણ જાણશે?" ધાંટો પાડીને તેણે ઉમેર્યું: "રાતના શું તેની સાથે તેં તકરાર કરી હતી?"

આશાએ પોતાની સાદી રીતે કહ્યું: "ના." પણ **રાજલક્ષ્મી**ને તેના ઉપર વિશ્વાસ આવ્યો નહિ. તેણે પુનઃ પુછ્યું: "તે ક્યારે ગયો?"

આશાએ વિશેષ સંકોચથી કહ્યું: "એની પણ મને ખબર નથી."

રાજલક્ષ્મીએ પ્રચંડ ક્રોધથી કહ્યું: "તું કશું સમજતી નથી. તદ્દન એક નાદાન છોકરી છે! શું હું આ બધું માનીશ એમ તું ધારે છે?" **રાજલક્ષ્મી**એ તીવ્રસ્વરથી એ પણ કહી દીધું કે: "તારાં આચરણ અને અપરાધથી જ **મહેન્દ્ર** ઘર મૂકી નાસી ગયો છે." **આશા**એ નમ્રતાથી આ કહેવું સહન કર્યું. તે છાનીમાની પોતાના ઓરડામાં ગઇ અને રોવા લાગી. તેણે વિચાર્યું: "હું નથી સમજી શકતી કે એક દિન મારા સ્વામી મને એટલા બધા કેમ ચહાતા હતા અને આજ હું એ પણ નથી કહી શકતી કે કીયા ઉપાયથી સ્વામીનો લુપ્ત પ્રેમ હું પુનઃ પ્રાપ્ત કરી શકીશ. જે પ્રેમ કરે છે તેને કેવી રીતે

ખુશ કરવો એ અંતઃકરણ પોતે જ કહી આપે છે પરંતુ જે પ્રેમ નથી કરતો તેનું કેવી રીતે આકર્ષણ કરવું એ આશા શી રીતે કહી શકે ? જે અન્યને ચાહે છે તેની પાસેથી આલિંગન મેળવવું. એ અકથ્ય લજ્જાસ્પદ કાર્ય કરવાના યત્ન તે શી રીતે કરી શકે ? એ દિને સાયંકાળે એક જ્યોતિષી આવી પહોંચ્યો. રાજલક્ષ્મીએ પોતાના પુત્રના સુખી જીવનમાં કીયો ગ્રહ નડતો હતો તે જોવરાવવા માટે તેને બોલાવી મંગાવ્યો હતો. તેણે પોતાની વહુનું ભાગ્ય જોવાની વાત પહેલાં કરી અને આશાને બોલાવી. સંકોચથી કુંઠિત બની, પોતાનું દુર્ભાગ્ય જ છે એમ સમજી, આશાએ અત્યંત દુઃખી બનીને પોતાનો હાથ ધર્યો. તેવામાં બહારની અન્ધકારમય ઓસરીમાંથી કોઈકનાં પગલાં સંભળાયાં. પરંતુ એ પગલાં જાણે કોઈ ગુપ્ત રીતે પસાર થવા માગતું હોય એવાં ધીમાં હતાં.

"કોણ છે ?" રાજલક્ષ્મી બોલી ઉઠી. કશો ઉત્તર મળ્યો નહિ. "કોણ ગયું એ ?" તેણે ફરીથી બૂમ પાડી. આ વખતે મહેન્દ્રે એ ઓરડામાં ચૂપકીદીથી પ્રવેશ કર્યો.

મહેન્દ્રને એક ચોરની પેઠે પોતાના જ ગૃહમાં પ્રવેશતો જોઇ આશાને હર્ષ થવાને બદલે સમભાવમય લજ્જા ઉપજી. જ્યોતિષી ત્યાં હતો તેથી તે વધુ લજ્જાવતી બની. સમસ્ત પૃથ્વી સમક્ષ પોતાના પતિથી પોતાને શરમ ઉપજવાથી આશાને અત્યંત દુઃખ થયું. એટલામાં રાજલક્ષ્મીએ મંદસ્વરે કહ્યું: "મહેન્દ્ર માટે જમવાનું લાવવાને દાસીને કહે'તો ?" આશાએ ઉત્તર દીધો : "હું જાતે જ તે લાવીશ." એટલું કહી તે ત્યાંથી ગઇ. પતિવ્રતા આશા ઘરના નોકરોની ક્ષુદ્ર ચિકિત્સાવૃત્તિથી મહેન્દ્રનું રક્ષણ કરવા માગતી હતી.

બીજે પક્ષે મહેન્દ્ર જ્યોતિષીને ત્યાં આવેલો જોઇને ક્રોધિત બન્યો. પોતાની મા અને વહુ એ બન્ને દૈવની સહાયથી પોતાને વશ

કરવા માટે આ અશિક્ષિત મૂઢ સાથે આવી ખુલ્લી રીતે નિલજ્જ ભાવથી ષડ્યન્ત્ર રચે એ તેને નાપસંદ પડ્યું. એટલું જ નહિ પણ જ્યારે જ્યોતિષીએ નફ્ફટ પણે તેની તબિયતની ખબર પૂછી ત્યારે **મહેન્દ્ર**ને ત્યાં ઉભા રહેવું ઉચિત લાગ્યું નહિ. ' હું ઉપર જાઉં છું, બા ' એમ તોછડાઇથી કહીને તે જ્યોતિષીને જવાબ દીધા વિના ઉપર જતો રહ્યો.

માતા સમજી કે મારો પુત્ર પોતાની વહુ સાથે એકાન્તમાં શાન્ત રીતે વાતચિત કરવા માગે છે. હર્ષાવેશમાં તેણે **આશા**ને રસોડામાંથી બોલાવીને કહ્યું : " ઉપર જા તો બેટા, **મહેન્દ્ર**ને કાંઈ જોઇતું હશે. "

ડગમગ પગલે અને ધડકતે હૈયે **આશા** પોતાના શયનખંડમાં ગઈ. પોતાની સાસુના કહેવાથી તે એમ સમજી હતી કે **મહેન્દ્રે** પોતાને બોલાવી છે. પરંતુ ખંડમાં પ્રવેશવાને તેની હામ ચાલી નહિ અને બહારના અન્ધકાર રૂપ પડદાની ઓથે ઉભી રહીને તે **મહેન્દ્ર** પ્રત્યે નિહાળી રહી. **મહેન્દ્ર** એ સમયે અત્યન્ત શૂન્યભાવથી નીચેની ફર્સબંધી ઉપર તકીઆ ઉપર પડીને ઉંચે છાપરાની પીઢો તરફ જોઈ રહ્યો હતો. **આશા** ઉત્સુકતાથી જેમ જેમ તેની પ્રત્યે જોઇ રહી હતી તેમ તેમ તેને એ જ દુઃખ ઉપજવા લાગ્યું કે તે **વિનોદિની** પાસેથી આવતો હતો. તેના શરીરની આસપાસ જાણે **વિનોદિની** હોય તેમ તેને લાગ્યું. તેના શરીરને **વિનોદિની**નો સ્પર્શ થતો હોય, તેની આંખમાં **વિનોદિની**ની મૂર્ત્તિ દેખાતી હોય, તેના કાનમાં **વિનોદિની** ગણગણી રહી હોય અને તેના ચિત્તમાં **વિનોદિની** જ વસ્તી રહી હોય એમ **આશા**ને ભાસ્યું. પોતાની પવિત્ર ભક્તિપૂર્ણ પૂજા આવા **મહેન્દ્ર**ને તે શું આજ અર્પી શકે ? આજ **મહેન્દ્ર** તેને એક અજાણ્યો અને ભમાવનારો પુરુષ ભાસ્યો. કહો કે એથી પણ વધુ ખરાબ લાગ્યો; કેમકે કોઇ તદ્દન અજાણ્યા પુરુષે તેને આવી લજ્જાભરી સ્થિતિમાં મૂકી નહોત.

આશા કેટલાક વખતથી પોતાની સાસુની સુશ્રુષા કર્યા પછી રાત્રિને વખતે એકાન્તમાં ઘણા વખત સુધી વાંચન અને લેખન સુધારવાના પ્રયાસ કરતી હતી. તેનાં પુસ્તકો અને કાગળીઆં ઓરડીના એક ખૂણામાં સંભાળપૂર્વક ગોઠવીને રાખવામાં આવ્યાં હતાં. એકાએક કંઇક કોટાથી દારવાઇને **મહેન્દ્રે** નિષ્કાળજીથી **આશાની** નોટો પોતાના હાથમાં લીધી અને તેનાં પાનાં તે આમથી તેમ શૂન્યતાથી ફેરવવા લાગ્યો. **આશાને** એમ લાગ્યું કે મારાથી આ પાનાં ફાડી નંખાશે અથવા તો બૂમ પડાઇ જશે. પોતાના બાલિશતાભર્યા અક્ષરો ઉપર **મહેન્દ્રની** હૃદયહીન વિદ્રૂપ દૃષ્ટિ પડશે એ વિચારથી તે એક ક્ષણ પણ ત્યાં ઉભી રહી શકી નહિ. એકદમ મંદ પગલે તે નીચે ઉતરી ગઇ. **મહેન્દ્રનું** ભોજન પીરસી રખાયલું હતું. **રાજલક્ષ્મી** એમ સમજતી હતી કે, **મહેન્દ્ર આશા** સાથે એકાન્તમાં વાતચિત કરતો હશે; આથી **આશાને** તેની પાસેથી બોલાવી વાતચિતમાં ભંગ પાડવો વાજબી નથી. પરંતુ **આશા** પોતાની મેળે જ નીચે આવી એટલે તેણે **મહેન્દ્રને** જમવા બોલાવ્યો. **મહેન્દ્ર** જમતો હતો એટલામાં **આશાએ** ત્વરિત વેગે પોતાના ખંડમાં જઇ, ફ્રેમમાંથી પોતાની છબી બહાર કાઢીને ફાડી નાંખી. ફાડેલા ટુકડા તેણે એક પેટી નીચે નાંખી દીધા. એ પછી પોતાની ચોપડીઓ પણ ઉઠાવીને તેણે તે પેટી નીચે મૂકી દીધી. ખાધા પછી **મહેન્દ્ર** પોતાના શયનખંડમાં આવ્યો. **રાજલક્ષ્મીએ** અહિં તહિં જોયું પણ **આશા** ક્યાંયે જણાઈ નહિ. અંતે તપાસ કરતાં રસોડામાં તે ચૂલા પાસે બેસીને દુધ ગરમ કરતી જણાઈ. **રાજલક્ષ્મીએ** કહ્યું: "વહુ બેટા, આ શું કરે છે ? ઉપર જાને ?"

આશા ઉપર જઈ, પોતાની સાસુના ખંડમાં બેઠી. **રાજલક્ષ્મી** વહુની આ રીતભાત જોઇ, ક્રુદ્ધ થઈ. તેણે વિચાર કર્યો: **મહેન્દ્ર** જ્યારે એ માયાવિની **વિનોદીનીની** માયાજાળથી દૂર થઇ, ઘડીભર ઘરમાં

આવ્યો ત્યારે વહુ આ પ્રમાણે નકામી ધાંધલ કરી તેની આગળથી દૂરની દૂર રહીને, એને ઘરમાંથી પાછો નસાડવાની ચેષ્ટા કરે છે, એ બરોબર નથી. **આશાના** કોપથી જ **મહેન્દ્ર** વિનોદિનીના ફંદામાં ફસ્યો. પુરુષોનો તો એ સ્વભાવ છે કે-સદાસર્વદા તેઓ વિપથગામી બની જાય છે, પરંતુ સ્ત્રીઓએ પોતાનાં છલ-બલ અને કૌશલ્યથી ગમે તેમ કરીને પણ તેમને સીધા માર્ગ ઉપર રાખવા જોઇએ.

રાજલક્ષ્મીએ આશાને ધમકાવતાં કહ્યું: "વહુ, આ તે તારી રીત છે? તારા ભાગ્યથી તારો સ્વામી જ્યારે ઘરમાં આવ્યો ત્યારે તું આ પ્રમાણે શા માટે નાસતી સંતાતી ફરે છે?" **આશા** પોતાને અપરાધિની ગણીને પુનઃ ઉપર ગઇ, અને મનમાં આનાકાની કરવાનો પ્રસંગજ ન ઉપજે તે માટે એક્ક શ્વાસે તે પોતાના ખંડમાં જઇને ઉભી રહી. દશ વાગી ગયા હતા. **મહેન્દ્ર** એ વખતે બિછાના સામે ઉભો રહીને, ચિન્તિતભાવે પલંગની મચ્છરદાની ઝાટકતો હતો. તેના મનમાં અત્યારે વિનોદિનીસંબંધી વિચારોનું યુદ્ધ ચાલી રહ્યું હતું. તે કહેતો હતોઃ "વિનોદિની શું મને બે બદામનો ગુલામ સમજે છે કે **આશા** પાસે અત્યારે મને મોકલવામાં તેને કશીયે આશંકા થઇ નહિં? **આશા**પ્રત્યે મારૂં જે કર્ત્તવ્ય છે તેનું જો હું આજથી સંપૂર્ણપણે પરિપાલન કરૂં તો વિનોદિની અત્યારે આ પૃથ્વી ઉપર કોને આશ્રયે રહી શકવાની હતી? શું હું એવો અપદાર્થ છું કે કર્ત્તવ્યપાલનની ઇચ્છા કરવી એ મારે માટે એકદમ અસંભવિત થઇ પડે? વિનોદિની પાસે રહેવાથી શું મેં આત્મશ્રદ્ધાયે ખોઇ અને પ્રેમ પણ ખોયો? મને અપમાનિત દશામાં ઘરમાંથી બહાર કાઢતાં તેને લેશ પણ સંકોચ થયો નહિ?"

મહેન્દ્ર પલંગ પાસે ઉભો રહીને આવા વિચારો કરતો હતો તેવામાં **આશા** અંદર આવી એટલે મચ્છરદાની ઝાટકવી **મહેન્દ્રે** બંધ

કરી દીધી. હવે આશા સાથે શી વાતચિત કરવી એ વિષમ સમસ્યા મહેન્દ્ર સમક્ષ ખડી થઇ. થોડી વાર પછી જરાક મલકાતે મુખે તેને ફાવ્યું તે તેણે બોલી દીધું: "મને લાગે છે કે તેં પણ મારી પેઠે વાંચવામાં મન પરોવ્યું છે. અહિંઆ હમણાં મેં જે બધી ચોપડીઓ જોઇ હતી તે ક્યાં ગઇ ?"

વાત કેવળ ચિંતા ટાળનારી અને યથોચિત નહોતી. એથી આશાના ચિત્તમાં અત્યંત ક્ષોભ થયો. આશાએ સુશિક્ષિત બનવા માટે જે પ્રયત્ન કર્યા હતા તે ગુપ્ત વાત હતી. આશાને એ ખબર હતી કે:—કોઇની સહાયવિના અશિક્ષિતપણું મટાડવું એ વાત હસવા લાયક હતી અને તેમાં પણ મહેન્દ્ર તરફથી એ પ્રકારે હાંસી થાય એ તો તે અસહ્ય જ માનતી હતી. એજ મહેન્દ્રે જ્યારે કેટલાયે દિન પછી, આજ એજ અસહ્ય વાત કાઢી ત્યારે નિષ્ઠુરપણે મારવામાં આવેલા એક કોમલ બાલકને જેમ ચોટ લાગે છે, તેમ આશાનું હૃદય સંકુચિત અને વ્યથિત બની ગયું. કાંઇ પણ ઉત્તર ન આપતાં તે મ્હોં ફેરવીને પલંગનો એક પાયો પકડીને ઉભી રહી.

મહેન્દ્રના મ્હોંમાંથી જ્યારે ઉપલું વાક્ય નીકળ્યું ત્યારે જ તે સમજી ગયો કે, આ એક અસંગત વાત થઈ છે. પરંતુ વર્ત્તમાન સ્થિતિમાં કઇ વાત સમયાનુકૂળ ગણાશે તેનો વિચાર તે કરી શક્યો ન હોતો. વચગાળાના એક મોટા વિપ્લવ પછી, તુર્ત જ આવા પ્રકારની એક સીધી સાદી સહજ વાત ઠીક લાગતી નથી. એક બીજાનાં હૃદય કેવળ શૂન્ય જેવાં થઇ રહ્યાં હોય છે તે વખત એકદમ નવીન વાત કહેવા કે સાંભળવા તે તૈયાર હોતાં નથી. મહેન્દ્રે વિચાર કર્યો કે પલંગમાં સુતા પછી બન્નેને ધીમે ધીમે વાતચિત કરવી સહજ થઈ પડશે.

૬

પુનઃ તે મચ્છરદાની સાફસુફ કરવા લાગ્યો. રંગભૂમિમાં પ્રવેશ કરતાં પહેલાં એક નવું પાત્ર શરૂઆતમાં જેમ ઉત્કંઠાથી નેપથ્ય-દ્વારમાં પોતાનો પાઠ વારંવાર—બે કે ત્રણ વાર—બોલી જાય છે તેમ મહેન્દ્ર પોતાનાં વક્તવ્ય અને કર્ત્તવ્યની આલોચના કરવા લાગ્યો. એજ વખતે એક ધીમો અવાજ તેની કર્ણેન્દ્રિય ઉપર અથડાયો. તેણે પલંગના ખૂણા તરફ જોયું તો આશા ત્યાં નહોતી. ઓરડામાં આસપાસ જોયું પરંતુ ક્યાંયે આશા નહોતી !

પરિચ્છેદ ૧૪.

આશાનું ગૃહિણીપદ.

બીજે દિન સવારે મહેન્દ્રે માતાને કહ્યું : "બા, લખવા વાંચવા માટે મારે એક એકાન્ત ઓરડો જોઇએ છે. કાકી જે ઘરમાં રહેતાં હતાં તેમાં હું રહીશ."

માતા પ્રસન્ન થઈ. "ત્યારે તો મહેન્દ્ર હવે ઘરમાં રહેશે ! અને વહુ સાથે તેને સલાહ થઇ ગઇ હોય એમજ જણાય છે. મારી વહુ ઘણી સુશીલ અને સમજુ છે. મહેન્દ્ર કદી એનાથી વેગળો રહી શકે નહિં. આવી લક્ષ્મી જેવી સ્ત્રીને છોડીને પેલી માયાવિની ડાકણના ફંદમાં તે કેટલા દિવસ રહી શકાય ?" આવા પ્રકારના તર્કવિતર્ક પછી મહેન્દ્રને તેણે કહ્યું : "ભલે મારા દીકરા, એ ઘર હું સાફસુફ કરાવી આપું છું."

એટલું કહી તેણે આશાને બૂમો પાડી; પરંતુ તેના તરફથી કાંઇ જવાબ મળ્યો નહિં. અહિં તહિં જોતાં, રાજલક્ષ્મીએ આશાને એક ખૂણામાં ટૂંટીયું વાળીને બેઠેલી જોઈ. તેણે કહ્યું : "વહુ, જા, તારી

માસીવાળું ઘર ઉઘાડીને સાફ કર અને એક સુંદર જાજમ કાઢીને ત્યાં પાથર. વળી એ ઘરમાં ટેબલ નથી તે પણ અહિંથી લઈ જઈને મૂક. વળી અહિંથી એક લેંપ પણ લઇ જા.” ઇત્યાદિ હુકમો આપીને રાજલક્ષ્મીએ ધાંધલ મચાવી મૂકી.

આ પ્રકારે સાસુવહુએ એકમેક થઇને રાજાધિરાજને માટે અન્નપૂર્ણાવાળા ઘરમાં રાજ્યાસન તૈયાર કરી દીધું. મહેન્દ્રે આ સેવા કરનારાં તરફ લેશ પણ ધ્યાન ન આપતાં, ગંભીરભાવથી પોતાનાં પુસ્તકો અને જરૂરી સામાન લઇને એ ઘરમાં પ્રવેશ કર્યો. સમયનો જરાપણ અપવ્યય ન કરતાં તેજ ઘડીયે એક સ્થાને બેસી જઇને, તે વાંચવામાં નિમગ્ન થઇ ગયો. સાયંકાલે ભોજન લીધા પછી પણ મહેન્દ્ર વળી વાંચવા મંડયો. કોઇ નિશ્ચિતપણે કહી શકયું નહિં કે મહેન્દ્ર પહેલાંના ખંડમાં સુવા જશે કે નીચે સુઇ રહેશે. રાજલક્ષ્મી આશાને ઘણા યત્નથી કાષ્ટપુતળી સમાન શૃંગાર સજાવીને બોલી: “વહુ, જા, બેટા, મહેન્દ્રને પૂછી આવ કે આજ બિછાનું કયાં કરવાનું છે?”

આ આજ્ઞાનું પરિપાલન કરવા માટે આશા અગ્રેસર થઈ શકી નહિં. તે લજ્જાથી ત્યાંજ ઉભી રહી. રાજલક્ષ્મીએ આથી ગુસ્સે થઇને તેને ધમકાવી એટલે લાચારીથી અને કષ્ટથી તે દરવાજા પાસે ગઇ. પરંતુ ફરી પાછી ખમચી ગઇ. તે આગળ વધી શકી નહિં. ફરીથી રાજલક્ષ્મીએ ક્રોધ ભરેલા ઇશારા કરવાથી તે મહેન્દ્રના ઓરડામાં ગઇ. પગલાંનો અવાજ સાંભળીને; ચોપડીમાંથી ડોકીઉં બહાર કાઢયા વિનાજ મહેન્દ્ર બોલ્યો: “હજી મને વાર છે. કાલ સવારમાં પણ વહેલાં ઉઠીને મારે વાંચવાનું છે. હું અહિંજ સુઇ રહીશ.” આશા આ સાંભળી એકદમ બહાર ગઇ. રાજલક્ષ્મીએ તીવ્ર સ્વરે પુછયું: “કેમ શો જવાબ મળ્યો?”

આશાએ અસ્ફુટ શબ્દોમાં કહ્યું: "હજી વાંચવાનું ચાલે છે. નીચેજ સુશે." એટલું કહીને આશા પોતાના ઓરડામાં—અપમાનિત શયનગૃહમાં જઇને પડી રહી. એને કયાંએ સુખ ન મળ્યું—સર્વ જગ્યાએ બપોરના ખરા તાપમાં તપેલી રેતીની માફક, પૃથ્વી તેના પગને બાળતી હતી.

થોડી રાત વહી ગયા પછી બંધ કરેલાં બારણાં કોઇએ જોરથી ખખડાવ્યાં. "વહુ, વહુ, દરવાજો ઉઘાડ."

આશાએ તુર્તજ ઉઠીને બારણાં ઉઘાડયાં. રાજલક્ષ્મી નીચેથી ઉપર ચઢવાથી થાકી ગઇ હતી. શ્વાસ લેવામાં તેને કષ્ટ પહોંચતું હતું. ઓરડામાં જઇને એકદમ તે બિછાના ઉપર બેસી ગઇ. તેનામાં બોલવાની શક્તિ નહોતી. હાંફતાં હાંફતાં તે બોલી: "વહુ, આ તારા કેવા ઢંગ છે? ઉપર આવીને બારણાં બંધ કરીને પડી શું રહી છો? નથી સમજતી કે આ સમયે રીસાવામાં અને તકરાર કરવામાં શોભા નથી? આટઆટલું દુઃખ પડે છે તોપણ તું કેમ સમજતી નથી? જા, નીચે જા."

આશાએ ઘણાજ મંદસ્વરે કહ્યું: "એમણે એકલા રહેવાનુંજ કહ્યું છે."

રાજલક્ષ્મી: "એણે કહ્યું ને તેં માની પણ લીધું? બાયડાઓ ગુસ્સામાં આવીને ગમે તે કહી દે માટે શું તેમનાથી રીસાઇ જવું? એટલું બધું અભિમાન રાખ્યાથી કામ નભે નહિં. જા, ઝટ નીચે જા."

દુઃખના દિવસોમાં સાસુ અને વહુ વચ્ચે લજ્જારૂપ પટલ રહ્યો નહિં. રાજલક્ષ્મીએ દૃઢ નિશ્ચય કર્યો કે: "મારા હાથમાં જ્યાં સુધી ઉપાય છે ત્યાં સુધી મહેન્દ્રને કોઇ પણ તરેહથી ઘરમાં રાખીશ."

જોશથી વાત કરતાં કરતાં રાજલક્ષ્મીનો શ્વાસ ભરાઇ આવ્યો. તેને રોકીને તે ઉઠી. આશા પણ કશો ઉત્તર દીધા વિના નીચે ગઇ. પ્રથમ તે રાજલક્ષ્મીના ખંડમાં ગઇ અને ત્યાં તેનું બિછાનું બરોબર પાથર્યું અને પથારીમાં તે બેસી શકે માટે તકીઓ અને ઉશીકાં બરોબર ગોઠવ્યાં. એટલામાં રાજલક્ષ્મીએ આવીને કહ્યું: "રહેવા દે, વહુ, રહેવા દે! દાસીને મોકલ અને તું જા, વાર ન લગાડ."

આશાએ કાંઇ પણ આનાકાની કરી નહિં. સાસુના ખંડમાંથી નીકળીને તે સીધી મહેન્દ્રના ખંડમાં ગઇ. મહેન્દ્રની સામે ટેબલ ઉપર ખુલ્લી ચોપડી પડી હતી; અને ટેબલ ઉપર બન્ને પગ પહોળા કરીને, ખુરશીના પાછલા ભાગ ઉપર માથું ટેકવીને, તદ્દન એકાગ્ર ચિત્તે તે કાંઇક વિચારમાં પડી રહ્યો હતો. પાછળ કોઇનાં પગલાંનો અવાજ સાંભળીને તે ચોંકયો. તેણે પાછું જોયું. તેને એકાએક એવો ભ્રમ થયો કે જેના ધ્યાનમાં પોતે નિમગ્ન હતો તે જ હૃદયદેવતાની સાક્ષાત મૂર્ત્તિ શું વરદાન દેવાને આવી છે? પરંતુ આશાને જોઇને ટેબલ ઉપરથી તેણે પગ લઈ લીધા અને ચોપડીમાં ડોકિઉં ઘાલી વાંચવાનો ડોળ કરવા લાગ્યો. તેને આશ્ચર્ય થયું કે હવણાં હવણાં આશા તેની પાસે અગાઉની માફક સ્વાભાવિક રીતે, આનાકાની વિના આવતી નહતી. અને જ્યારે ઉભયે કોઇ વાર એક બીજાને સામસામાં મળતાં ત્યારે તે ચાલતી થતી. પરંતુ આજ આટલી બધી રાત્રિ વ્યતીત થયા પછી સહસા તે પોતાના ખંડમાં ધુસી આવી એથી મહેન્દ્રના વિસ્મયની સીમા રહી નહિ. પુસ્તકમાંથી તેણે ઉંચે દૃષ્ટિપાત કર્યો નહિ, તે છતાં પણ તે સમજી ગયો કે આશા અત્યારે અહીંથી ખસે એમ નથી. તે મહેન્દ્ર પાસે સ્થિરભાવે ઉભી રહી હતી. જવાનો લેશ પણ યત્ન કરતી નહતી. હવે મહેન્દ્રે વાંચવાનો ઢોંગ મૂકી દીધો અને આશા તરફ જોયું. આશાએ સુસ્પષ્ટ સ્વરે કહ્યું:

"બાને દમ ઉપડયો છે તમે જરા આવીને જોઈ જાઓ તો ઠીક."

મહેન્દ્ર : "બા ક્યાં છે

આશા : "એમના સુવાના ઓરડામાં. એમને ઉંઘ જરાકે આવતી નથી."

મહેન્દ્ર : "ચાલ આપણે જોઇ આવીએ."

બહુ દિવસો પછી, **આશા** સાથે આટલી વાતચિત થયા પછી **મહેન્દ્ર**નું હૃદય હલકું થયું. દુર્ગની દુર્ભેદ્ય દિવાલની માફક નીરવતા આ પતિપત્નીની વચમાં પોતાની કાળી છાયા ફેલાવીને ઉભી રહી હતી અને **મહેન્દ્ર** પાસે તે તોડવાનું કોઇપણ અસ્ત્ર નહોતું; એ દરમ્યાન **આશા**એ પોતાને હાથે એ દુર્ગનું એક નાનું સરખું દ્વાર ઉઘાડયું.

આશા **રાજલક્ષ્મી**ના ઓરડા બહાર ઉભી રહી. **મહેન્દ્ર** અંદર ગયો. આવે કવખતે **મહેન્દ્ર**ને આવેલો જોઇ **રાજલક્ષ્મી** ગુંચવણમાં પડી ગઇ. એ એમ સમજી કે ફરીથી કદાચ **આશા** સાથે એને વઢવાડ થઇ હશે.

રાજલક્ષ્મી : "**મહેન્દ્ર**, હજી સુધી તું સુતો નથી શું ?"

મહેન્દ્ર : "બા, તમને શું દમ બહુ જ ઉપડયો છે ?"

આટલે દિવસે પુત્ર તરફથી પોતાની ખબર અંતરનો પ્રશ્ન સાંભળીને **રાજલક્ષ્મી**ને ગર્વ થયો. એ સમજી કે વહુએ જઇને એને કહ્યું હશે એટલે એ મારી ખબર પૂછવા આવ્યો. આ અભિમાનના આવેગથી તેનું હૃદય આન્દોલિત બની ગયું. કષ્ટ દબાવીને તે બોલી: "જા, તું સુઇ જા. મને તો આ રોગ હમેશનો જ છે તો ?"

મહેન્દ્ર : "નહિ બા, મારે એકવાર તમને સારી પેઠે તપાસવાં જોઇએ. આ રોગ કાંઇ સાધારણ નથી."

મહેન્દ્ર જાણતો હતો કે પોતાની માનું હૃદય નબળું હતું. એક તો એ કારણે અને વળી રોગીના ચહેરાનો રંગ ફિક્કો જોઇને **મહેન્દ્ર**

કાંઇક ગભરાયો. **રાજલક્ષ્મીએ** કહ્યું: "સારી પેઠે જોવાની કે રોગની પરીક્ષા કરવાની જરૂર નથી. મારો રોગ મટવાનો જ નથી."

મહેન્દ્ર: "સારૂં. આજ રાતના તમને ઉંઘ આવે એવી દવા લાવું છું. કાલે હું રોગ બરાબર તપાસીશ."

રાજલક્ષ્મી: "હું તો બહુયે દવાઓ ખાઇ ચૂકી છું. દવાથી મને કશો ફાયદો થતો નથી. બેટા **મહેન્દ્ર**, બહુ રાત ગઇ છે. હવે તું સુઇ જાને ?"

મહેન્દ્ર: "તમારી તબિયત ઠીક થશે ત્યાર પછી હું જઇશ."

રાજલક્ષ્મીએ, દરવાજાની બહાર ઉભેલી **આશાને** જોઇ લીધી હતી. તેણે તેને સંબોધીને વ્યથિત હૃદયે કહ્યું: "વહુ, આટલી રાત્રે **મહેન્દ્રને** ત્રાસ આપીને તું અહિં શા માટે લઈ આવી ?" આમ કહેતાં તેનો શ્વાસ પુનઃ ભરાઇ આવ્યો, તેને ઘણું જ કષ્ટ થયું. **આશાએ** એ વખતે ઓરડામાં આવીને **મહેન્દ્રને** કહ્યું: 'તમે જઇને સુઇ જાઓ, હું બાની પાસે રહીશ." **મહેન્દ્ર** **આશાને** એક ખુણામાં લઇ જઇ બોલ્યો: "હું એક દવા મંગાવી આપું છું. શીશીમાં બે ભાગની દવા હશે. એક ભાગ હમણાં પાજે અને ઉંઘ ન આવે તો બીજો ભાગ એક કલાક પછી પાજે. રાતના જો તબિયત બહુ જ ખરાબ થઇ જાય તો મને ખબર આપજે."

મહેન્દ્ર પોતાના ઓરડામાં ગયો. **આશાએ** આજ **મહેન્દ્રને** પોતાનું જે સ્વરૂપ બતાવ્યું હતું તે **મહેન્દ્રને** અપરિચિત અને નવીન હતું. આ **આશામાં** સંકોચ નહોતો; દીનતા નહોતી; આ **આશાએ** પોતાનો અધિકાર પોતાના હાથમાં લીધો હતો; **મહેન્દ્ર** પાસે ઉભી રહી આ **આશા** ભિક્ષાપ્રાર્થિની નહોતી બની. **મહેન્દ્રે** પોતાની સ્ત્રીની ઉપેક્ષા કરી હતી પરંતુ આજ આ ઘરની ગૃહિણીપ્રતિ તેને શ્રદ્ધા ઉપજી.

આશાની પોતાના પ્રત્યેની ભક્તિથી રાજલક્ષ્મી મનમાં પ્રસન્ન થઇ હતી. "મારૂં કષ્ટ ન જોઇ શકવાથી તે મહેન્દ્રને બોલાવી લાવી" એમ તેણે વિચાર્યું. પરંતુ પ્રકટપણે તે બોલી : " વહુ, મેં તને સુઇ જવા માટે મોકલી હતી. મહેન્દ્રને તું અહિં શા માટે ઘસડી લાવી ?"

આશા નિરૂત્તર રહી. પોતાના હાથમાંના પંખાથી તે સાસુને પવન નાંખવા લાગી.

રાજલક્ષ્મીએ કહ્યું : " જા, વહુ, સુઇ જા. "

આશાએ ધીમેથી કહ્યું : "મને અહિં બેસી રહેવાનું કહી ગયા છે."

આશા જાણતી હતી કે, મહેન્દ્ર પોતાને માતાની સેવામાં રહેવાનું કહી ગયો છે, એમ કહેવાથી રાજલક્ષ્મી ખુશી થશે.

પરિચ્છેદ ૧૫.

બિહારી માટે સહુની જંખના.

રાજલક્ષ્મીએ જ્યારે સારી પેઠે જોયું કે: "આશા મહેન્દ્રને પ્રસન્ન કરીને તેને પોતાના અંકુશમાં રાખી શકતી નથી" ત્યારે તેણે વિચાર કર્યો કે: "કંઇ નહિં તોયે મારી માંદગીને લીધે મહેન્દ્ર ઘરમાં રહે તોપણ ઠીક."

હવે તેને એ ભય ઉપજ્યો કે કદાચ મારૂં દર્દ એકદમ મટી જશે તો? આ કારણે તે આશાથી છૂપી રીતે દવા અહિં તહિં ઢોળી નાંખવા લાગી! મહેન્દ્રનું ચિત્ત ચિંતાતુર હતું. તે રાજલક્ષ્મીની અવસ્થા ઉપર એટલી બધી દૃષ્ટિ રાખી શકતો નહતો; પરંતુ આશાને લાગ્યું કે સાસુનો રોગ કોઇ પણ રીતે સાધારણ નહતો. તે ક્રમશઃ વધ્યો જતો હતો. મહેન્દ્ર ધ્યાન આપીને દવા આપતો ન હતો. તેનું આવું મોટું દુર્લક્ષ જોઇને આશાને તેના સંબંધમાં પોતાના મનમાં નાખુશી ઉપજ્યા વિના રહી નહિં. આવા અધઃપાત માટે તેને મહેન્દ્ર પ્રત્યે ધિક્કાર ઉપજ્યો. શું તેનું ચિત્ત એક બાજુએ એટલું બધું ભ્રમિત થઇ ગયું હતું કે જેથી બીજી બાજુએ માતાની માંદગી ઉપર પણ તે ધ્યાન આપી શકે નહિં? મોહાંધ થવાથી શું તેના સર્વ ચારિત્રનો લોપ થયો હતો?

એક દિન સન્ધ્યાસમયે રોગ વધી ગયો ત્યારે રાજલક્ષ્મીને બિહારી યાદ આવ્યો. તેણે પૂછ્યું: "વહુ, તું જાણે છે કે બિહારી ક્યાં છે?" આશા સમજી ગઇ કે "હંમેશાં કષ્ટ કિંવા દર્દને સમયે બિહારી સાસુની સેવા કરતો હતો. આથી જ માંદગીમાં બિહારીનું

સ્મરણ થયું છે. હા ! આજ આ ઘરનો સદાનો શુભચિન્તક અને અટલ અવલંબી **બિહારી** કયાં છે ? **બિહારી** બાબૂ જો અહિં હોત તો આ વખતે સાસુની સેવા સારી રીતે થાત. **મહેન્દ્ર**ની માફક એ હૃદયહીન નથી. તે સહૃદયી અને વિશુદ્ધ મનનો છે " **આશા**થી એકાએક નિઃશ્વાસ નાંખી દેવાયો.

રાજલક્ષ્મીએ કહ્યું: " એમ લાગે છે કે **મહેન્દ્ર**, **બિહારી** સાથે વઢયો છે. **મહેન્દ્રે** બહુ ખોટું કર્યું. એને એવો હિતચિન્તક મિત્ર મળી શકશે નહિં. " તેની આંખમાં અશ્રુ ભરાઇ આવ્યાં. ધીરે ધીરે **આ**-શાને પણ આગલા પ્રસંગો યાદ આવ્યા. સમયે સમયે **બિહારી**એ અન્ધમૂઢ **આ**શાને સચેત કરવા માટે તેની અનેક મશ્કરીઓ કરી હતી. એ મશ્કરીઓથી **બિહારી**, **આ**શાના મનમાંથી ઉતરી ગયો હતો. અંતે અપ્રિય બન્યો હતો. પોતાની આ મોટી ભૂલ માટે તે વારંવાર પોતાના મનને ઠપકો આપવા લાગી. વિશુદ્ધ મિત્રને લાંછિત કરીને જે ઘોર શત્રુને ગળે વળગે છે, એ કૃતઘ્ન મૂર્ખને વિધાતા શા માટે દંડ દેતી નથી ? ભગ્નહૃદયી, નિરપરાધી **બિહારી** જે નિઃશ્વાસ નાંખીને આ ગૃહમાંથી વિદાય થયો છે, એ નિઃશ્વાસ શું આ ગૃહને આપત્તિકર નહિં થાય ?

થોડીવાર સુધી વિચારોમાં ગર્ક થયા પછી **રાજલક્ષ્મી**એ ઓ-ચિંતું કહ્યું : " વહુ, જો **બિહારી** અહિં હોત તો આવો અવસર ન આવત. આ દુર્દિનોમાં તે આપણી રક્ષા કરી શકત." **આશા** મૌન્ય ધરી, વિચાર કરવા લાગી. **રાજલક્ષ્મી**એ નિસાસો નાંખ્યો. નઃ કહ્યું : "જો **બિહારી**ને મારી માંદગીની ખબર મળી જાય તો તે અહિં આવ્યા વિના રહે જ નહિં." **આશા** સમજી ગઇ કે, **બિહારી**ને પોતાની માંદગીની ખબર આપવાની **રાજલક્ષ્મી**ની ઇચ્છા છે. **બિહારી** વિના આજ કાલ એ બિલકુલ નિરાશ્રિત, નિર્જીવ બની ગઇ છે.

ઓરડામાં લેંપ બુઝવી નાંખીને **મહેન્દ્ર** તેના બારણા આગળ ચૂપચાપ ઉભો છે–વાંચવામાં તેનું ચિત્ત પરોવાતું નથી. ઘરમાં પણ કાંઇ સુખ નથી. જ્યારે પોતાનાં નિકટ અને પ્રિયજનો સાથેના સહજ ભાવનો સંબંધ દૂર થાય છે ત્યારે એવા પ્રકારની સ્થિતિ થઇ જાય છે કે ન તેમને બહારનાં માણસો તરીકે દૂર કરી શકાય છે કે ન તેમને એજ પૂર્વપરિચિત સ્નેહથી બોલાવાય છે. આ અત્યાજ્ય આત્મીયતા એક અસહ્ય ભારરૂપે **મહેન્દ્ર**ની છાતી ઉપર ચઢી બેઠી છે. માની પાસે જવાની **મહેન્દ્ર**ની ઇચ્છા નથી. એકાએક તેને પોતાની પાસે આવેલો જોઇને મા શંકા અને ગભરાટની દૃષ્ટિથી તેની તરફ તાકી રહે છે. **આશા** જો કોઇ કામસર તેની પાસે આવે છે તો તેનાથી એક પણ શબ્દ ઉચ્ચારી શકાતો નથી તેમજ ચૂપ રહેવાથી પણ તેને કષ્ટ ઉપજે છે. આ પ્રકારની સ્થિતિમાં **મહેન્દ્ર** હવે ઘડીભર રહી શકે એમ નથી. તેણે દૃઢ પ્રતિજ્ઞા કરી હતી કે ઓછામાં ઓછા સાત દિન સુધી તો હું **વિ**નોદિનીની બિલ્કુલ મુલાકાત લઇશ નહિ. આ પ્રતિજ્ઞા પૂર્ણ થવામાં હજી બે દિન બાકી છે. આ બે દિન શી રીતે પુરા થશે ?

મહેન્દ્રે પાછળથી કોઇનો પરગવ સાંભળ્યો. તે સમજી ગયો કે **આશા** આવી છે. તો પણ જાણે તે રવ તેણે સાંભળ્યો નહોય તેમજ તે બીજી બાજુએ મ્હોં ફેરવીને ઉભોજ રહ્યો. **આશા** આ ઢોંગ સમજી ગઇ પણ તે પાછી ફરી નહિં, પાછળથી જ તે દૃઢતાથી બોલી: “ મારે તમને એક વાત કહેવાની છે. પછી હું જતી રહીશ. ”

મહેન્દ્રે પાછું જોઇને કહ્યું : “જઇશ શું કરવા ? બેશને જરા. શું કહેવાનું છે ? ” **આશા**એ તેના આ વિવેક ઉપર દુર્લક્ષ આપ્યું અને ઉભે ઉભે જ કહ્યું : “**બિ**હારી બાબૂને સાસુની માંદગીના સમાચાર કહેવરાવવા જોઇએ.”

બિહારીનું નામ સાંભળીને **મહેન્દ્ર** ચોંક્યો. તે ધીમેથી બોલ્યો:

"તેને શા માટે ખબર આપવી જોઇએ ? શું મારી દવા ઉપર તને વિશ્વાસ નથી ?" **આશા**ના મનમાં એ વાત ખુંચી બેઠી હતી કે, **મહેન્દ્ર** ધ્યાન આપીને રોગીની દવા કરતો નથી. આથી તેના મ્હોંમાંથી અનાયાસે એ શબ્દો નીકળી પડયા : "બાને બિલકુલ સારૂં થતું નથી. ઉલ્ટો તેમનો રોગ તો દિવસે દિવસે વધતો જાય છે."

આ સામાન્ય બાબતની અંદર રહેલો ટાણો **મહેન્દ્ર**ના હૃદયમાં પ્રવેશ્યા વિના રહ્યો નહિં. **આશા**એ આવાં ગૂઢ વચન કદીયે કહ્યાં નહોતાં. તિરસ્કૃત **મહેન્દ્રે** વિસ્મિત બનીને કહ્યું : "ત્યારે તો હવે મારે તારી પાસેથી વૈદક શાસ્ત્રના પાઠ શીખવા પડશે !"

માતાની સેવનામાં **મહેન્દ્ર** જે બેદરકારી બતાવતો હતો તેથી દુઃખી બનેલી **આશા**ના હૃદય ઉપર આ શબ્દબાણથી એક વધુ ઘા વાગ્યો. **આશા**ને જરાક ક્રોધ ઉપજયો. વળી ઓરડામાં અંધારૂં હતું. તેથી હમેશની સરલ અને નિરૂત્તર **આશા** આજે હિમ્મતથી બોલી ઉઠી : "ના, વૈદકશાસ્ત્ર તો નહિં પણ માની સેવા કરવાના શાસ્ત્રના પાઠ શીખવી શકીશ."

આશા તરફથી આ અનભ્યસ્ત વ્યંગયપૂર્ણ ઉત્તર સાંભળીને **મહેન્દ્ર** વિસ્મિત થયો; પરંતુ એથી તે બહુ નિષ્ઠુર બન્યો. તેણે **આશા**ને પરાજિત કરવા કહ્યું : "તારા **બિહારી** બાબૂને મેં આ ઘરમાં પગ મૂકવાને શા માટે ના પાડી છે, તેની તને ખબર નથી કે શું ? મને લાગે છે કે, તને એ ફરીથી યાદ આવ્યો છે."

શરમના વંટોળિયાથી ત્રાસી હોય તેમ **આશા** એકદમ ઓરડામાંથી ચાલી ગઈ. તેને પોતાને માટે શરમ ઉપજી નહોતી પરંતુ જે માણસ સ્વયં અપરાધમાં ડૂબેલો છે છતાં પણ બીજા ઉપર અન્યાયપણે ખોટો આરોપ મૂકે છે-ખોટી વાતો કહે છે, તેને લીધે તેને શરમ ઉપજી હતી. આવી મોટી નિર્લજ્જતા તો લજ્જારૂપ પહાડોથી પણ ઢાંકી શકાય નહિં !

આશા જતી રહી કે તુર્તજ **મહેન્દ્રને** પોતાનો પરાજય સ્પષ્ટ-પણે અને સંપૂર્ણપણે જણાયો. તેણે એવી કલ્પના કરી નહોતી કે, **આશા** કોઇપણ વખતે કોઇપણ અવસ્થામાં પોતાના પ્રત્યે આવો ધિઃક્કાર બતાવી શકતી હશે! **મહેન્દ્રે** જોયું કે, જ્યાં એકવાર પોતાનું સિંહાસન હતું ત્યાં આજ તે ધૂળમાં રગદોળાતો હતો! આટલા દિવસો પછી **મહેન્દ્રને** એ ખટક લાગી કે **આશાની** આ વેદના રખેને અનાદરરૂપમાં બદલાઈ જાય!

વળી **બિહારીની** યાદ પોતાના મનમાં તાજી થતાં **મહેન્દ્રને** **વિનોદિની** સાંભરી. તે ચિંતાથી વ્યાકુલ બન્યો: "વખતે **બિહારી** પશ્ચિમ તરફ નહિં ગયો હોય તો? અને મારી ગેરહાજરીમાં **વિનોદિની** **બિહારીનું** શિરોનામું પણ જાણી લઇ શકશે તો? **વિનોદિની** સાથે **બિહારીનું** મિલન થઇ જાય એ અસ્વાભાવિક નથી." હવે **મહેન્દ્રને** પોતાની પ્રતિજ્ઞા પુરી કરવી કઠણ લાગી.

રાતના **રાજલક્ષ્મીનો** રોગ વળી વધી ગયો. તે ઘણી પીડાવા લાગી. તેણે માણસ મોકલીને **મહેન્દ્રને** બોલાવ્યો. **મહેન્દ્રને** તેણે કહ્યું: "બેટા **મહેન્દ્ર**, **બિહારીને** જોવાની મને બહુ ઇચ્છા થાય છે. બહુ દિવસ થયાં એ અહિં આવ્યો નથી."

આશા સાસુને પંખાથી પવન નાંખતી હતી. ચૂપકીદીથી માથું નીચું નમાવી તે બેસી રહી. **મહેન્દ્રે** કહ્યું: "**બિહારી** અહિં નથી. એ તો પશ્ચિમ તરફ ફરવા ગયો છે."

રાજલક્ષ્મી: "મારૂં મન સાક્ષી પૂરે છે કે એ અહિં જ છે. તારા ઉપર એ નારાજ થયો છે તેથી અહિં આવતો નથી. તને મારા સમ છે. કાલે એકવાર તું એને ઘેર જઈ આવ."

મહેન્દ્ર: "બહુ સારૂં. જઇશ."

આજ સહુ કોઇ **બિહારીને** બોલાવે છે—તેના નામનો પુકાર કરે છે! **મહેન્દ્રને** લાગ્યું કે સકળ સંસારે મારો ત્યાગ કર્યો છે!

પરિચ્છેદ ૧૬.

વિનોદિની બિહારીની શોધમાં.

બીજે દિન પ્રાત:કાલમાં **મહેન્દ્ર** **બિહારીને** ત્યાં ગયો. તેણે જોયું કે દરવાજા પાસે બળદગાડીમાં નોકરો કેટલોક સામાન ભરતા હતા. તેણે એક નોકરને પૂછ્યું : "આ બધું શું છે ?" **બિહારીના** નોકર **ભજ્જુએ** કહ્યું : "બાબૂએ ગંગાકિનારે રેતીમાં એક બાગ વેચાતો લીધો છે. ત્યાં આ બધો સામાન લઇ જઇએ છીએ."

મહેન્દ્ર : "બાબૂ ઘરમાં છે ?"

ભજ્જુ : "એ એક દિવસથી તેઓ ત્યાં ગયા છે."

મહેન્દ્રના મનમાં શંકાઓનો થોક ઉભરાઇ ગયો. તેને લાગ્યું કે "હું નહોતો તે દરમ્યાન જરૂર **બિહારી** **વિનોદિનીને** મળ્યો હશે." તેને વળી એમ જણાવા લાગ્યું કે જાણે **વિનોદિનીના** મકાન આગળ ગાડીઓમાં સામાન નંખાય છે અને **વિનોદિની** મને મૂર્ખો બનાવીને અહિંથી ચાલી જાય છે.

એક પળ પણ ઢીલ ન કરતાં **મહેન્દ્ર** પોતાની ઘોડાગાડીમાં બેસી ગયો અને રસ્તામાં તે એટલો બધો આકળો થઇ ગયો કે ઘોડો બરોબર દોડતો નથી એમ કહીને કોચમેનને તેણે કેટલીએક વાર ધમકાવ્યો અને ગાળો દીધી. થોડા જ વખતમાં તે **વિનોદિનીવાળી** ગલીમાં પહોંચ્યો, પણ ત્યાં કાંઇ યાત્રાએ જવાની તૈયારીઓ ચાલતી ન હતી. વળી તેને શંકા થઇ કે કદાચ અગાઉથી જ સંકેતાનુસાર **વિનોદિની** ચાલી ગઇ હશે તો ? તેણે જોરથી મકાનનો દરવાજો ખખડાવ્યો.

અંદરથી વૃદ્ધ નોકરે બહાર આવી દરવાજો ઉઘાડયો. મહેન્દ્રે પૂછયું : "કેમ સહુ કુશળ છે ને?"

નોકર : "હાજી."

મહેન્દ્રે ઉપર જઇ જોયું તો વિનોદિની નહાવા ગઇ હતી. તેના શૂન્ય શયનમંદિરમાં જઇને, રાત્રે તે જે બિછાના ઉપર સુતી હતી, તે ઉપર મહેન્દ્ર પડયો. તેણે તે મૃદુ બિછાનું બન્ને હાથે પકડીને પોતાની છાતી સરસું ચાંપ્યું. વળી પાછું તે મૂકી દઇ તેના ઉપર પોતાનું શિર મૂકીને તે વારંવાર કહેવા લાગ્યો : "નિષ્ઠુર ! નિષ્ઠુર !"

આ પ્રમાણે પોતાના હૃદયની ઉત્કંઠા પૂર્ણપણે તૃપ્ત કર્યા પછી, મહેન્દ્ર તે બિછાના ઉપરથી ઉઠયો અને અધીરચિત્તે બારણા તરફથી વિનોદિનીના આવવાની વાટ જોવા લાગ્યો. પણ તેને બેસવું ગોઠયું નહિં. તે અહિં તહિં ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તેણે શેત્રંજી ઉપર એક વર્ત્તમાનપત્ર પડેલું જોયું. વખત વીતાવવા માટે મહેન્દ્રે અન્યમનસ્ક વૃત્તિથી તે પત્ર ઉઠાવ્યું. કર્મધર્મસંયોગે તેની દૃષ્ટિ જે લખાણ ઉપર પડી તેમાં બિહારીનું નામ તેના જોવામાં આવ્યું, અર્ધક્ષણમાં વર્ત્તમાનપત્રના તે ભાગ ઉપર તેનું ચિત્ત કેંદ્રીભૂત થયું. તેમાં લખેલું હતું કે :

"થોડો પગાર મેળવતા કારકુનો જ્યારે માંદગીમાં આવી પડે છે ત્યારે તેમને ઘણો ત્રાસ પડે છે. આવા લોકોને મફત ઔષધ આપી, તેમની સારવાર કરવા માટે કલકત્તામાં રહેતા બિહારીબાબૂ નામના એક ઉદાર ગૃહસ્થે ગંગાનદીને કિનારે એક વિશાળ બાગ વેચાતો લીધો છે. હાલમાં તેમાં પાંચ માણસોની સોઇ થઇ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે."

મહેન્દ્ર વિચારવા લાગ્યો : વિનોદિનીએ જરૂર આ ખબર વાંચી હશે. વાંચીને તેને શો વિચાર આવ્યો હશે ? અવશ્ય તેનું મન બિ-

હારી તરફ ઘણું આકર્ષાયું હોતું જોઇએ. બિહારીનો આ સંકલ્પ જાણીને વિનોદિનીની તેના ઉપર વિશેષ ભક્તિ થશે, એ વિચારથી તે ઘણો ચ્હીડાઇ ગયો. તેણે બિહારીને મનમાં ને મનમાં "પાખંડી!" એ નામથી સંબોધ્યો. અને તેનું આ કૃત્ય કેવળ ઢોંગીપણાનું છે એમ સમજીને તે ફરીથી મનમાં ને મનમાં કહેવા લાગ્યો: "બિહારી નાનપણથી તે આજ સુધી, પોતે જાણે મોટો પરોપકારી હોય એવું બતાવવાના પ્રયત્ન કરતો આવ્યો છે." એ પછી બિહારી કરતાં પોતાને અત્યંત નિષ્કપટી અને સરલમનનો ઠરાવીને તે પોતાની પ્રશંસા કરતાં બોલ્યો: "ઔદાર્ય અને સ્વાર્થત્યાગનો ઢોંગ કરીને સર્વસાધારણ મૂઢ લોકોને ફસાવવાના પ્રયત્ન કરવા, એને હું અત્યંત તિરસ્કારવા યોગ્ય કાર્ય લેખું છું." પરંતુ હા! મહેન્દ્રની આ પરમ નિશ્ચેષ્ટ અકૃત્રિમતાના મહાત્મ્યને લોકો બિલકુલ સમજતા નથી અને તેમાં પણ ખાસ કરીને એક વિશિષ્ટ વ્યક્તિ તો તે પ્રત્યે ધ્યાન જ આપતી નથી. બિહારીએ પોતાની ઉપર આ પ્રકારની પણ સરસાઇ મેળવી છે એમ મહેન્દ્રને લાગ્યું. વિનોદિનીનો પગરવ સાંભળીને મહેન્દ્રે એ વર્ત્તમાનપત્રની ઘડી વાળીને તે પત્ર પોતાના પગ તળે દાબી દીધું. વિનોદિની નાહીને દિવાનખાનામાં આવી પહોંચી. તેના મુખ તરફ જોતાં મહેન્દ્રને આશ્ચર્ય ઉત્પન્ન થયું. તેની મુખમુદ્રામાં એક પ્રકારનું પરમ સુન્દર પરિવર્ત્તન થયેલું જણાયું. જાણે અહિં રહીને તે કેટલાક દિનથી પંચાગ્નિ સાધન કરી રહી હોય એમ મહેન્દ્રને લાગ્યું. તેનું શરીર કૃશ થઇ ગયું હતું. અને એ કૃશપણાને પરિણામે તેના સુકાઇ ગયલા ચહેરા ઉપર એક પ્રકારનું તીવ્ર તેજ ચમકતું હતું.

°

વિનોદિનીએ બિહારી તરફથી પોતાના પત્રનો ઉત્તર મેળવવાની આશા છોડી દીધી હતી. તેણે કલ્પના કરી એવી ખાત્રી કરી મૂકી હતી કે: "બિહારીએ મારી અવગણના કરી છે." એ અવગણનાના

દારૂણુ સંતાપથી રાતદિવસ તેનું ચિત્ત બળતું હતું; કારણુ આ ત્રાસમાંથી વિમુક્ત થવા માટે તેની પાસે કાંઇપણુ ઉપાય નહોતો. " મારો તિરસ્કાર કરવા માટે અને મારા જેવી પીડારૂપ સ્ત્રીથી દૂર થવા માટે બિહારી પશ્ચિમ તરફ ચાલ્યો ગયો હશે" એમ તે સમજી. બિહારીના વર્તમાન જાણવાને કિંવા તેની ઇચ્છા જાણવાને તેની પાસે કાંઈ સાધન ન હતું. સદૈવ કર્તવ્યદક્ષ રહેનારી અને આળસ એ શું છે એની લેશ પણ માહિતી વિનાની વિનોદિની, કામકાજ વિના આ નાની સરખી ઓરડીમાં તરફડતી હતી. તેની ઉદ્યમપ્રિયતા તેના હૃદયને વ્યથિત કરતી હતી. આ પ્રેમહીન, કર્મહીન, આનંદહીન ઘરમાં, આ ગંદી ગલ્લીમાં, પોતાનું હવે પછીનું આયુષ્ય બંધનવત્ કલ્પીને, તેની વિદ્રોહી પ્રકૃતિ, જાણે અનિવાર્ય અને અજ્ઞાત દૈવ વિરુદ્ધ બંડ કરતી હતી. જે મૂર્ખ મહેન્દ્રે વિનોદિનીના છૂટી જવાના માર્ગમાં ચારેપાસ કાંટા પાથર્યા હતા, અને તેનું જીવન આટલું બધું સંકીર્ણ કરી નાંખ્યું હતું તે મહેન્દ્ર પ્રત્યે તેને અત્યંત સંતાપ ઉપજતો હતો--તેના તરફ અસીમ ઘૃણા ઉપજતી હતી.

વિનોદિનીએ સંપૂર્ણપણે વિચાર કર્યા પછી નક્કી કર્યું કે હવે મહેન્દ્રને કોઇપણુ રીતે મારાથી દૂર કરી શકાશે નહિં. આ નાના સરખા ઘરમાં મહેન્દ્ર હરનિશ આવશે અને જરૂર તે મારી સામે બેસીને વાતો કરવા મંડી પડશે. પ્રતિદિન અલક્ષ્ય આકર્ષણુથી ધીમે ધીમે તે મારા પ્રત્યે અધિકતર મોહિત થતો જશે. પરંતુ આ અન્ધકૂપમાં, સમાજથી ભ્રષ્ટ એવા આ જીવનની પંકપૂર્ણ સેજ ઉપર ઘૃણા અને આસક્તિ વચ્ચે નિત્ય જે વિગ્રહ જામશે તે જરૂર ઘણો ભયંકર થઇ પડશે. વિનોદિનીએ પોતાનાજ હસ્તથી પોતાનીજ ચેષ્ટાથી મહેન્દ્રના હૃદયના અંતર ભાગમાંથી લપલપાટ કરતી જીભવાળો લોલુપતાનો જે ભયભર્યો જંતુ બહાર કાઢયો છે, તેના પુચ્છ—પાશથી હવે તે પોતાની

રક્ષા શી રીતે કરી શકશે? એક તો પોતાનું હૃદય વ્યથિત છે; તે ઉપરાંત જનશૂન્ય નાના મકાનમાં બન્દિવાન તરીકે રહેવાનું છે; અને તે પણ રાતદિવસ **મહેન્દ્ર**ની વાસનાની લહરીઓ, જેની કલ્પનામાત્રથી હવે **વિનોદિની** પોતે ભયથી કંપી ઉઠે છે, તેમાં રહેવાનું છે! જીવનમાં એની સમાપ્તિ ક્યાં થશે? **વિનોદિની** આ બધી આપત્તિઓમાંથી ક્યારે છૂટકો મેળવી શકશે?

વિનોદિનીનો દુર્બલ, પીળો ચહેરો જોઇને **મહેન્દ્ર**ના મનમાં ઇર્ષાગ્નિ પ્રદીપ્ત થયો: "શું મારામાં એવી કોઇ શક્તિ નથી કે જે વડે આ તપસ્વિનીના હૃદયમાંથી **બિહારી**ની ચિન્તા મૂળસમેત ઉખાડી શકું? ગરૂડપક્ષી જેમ પોતાના શિકારને પલભરમાં ઝપટ મારીને ઉઠાવી લે છે અને પોતાના સુદુર્ગમ અભ્રભેદી પર્વતની ટોચ ઉપર લઈ જાય છે, તેમ, શું, કોઈ વિશ્વ–વિસ્મૃત, એકાન્ત એવું અગમ્ય સ્થાન નહિં હોય, જેમાં મારા આ સુકોમળ સુંદર શિકારને મારા હૃદય પાસે છૂપાવી રાખવા માટે હું લઈ જઇ શકું?" **મહેન્દ્ર**ની ઇર્ષાવૃત્તિને પરિણામે તેના આ વિચારે ઉંડી જડ ઘાલી. તે અધિક આગ્રહી બની ગયો. હવે તેણે **વિનોદિની**ને પોતાનાથી એકપલ પણ દૂર ન રાખવી એમ નક્કી કર્યું. **મહેન્દ્રે** સંસ્કૃત કાવ્યોમાં વાંચ્યું હતું કે–વિરહતાપથી રમણીઓનું સૌંદર્ય અધિક ઉજ્જવલ લાગે છે. આજ **વિનોદિની**ને જોઇને આ બાબતનો બરોબર અનુભવ તેને થયો; અને એથી તેના હૃદયમાં સુખમિશ્રિત દુઃખનાં તીવ્ર આંદોલનો મંથન કરી રહ્યાં.

વિનોદિનીએ ક્ષણમાત્ર સ્તબ્ધ રહીને, **મહેન્દ્ર**ને પ્રશ્ન કર્યો: "તમે ચ્હા પીને આવ્યા છો કે?"

મહેન્દ્રે ઉત્તર આપ્યો: "ધારો કે હું પીને આવ્યો છું; તોપણ તમે તમારા હાથથી એક પ્યાલો ભરી આપવામાં કૃપણતા શા માટે દાખવો છો?"

વિનોદિનીએ જાણી જોઇને અત્યંત નિષ્ઠુરપણાથી મહેન્દ્રની ઉલ્લાસિત વૃત્તિ ઉપર આઘાત કરવાના હેતુથી કહ્યું: "બિહારીબાબુ હમણાં ક્યાં છે? તમને એમની કશી ખબર છે?

થોડીવાર સુધી પોતાનું માથું ખંજવાળ્યા પછી મહેન્દ્ર બોલ્યો: "બિહારી ઘણા દિવસથી કલકત્તામાં નથી."

વિનોદિની: "એમના શરણામાની તમને ખબર છે?"

મહેન્દ્ર: "તે કોઇને કશું કહી ગયો નથી."

વિનોદિની: "તપાસ કરીએ તોપણ શું તેમનો પત્તો લાગવો અશક્ય છે?"

મહેન્દ્ર: "મને કાંઈ એવું કરવાની જરૂર જણાતી નથી."

વિનોદિની: "જરૂર નથી જણાતી? શું તમારો તે નાનપણનો મિત્ર નથી કે?"

મહેન્દ્ર: "અલબત્ત, બિહારી નાનપણથી મારો મિત્ર છે. પણ તમારી સાથે થોડાક દિવસની તેની મૈત્રી છે, તે છતાં તેની ખબર મેળવવા અને તેનું શરણામું જાણવાનો મારા કરતાં તમારો વિશેષ આગ્રહ કેમ જણાય છે? તમને કાંઇ તેની ખૂબ ચિંતા થતી હોય એમ લાગે છે!"

વિનોદિની: "એ જોઈને તમને શરમ ઉપજવી જોઇએ. મૈત્રી કેમ ટકાવી રાખવી, એ તમને બિહારીબાબૂ જેવા ઉત્તમ મિત્ર પાસેથી શીખતાં આવડયું નથી!"

મહેન્દ્ર: "તેથી મને કાંઈ એટલું બધું દુઃખ ઉપજતું નથી. ઢોંગ કરીને સ્ત્રીઓનું મન વશ કરવું એ વિદ્યા તેની પાસેથી હું શીખ્યો નહિં, તેથી મને બહુ દુઃખ ઉપજે છે. જો એટલી એક જ વિદ્યા હું તેની પાસેથી શીખ્યો હોત, તો આજ મને તે ઘણી ઉપયોગી થઇ પડત."

વિનોદિની : " એ વિદ્યા ફક્ત ઇચ્છા કર્યાથી જ આવડી જતી નથી. એ માટે તો યોગ્યતા જોઇએ ! "

મહેન્દ્ર : " વિદ્યાગુરૂનું ઠેકાણું જો તમને માહિત હોય તો મને કહોને? હું હમણાં જ તેની પાસે જઇને મંત્ર શીખી આવું. યોગ્યતા માટે પછીથી જોઇ લેવાશે. "

વિનોદિની : " તમે તમારા મિત્રને જ્યાં સુધી ન શોધી કાઢો ત્યાં સુધી મારી પાસે પ્રેમનું નામ સુદ્ધાંત લેશો નહિ ! **બિહારીબાબૂ** પ્રત્યે તમે જે પ્રકારનું વર્તન દાખવ્યું છે, તે જોઇને હવે કોણ તમારો વિશ્વાસ કરે ? "

મહેન્દ્ર : " તમને મારા ઉપર પૂર્ણ વિશ્વાસ ન હોત, તો તમે આવી રીતે કદી મારૂં અપમાન કરી શકત નહિં. મારા પ્રેમ સંબંધી તમને જો ખાત્રી નહોત, તો ખરેખર મને આટલું બધું અસહ્ય દુ:ખ ભોગવવું ન પડત ! સ્ત્રીઓનાં બંધનમાં ન પડવાની વિદ્યા, **બિહારી** સારી પેઠે જાણે છે. એ વિદ્યા જો મને દુર્ભાગીને તેણે શીખવી હોત તો ખરેખર તેણે મિત્ર તરીકેનો પોતાનો ધર્મ બરોબર રીતે બજાવ્યો ગણાત ! "

" **બિહારીબાબૂ** મનુષ્ય છે, તેથી જ તે બંધનમાં પડતા **નથી.**' એટલું કહીને **વિનોદિની** બારી આગળ જઇને પોતાનાં વાળનો અંબોડો છોડી, વાળ હોળવા લાગી. **મહેન્દ્ર** એકાએક ઉઠયો અને ક્રોધથી કહેવા લાગ્યો : "તમે વારંવાર મારૂં આ પ્રમાણે શામાટે અપમાન કરો છો ? આ અપમાનનો બદલો તમને નથી મળતો . તેનું કારણ તમે શું સમજો છો ? તમારી લાયકાત કે મારી યોગ્યતા ? તમે મને મનુષ્ય સમજતાં ન હો અને પશુ સમજતાં હો તો હિંસ્ર પશુ સમજજો ! તમારાં શબ્દ-બાણ શાન્તિથી સહન કરી બેસી રહું એવો હું નામર્દ છું એમ સમ-

જતાં નહિં !" એટલું કહીને મહેન્દ્ર થોડીકવાર સુધી સ્તબ્ધપણે વિનોદિનીના મ્હોં તરફ જોઇ રહ્યો. એ પછી તે ધીરેથી બોલ્યો: "વિનોદિની, ચાલો, કોઇપણ જગ્યાએ આપણે બહાર ગામ જઇએ! આપણે બન્નેએ અહિંથી જતાં રહેવું જોઇએ. કોઇ પહાડ ઉપર કે પછી પશ્ચિમ તરફ કે પછી તમારી ઇચ્છા હોય ત્યાં ચાલો. અહિં જીવતાં રહેવું શક્ય નથી."

વિનોદિની: "ચાલો પશ્ચિમ તરફ જઇએ. ચાલો, જલ્દી."

મહેન્દ્ર: "પશ્ચિમ તરફ કયે ગામ?"

વિનોદિની: "કોઇપણ ગામમાં નહિં. હું એક પણ ઠેકાણે રહીશ નહિં–ફર્યા કરીશ."

મહેન્દ્ર: "એ વળી વધુ સારૂં. ચાલો, આજ રાત્રે જ ઉપડી જઇશું."

વિનોદિનીએ એ વાત કબૂલ કરી. તે મહેન્દ્ર માટે રસોઇ કરવા ગઇ.

મહેન્દ્રને લાગ્યું કે, વિનોદિનીએ વર્તમાનપત્ર જોયું નથી. આ સમયે વર્તમાનપત્રમાં મન લગાડવાની તેનામાં શક્તિ નથી. એકાએક દૈવયોગથી વિનોદિનીની દૃષ્ટિ આ પત્ર ઉપર ન પડી જાય તે માટે મહેન્દ્ર આખો દિવસ સાવધાન રહ્યો.

પરિચ્છેદ ૧૭.

મહેન્દ્રે ઘરમાં પ્રકટાવેલાં દુ:ખ.

મહેન્દ્રને ત્યાં રાજલક્ષ્મીએ, **મહેન્દ્ર**ને બિહારીની તપાસ માટે ગયલો ધારીને, રસોઇ તૈયાર કરાવી. ઘણો સમય થઇ ગયા છતાં જ્યારે **મહેન્દ્ર** પાછો ન ફર્યો ત્યારે રોગથી પીડિત **રાજલક્ષ્મી** ગભરાવા લાગી. આખી રાત નિદ્રા ન આવવાથી તે સુસ્ત અને ખીજવાયલી બની ગઇ હતી. તેમાં **મહેન્દ્ર** ન આવ્યાથી તેના ક્લેશમાં વધારો થયો. **આશા**એ નોકરને મોકલીને તબેલામાં તપાસ કરાવી તો જણાયું કે, ગાડી પાછી આવી હતી. કૉચમેને ખબર આપી કે—**મહેન્દ્ર** **પટલડાંગા** તરફ ગયો છે. **રાજલક્ષ્મી** ભીંત તરફ મ્હોં ફેરવીને જોઇ રહી. **આશા** તેને પંખો નાખવા લાગી.

પહેલાં જમવાનો વખત વીતી જતો ત્યારે **રાજલક્ષ્મી** **આશા**ને જમી લેવાનો આગ્રહ કરતી હતી. આજ તે કશું બોલી નહિ! ગઇ કાલ રાત્રે પોતાની કઠિન પીડા જોઇને પણ **મહેન્દ્ર**, **વિનોદિની**ના મોહમાં ફસીને જતો રહ્યો એથી રાજલક્ષ્મીનું મન આ સંસાર ઉપરથી ઉતરી ગયું. **મહેન્દ્ર** પોતાનો રોગ સામાન્ય પ્રકારનો છે, એમ સમજે એવું તે ઇચ્છતી હતી; પરંતુ તેથી તે આટલો બધો નિષ્કાળજીવાળો બને એમ તે ઇચ્છતી ન હતી. પ્રેમના નીશામાં **મહેન્દ્ર** અત્યારે મસ્ત થઇને કોઇપણ પ્રકારનાં કર્ત્તવ્યને પોતાના મનમાં સ્થાન આપતો નથી. માતાના રોગ માટે કશીપણ ચિન્તા કરતો નથી એ વિચારો જેમ જેમ **રાજલક્ષ્મી**ના મનમાં વધુ ઘર કરતા ગયા તેમ તેમ તેનું કષ્ટ વધતું ગયું. **રાજલક્ષ્મી**ને મન હવે કશો ઉત્સાહ રહ્યો નહિં; છતાં

દારુણ અભિમાનથી તે એવું સિદ્ધ કરવા ચાહતી હતી કે, "મહેન્દ્રને હવે ન ગભરાવવો એમાં મારી ભૂલ છે. મારો રોગ કાંઇ સાધારણ પ્રકારનો નથી, એમ હવે તેને જણાવવું જોઈએ."

બે વાગ્યા એટલે આશાએ કહ્યું: "સાસુજી, દવા પીવાનો વખત થયો છે." રાજલક્ષ્મીએ કશો ઉત્તર દીધો નહિં. આશા જ્યારે દવાની શીશી લેવા ઉઠી ત્યારે રાજલક્ષ્મીએ કહ્યું: "વહુ, રહેવા દે. દવા પીવાની હવે કશી જરૂર નથી. તું જા."

આશા, સાસુનું અભિમાન સમજી ગઇ. પણ એથી સાસુનો રોગ વધી જશે એ વિચારે આશાનું હૃદય ખળભળી ઉઠયું. આશાથી એ સહન થઇ શકયું નહિં. તે ધીમે ધીમે રોવા લાગી. રાજલક્ષ્મીએ આશા તરફ પાસું બદલીને સ્નેહભાવથી તેના બરડા ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું: "વહુ, હજી તારી ઘણી નાની ઉંમર છે. હજી તારે સુખનું મુખ દેખવાનું બાકી છે. મારે માટે હવે તું કશુંયે કષ્ટ વેઠીશ નહિં. કશીએ ચિંતા કરીશ નહિં. હું તો હવે ઘરડી થઇ, મારે જીવીને હવે શું કરવાનું છે?"

આશાને વધુ રોવું આવ્યું. તેણે પોતાની સાડીના છેડાથી પોતાનું મ્હોં ઢાંકી દીધું.

આ પ્રકારે રોગી રાજલક્ષ્મીના ઘરમાં એ નિરાનન્દ દિવસ, ધીમે ધીમે કોઇપણ રીતે વહી ગયો. આશા તથા રાજલક્ષ્મી અભિમાન સાથે દુઃખી રહેવામાં આનંદ માનંવા લાગ્યાં. છતાં પણ તેઓ બન્નેના મનમાં એ આશા હજુયે હતી કે મહેન્દ્ર હમણાં આવી પહોંચશે. બહાર જરાપણ ખખડાટ થતાં, આ બે સ્ત્રીઓ ચોંકી ઉઠતી હતી. ક્રમશઃ સાયંકાલની છાયા પડી. કલકત્તા શહેરનાં મકાનોમાં ગામડાંની ગોધૂલિના જેવો આનંદ હોતો નથી. એ સમયે મલિન આભા પડે છે, તેમાં પ્રકાશની પ્રફુલ્લતા નથી હોતી તેમજ અંધકારનું આવરણ

પણ નથી હોતું. તે શોકને વધુ ભારે બનાવે છે અને નિરાશાને અશ્રુ-મય બનાવે છે. કામકાજ અને ધીરજના બલને હરી લે છે, પરંતુ વિ-શ્રામ અને વૈરાગ્યની શાન્તિ આણતી નથી. રોગી થરની એ શુષ્ક, શ્રીહીન સન્ધ્યામાં આશા ચૂપકીદીથી ઉઠીને દીવો સળગાવી લાવી. રાજલક્ષ્મીએ કહ્યું: "વહુ, દીવો ગમતો નથી. બહાર લઇજા." આશા લેંપ બહાર લઇ ગઈ. અન્ધકાર જ્યારે વધુ ઘટ્ટ બનીને એ નાના ખંડમાં બહારની અનન્ત રાત્રિને લઈ આવ્યો ત્યારે આશાએ ધીમેથી પૂછ્યું: "સાસુજી, કોઇ માણસ મોકલીને ખબર કહેવરાવું ?"

રાજલક્ષ્મીએ કહ્યું: "નહિ વહુ, તને મારા સમ છે જો મહેન્દ્ર-ને ખબર કહાવીશ તો."

એ સાંભળીને આશા ચૂપ રહી ગઈ. હવે તેનામાં રોવાની શક્તિ પણ નહોતી એટલામાં નોકરે આવીને કહ્યું: "બાબૂએ ચિઠ્ઠી મોકલાવી છે."

આ સાંભળી રાજલક્ષ્મીને લાગ્યું કે કદાચ મહેન્દ્ર અકસ્માત્ બિમાર પડ્યો હશે તો ? આથી પોતે નહિં આવી શક્યો હોય અને તેથી ચિઠ્ઠી મોકલાવી છે. રાજલક્ષ્મીએ અનુતપ્ત અને વ્યસ્ત થઇને કહ્યું: "જો તો વહુ, કાગળમાં વાંચ ને? મહેન્દ્રે શું લખ્યું છે ?"

આશાએ બહાર જઈ, ધ્રૂજતે હાથે ચિઠ્ઠી વાંચવા માંડી. મહે-ન્દ્રે લખ્યું હતું કે "કેટલાક દિવસથી મારા મનને ચેન પડતું નથી માટે આજ હું પશ્ચિમ તરફ ફરવા માટે જાઉં છું. માતાની માંદગીને માટે વિશેષ ચિન્તા કરવાનું કારણ નથી. એને દરરોજ નિયમપૂર્વક જોવા માટે મારા એક મિત્ર ડાકટરને મેં કહ્યું છે. રાતના ઉંઘ ન આવે અને માથું દુઃખે તો શું કરવું એ ચિઠ્ઠીમાં લખ્યું છે. પુષ્ટિકારક

અને પચી જાય એવા પ્રકારની દવાના બે ડબ્બા આ સાથે મોકલ્યા છે. વળી જ્યાં લગી મારા તરફથી વધુ ખબર ન મળે ત્યાં લગી પટણાના પોસ્ટ માસ્તરને ત્યાં મારૂં શરણામું કરવું. બાની તબિયતની ખબર જરૂર દરેક કાગળમાં લખવી.”

આ ચિઠ્ઠી વાંચીને **આ**શા સ્તંભિત બની ગઇ. પ્રબળ ધિઃકારથી તેણે પોતાનું દુઃખ દબાવી દીધું. આવી નિષ્ઠુર વાત! આવી દુઃખ ઉપજાવનારી ચિઠ્ઠી! સાસુને એ શી રીતે વંચાવી શકાય?

આશાના વિલંબથી **રા**જલક્ષ્મી અધિક વ્યગ્ર બની ગઇ. તે બોલી: “વહુ, **મ**હેન્દ્રે શું લખ્યું છે? કેમ ઝટ વાંચતી નથી?” આમ કહેતી કહેતી તે બિછાનામાંથી ઉઠીને બેઠી થઇ. **આ**શાએ એ ખંડમાં આવીને ધીરે ધીરે આખી ચિઠ્ઠી વાંચવા માંડી. **રા**જલક્ષ્મીએ અધીર થઇને પૂછ્યું: “તબિયત વિષે **મ**હેન્દ્રે શું લખ્યું છે? પહેલેથી જરા ફરીથી વાંચ તો!”

આશા ફરીથી વાંચવા લાગી: “કેટલાક દિવસથી મારા મનને ચેન પડતું નથી માટે હું પશ્ચિમ તરફ ફરવા જાઉં છું. માતાની—”

રાજલક્ષ્મી: “રહેવા દે, રહેવા દે. હવે આગળ વાંચવાની જરૂર નથી. એને લખતી વખત કેવું લાગ્યું હશે કે—બુઢ્ઢી મા મરતી પણ નથી. કેવળ માંદી રહીને દુઃખ આપ્યા કરે છે! તેં **મ**હેન્દ્રને હું માંદી છું એવી ખબર શા સારૂ આપી! ઘરમાં બે દિવસ આવીને રહ્યો. લખતો હતો, વાંચતો હતો, પોતાને કામધંધે હતો, તેવામાં વચ્ચે વળી માની માંદગીની ખબર આપીને તેને ઘર છોડાવ્યું, એમાં તને શું સુખ મળ્યું? હું અહિં પડી પડી મરી જાત તો તેમાં એને શી હાનિ થવાની હતી? આટઆટલા દુઃખમાંયે તને એટલી બુદ્ધિ ન સુઝી!” એટલું કહીને **રા**જલક્ષ્મી બિછાનામાં પડી ગઇ. બહાર કોના જોડા

ખખડ્યા. નોકરે કહ્યું: "ડાક્ટર સાહેબ આવ્યા છે." ડાક્ટરે ખુંખારો કરીને દર્દીના ખંડમાં પ્રવેશ કર્યો. આશા જલ્દીથી ઘુંઘટ કાઢીને ખાટલાની બાજુએ ઉભી રહી. ડાક્ટરે રાજલક્ષ્મીને કહ્યું: "કહો જોઇએ તમને શું થાય છે?"

રાજલક્ષ્મીએ ક્રોધથી કહ્યું: "શું થાય વળી? કોઇને મરવા પણ નહિં દો? તમારી દવા ખાવાથી શું હું અમર થઈ જઇશ?"

ડાક્ટરે ધીમેથી કહ્યું: "હું અમર કરી શકતો નથી પણ હું દુઃખ ઓછું કરવા પ્રયત્ન કરી શકું છું."

રાજલક્ષ્મી કષ્ટથી અધવચ બોલી ઉઠી: "સારી દવા તો એજ વખતે હતી કે જે વખતે વિધવાઓ બળીને મરી જતી. પણ આ વખતમાં તો રીબાવી રીબાવીને મારવાનું છે! જાઓ ડાક્ટર, તમે જાઓ. મને હેરાન ન કરો. હું એકાંતમાં રહેવા માગું છું."

ડાક્ટર: "તમારી નાડી તો એકવાર—"

રાજલક્ષ્મીએ ચ્હીડાઇને કહ્યું: "હું કહું છું કે તમે જાઓ. મારી નાડી બહુ સરસ છે. એ નાડી તરતજ છુટી જાય એવી કશીયે આશા નથી."

ડાક્ટરને લાચારીથી ખંડની બહાર જવું પડ્યું. તેણે આશાને બોલાવીને બધી સ્થિતિ પૂછી. આશાએ બધું કહ્યું. એ સાંભળીને ગંભીરભાવથી ડાક્ટર ફરીથી ખંડમાં ગયો અને કહેવા લાગ્યો: "મહેન્દ્રબાબૂ મને તમારી સંભાળ લેવાનું ખાસ કહી ગયા છે. મને જો તમે બરોબર રીતે દવા નહિં કરવા દો તો એમને ઘણું દુઃખ થશે."

મહેન્દ્રને કષ્ટ થશે એ વાત રાજલક્ષ્મીને એક તીવ્ર ઉપહાસ જેવી લાગી! તે બોલી: "મહેન્દ્રને માટે તમે એટલી બધી ચિન્તા ન કરશો.

દુઃખ તો સંસારમાં સહુ કોઇને થાય છે. મારી ચિન્તાથી **મહેન્દ્ર**ને અધિક દુઃખ નહિં થાય. ડાકટર હવે તમે જાઓ. મને સુવા દો જરા."

રોગીને અધિક ઉત્તેજીત કરવાથી તેનું દુઃખ ઉલટું વધે છે, એમ સમજીને ડાકટર ધીમેથી પાછો બહાર જતો રહ્યો. જે જે કરવું જોઇએ તે બધું તેણે **આશા**ને સમજાવ્યું અને પછી પોતાને ઘેર ગયો.

આશા જેવી **રાજ**લક્ષ્મીના ઓરડામાં આવી કે તરત જ **રાજ**-લક્ષ્મીએ કહ્યું: "જા વહુ, તું જરા આરામ લે. આખો દિવસ તું મારી પાસે બેસી રહી હતી. દાસીને મોકલ. એ અહિં બેસી રહેશે."

આશા, રાજલક્ષ્મીનો સ્વભાવ સારી પેઠે જાણતી હતી. આ તેની આજ્ઞા હતી અને તે પાળ્યા સિવાય **આશા**ને છૂટકો નહતો. **આશા**એ દાસીને સાસુ પાસે મોકલી દીધી અને પોતે પોતાના ઓર-ડામાં જઇને અંધારામાં ઠંડી જમીન ઉપર પડી રહી.

પરિચ્છેદ ૧૮.

અન્નપૂર્ણાનું પ્રત્યાગમન.

આખા દિવસના ઉપવાસ અને કષ્ટથી **આશાનું** શરીર શિથિલ અને મન ખિન્ન થઇ ગયાં હતાં. શેરીમાં એ દિવસે પાડોશીને ત્યાં લગ્ન હતાં; તેથી વારંવાર લગ્નનાં વાજાં વાગતાં હતાં. અત્યારે વળી પાછી સુરીલી શરણાઇ વાગવા માંડી. આ પ્રકારના સંગીતથી રાત્રિનો સકળ અંધકાર જેમ એકપક્ષે કંપી ઉઠયો તેમ બીજે પક્ષે **આશાનું** હૃદય કંપી ઉઠયું. અનિદ્ર **આશાને** લગ્નની એ આખી રાત્રે જીવનની નાની મોટી સર્વ ઘટનાઓ સાંભરી આવી. રાત્રિના અન્ધકારમય આકાશને સ્વપ્નનાં ચિત્રોથી તેણે પૂર્ણ કરી દીધું. પોતાના લગ્નને દિને થયલી રોશની, મચેલો કોલાહલ, એ દિનનાં માલા–ચન્દન, નવીન આભૂષણોસમેત નવીન વસ્ત્ર, હોમના ધુમાડાની ગન્ધ, નવવધૂ તરીકેના શંકિત, લજ્જિત અને આનન્દિત હૃદયનું નિગૂઢકંપન–ઇત્યાદિ સર્વ વાતો સ્મૃતિપટમાં મૂર્ત્તિમંત બની; પણ તેથી શાન્તિ કે આરામ મળવાને બદલે ઉલટું **આશાનું** હૃદય વિશેષ વ્યથિત બન્યું. દારુણ દુર્ભિક્ષને સમયે જેમ એક ભુખ્યું બચ્ચું પોતાના નાના નાના હસ્તથી પોતાની માને મુક્કીઓ લગાવે છે, એમ સુખની જાગૃત સ્મૃતિ પણ પોતાનો આહાર માગતી માગતી આશાની છાતીમાં વારંવાર પીડન કરવા લાગી. તેણે **આશાને** સુસ્તપણે પડી રહેવા ન દીધી. **આશા** બન્ને હાથ જોડીને ઇશ્વરને પ્રાર્થના કરવા લાગી. એ વખતે તેની એક માત્ર પ્રત્યક્ષદેવતા માસીની પવિત્ર સ્નેહમય મૂર્ત્તિ તેનાં આંસુઓથી ભરેલા હૃદયમંદિરમાં પ્રકટ થઇ. આજ સુધી **આશાએ** પ્રતિજ્ઞા લીધી હતી કે, હવે એ તપસ્વિનીને

સંસારની દુઃખપૂર્ણ જંજાલમાં નાંખીશ નહિં, પણ આજ એ માશી સિવાય તેને કોઇ આશ્વાસન આપી શકે એમ નથી. આજ ચારે પાસ વ્યાપી રહેલા દુઃખદાવાનળમાંથી તેને ઉગારનાર કોઇ ન હતું. **આશા** ઉઠીને બેઠી થઇ. લેંપ સળગાવીને તેણે પોતાનાં આંસુ લ્હોઈ નાંખ્યાં તથા માશીને નીચે મુજબ પત્ર લખી કાઢ્યોઃ

" શ્રી ચરણકમલેષુ

માસી, આજ તમારા સિવાય મારૂં કોઇ નથી. એકવાર આવીને આ દુઃખિનીને તમારી ગોદમાં લ્યો. નહિં તો હું શી રીતે બચીશ ? બીજું શું લખું ? હું કશું જાણતી નથી. તમારા ચરણોમાં મારા સેંકડો, હઝારો, કરોડો પ્રણામ.

તમારી સ્નેહભીની

ચુન્ની.

* * * *

અન્નપૂર્ણાને કાશીમાં **આશાનો** પત્ર મળ્યો એટલે તરતજ તે કલકત્તે આવી પહોંચી. તેણે ધીમે ધીમે **રાજલક્ષ્મીના** ખંડમાં જઇને તેને પ્રણામ કર્યા. તેનાં ચરણોની રજ માથે ચડાવી. **રાજલક્ષ્મી** અને **અન્નપૂર્ણા** વચ્ચે આન્તરિક અણબનાવ થયો હતો અને તેને પરિણામે જ **અન્નપૂર્ણા** કાશી ગઇ હતી. છતાં જેમ ખોવાયલું ધન પુનઃ પ્રાપ્ત થયે આનંદ થાય છે તેમ આજ **અન્નપૂર્ણાને** પાછી આવેલી જોઇ, **રાજલક્ષ્મીને** હર્ષ થયો. **રાજલક્ષ્મીને** લાગ્યું કે જરૂર મને **અન્નપૂર્ણા** અન્દરખાનેથી ચાહતી હશે. અનેક દિવસે **રાજલક્ષ્મીને** સમજાયું કે **અન્નપૂર્ણા** અહિં રહી નહિ તેથીજ સહુને અધિક પરિશ્રમ, ક્ષોભ અને દુઃખ ઉપજ્યાં છે. **મહેન્દ્રના** જન્મ પહેલાં આ બે-દેરાણી, જેઠાણી મોટાકુટુંબમાં વહુઓ તરીકે રહીને કુટુંબમાં સર્વે

સુખદુઃખ પોતાને શિરે લઇને ફરતાં હતાં. પૂજામાં, ઉત્સવોમાં, શોકમાં વિવાહમાં, આ બન્ને જણીઓએ સંસારરથમાં જોડાઇને જીવનપંથની યાત્રા કરી હતી અને તે પણ સ્નેહ, મિત્રતા અને સંપથી. એ વખતની એ ઘનિષ્ઠ મિત્રતા, અને એ વખતના સ્નેહની લાગણીઓ ઘડીભર **રાજલક્ષ્મી**ના હૃદયમાં છવાઈ ગઇ. જેની સાથે સુદૂર, અતીત કાલમાં એકજ સ્થાને નવજીવનનો પ્રારંભ થયો હતો, અને એ કાલની સઘળી સુખદુઃખની ઘટનાઓના સ્મારક રૂપ જે અવશિષ્ટ હતી, તે બાલ્યસહચરી—**અન્નપૂર્ણા**, આજ અનેક વિઘ્નો પછી, પોતાના ઘોર દુઃખદદિવસોમાં પાછી નિકટવર્ત્તી બની, એથી **રાજલક્ષ્મી** ઘણી ખુશી થઇ ગઇ. જેને ખાતર **રાજલક્ષ્મી**એ પોતાની સહૃદયા દેરાણીને નિષ્ઠુર ભાવે અપમાનિત કરી હતી, તે **મહેન્દ્ર** આજ કયાં છે ?

અન્નપૂર્ણાએ **રાજલક્ષ્મી**નો હાથ પોતાના હાથમાં લઈ કહ્યું : "ભાભીજી !"

રાજલક્ષ્મીએ કહ્યું : "દેરાણી ! "

રાજલક્ષ્મી આગળ બોલી શકી નહિં. તેની બન્ને આંખોમાંથી આંસુ સરવા લાગ્યાં. **આશા**થી આ દશ્ય જોઇ શકાયું નહિં. તે પાસેની ઓરડીમાં જઇને રોવા લાગી. **અન્નપૂર્ણા** **રાજલક્ષ્મી** કે **આશા**ને **મહેન્દ્ર**ના સંબંધમાં કશું પૂછી શકી નહિં. તેણે **દીનાનાથ**ને પૂછ્યું : "**મહેન્દ્ર** કયાં છે ?" **દીનાનાથે** **મહેન્દ્ર** અને **વિનોદિની**ની આખી કહાણી **અન્નપૂર્ણા**ને કહી સંભળાવી. **અન્નપૂર્ણા**એ તે સાંભળ્યા પછી પૂછ્યું : "**બિહારી** કયાં છે ?"

દીનાનાથ : "બહુ દિવસથી તે અહિં આવતો નથી એટલે મને એની કશી ખબર નથી. "

અન્નપૂર્ણા : "જરા **બિહારી**ને ત્યાં જઇ, તેની ખબરં કાઢી આવોને ? "

દીનાનાથ બિહારીને ત્યાં જઇ તરતજ પાછો ફર્યો. તેણે કહ્યું: "એ તો ઘરમાં નથી. ગંગાકિનારે એણે એક બાગ લીધો છે અને ત્યાં રહે છે." અન્નપૂર્ણાએ ડાક્ટરને બોલાવ્યો અને રાજલક્ષ્મીની તબિયતની બરોબર ખબર પૂછી.

ડાક્ટરે કહ્યું: "એક તો એમનું હૃદય નબળું છે, અને તેમાં વળી તેમની તલ્લી ફુલી ગઇ છે; તેથી તેમના પ્રાણ ક્યારે નીકળી જાય તે કહી શકાય નહિં."

સન્ધ્યાકાલે જ્યારે રાજલક્ષ્મીનું કષ્ટ અધિક જણાયું ત્યારે અન્નપૂર્ણાએ તેને પૂછ્યું: "ભાભીજી, ડાક્ટરને બોલાવું?"

રાજલક્ષ્મી: "ના, ડાક્ટર કશું કરી શકશે નહિં."

અન્નપૂર્ણા; "તો તમારે કોને બોલાવવાની ઇચ્છા છે?"

રાજલક્ષ્મી: "જો બિહારીને ખબર કહાવશો તો ઠીક થઇ પડશે."

અન્નપૂર્ણાના હૃદયમાં આ કથનથી આઘાત થયો. એક દિવસ કાશીમાં સન્ધ્યાસમયે બિહારીને દરવાજાની બહારથીજ અપમાન સાથે તેણે વિદાય કર્યો હતો, એ વાત તેને એકદમ યાદ આવી. તેના હૃદયમાં ભારે વેદના થવા લાગી. બિહારી હવે કદાપિ પોતાના ઘરના દરવાજામાં પગ નહિં મૂકે. આ જીવનમાં પુનઃ કોઇવાર એ અનાદરનો પ્રતિકાર કરવાનો અવસર મળી શકશે કે નહિં તેની અન્નપૂર્ણાને કશી આશા લાગી નહિ.

અન્નપૂર્ણા એકવાર મહેન્દ્રના ખંડમાં ગઇ. આખા ઘરમાં આ સ્થાન આનન્દભવન હતું. આજ એ ખંડમાં જરાકે આનન્દ જણાતો નથી. બધી વસ્તુઓ અસ્તવ્યસ્ત પડી છે. બિછાના ઉપરનો ઓછાડ ચુંથાઇ અને વિખરાઇ ગયેલો પડયો છે. કબાટ અર્ધાં ઉઘાડાં પડયાં છે. તેમાંની વસ્તુઓ કોઈ બહાર તો કોઇ અંદર આડી અવળી પડી

છે. પાણીની માટલીમાં પાણીનું એક પણ ટીપું નથી. જયાં ત્યાં ધૂળ પડેલી છે. અગાશીમાં પડેલાં કુંડાંમાંના રોપાઓ સુકાઇ ગયા છે.

અગાશીમાં માસીને જતી જોઇ, **આશા** તેની પાછળ પાછળ ગઈ. **અન્નપૂર્ણાએ** તેને પોતાની પાસે ખેંચીને છાતી સરસી ચાંપી, તેનું માથું ચુમ્યું. **આશા** નીચે બેસી ગઇ અને માસીના બન્ને પગ પકડીને વારંવાર પ્રણામ કરવા લાગી. તે બોલી : " માશી, મને આશિર્વાદ આપો, મને બલ આપો. મને કદીયે વિચાર આવ્યો નહતો કે મનુષ્યથી આટલું સંકષ્ટ સહન કરી શકાય છે! માતા, આવી રીતે મારા દિવસો કેમ જશે ? "

અન્નપૂર્ણા ત્યાંજ જમીન ઉપર બેસી ગઇ. **આશા** તેના પગ ઉપર માથું મૂકી પડી રહી. **અન્નપૂર્ણાએ** **આશાનું** માથું પોતાના ખોળામાં લીધું અને કશું પણ બોલ્યા વિના તે નિસ્તબ્ધ ભાવે હાથ જોડીને ઇષ્ટિદેવનું સ્મરણ કરવા લાગી.

અન્નપૂર્ણાના સ્નેહ–સૂચક નિ:શબ્દ આશિર્વાદે **આશાના** ગંભીર હૃદયના આન્તર ભાગમાં પ્રવેશ કરીને, ઘણા દિવસથી જે શાન્તિ **આશાને** મળી નહતી તે અર્પી. તેને લાગ્યું કે જાણે હવે મારૂં અભિષ્ટ સિદ્ધ થવામાં વધુ વિલમ્બ નથી. તેને વિશ્વાસ ઉત્પન્ન થયો કે દેવતાઓ મારા જેવી મૂઢ ઉપર દયા કરી શકે નહિં; પણ માસીની પ્રાર્થના પર ધ્યાન આપ્યા વિના તેઓ રહી શકે નહિં.

હૃદયમાં આશ્વાસન અને બલ મેળવીને, **આશાએ** ઘણી વારે છૂટકારાનો એક શ્વાસ લીધો. તે બોલી: " માસી, **બિહારીબાબુને** કાગળ લખીને બોલાવોને ? "

અન્નપૂર્ણા: " નહિં. કાગળ લખવાની કશી જરૂર નથી. "

આશા: " ત્યારે એમને કોણ ખબર કહેશે ? "

અન્નપૂર્ણા: "કાલ હું પોતેજ **બિહારીને** મળવા માટે જઇશ."

પરિચ્છેદ ૧૯.

બિહારીને માફી.

બિહારી જ્યારે પશ્ચિમ તરફ ફરતો હતો ત્યારે તેને લાગ્યું કે જ્યાંસુધી એક કામમાં ચિત્ત નહિ પરોવાય ત્યાંસુધી શાન્તિ મળશે નહિ. આ વિચારથી જ તેણે કલકત્તાના ટુંક પગારના કારકુનોની સેવાનું કામ માથે ઉઠાવ્યું. એક નાના સરખા તળાવમાં રહેનારી માછલીને જેમ ગ્રીષ્મ ઋતુમાં કાદવ કીચડવાળા ઘણા થોડા પાણીમાં સંકોચથી રહેવું પડે છે તેમ, ગલીઓમાં રહેવાવાળા તથા એકવાર—અને તે પણ અર્ધે પેટે જમનારા—પરિવારભારગ્રસ્ત ગરીબ કામદારોનાં સર્વ સુખથી વંચિત જીવન પણ દુઃખમાંજ વ્યતીત થાય છે. એ વિવર્ણ, દુર્બલ, દુશ્ચિંતાગ્રસ્ત ભદ્ર પુરુષો ઉપર બિહારીને ઘણા દિનથી કરુણા ઉપજી હતી. બિહારીએ એવાઓને બાગનાં ઝાડપાનની સુખકર છાયા અને ગંગાતટની સ્વચ્છ અને ખુલ્લી હવાનો લાભ આપવાનો નિશ્ચય કર્યો.

રેતીવાળા ભાગમાં બાગ લઇને, બિહારીએ તેમાં કુશળ મીસ્ત્રીઓ દ્વારા નાની નાની મઢુલીઓ તૈયાર કરાવી. આ પણ મઢુલીઓનું કામ ચાલતું હતું અને હવે મુખ્ય કામમાં પ્રવૃત્ત થવાના દિવસ જેમ જેમ પાસેને પાસે આવતા ગયા તેમ તેમ બિહારીનું ચિત્ત અશાન્ત થતું ગયું. તેનું ચિત્ત પોતાના સંકલ્પથી વિમુખ થઇ ગયું. તેનું મન કેવળ એજ કહેવા લાગ્યું કેઃ “ આ કામમાં કશુંયે સુખ નથી. કાંઇયે રસ નથી—સૌન્દર્ય પણ નથી. આ તો માત્ર નકામો ભાર ઉઠાવવાનો છે.” કોઇપણ કાર્યની કલ્પનાએ, આજથી પહેલાં, કદીપણ બિહારીના મનમાં આ પ્રમાણે ક્લેશ ઉત્પન્ન કર્યો નહતો. એક દિવસ એવો હતો

કે જ્યારે બિહારીને કશુંયે જોઇતું નહતું. તેની સમક્ષ જે કાંઇ કાર્ય ખડું થતું તેમાં અનાયાસે તે ચિત્ત પરોવી શકતો. આજ તેના હૃદયમાં કોઇ પ્રકારની ભૂખ જાણે પેદા થઇ હોય એમ અજબ જણાય છે, એને તૃપ્ત કર્યા વિના અન્ય કોઇ કામમાં તેનું મન લાગતું નથી. પહેલાંનાં અભ્યાસથી તે કામ હાથમાં લે છે ખરો, પણ તરતજ તે પડતું મૂકીને છૂટકારો પામવાની ઇચ્છા કરે છે.

બિહારીની યુવાવસ્થા, જે તેનામાં નિશ્ચલભાવથી હજીસુધી સુઇ રહી હતી, જેના સંબંધમાં તેણે હજી સુધી કાંઇપણ વિચાર કર્યો ન હતો તે વિનોદિનીના અંગસ્પર્શથી જાગ્રત થઈ છે; અને તે તરતનાજ ઉત્પન્ન થયલા ગરૂડપક્ષીની પેઠે અન્નને માટે જગતમાં અહિં તહિં શોધ કરે છે. આ ભુખ્યા પક્ષી સાથે બિહારીને પ્રથમ કશો પરિચય નહતો પણ હવે પરિચય થતાં તેણે તેને વ્યસ્ત બનાવી મૂકયો છે. હવે તે કલકત્તાના જીર્ણ–શીર્ણ કામદારોને શું કરે ?

આષાઢની ગંગામૈયા સામે વહી રહી છે. કિનારા ઉપરનાં વૃક્ષો શીતલ જલમાં પોતાનાં પ્રતિબિંબ પાડી રહ્યાં છે. ઉપરનાં નીલવર્ણ ઘન મંડળ પાણીમાં ચમકી રહ્યાં છે અને વહેતી સારતાના પાણીમાં ક્યાંક ચમક તો ક્યાંક કૃષ્ણતા અર્પી રહ્યાં છે. નવી વર્ષાના આ સમારોહ પ્રતિ બિહારીની દૃષ્ટિ પડે છે અને એજ સમયે આકાશના નીલસ્નિગ્ધ પ્રકાશમાંથી એક કામિની બહાર આવે છે અને બિહારીનું હૃદયાકાશ ખોલીને તેમાં પ્રકાશ પાડે છે; પોતાના શ્યામ કેશનો અંબોડો છોડી નાંખે છે અને વર્ષાની ધારાઓની માફક, તેની લટો ફેલાવીને, તે કેવળ બિહારીના મુખ તરફ અનિમેષ દૃષ્ટિથી જોઇ રહે છે !

પોતાનું પૂર્વજીવન, જે સુખ અને સંતોષમાં વીત્યું છે, એ જીવનને બિહારી અત્યારે પરમ હાનિરૂપ સમજે છે. આવી કેટલીયે વર્ષા-

કાલની સન્ધ્યાઓ, આવી કેટલીયે પૂર્ણિમાની રાત્રિયો આવી ગઈ છે. બિહારીના શૂન્ય હૃદયના દ્વારસમીપ અમૃતપાત્ર સાથે આવીને, કેટલીયે વાર ચૂપકીદીથી તે જતી રહી છે. કોણ કહી શકે છે કે એ દુર્લભ શુભ ઘડિયોમાં કેટલાંયે સંગીત, આરંભાયા વિના રહી ગયાં છે, કેટલાયે ઉત્સવ ઉજવાયા વિના ખંડિત પડી રહ્યા છે ? ! બિહારીના મનમાં પહેલાંની જે સહુ સ્મૃતિઓ હતી, તેમને આજ વિનોદિની, એક દિવસના સ્નેહભર્યા ચુમ્બનની રતાશભરી આભાદ્વારા, ફિક્કી અને અકિંચિત્કર–તુચ્છ–બનાવી ગઈ છે ! મહેન્દ્રની છાયારૂપ રહીને બિહારીએ પોતાના જીવનના અધિકાંશ દિવસો કેવી રીતે વીતાવ્યા છે ? એ દિવસોની શું કાંઇપણ સફળતા હતી ? બિહારીએ પહેલાં અનુમાન પણ કર્યું નહોતું કે પ્રેમની વેદનામાં, સમસ્ત જલ–સ્થલ–આકાશના કેન્દ્રની બંસીમાંથી આવી રાગણી નીકળશે ! જે વિનોદિનીએ પોતાના બન્ને હસ્તથી પકડીને બિહારીને ઘેરી લીધો છે અને એક ઘડીમાં અકસ્માત અપરિચિત અનુપમ સુખમાં મૂક્યો છે, તે વિનોદિની તેને કેમ ભૂલી જશે ? એ વિનોદિનીની દૃષ્ટિ, એની આકાંક્ષા આજ સર્વત્ર વ્યાપી છે, એના વ્યાકુલ કોમલ ઉચ્છ્વાસ બિહારીના રક્ત–સ્રોતને પ્રતિદિન ચંચલ–તરંગિત કર્યા કરે છે અને એના સુકુમાર સ્પર્શની ગરમીથી, બિહારીના પુલકિત હૃદયને ફુલની માફક પ્રફુલ્લિત કરે છે.

એમ છતાં પણ એજ વિનોદિનીની સમીપમાં હોવાને બદલે, બિહારી આજ આટલો દૂર કેમ છે ? એનું કારણ એ છે કેઃ–વિનોદિનીએ જે સૌન્દર્યના રસથી બિહારી ઉપર અભિષેક કર્યો છે, એ સૌન્દર્ય સિવાય સંસારમાં વિનોદિનીના બીજા કોઇપણ પ્રકારના સંબંધની કલ્પના બિહારી કરી શકતો નથી ! કમલને જલમાંથી બહાર કાઢતાં પણ મલીન કીચડ તેની સાથે આવે છે..શી રીતે અને કિયા

સ્થાનમાં બિહારી તેને સ્થાપિત કરી શકે કે જેથી સુન્દરતામાં મલીનતા ભળે નહિ? વળી વિનોદિનીની નિકટમાં રહેવાથી મહેન્દ્ર સાથે તેને કદ્દો વિરોધ થાય. પરિણામે મામલો એવું રૂપ કદાચ ધારણ કરે કે કુત્સિત રૂપની સંભાવનાને બિહારી પોતાના હૃદયના એક ખૂણામાં પણ સ્થાન આપી શકે નહિં. આથી બિહારી એકાન્ત ગંગાતટ ઉપર વિશ્વ સંગીતની મધ્યસ્થ રહી, પોતાની માનસિક પ્રતિમાને એ એકાન્ત સ્થાનમાં પ્રતિષ્ઠિત કરી રહ્યો છે. એટલુંજ નહિં પણ ક્ષણભરના સહવાસમાં જે હૃદયદેવીથી પોતાનું સર્વાંગ આમ હલમલી રહ્યું છે, તે પ્રતિમા સમક્ષ પોતાના હૃદયને તે ધૂપની માફક જલાવી રહ્યો છે.

આજ કારણે તે પત્ર લખીને પણ વિનોદિનીને કશું કહાવતો નથી, તેમજ તેની કશી પણ ખબર પૂછાવતો નથી. તે ડરે છે કે વખતે પોતાને એવી ખબર ન મળે કે જેથી પોતાનાં સુખ સ્વપ્ન ઉડી જાય!

એક દિન સવારે બિહારી પોતાના બાગની દક્ષિણ બાજુએ જાંબુનાં ખૂબ જૂથવાળા એક વૃક્ષ નીચે શાન્તિથી બેઠો બેઠો ત્યાંથી પસાર થતાં, મજૂલીઓનાં બાંધકામના સામાનનાં ગાડાં શૂન્યભાવે જોઈ રહ્યો હતો. ધીરે ધીરે દિવસ વિશેષ ચઢવા લાગ્યો પણ બિહારી બેસી જ રહ્યો. નોકરે પૂછ્યું: "બાબૂજી, રસોઈની તૈયારી કરૂં કે નહિં?"

બિહારીએ કહ્યું: "હમણાં રહેવા દે."

નોકરના ગયા પછી થોડીવારે મોટા મીસ્ત્રીના માણસે આવીને મીસ્ત્રી કાંઇક કામમાં સલાહ લેવા માગે છે એમ જણાવ્યું. બિહારીએ થોડીવાર પછી મળીશ એમ કહેવરાવ્યું.

એટલામાં એકાએક બિહારી ચોંક્યો. તેણે જોયું કે સામે અન્નપૂર્ણા ઉભી હતી! તે સફાળો ઉભો થયો—પોતાના બન્ને હસ્તથી અન્ન-

પૂર્ણાના પગ પકડીને, પૃથ્વીપર પોતાનું મસ્તક રાખીને તેણે તેને પ્રણામ કર્યા. અન્નપૂર્ણાએ ઘણા સ્નેહથી પોતાનો જમણો હાથ બિહારીના મસ્તક ઉપર. મૂક્યો અને શરીરે ફેરવ્યો. હર્ષનાં આંસુ તેનાં નેત્રમાંથી સરી પડયાં. તે ગદ્‌ગદ્‌ કંઠે બોલી: "બિહારી, તું આમ માંદા જેવો કેમ થઇ ગયો ?"

બિહારીએ ઉત્તર આપ્યો: "કાકી, તમારો સ્નેહ ફરીથી મેળવવા માટે."

અન્નપૂર્ણા રોઇ પડી. બિહારીએ કહ્યું: "કાકી, તમે જમ્યાં છો કે નહિં ?"

અન્નપૂર્ણા: "બેટા, હજી મારે જમવાનો વખત થયો નથી."

બિહારી: "ચાલો, હું તમને રસોઇનો બધો સામાન તૈયાર કરી આપું. આજ બહુ દિવસ પછી તમારા હાથની રસોઇ અને તમારી થાળીનો પ્રસાદ ચાખીશ.*"

બિહારીએ મહેન્દ્ર કિંવા આશા સંબંધી કાંઇ પણ વાત કાઢી નહિ. અન્નપૂર્ણાએ એક દિન પોતાનેજ હાથે, બિહારીને માટે, એ તરફનાં દ્વાર બંધ કરી દીધાં હતાં. પરિણામે તેણે અભિમાનથી એ નિષ્ઠુર નિષેધનું પરિપાલન કર્યું. જમ્યા પછી અન્નપૂર્ણાએ કહ્યું: "ઘાટ ઉપર હોડી તૈયાર છે. બિહારી! જરા મારી સાથે કલકત્તે ચાલ."

બિહારી: "મારૂં ત્યાં શું કામ છે?"

અન્નપૂર્ણા: "ભાભીજી ઘણાંજ માંદાં છે. એ તને મળવ માગે છે."

* વિધવાઓ અને મરજાદીઓ પવિત્ર જીંદગી ગાળે છે. તેથી તેઓ બીજાનાં હાથનું રાંધેલું ઘણે ભાગે જમતાં નથી, પણ પોતાની મેળેજ રાંધી લે છે. એવા દાખલાઓમાં આગતાસ્વાગતાનો પ્રકાર રાંધવાનો સામાન તૈયાર કરી આપવાનોજ હોય છે.

બિહારી ચોંક્યો. તેણે પૂછ્યું : "મોટા ભાઈ ક્યાં છે ?"

અન્નપૂર્ણા : "કલકત્તામાં નથી. પશ્ચિમ તરફ જતો રહ્યો છે."

એ સાંભળી બિહારીના મ્હોં ઉપરની રતાશ ઉડી ગઈ. તે ચૂપ થઈ ગયો. અન્નપૂર્ણાએ પૂછ્યું : "શું તું બધી વાત નથી જાણતો ?"

બિહારી : "થોડી થોડી જાણું છું; પણ તેના અંતની મને ખબર નથી."

એ પછી અન્નપૂર્ણાએ પ્રારંભથી બધી વાત કહી. વિનોદિની મહેન્દ્ર સાથે નાસી ગઈ, એ સમાચાર સાંભળીને, બિહારીની દૃષ્ટિમાં એજ ઘડીએ જલ-સ્થલ-આકાશનો સર્વ રંગ બદલાઈ ગયો. તેણે પોતાના કલ્પના-ભંડારમાં જેટલો રસ સંચિત કરી રાખ્યો હતો તેટલો બધોએ એકદમ કટાઈ ગયો. તેની મધુરતા નષ્ટભ્રષ્ટ થઈ ગઈ. બિહારી પોતાના મનમાં વિચારવા લાગ્યો : "ત્યારે શું એ માયાવિની વિનોદિની તે દિવસે સંધ્યાકાળે મારી પાસે એક તમાસો કરી ગઇ ? પ્રેમમાં આત્મસમર્પણ કરી દેવાની તેની વાત શું છળકપટની એક જાળ હતી ? પોતાનું ગામ તજીને આમ નિર્લજ્જ ભાવથી શું મહેન્દ્ર સાથે તે નીકળી ગઇ ? ધિક્કાર છે તેને અને ધિક્કાર છે મને ! મૂઢ છું હું કે એક ઘડીને માટે મેં તેનો વિશ્વાસ કર્યો !"

હા ! વાદળોથી ઘેરાયલી આષાઢની સન્ધ્યા, અને હા ! મેઘમંડળ તૂટી પડયા પછી ખીલી ઉઠેલી ચાંદનીવાળી પૂર્ણિમા, તમારી પૂર્વની ઇન્દ્રજાળ ક્યાં ગઇ ?

પરિચ્છેદ ૨૦.

"મહેન્દ્રને હું બચાવીશ!"

બિહારી વિચારવા લાગ્યો કે "દુઃખી આશા તરફ હું શી રીતે જોઇ શકીશ?" જ્યારે બિહારી ઘરના બારણામાં દાખલ થયો ત્યારે એ અનાથ ઘરને ઘેરી રહેલા વિષાદને તે થોડી વાર સુધી પણ દબાવી શક્યો નહિ. ઘરના દરવાન અને નોકરો તરફ ક્ષણવાર જોઇને, ઉન્મત્ત તથા અવિચારી મહેન્દ્રની વર્ત્તણુકથી ઉપજેલી લજ્જાને લીધે, તેણે પોતાનું માથું નીચું નમાવી દીધું. એ પહેલાંની પેઠે સ્નેહભર્યા સુરસ સ્વરથી પૂર્વપરિચિત પુરાણા નોકરોને કુશળ પ્રશ્ન પૂછી ન શક્યો. ઘરના અંદરના ભાગમાં જવાને જાણે તેના પગ ના પાડતા હોય એમ તેને લાગ્યું. સકળ સંસારમાં અસહાય આશાને જે અપમાનસહિત તજીને મહેન્દ્ર ચાલ્યો ગયો છે, જે અપમાન સ્ત્રીઓની લજ્જાના આવરણને દૂર હઠાવીને સંસારની કુતુહલભરી દૃષ્ટિની કટ્ટ વર્ષામાં તેમને ઉભી રાખે છે, તે અપમાનથી દુઃખદ સ્થિતિમાં આ ઘડીએ મૂકાયલી વ્યથિત હૃદયવાળી આશાને, બિહારી કિયા હૃદયથી, કેવી રીતે જોઇ શકશે?

આવા વિચારોને સંપૂર્ણ અવકાશ ન મળતાં, બિહારી ઘરના અંદરના ભાગમાં જવાનું કરતો હતો ત્યાં આશાએ એકદમ આવીને કહ્યું: "જરા જલ્દી ચાલોને, સાસુજીને બહુ દુઃખ થાય છે."

બિહારી સાથે વિનાસંકોચે અને ખુલ્લી રીતે આશાએ, પહેલી જ વાર ઉપર પ્રમાણે વાતચિત કરી હતી. દુઃખના દુર્દિનોની હવાનો એક સામાન્ય ઝોકો, લાંબા વખતના અન્તરને દૂર કરે છે—જેઓ દૂર

ને દૂર રહે છે તેઓને અચાનક એક છત્ર નીચે એકત્ર કરી દે છે. આશાની ઉપરના પ્રકારની સંકોચહીન વ્યાકૂળતાથી બિહારી દુઃખી થયો. આ ક્ષુદ્રઘટનાથી તે કલ્પી શક્યો કે મહેન્દ્ર પોતાના ઘરમાં શું શું કરી ગયો છે. દુર્દિનને લીધે ઘરમાં વ્યવસ્થા અને સૌંદર્યની ખામી જણાય છે. તેવીજ રીતે ગૃહલક્ષ્મીને લજ્જા જાળવવાનો પણ અવસર નથી. નાનાં મોટાંની લાજ પાળવાના નિયમ, વાતચિત કરવાના વિચાર–એ બધુંએ પડતું મૂકાયું છે. તેમની તરફ ભ્રૂક્ષેપ કરવાનો પણ સમય નથી.

બિહારી રાજલક્ષ્મીના ઓરડામાં ગયો. રાજલક્ષ્મીને શ્વાસોશ્વાસનું દુઃખ વધ્યું હતું તેથી તે કષ્ટાતી હતી. બિહારી તેના ખંડમાં ગયા પછી, થોડી વારે તેનું દર્દ કમી થયું. બિહારીએ પ્રણામ કરીને, તેના પગની રજ પોતાને મસ્તકે ચઢાવી. રાજલક્ષ્મીએ તેને પાસે બેસવાની ઇશારત કરી. બિહારી બેઠો એટલે તે બોલી: "બિહારી, શી ખબર છે? ઘણા દિવસથી મેં તને નથી દીઠો."

બિહારી: "માજી, તમારી માંદગીના ખબર તમે મને સવેળા કેમ ન આપ્યા? હું તરતજ અહિં દોડી આવત."

રાજલક્ષ્મીએ કોમલ સ્વરે કહ્યું: "એ શું હું નહોતી જાણતી, બેટા! તને મેં જન્મ તો નથી આપ્યો પણ તને જગતમાં ઉછેરીને મોટો તો મેં કર્યો છે—"

એટલું કહેતાં કહેતાં રાજલક્ષ્મીની આંખોમાં આંસુ આવી ગયાં. બિહારીએ તરતજ ઉઠીને જાણે કબાટમાં રાખેલી દવાની શીશીઓ પોતે જોતો હોય એવી ચેષ્ટા કરી. થોડીવાર પછી તેણે રાજલક્ષ્મીની નાડી જોવાનું મિષ કાઢ્યું.

રાજલક્ષ્મીએ કહ્યું: "મારી નાડીમાં શું જોવાનું છે? કાંઇ

નથી; પણ પહેલાં હું પૂછું તેનો જવાબ આપ. તું આટલો બધો સુકાઇ કેમ ગયો?" એટલું કહીને રાજલક્ષ્મી પોતાનો દુર્બળ હાથ બિહારીના માથા ઉપર ફેરવવા લાગી.

બિહારીએ ઉત્તર આપ્યો: "તમારા હાથની કઢી ખાધા વિના કદી મારૂં શરીર સુધરવાનું નથી. તમે જલ્દી જલ્દી સાજાં થઈ જાઓ, એટલામાં હું રસોઇ માટે બધી તૈયારી કરી રાખું."

રાજલક્ષ્મી: "જલ્દી જલ્દી તૈયારી કર બેટા, પણ રસોઇની નહિં!—

તેણે બિહારીનો હાથ પકડયો અને કહ્યું: "બિહારી, હવે તું તારે માટે વહુ લઇ આવ. ઘરમાં તારી સેવા કરવાવાળું માણસ કોઇ નથી." અન્નપૂર્ણા તરફ જોઇને તે બોલી: "તમે હવે બિહારીનાં લગ્ન કરી નાંખો. જુઓને છોકરાનું શરીર કેટલું બધું ફિક્કું પડી ગયું છે?"

અન્નપૂર્ણા: "ભાભીજી, તમે સાજાં થઇ જાવ, સાજાં. બિહારીને પરણાવવો એ તો તમારૂં કામ છે. અમે બધાં તેમાં હસીખુશીથી ભાગ લઇશું."

રાજલક્ષ્મી: "મને તો એ બધું કરવાનો હવે વખત નથી માટે દેરાણી, બિહારી હું તમને સોંપું છું. એને સુખી કરો. હું તો એનું ઋણ ચુકવી શકી નથી—પરંતુ ભગવાન એનું ભલું કરશે—"

રાજલક્ષ્મીએ પુનઃ પોતાનો જમણો હાથ બિહારીના માથા ઉપર ફેરવ્યો. આશા, એ ઓરડામાં રહી શકી નહિં—તે રોવા માટે બહાર જતી રહી. અન્નપૂર્ણાએ એકવાર સજળ સ્નેહદષ્ટિથી બિહારી તરફ જોયું. રાજલક્ષ્મીને એકાએક કોણ જાણે શું યે યાદ આવ્યું કે તેણે આશાને બૂમ મારી: "વહુ, ઓ વહુ!"

. .
.

આશા અન્દર આવી એટલે રાજલક્ષ્મી બોલી: "બિહારી માટે ખાવાપીવાનો બંદોબસ્ત કરવાનો છે કે કર્યો છે?"

બિહારી: "માજી, તમારા આ બાળકને સહુ કોઇએ ઓળખી લીધો છે. હું ઘરમાં દાખલ થતો હતો તે વખતેજ મેં જોયું કે નોકર બજારમાંથી શાકપાંદડું લઇ આવતો હતો. હું તરતજ સમજી ગયો કે આ ઘરમાં હજી સુધી મારા માટેનો સ્નેહ લુપ્ત થયો નથી." એટલું કહીને તેણે એકવાર આશા તરફ નજર કરી.

આશા આજે શરમાઇ નહિં. તેણે સ્નેહપૂર્ણ મંદમંદ હાસ્યથી બિહારીના હાસ્યનો ઉત્તર વાળ્યો. આશા પહેલાં એ સારીપેઠે જાણતી નહોતી કે બિહારી આ ઘરનો કેટલો બધો હિતેચ્છુ છે. અનેકવાર તેણે બિહારીને નકામો આવજા કરનારો ધારીને તેની તરફ તિરસ્કારભરેલી વલણ ધારણ કરી હતી. અનેકવાર બિહારી તરફ તેણે મોઢું ચઢાવીને જોયું હતું. પોતાનો તેના પ્રત્યેનો વિમુખભાવ તેણે અગાઉ પોતાનાં આચરણોથી ઘણીવાર પ્રકટ કર્યો હતો. આજ એ સર્વ માટે તેને પશ્ચાત્તાપ થયો. બિહારીપ્રત્યે આશાને શ્રદ્ધા અને નિર્મળ પ્રીતિ ઉપજ્યાં. બિહારીની કિંમત આશા હવે આંકી શકી.

રાજલક્ષ્મીએ કહ્યું: "દેરાણી, આજની રસોઇ તમારી દેખરેખ નીચે કરાવજો. મારો આ ગામડીઓ બાળક સરસ કઢી વિના કદી પેટ ભરીને જમતો નથી."

બિહારીએ કહ્યું: "માજી, તમારાં મા ઉન્નાવ જીલ્લાના એક ગામડાના રહેવાસી હતાં છતાં તમે ખાસ શહેરમાં રહેનારા એક ભલા માણસના છોકરાને ગામડીઓ કહો છો, એ મારાથી સહન નહિં થાય!"

આ વાત ઉપરથી સર્વે જણ હસી પડયાં અને એ રીતે ઘણું

દિવસો પછી **મહેન્દ્ર**ના ઘરની ઉદાસીનતા જાણે ઓછી થઇ. પરંતુ આ વાતચિત દરમ્યાન કોઇએ **મહેન્દ્ર**નું નામ સરખું દીધું નહિં. પહેલાં રાજલક્ષ્મી બિહારી આગળ **મહેન્દ્ર**નીજ વાતો કર્યા કરતી અને **મહેન્દ્ર** એ માટે માની મશ્કરી કરતો પણ આજ એજ રાજ-લક્ષ્મીના મ્હોંમાંથી એકવાર પણ **મહેન્દ્ર**નું નામ ન સાંભળીને બિહારી બહુજ ચકિત થયો.

રાજલક્ષ્મીની આંખ સહેજ મળી ગઇ એટલે બિહારીએ બહાર આવીને અન્નપૂર્ણાને કહ્યું: "માજીની આ માંદગી સાધારણ નથી!"

અન્નપૂર્ણા: "એ તો સારી પેઠે સમજી શકાય છે." થોડીવાર પછી બારણાના ઉમરામાં બેસીને અન્નપૂર્ણા બોલી: "બિહારી, હવે તો તારે **મહેન્દ્ર**ને બોલાવી લાવવો જોઇશે! હવે વાર લગાડવામાં સાર નથી."

બિહારી કંઇક વખત સુધી નિરૂત્તર રહ્યો; એ પછી તે બોલ્યો: "તમે જો મને આજ્ઞા કરો તો હું તેમ કરવા તૈયાર છું. એનું ઠેકાણું કયાં છે?"

અન્નપૂર્ણા: "એ તો કોઇ બરોબર જાણતું નથી. એને તારે ગમે ત્યાંથી શોધી કાઢવો પડશે, બિહારી, બીજી એક વાત તને કહેવાની છે. ચુન્નીના મ્હો સામું જો. વિનોદિનીનાં પાશમાંથી જો તું **મહેન્દ્ર**નો ઉદ્ધાર નહિં કરી શકે તો હવે તે બચનાર નથી. એનું મ્હોં જોતાંજ તું સમજી શકીશ કે એના હૃદયમાં મૃત્યુનું બાણ વાગ્યું છે."

બિહારી મનમાંજ તીવ્ર હાસ્ય કરતો કહેવા લાગ્યો: "બીજાંનો તો હું ઉદ્ધાર કરીશ, પણ હે ભગવાન, મારો કોણ કરશે?"

બિહારી બોલ્યો: "વિનોદિનીના આકર્ષણમાંથી **મહેન્દ્ર**ને હમેશને માટે રોકી રાખવાનો મંત્ર, હું શી રીતે જાણું, કાકી? માજીની

માંદગીમાં એ દિવસ કદાચ શાન્ત થઈને તે ઘરમાં રહેશે પણ ફરીથી પાછો તે તેની કને નહિં જાય એવું તે હું શું કરી શકું એમ છું?”

એ વખતે મેલાં કપડાં પહેરીને તેમજ અર્ધો ઘૂમટો કાઢીને આશા ત્યાં ધીમે ધીમે આવી અને માસીના પગ પાસે બેસી ગઇ. તે જાણતી હતી કે રાજલક્ષ્મીની માંદગી સંબંધમાં બિહારી અન્નપૂર્ણા સાથે વાતચિત કરે છે; આથી તે ઉત્સુકતાથી એ વાત સાંભળવા ત્યાં આવી હતી. પતિવ્રતા આશાના મુખમંડળ ઉપર નિઃસ્તબ્ધ દુઃખની નીરવ છાયા જોઇને બિહારીના મનમાં અપૂર્વ ભક્તિનો ઉદય થયો. શોકથી તપેલા તીર્થજલમાં નાહેલી આ યુવતિએ પ્રાચીન યુગની દેવી સમાન સ્થિર મર્યાદા મેળવી છે. હવે તે સાધારણ સ્ત્રી નથી–દારૂણ દુઃખથી જાણે પુરાણોમાં વર્ણવેલી સુતિ સાધ્વી સ્ત્રીઓની માફક એક સાધ્વી બની ગઇ છે.

બિહારીએ આશા સાથે રાજલક્ષ્મીની દવા અને પથ્ય સંબંધી વાતચિત કરીને વિદાયગીરી લીધી, ત્યારે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને તે બોલ્યો: “મહેન્દ્રને હું બચાવીશ!”

મહેન્દ્રના રૂપિયા જે બેંકમાં હતા તેમાં જઇને બિહારીએ ખબર કાઢી તો જણાયું કે કેટલાક દિનથી તેણે અલ્હાબાદવાળી શાખા સાથે લેવડ દેવડ શરૂ કરી હતી.

પરિચ્છેદ ૨૧.

વિનોદિનીની સહેતુક રખડપટ્ટી.

સ્ટેશન ઉપર આવીને વિનોદિની એકદમ ત્રીજા વર્ગના સ્ત્રીઓના ડબ્બામાં ચઢી બેઠી. મહેન્દ્રે કહ્યું : " અરે, એ શું કરો છો ? તમારે માટે બીજા વર્ગની ટીકીટ હું ખરીદું છું. "

વિનોદિની: " એમ કરવાની શી જરૂર છે ? અહિં મને સારી રીતે ફાવશે. "

મહેન્દ્રને આશ્ચર્ય ઉપજ્યું કે વિનોદિની સ્વભાવે તો શૉખીન છે, છતાં આમ કેમ કરે છે ? પહેલાં તેને ગરીબીનાં લક્ષણ સારાં લાગતાં ન હતાં, પોતાની ગરીબી તે પોતાના અપમાન રૂપ સમજતી હતી. મહેન્દ્ર એમ ધારતો હતો કે, મારા ઘરમાં રૂપીઆની અને એશઆરામની વસ્તુઓની ખોટ નથી, બધી જાતની શૉખીન વસ્તુઓ ઇચ્છા કરવાની સાથેજ મંગાવી શકાય એમ છે અને હું ધનવાન હોવાથી સર્વ લોકોમાં મારૂં ગૌરવ છે—મારી પ્રતિષ્ઠા છે. આ સહુ બાબતોથી વિનોદિની ' એક દિવસ જરૂર મારા તરફ આકર્ષાઇને આવશે ! તે અનાયાસે આ સર્વ ધન–સંપત્તિની, આ બધી આરામ અને મોજની વસ્તુઓની સ્વામિની બની શકે એમ છે. આ કલ્પના મહેન્દ્રના મનમાં અત્યારે પુનઃ ઉદ્‌ભૂત થઇ. તેણે તેને ઉત્તેજીત બનાવી મૂકયો. વિનોદિની જ્યારે મહેન્દ્ર ઉપર પ્રભુત્વ મેળવી શકે છે, મહેન્દ્રની સંપત્તિનો યથારૂચિ ઉપભોગ કરી શકે એમ છે, ત્યારે શા માટે આવી અસહ્ય ઉપેક્ષા અને અત્યંત ઉદ્ધતાઇથી શરમિંદગીભર્યા અને દુઃખભર્યા માર્ગમાં દીનતાથી ભટકે છે ? વિનોદિની મહેન્દ્ર

પ્રતિ પોતાના ભરૂંસાને યથાસંભવ સંકુચિત કરી રાખવા ઇચ્છે છે. જે ઉન્મત્ત **મહેન્દ્રે** તેને તેના સ્વાભાવિક અને ઉચિત આશ્રયથી આખા જીવનકાળ માટે ચ્યુત કરી દીધી છે, એ **મહેન્દ્રના** હાથથી વિનોદિની એવું કશું કામ થયલું જોવા ચાહતી નથી, કે જે આ સર્વ નાશના મૂલ્યરૂપ ગણાઈ શકે ? જ્યારે વિનોદિની, **મહેન્દ્રના** ઘરમાં હતી, ત્યારે તેની રહેણી કરણીમાં વૈધવ્ય–વ્રતની કઠિનતા એટલી બધી જણાતી નહતી. પરંતુ આટલા બધા દિવસો પછી હવે તેણે પોતાના સર્વ પ્રકારના ભોગો દૂર કરી નાંખ્યા છે. અત્યારે તે એક વેળા ભોજન લે છે; સાદાં લુંગડાં પહેરે છે; અગાઉની માફક તે વારંવાર હાસ્યચેષ્ટા કરતી નથી. કોણ જાણે એ હાસ્ય ક્યાં જતું રહ્યું છે ? તે હાલમાં ચૂપચાપ બેસી રહે છે. પોતાનાં સર્વાંગ સંભાળપૂર્વક ઢાંકીને લજ્જાપૂર્ણ રીતે ફરે છે. અત્યારે તે **મહેન્દ્રને** એટલી બધી ભયાનક લાગે છે કે એક સાધારણ બાબતમાં પણ **મહેન્દ્ર** તેના ઉપર દબાણ કરવાનું સાહસ કરી શકતો નથી.

આ સર્વ પ્રકાર જોઇને **મહેન્દ્ર** અધીર અને ક્રુદ્ધ બની જાય છે. તે વિચારે છે કેઃ "વિનોદિનીએ આટલી બધી ચેષ્ટા કર્યા પછી, દુર્લભ ફળની માફક, મને ઉંચી શાખા ઉપરથી શામાટે તોડી પાડયો અને તે પછી હવે ફળ સુંઘતી પણ નથી અને આજ મને જમીન ઉપર ફેંકી દેવાની તૈયારી કેમ કરે છે ? "

મહેન્દ્રે પૂછ્યું : "ક્યાંની ટીકીટ લઉં ?"

વિનોદિની : "પશ્ચિમ તરફના ગમે તે ગામની લ્યો. સવારે જ્યાં ગાડી ઉભી રહેશે, ત્યાં હું ઉતરી પડીશ."

આવી રીતે ભ્રમણ કરવું, એ **મહેન્દ્રને** બિલકુલ પસંદ નથી. આવી મહેનત ભરેલી યાત્રા તેને ગમતી નથી. આરામમાં ખલેલ પહોંચે, એ તેને માટે ઘણી દુઃખની બિના છે. મોટા શહેરમાં રહેવાને

માટે સારૂં મકાન અને સારૂં રાચરચીલું ન મળે તો એને માટે તે ઘણું કઠિન થઇ પડે છે. મહેનત કરીને સારૂં મેળવવું એવું તે ચહાતો નથી. એને તો સારૂંજ જોઇએ છે. આવી પ્રકૃતિનો મહેન્દ્ર, વિનોદિનીના બેદરકાર ઉત્તરથી એકદમ ગુસ્સે થઇ ગાડીમાં ચઢી બેઠો. થોડી વાર પછી પાછો તેને વિચાર આવ્યો કે, "કદાચ વિનોદિની મને કહ્યા વિના કોઇ સ્ટેશને ઉતરી પડશે તો?"

વિનોદિની આ પ્રમાણે શનિશ્ચરની પેઠે પોતે પણ ભમવા લાગી છે અને મહેન્દ્રને પણ ભમાવવા લાગી છે. એને લીધે મહેન્દ્રને ક્યાંએ વિશ્રામ નથી મળ્યો. વિનોદિનીમાં કડક સ્વભાવવાળાં સ્ત્રી પુરુષોને પણ વશ કરી લેવાની શક્તિ હતી. ગાડીમાં થોડાક વખત માટે બેસવાવાળાં સ્ત્રી ઉતારૂઓ સાથે તે હળી મળી જતી હતી. જ્યાં પોતાને જવાની ઇચ્છા થતી ત્યાંની ખબર પહેલેથી મેળવી લેતી હતી. ધર્મશાળાઓમાં ઉતરતી હતી અને પોતાને જે કાંઇ વસ્તુ જોવાનું મન થતું તે જોવા માટે ફાવે ત્યાં ઉભી રહેતી હતી. મહેન્દ્ર હરઘડી વિચારતો કે, "શું વિનોદિનીને મારી કશી જરૂર નથી? આમ તો તે મારૂં અપમાન કરે છે! ટીકીટ ખરીદવા સિવાય શું તેને મારો બીજો કશો ખપ નથી?" પ્રવાસના પ્રારંભમાં તો તે વિનોદિની સાથે જ્યાં ત્યાં જતો હતો, પરંતુ ધીરે ધીરે તેને એમ કરવું અસહ્ય થઇ પડ્યું. જમ્યા પછી તે સુવાનો યત્ન કરતો અને વિનોદિની આખો દિવસ, બીજી યાત્રા કરનારી સ્ત્રીઓ સાંથે ફરવા જતી. કદાપિ કોઇને કલ્પના પણ નહિ હોય કે માતાનો લાડકો—સ્નેહપાલિત મહેન્દ્ર, આમ પોતાનું ઘર તજીને બહાર, એક હડકાયા કૂતરાની માફક, એક સ્ત્રીની પાછળ ભમ્યા કરશે!

એક દિવસ અલ્હાબાદ સ્ટેશન ઉપર આ બે જણાં, ગાડી આવવાની રાહ જોઇ ઉભાં રહ્યાં હતાં. કંઇક આકસ્મિક કારણથી ગાડીના

આવવામાં વિલમ્બ થયો. એ દરમ્યાન જેટલી બીજી ગાડીઓ આવ જા કરી રહી હતી તે સર્વમાં યાત્રિકો તરફ વિનોદિની ધ્યાનપૂર્વક જોતી હતી. પશ્ચિમ તરફ ફરતાં ફરતાં તે કોઈને શોધતી હોય અને અકસ્માત તે મળી જાય એવું ઇચ્છતી હોય એમ તેના આ પ્રકારના વર્તન ઉપરથી સમજી શકાતું હતું. અથવા તો તેને એવો ખ્યાલ હશે કે નિરંતર રૂંધાયલી સાંકડી ગલીમાં, નિર્જન ઘરમાં, કાંઇપણ ઉદ્યમ વિના પડી રહેવું, તેના કરતાં આ ખુલ્લી સડક ઉપર જનસમૂહના કોલાહલમાં અજબ શાંતિ સમાયલી છે.

એકાએક સ્ટેશન ઉપર કાચના એક નાના કબાટ તરફ વિનોદિનીની નજર ગઈ અને તે ચોંકી. એ કબાટમાં પોસ્ટખાતાના કાગળો હતા. તેમાં જે માણસોનાં શરણામાંનો પત્તો મળેલો નહિં તેઓના કાગળો હતા. આ કબાટમાંના એક કાગળમાં વિનોદિનીએ બિહારીનું નામ જોયું. "બાબૂ બિહારીલાલ" એ નામ કાંઇ અસાધારણ નથી–તેમ એવું સમજવાનું કારણ પણ નથી કે એ પત્રવાળો બિહારી, તે વિનોદિનીનો બિહારી છે. તેમ છતાં પણ બિહારીનું સંપૂર્ણ નામ જોઇને વિનોદિનીને નિશ્ચય થયો કે એ પત્ર એજ બિહારીનો છે. તેની ઉપરનું શરણામું વિનોદિનીએ ખાસ ધ્યાનમાં રાખી લીધું. મહેન્દ્ર એક બેંચ ઉપર ઉદાસભાવે બેઠો હતો. વિનોદિની તેની પાસે જઇને કહેવા લાગી: "હું અલ્હાબાદમાંજ રહીશ."

વિનોદિની મહેન્દ્રને પોતાની ઇચ્છાનુસાર ચલાવતી હતી, એટલુંજ નહિં પણ એના ભૂખ્યા અતૃપ્ત હૃદયને જરાકે અન્ન આપતી નહતી. આથી મહેન્દ્રનું પૌરુષાભિમાન જાણે પ્રતિદિન ખૂબ ખંડિત થતું હતું. તેનું હૃદય વિદ્રોહી બની જતું હતું. તે ભ્રમણ કરવાથી ત્રાસી ગયો હતો એટલે જો થોડાક દિવસ અલ્હાબાદમાં રહી વિશ્રાંતિ મેળવાય તો ઠીક એમ ઇચ્છતો હતો. એ વાત એને અનુકૂળ

હતી છતાં પણ જ્યારે વિનોદિનીએ પોતાની ઇચ્છા પણ એવીજ બતાવી ત્યારે મહેન્દ્ર તેની વિરુદ્ધ પડયો. તેણે કહ્યું : "બીજે ગામ જવા માટે સ્ટેશને આવ્યા પછી વળી પાછાં કેવું ફરવું? હું તો જઇશ."

વિનોદિની: "હું નહિં આવું. હું અહિંજ રહીશ."

મહેન્દ્ર: "તો તમે એકલાં રહો. હું જાઉં છું."

વિનોદિની: "બહુ સારૂં." એ પછી તેણે એક મજુરને બોલાવ્યો અને પોતાનો સામાન તેને માથે ચઢાવીને તે સ્ટેશન બહાર જવા લાગી.

મહેન્દ્ર પુરુષકર્તૃત્વનો અધિકાર લઇને બેંચ ઉપર બેસી રહ્યો. એનું મ્હોં ધુંઆંપુંઆં થઇ ગયું હતું. જ્યાં સુધી વિનોદિનીની પીઠ તે જોઇ શકયો ત્યાં સુધી તે સ્થિરભાવે બેસી રહ્યો. પણ વિનોદિનીએ એક વાર પણ તેની તરફ ફરીને જોયું નહિ અને તે સ્ટેશન બહાર નીકળી ગઇ એટલે મહેન્દ્રે પણ એક મજુરને બોલાવ્યો અને તેને માથે પોતાનો સામાન મૂકાવી તે પણ ચાલવા માંડયો. સ્ટેશન બહાર આવીને તે જુએ છે તો વિનોદિની એક ભાડુતી ગાડીમાં બેઠી છે. મહેન્દ્ર કશું બોલ્યો નહિ. ચૂપચાપ તેણે ગાડી ઉપર પોતાનો સામાન મૂકાવ્યો અને તે પછી તે કોચમેન પાસે બેસી ગયો. પોતાનું અભિમાન મૂકી દીધા પછી, ગાડીમાં વિનોદિની સાથે બેસવાનું તેને રૂચ્યું નહિ.

ગાડી એકજ પ્રકારની ગતિથી ચાલવા માંડી. એક કલાક થઇ ગયો. ધીરે ધીરે શહેરની વસ્તી ઓછી થતી જણાઇ. મેદાનો અને ખેતરોના રસ્તા ઉપર ગાડી ચાલવા લાગી. ગાડીવાનને એ પૂછતાં મહેન્દ્રને લજ્જા ઉપજી કે ગાડી ક્યાં લઇ જાય છે? કદાચ પોતે કાંઇ પૂછે તો ગાડીવાન એમ સમજે કે અંદર બેઠેલી સ્ત્રી માલિક છે અને ક્યાં જવાનું છે એ બાબતમાં આ અનાવશ્યક માણસની એ બાઈએ સલાહ પણ પૂછવાની જરૂર જોઈ નથી!

મહેન્દ્ર મનમાં જ બળેલોજળેલો અભિમાન સાથે બેસી રહ્યો. ગંગા કિનારાના એક શાન્ત અને સુરક્ષિત બાગમાં ગાડીએ પ્રવેશ કર્યો. મહેન્દ્ર વિચારમાં પડયો કે આ બાગ કોનો હશે? આ બાગનો પત્તો વિનોદિનીને કોણે આપ્યો હશે?

બાગની અંદરનું મકાન બંધ હતું. કેટલીયે બૂમો પાડયા પછી એક વૃદ્ધ બ્રાહ્મણ બહાર આવ્યો. તેણે કહ્યું: "આ બાગના માલિક અહિંથી બહુ દૂર રહેતા નથી માટે તમે તેની પરવાનગી લઇ આવો. એ પછી આપ ખુશીથી અહિં રહી શકશો."

વિનોદિનીએ મહેન્દ્ર તરફ જોયું. મહેન્દ્રને આ મનોહર ઘર અને બાગ જોઇને તેમાં રહેવાની લાલસા ઉપજી હતી. બહુ દિવસ પછી, થોડોક વખત શાંતિથી રહેવાની સંભાવનાથી તેનું મન પ્રફુલ્લ થયું. તે બોલ્યો: "તો ચાલો, એ માલિકને મકાને. તમે બહાર ગાડીમાં બેસી રહેજો અને હું અંદર જઇને તેની અનુમતિ લઇ આવીશ."

વિનોદિની: "હવે હું રખડપટ્ટી કરી શકીશ નહિ. તમે એકલા જ જાઓ હું ત્યાં સુધી અહિં વિશ્રામ લઇશ. અહિં એકલી બેસીશ તેથી મને કાંઇ બ્હીવાનું કારણ નથી."

મહેન્દ્ર ગાડીમાં બેસીને, બાગના માલિકને ઘેર ગયો. વિનોદિનીએ બ્રાહ્મણ સાથે વાતચિત કરવી શરૂ કરી. તમે કેવી જાતના બ્રાહ્મણ છો? તમને કેટલાં છોકરાં છૈયાં છે? અહિં બીજા કોઇ નોકર–ચાકર છે કે નહિ? તમારી છોકરીઓનાં લગ્ન થઇ ગયાં છે કે નહિ? ઇત્યાદિ પ્રશ્નો તે પૂછવા લાગી. એ વૃદ્ધની સ્ત્રી મરણ પામેલી હતી તે વાત સાંભળીને વિનોદિની બોલી: "અરેરે, તમે તો ઘણા દુઃખી છો! આ વૃદ્ધાવસ્થામાં તમે એકલવાયા પડી ગયા તેથી તમારી સેવાસુશ્રૂષા કરવાવાળું તમારી પાસે કોઇ નથી, એ બહુ દુઃખદાયક બિના છે!"

એ પછી તેણે વાતમાંને વાતમાં પૂછ્યું: "અહિં તો બિહારી બાબૂ રહેતા હતા ને?" વૃદ્ધે ઉત્તર દીધો: "હા થોડાક દિવસ તો રહ્યા હતા. બહેન તમે શું તેમને ઓળખો છો?"

વિનોદિની: "હા, એ અમારા સંબંધી થાય છે."

વિનોદિનીએ આ વૃદ્ધ બ્રાહ્મણદ્વારા, બિહારીનો સ્વભાવ, તેનું વર્ણન વગેરે સાંભળ્યા પછી તેના મનમાં કોઇ પણ પ્રકારનો સન્દેહ રહ્યો નહિ. "નક્કી એ એજ બિહારી!" એમ તે બોલી ઉઠી. ધીરે ધીરે તેણે આ મકાન ઉઘડાવ્યું અને એ પછી બિહારી ક્યાં સૂતો હતો, ક્યાં બેસતો હતો વગેરે વાતો જાણી લીધી. તેના ગયા પછી આ મકાન બંધ રહેતું હતું અને તેમાં કોઇ નહતું. પણ વિનોદિનીને લાગ્યું કે જાણે અદૃશ્યબિહારીનું અસ્તિત્વ આ ઘરમાં સર્વત્ર છે. હવામાં પણ તેનો જ આભાસ છે. એ હવાનો ઉચ્છ્વાસ લઇને જાણે વિનોદિનીએ તેને પોતાના હૃદયમાં પૂરી દીધો,—ત્યાંની હવામાં ફરી ફરીને જાણે તણે તેને પોતાના અંગે લગાવ્યો. જાણે તેને તે ભેટી.

પરંતુ બિહારી ક્યાં હશે? વૃદ્ધ બ્રાહ્મણ તેનો પત્તો આપી શક્યો નહિ. "તેઓ ફરીથી અહિં આવે એવો સંભવ છે ખરો, પણ કાંઇ ચોક્કસ કહી શકાય નહિ." આવા બ્રાહ્મણના શબ્દોથી વિનોદિનીને કંઇક આશા ઉપજી. એ ઉપરાંત બ્રાહ્મણે તેને ખાત્રી આપી કે, 'મારા માલિકને પૂછીને આ બાબતમાં હું ચોક્કસ ખબર કહીશ.

થોડીવાર પછી મહેન્દ્ર, માલિકને ત્યાંથી બાગમાં રહેવાની મંજુરી લઇને પાછો ફર્યો.

પરિચ્છેદ ૨૨.

અભિસારિકા !

હિમાલય પર્વતના શિખર ઉપરથી ભાગીરથીને, ગળતા બરફની જે ધારા મળે છે, તે અનન્ત છે. એવી જ રીતે કેટલાયે પ્રાચીન અને અર્વાચીન કવિઓએ આ સરિતામાં કવિત્વનો જે સ્રોત વહેવરાવ્યો છે તે પણ અક્ષય છે. એ કવિત્વ–સ્ત્રોતના કલકલ નિનાદમાં કેટલાએ વિચિત્ર છન્દ ધ્વનિત છે અને તેની લહરીઓની લીલામાં ન જાણે કેટલાયે કાળના પુલકિત ઉચ્છ્વસિત ભાવોના આવેગ વહી રહ્યા છે.

સાયંકાલે મહેન્દ્ર આ નદીને તીરે આવીને બેઠો. એ સમયે એકત્ર થયલા પ્રેમના આવેશે તેની દૃષ્ટિમાં, તેના શ્વાસોશ્વાસમાં, તેની નસોમાં, તેની પાંસળીઓમાં પ્રગાઢ મોહરસ રેલાવી મૂક્યો હતો. નભોમંડળમાં અસ્તાચલગામી થતા સૂર્ય ભગવાનનાં કિરણોની સુવર્ણવીણા, વેદનાની મૂર્ચ્છનામાં, એક અશ્રુતપૂર્વ સંગીત લલકારી રહી હતી.

દિનકરની દીપ્તિ, નિર્જન રેતીના વિશાળ પટમાં વિચિત્ર રંગોની છટા દેખાડતી દેખાડતી અદૃશ્ય થઇ ગઇ. મહેન્દ્રનું મન કાવ્ય લોકમાં પહોંચી ગયું. તેણે આંખો બંધ કરી તો જણાયું કે ગાયોના પગની ધૂળ ઉડી રહી છે. અંધારૂં છવાઇ ગયું છે. ગાયો વૃન્દાવનથી પોતાના સ્થાને પાછી વળે છે.

આકાશ વાદળાંથી આચ્છાદિત થઇ ગયું. અપરિચિત સ્થાનનો અન્ધકાર કેવલ કાલારંગનો પડદો જ નથી હોતો; એ વિચિત્ર રહસ્યથી પરિપૂર્ણ પણ હોય છે. તેમાં જેટલી આભા–જેટલા આકાર દેખાય

છે, તે અજ્ઞાત અનુચ્ચારિત ભાષામાં બોલતા જણાય છે. સામા કિનારાની રેતીનું અવ્યક્ત પીળાપણું, તરંગહીન જલની શાહી સમાન કાલિમા, બાગમાં ખૂબ પાંદડાં અને ડાળીથી લચી ગયલાં ઉંચાં ઉંચાં ઝાડોની નિસ્તબ્ધતા, અને વૃક્ષહીન સરિતાતટની વાંકી રેખા—એ સહુએ આષાઢની સન્ધ્યાના અન્ધકારમાં તરેહવાર અનિર્દિષ્ટ, અપરિસ્ફુટ આકારોમાં મળી જઈ, **મહેન્દ્ર**ને ઘેરી લીધો.

આ સમયે **મહેન્દ્ર**ને, કાવ્યમાં વાંચેલો વર્ષાઋતુનો અભિસાર, યાદ આવ્યો. અભિસારિકા[1] ઘરમાંથી બહાર નિસરી પડી છે, નદીના સામા કિનારા ઉપર દૂર એકલી ઉભી રહી છે. પાર શી રીતે ઉતરશે? "પાર કરો કોઇ પાર કરોજી." **મહેન્દ્ર**ના હૃદયમાં એ રવનો ઝણુઝણાટ થઇ રહ્યો: "પાર કરો કોઇ પાર કરોજી."

નદીના બીજા કિનારા ઉપર બહુ દૂર એ અભિસારિકા છે; તોપણ **મહેન્દ્ર** તેને સ્પષ્ટ સ્વરૂપે જોઈ શક્યો. **મહેન્દ્ર** તેને ઓળખી શક્યો. તે **વિનોદિની** છે. વિરહવેદના, અને સંપૂર્ણ યૌવનભાર સાથે ન જાણે કેટલા વખતથી આ અભિસારની યાત્રાને અર્થે એ નીકળી પડી છે અને હવે જાણે કેટલાંયે ગાન, કેટલાયે છંદો લલકારીને આ સમયે આ સામેના તટ ઉપર આવી પહોંચી છે. આજના આ જનહીન સરિતાતટ ઉપરના આકાશમાં તેના કંઠાના સૂર શ્રવણે પડે છે: "પાર કરો કોઈ પાર કરોજી." પાર પહોંચાડનારી નાવની રાહ જોતી એ કેટલા સમય સુધી અન્ધકારમાં એકલી ઉભી રહેશે? "પાર કરો કોઇ પાર કરોજી."

વાદળાં વિખરાઇ ગયાં. કૃષ્ણપક્ષની તૃતીયાનો ચન્દ્રમા બહાર આવ્યો. ચાંદનીના માયામય મંત્રથી એ નદી અને નદીતટ, એ આકાશ

---

૧. અભિસારિકા, એ સ્ત્રીને કહેવામાં આવે છે, કે જે કોઇ નિયત સ્થાને સ્વયં નાયકને મળવા જાય છે અથવા નાયકને પોતાની પાસે બોલાવે છે.

અને આકાશના કિનારા, પૃથ્વીની બહાર બહુ દૂર ચાલ્યાં ગયાં. એમને અને મનુષ્ય લોકને કશોયે સંબંધ રહ્યો નહિ. સમય પ્રવાહની ધારા તૂટી પડી—અતીતકાલનો આખો ઇતિહાસ લુપ્ત થઇ ગયો, ભવિષ્યકાલનાં ફલાફલ અન્તર્હિત થઇ ગયાં. કેવલ આ રજત–ધારા–પ્લવિત વર્તમાનકાલ ગંગા અને ગંગાતટની વચમાં મહેન્દ્ર અને વિનોદિનીને લઇને વિશ્વ–વિધાનની બહાર ચિરસ્થાયી થઇ રહ્યો.

મહેન્દ્ર વિચાર–પ્રદેશમાંથી જાગ્યો. તેને એવી કલ્પના પણ થઇ નહિં કે, વિનોદિની પોતાનો અસ્વીકાર કરશે, અને ચાંદની રાત્રે આ નિર્જન સ્વર્ગખંડને લક્ષ્મીના રૂપથી સર્વ પ્રકારે સંપૂર્ણ નહિં કરે. તે ઉઠયો અને તરત જ એ અભિસારિકા રૂપ વિનોદિનીના શોધમાં ચાલ્યો.

બાગમાં આવીને પોતાની સુવાની ખોલીમાં તે ગયો. તેને લાગ્યું કે આખું ઘર ફુલોથી મહેંકી રહ્યું છે. ખુલ્લાં બારણાંમાંથી ચન્દ્રિકા પોતાનાં શ્વેત કિરણો શ્વેત બિછાનાં ઉપર પાડી રહી છે. વિનોદિનીએ બાગમાંનાં ફુલો વીણીને ઘણી માળાઓ ગુંથી છે. એમાંથી કેટલીક પોતાને મસ્તકે પહેરી છે; કેટલીક ગળામાં નાંખી છે અને કેટલીક કમ્મરે બાંધી છે. હાથ પણ ફુલોની માળાઓ વિનાના નથી. ફુલોનાં આભૂષણથી સજ્જ થઇને, વસન્તકાલની ઝુકેલી લતાની માફક ચાંદનીમાં તે બિછાના ઉપર પડી રહી છે!

મહેન્દ્રનો મોહ વૃદ્ધિંગત થયો. રૂંધાયલા કંઠે તે બોલ્યો: "વિનોદિની, નદીના કિનારા ઉપર બેઠા બેઠા હું તમારી વાટ જોઇ રહ્યો હતો. આકાશમાં ખીલેલા ચન્દ્રે મને ખબર આપી કે તમે અહિંઆ બિછાનામાં પડયાં પડયાં મારી રાહ જોઇ રહ્યાં છો; આથી હું અહિં આવ્યો."

મહેન્દ્ર બિછાનામાં બેસવા માટે આગળ વધ્યો. વિનોદિની એક-

દમ ચોંકી ઉઠી અને જમણો હાથ લાંબો કરીને કહેવા લાગી: "જાઓ, આઘા જાઓ, આ બિછાના ઉપર બેસશો નહિં."

વાયુના જોરથી ત્વરિત ગતિયે ચાલતી નાવ, ખડક સાથે અથડાતાં અટકી ગઇ—મહેન્દ્ર સ્તબ્ધ થઇ, ઉભો રહ્યો. ઘણા વખત સુધી તેના મ્હોંમાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહિં. મહેન્દ્રને મના કરી તે છતાં પણ કદાચ તે નહિં માને એમ ધારી લઇને, વિનોદિની એકદમ બિછાનામાંથી ઉઠીને દૂર ઉભી રહી.

મહેન્દ્ર: "તમે કોને માટે આ વેશ સજ્યો છે? આ શૃંગાર શામાટે ધારણ કર્યા છે? તમે કોની અપેક્ષા કરો છો?"

વિનોદિનીએ પોતાના હૃદય ઉપર હાથ મૂકીને કહ્યું: "જેને માટે મેં આ શૃંગાર ધારણ કર્યા છે, તે મારા હૃદયમાં છે."

મહેન્દ્ર: "એ કોણ છે? બિહારી?"
વિનોદિની: "એમનું નામ તમે ન લેશો!"
મહેન્દ્ર: "એને માટે જ તમે પશ્ચિમની યાત્રા કરી રહ્યાં છો ને?"
વિનોદિની: "હા. એમને જ માટે!"
મહેન્દ્ર: "અત્યારે તમે એની જ વાટ જુઓ છો ને?"
વિનોદિની: "હા, એમની જ!"
મહેન્દ્ર: "એ ક્યાં છે તે તમે જાણો છો?"
વિનોદિ: "જાણુતી તો નથી પણ જ્યાં હશે ત્યાંથી શોધી કાઢીશ."
મહેન્દ્ર: "હું કોઇપણ રીતે એનો પત્તો લાગવા નહિં દઉં."

વિનોદિની: "એમનો પત્તો નહિં લાગવા દો તો ભલે; પણ એ તો નક્કી છે કે મારા હૃદયમાંથી કાંઇ તમે એમને કાઢી શકવાના છો?." વિનોદિનીએ પોતાનાં નેત્ર મીંચી દીધાં અને હૃદયમાં એક વાર પુનઃ બિહારીનું આવાહન કર્યું!

વિધવા વિનોદિનીની આ અનુચિત પુષ્પાભરણભૂષિતા દશાથી પોતે પ્રબળ વેગે મોહિત થઇ, તે જેમ ખેંચે તેમ ખેંચાવું અને પાછળ હઠાવે તેન હઠવું, એ સ્થિતિ મહેન્દ્રને હવે ભયંકર લાગી. બન્ને હાથની મુઠ્ઠીઓ વાળી દાંત કચકચાવી તે બોલ્યો : "છુરીથી ચીરીને તમારા હૃદયમાંથી હું તેને બહાર કાઢીશ!"

વિનોદિની આ કથનથી વિચલિત થઇ નહિં. તે બોલી : "તમારા પ્રેમને બદલે તમારી છુરી મારા હૃદયમાં સહજ વારમાં ભોંકશે, એ હું જાણું છું!"

મહેન્દ્ર : "શું તમને મારો ભય લાગતો નથી? અહિં તમારી રક્ષા કરનાર કોણ છે?"

વિનોદિની : "મારી રક્ષા કરનાર તમે જ છો. તમે પોતે જ મારી રક્ષા કરશો."

મહેન્દ્ર : "એટલી શ્રદ્ધા, એટલો વિશ્વાસ હજી પણ બાકી છે?"

વિનોદિની : "જો એ નહોત તો હું આત્મહત્યા કરી મરી જાત; તમારી સાથે ઘરની બહાર નીકળત નહિં."

મહેન્દ્ર : "તમે મરી શા માટે ન ગયાં? આટલા બધા વિશ્વાસની ફાંસી મારા ગળામાં નાંખીને અને દેશ દેશાન્તરમાં ઘસડી ઘસડીને તમે મને શા માટે મારી નાંખો છો? વિચારી જુઓ, તમે અત્યારે મરણ પામો તો કેટલું કુશળ–કેટલું મંગલ થાય?"

વિનોદિની : "એ તો હું જાણું છું; પણ જ્યાં સુધી બિહારીની આશા છે ત્યાં સુધી હું મરી શકું નહિ."

મહેન્દ્ર : "જ્યાં સુધી તમે નહિં મરો ત્યાં સુધી મારી પ્રત્યાશા પણ નહિ મરે–હું છૂટકારો પણ મેળવી શકીશ નહિ. તમારા મરણની કામના, હું આજથી ખરા મનથી ઇશ્વર પાસે કરૂં છું. તમે મારાં પણ

થશો નહિ અને બિહારીનાં પણ થશો નહિ. જાઓ, દૂર થાઓ. મારો છૂટકારો કરો. મારી મા કલ્પાંત કરી રહી છે, મારી સ્ત્રી રડયા કરે છે, એમનાં આંસુ દૂરથી મને બાળે છે! તમે જો મરશો નહિ—મારી અને આખી પૃથ્વીના સહુ લોકોની આશાથી અતીત થશો નહિ, તો મને તેમની આંખોનાં આંસું લ્હોવાનો અવસર મળશે નહિ!"

એટલું કહી, મહેન્દ્ર જલદીથી બહાર જતો રહ્યો અને વિનોદિની, પોતાની આસપાસ જે મોહજાળ ફેલાવી રહી હતી તેને છિન્નભિન્ન કરતો ગયો. વિનોદિની ચૂપકીદીથી ઉભી ઉભી બહાર જોઇ રહી હતી. આકાશમાં છાયેલી ચાંદની જાણે ફિક્કી હોય તેમ જણાતી હતી. એનો અમૃતરસ કોણ જાણે ક્યાંયે ઉડી ગયો હતો! ક્યારાઓમાંનાં પુષ્પવૃક્ષ, નદીનું કાળું જળ, સામા કિનારાનું કંઇક અસ્ફુટ દૃશ્ય, કિનારા આગળની રેતી—એ સહુ જાણે એક કોરા કાગળ ઉપર પેન્સીલથી આંકેલાં રેખા–ચિત્ર હોય એમ જણાવા લાગ્યાં. બધું નિરસ! બધું નિરર્થક!

મહેન્દ્રને વિનોદિનીએ કેવા પ્રબળ વેગથી પોતાની તરફ ખેંચ્યો છે, કેવી રીતે પ્રચંડ વંટોળિયાની માફક તેને જડમૂળથી ઉખાડી લીધો છે, તેનો અનુભવ કર્યાથી આજ તેનું મન અશાન્ત બની ગયું. તે વિચારવા લાગી: "મારામાં જો આ પ્રકારની શક્તિ ભરપૂર છે તો પછી બિહારી, પૂર્ણિમાની રાત્રે છલકાતા સાગરની પેઠે શા માટે મારી સામે આવી, મારી પાશમાં સપડાતો નથી? એક અનાવશ્યક પ્રેમનો પ્રબળ પ્રતિઘાત, પતિદિન તેની સમક્ષ ખડો થતાં એ કેમ કંપી ઉઠે છે?"

આજે જે ફુલોની માળાઓથી વિનોદિનીએ પોતાના શરીરને શણગાર્યું હતું, તેની ઉપર મહેન્દ્રની મોહમયી પાપદૃષ્ટિ પડી તેથી તેણે એ બધી માળાઓ કાઢી નાંખી, તેમને તોડીને કચડી તથા છુંદી

નાંખી. તે વિચારવા લાગી: " મારી બધી શક્તિ વૃથા છે! મારી ચેષ્ટાઓ પણ વૃથા છે, જીવન વૃથા છે. આ બાગ, આ ચાંદની, આ યમુનાતટ, આ અપૂર્વ સુંદર પૃથ્વી, બધુંયે વૃથા છે!"

આટલી બધી વ્યર્થતા છે, છતાં પણ જે ચીજ જ્યાં છે તે ત્યાં જ છે! જગતની કોઇપણ વસ્તુમાં કાંઇ પણ ફેરફાર થયો નથી! કાલે સૂર્યનો પણ ઉદય થશે, સંસારીજનો પોતાનાં નાનાં નાનાં કામોને પણ ભૂલશે નહિ અને અવિચારી બિહારી, જેવો હાલમાં દૂર છે, અગાઉ હતો, તેવો જ દૂર રહીને એ બ્રહ્મબદ્ધ વસન્તને 'શિક્ષાવલી'-માંથી નવા પાઠ શિખવશે!

વિનોદિનીની આંખો ફાડીને આંસું બહાર નીકળી પડયાં! પોતાના બધા બળ અને પોતાની બધી લાલસાઓને તે કેવા પત્થર સાથે અફાળી રહી છે? તેનું હૃદય રૂધિરથી તર થઇ ગયું, પણ તેનું અદૃષ્ટ એક ટાંકણીના છેડા જેટલુંયે આઘે ખસ્યું નહિ!

પરિચ્છેદ ૨૩.

અપમાનિત મહેન્દ્રે જોયેલી ભૂલ.

મહેન્દ્ર આખી રાત સુતો નહિ—તેનું શરીર વધુ શિથિલ બની ગયું. તોપણ સવારના પહોરમાં તેને ઉંઘ આવી. આઠ નવ વાગતાં તે જાગ્રત થયો. આંખ ઉઘાડતાં જ તે જલ્દીથી ઉઠીને બેઠો થયો. ગત રાત્રિની કાંઇક અસમાપ્ત વેદના જાણે નિદ્રાની અંદર ને અંદર વહી રહી હતી. તે જાગ્યો એટલે તેને એ વ્યથાનો અનુભવ થવા લાગ્યો. થોડાક વખતમાં રાત્રિની બધી ઘટના સ્પષ્ટ સ્વરૂપે સ્મરણપથમાં આવી ગઇ. તેને આખું જગત્ અને આખું જીવન અત્યન્ત નિરસ લાગ્યાં. પોતાનું ઘર છોડવા માટે ઉપજેલી ગ્લાનિ, ધર્મ—કર્ત્તવ્યત્યાગનો ગંભીર સંતાપ, અને આ ઉદ્‌ભ્રાન્ત જીવનની આખી અશાંતિનો ભાર વ્યર્થપણે શિરે વહોર્યાનો વિચાર તેને અપાર સંતાપ આપવા લાગ્યાં. મોહ આવેશથી શૂન્ય એવા પ્રભાતકાલના પ્રકાશમાં મહેન્દ્રને જણાયું કે પોતે વિનોદિનીને ચાહતો નથી !

તેણે રસ્તા તરફ જોયું. તો આખું જગત્ જાગૃત થયલું અને કામે લાગેલું જણાયું. આત્મગૌરવને કલુષના કીચ્ચડમાં નાંખીને, એક સ્વવિમુખ સ્ત્રીના પગ પાસે, પોતાનું અકર્મણ્ય જીવન પ્રતિદિન બાંધેલુંજ રાખવામાં રહેલી વિકટ મૂઢતા, મહેન્દ્રનાં નેત્ર સમક્ષ સ્પષ્ટરૂપે તરવરી રહી.

એક પ્રબલ આવેગના ઉચ્છ્‌વાસ પછી, હૃદયમાં એક પ્રકારની સુસ્તી આવી જાય છે. એ સમયે થાકેલું હૃદય, પોતાના અનુભવ અને વિચારના વિષયને થોડાક સમય માટે દૂર ધકેલી દેવાનું ઇચ્છે છે. એ

ભાવમાં હૃદયના છેક અંતર્ ભાગમાં છુપાઇ રહેલો અને જામી રહેલો કીચ્ચડ બહાર નિઃસરે છે–જેને લીધે મોહ ઉપજાવનારી વસ્તુ ઉપર અરૂચિ ઉત્પન્ન થાય છે. **મહેન્દ્ર** આજ એ સમજી શકયો નહિં કે પોતે શામાટે આવી રીતે અપમાન ઉપર અપમાન સહન કરી રહ્યો છે? તે મનમાં કહેવા લાગ્યો; હું સર્વ બાબતોમાં **વિનોદિની**થી શ્રેષ્ઠ છું; તોપણ આજ સર્વ પ્રકારની હીનતા અને લાંચ્છના સ્વીકાર કરીને ધૃણિત ભક્ષુકની પેઠે રાતદિવસ તેની પાછળને પાછળ શા માટે દોડી રહ્યો છું? મારા મગજમાં એવું અદ્ભૂત દીવાનાપણું કોણ જાણે કિયા શયતાને ભરી દીધું છે?

આજ **વિનોદિની**, **મહેન્દ્ર**ને મન માત્ર એક સાધારણ સ્ત્રી છે; એટલું જ નહિં પણ તેની આસપાસ આખી પૃથ્વીનું જે સૌન્દર્ય, બધાં નાટકો અને બધી નવલકથાઓમાં રહેલું જે લાવણ્ય, ખેંચાઇ આવ્યું હતું, તે આજ માયામરીચિકાની પેઠે અન્તર્હિત થઇ ગયું; પરિણામે વિનોદિનીમાં કોઇ પણ પ્રકારની અપૂર્વતા કિંવા વિશેષતા રહી નહિં!.

મહેન્દ્ર વિચારવા લાગ્યો કે "આ ધિક્કારવા યોગ્ય મોહચક્રથી દૂર થઇને હવે હું ઘેર પાછો ફરૂં." જે શાંતિ, પ્રેમ અને સ્નેહ પ્રથમ એને મળ્યાં હતાં તે અત્યારે તેને દુર્લભ અમૃત સમાન લાગ્યાં. **બિહારી**નું બચપણથી વૃદ્ધિંગત થયલું બંધુત્વ અને તેનું અટલ અવલમ્બન, અત્યારે **મહેન્દ્ર**ને બહુમૂલ્ય જણાયું. તે બોલ્યો: "જે વાસ્તવિક રીતે ગંભીર અને સ્થાયી છે, તેમાં પ્રત્યેક વિઘ્ન વિના નિમગ્ન થઇ શકાય છે, આથી તેનું ગૌરવ સમજી શકાતું નથી; પરંતુ જે ચંચલ છે, જેની સંપૂર્ણ તૃપ્તિમાં પણ રતીભાર સુખ નથી તે ઘોડદોડની શરતના ઘોડાની માફક મનને ભમાવે છે, પરિણામે માનવચિત્ત તેને પરમ પ્રાર્થનીય ધન સમજે છે!"

મહેન્દ્રે દૃઢ પ્રતિજ્ઞા કરી કે, આજને આજ ઘેર પાછો જઇશ. વિનોદિની જ્યાં રહેવા માગશે ત્યાં તેને રહેવાની વ્યવસ્થા કરી આપીને હું છુટ્ટો થઇ જઇશ."

"હું છુટ્ટો થઇ જઇશ" એ શબ્દો દૃઢ અને ઉચ્ચ સ્વરે બોલતાં તેના મનમાં એક પ્રકારનો આનંદ ઉપજ્યો. આટલા દિન સુધી, જે ભારે તેણે પોતાના ચિત્તપર લાધો હતો, તે આજ હલકો થઈ ગયો! આ સમયે તેને જે પરમ અપ્રીતિકર લાગ્યું, તે આજ સુધી, કદીક કદીક નાપસંદ પડતું હોવા છતાં પણ લાચારીથી પ્રીતિકર ગણવું પડતું હતું. તે કદીયે જોરથી 'હા' કે 'ના' કહી શકતો નહિં. તેના હૃદયમાંથી જે આજ્ઞા થતી હતી તેને જબર્દસ્તીથી દબાવીને પણ તેને અન્ય માર્ગે જવું પડતું હતું. પરંતુ આજ જે દૃઢતાથી "હું છુટ્ટો થઈ જઇશ" એ શબ્દોને બોલ્યો, તે દૃઢતા જોઇને તેનું હૃદય, જે પ્રથમથી અસ્થિરતા—અદૃઢતા—અસંયમથી પીડિત થઇ રહ્યું હતું, તેણે તેને અભિનંદન આપ્યું!

મહેન્દ્ર એ વખતે પલંગ ઉપરથી નીચે ઉતરીને, હાથ મ્હોં ધોઇને વિનોદિનીને છેલ્લીવાર મળી આવવા ગયો. જઇને જોયું તો દરવાજો બંધ હતો. બારણાં ખખડાવતાં તે બોલ્યો: "સુતાં છો કે શું?"

વિનોદિની: "ના, અત્યારે તમે જાઓ!"

મહેન્દ્ર: "તમારી સાથે થોડીક વાતચિત કરવી છે. હું બહુ વાર ઉભો રહીશ નહિં."

વિનોદિની: "હું કાંઇપણ વાત સાંભળી શકતી નથી. તમે જાઓ, મને ત્રાસ ન આપો. મને એકલી રહેવા દો."

બીજો કોઇક વખત હોત તો વિનોદિનીના આ પ્રકારના વર્તનથી, મહેન્દ્ર વધુ ગુસ્સે થઇ જાત, પરંતુ આજ ક્રોધને બદલે તેને વિશેષ તિરસ્કાર છૂટયો. તે મનમાં કહેવા લાગ્યો: "આ એક સાધારણ

સ્ત્રીની પાસે મેં મને પોતાને એવો હીણો બનાવી દીધો છે કે તેને વારંવાર આવી અવજ્ઞાથી મારો અનાદર કરવાનો અધિકાર મળી ગયો છે. જ્યારે ને ત્યારે તે મને દૂર જવાનું જ કહ્યા કરે છે! આ અધિકાર તેને માટે લેશ પણ સ્વાભાવિક કે ઉચિત: નથી. તેને આવો અધિકાર મારા અવિચારપણામાં આપીને મેં તેના ગર્વને આવી રીતે અનુચિત સ્વરૂપમાં વધારી દીધો છે."

આ લાંચ્છના અને અપમાન પછી, મહેન્દ્ર પોતાના મનમાં, દૃઢ નિશ્ચયને લીધે, પોતાની શ્રેષ્ઠતાનો અનુભવ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે બોલ્યો: "મારી જીત થશે—હું તેનું બંધન છેદીને જતો રહીશ."

મહેન્દ્ર જમ્યા પછી, રૂપિયા લેવા માટે બેંકમાં ગયો. રૂપિયા લઇને તે માતાને માટે તથા આશાને માટે કંઇ કંઈ સારી વસ્તુઓની ખરીદી કરવાના વિચારથી અલ્હાબાદના બઝારમાં ભમવા લાગ્યો.

પરિચ્છેદ ૨૪.

વિનોદિનીનો પશ્ચાત્તાપ.

વિનોદિની જે ઓરડામાં હતી તેનાં બારણાં કોઇએ ફરીથી ખખડાવ્યાં. પહેલાં તો રહીડાઇને તેણે કશો જવાબ આપ્યો નહિં; પરંતુ જ્યારે વારંવાર ખખડાટ ચાલુ રહ્યો ત્યારે તે બૂમ પાડી ઉઠી અને બારણાં જોરથી ઉઘાડતાં બોલીઃ "તમે વારંવાર મને ત્રાસ આપવાને અહિં કેમ આ—"

વાક્ય પુરૂં કર્યું ન હતું એટલામાં તેની નજર તે આવનાર વ્યક્તિ ઉપર પડી. એ કોણ ? બિહારી આખરે આવ્યો છે !

ઓરડામાં મહેન્દ્ર છે કે નહિં તે જાણવા માટે બિહારીએ એક વાર અંદર દૃષ્ટિ નાંખી. તેણે જોયું કે પલંગ ઉપર તથા જમીન ઉપર સુકાયલાં ફુલ અને ત્રૂટેલી માળાઓ પડી છે. તેનું મન પલવારમાં પ્રબળ વેગથી વિમુખ થઈ ગયું. બિહારી જ્યારે દૂર હતો ત્યારે એવું નહોતું બન્યું કે વિનોદિનીની જીવનયાત્રા સંબંધમાં કોઇ સન્દેહજનક ચિત્ર એના હૃદયપટમાં અંકિત થયું ન હોય; પરન્તુ કલ્પનાની લીલામાં તેણે એ ચિત્રને ઢાંકી રાખીને તેને સ્થાને એક ઉજ્વલ મોહિની છબી રાખી હતી. બિહારીએ જ્યારે આ બાગમાં પ્રવેશ કર્યો ત્યારે તેનું હૃદય ધબકારા મારતું હતું. તેની કલ્પનામયી મોહિની છબીને રખેને આઘાત લાગશે એવો તેને ડર ઉપજ્યો હતો. તેનું ચિત્ત એથી કાંઇક વ્યથિત હતું. વિનોદિનીએ બારણાં ઉઘાડયાં ત્યારે જે આઘાતનો ભય હતો તે આખરે લાગ્યો ખરો !

દૂર રહીને બિહારીએ એવી ધારણા કરી મૂકી હતી કે "મારા

પ્રેમના અભિષેકથી વિનોદિનીના જીવનના બધા કાદવને હું ધોઇ નાંખીશ; પરંતુ સન્મુખે આવીને તેણે જોયું કે એમ કરવું સહજ નથી. તેના મનમાં પ્રથમ ઉપજેલી સહાનુભૂતિ હવે રહી નહિં. એકાએક તિરસ્કારની લાગણીઓ તેને સ્થાને ઉદ્‌ભવી. બિહારીને વિનોદિની અત્યંત મલીન ભાસી!

તેણે મોટેથી કહ્યું: "મહેન્દ્ર! મહેન્દ્ર!"

આ અપમાનથી દુઃખી બનેલી વિનોદિનીએ નમ્ર અને કોમલ સ્વરે કહ્યું: "મહેન્દ્ર બાબૂ નથી, શહેરમાં ગયા છે."

બિહારી એકદમ પાછો જવા લાગ્યો. વિનોદિનીએ આર્ત્ત સ્વરે કહ્યું: "બિહારી બાબૂ, તમને પગે લાગું છું. જરાકવાર બેસો."

બિહારીએ નિશ્ચય કર્યો કે—હું કોઇ પણ પ્રકારના અનુનય–વિનય ઉપર ધ્યાન આપવાનો નથી. જે ઘૃણિત દૃશ્ય તેણે જોયું હતું તેનાથી જેમ બને તેમ તરત જ દૂર જવાનો તેણે વિચાર કરી લીધો, પરંતુ વિનોદિનીના કરુણ સ્વરથી પલભર તેના પગ ઉપડી શક્યા નહિં.

વિનોદિની: "જો આજ તમે આ પ્રકારે મને તરછોડીને ચાલ્યા જશો તો હું તમારા સોગંદ લઇને કહું છું કે હું આપઘાત કરીશ."

બિહારી પાછો ફરીને ઉભો રહ્યો અને બોલ્યો: "વિનોદિની, તમે મને તમારા જીવન સાથે બાંધવાના પ્રયત્ન શા માટે કરો છો? હું તો કદી તમારા માર્ગમાં ઉભો રહ્યો નથી. તમારાં સુખ દુઃખમાં મેં કદી હાથ નાખ્યો નથી."

વિનોદિની: "તમે મારા ઉપર કેટલો અધિકાર જમાવ્યો છે તે તો હું તમને પહેલાં કહી ચૂકેલી છું. તમને તેમાં વિશ્વાસ નહોતો પડયો; છતાં પણ તમે મારાથી દૂર રહ્યા પછીયે હું તમને ફરીથી એજ વાત કહું છું. તમે તો પગથી ઠોકર મારીને મને દૂર કરી છે, પણ હું તો તમારા ચરણ પકડીને કહું છે કે મેં તમને—"

બિહારી વચ્ચેજ બોલી ઉઠયો : "એ વાત હવે ન કરો. એની ઉપર કોઇથી વિશ્વાસ કરી શકાય નહિ."

વિનોદિની : "એ વાત ઉપર નાનાં માણુસો વિશ્વાસ ન કરે પણ તમે કરી શકશો; આથીજ હું તમને થોડીકવાર બેસવાને કહું છું."

બિહારી : "હું વિશ્વાસ કરૂં કે નહિં, એમાં તમને કાંઇ લાભ કે હાનિ નથી. તમારૂં જીવન તો જેવું વહે છે, તેવુંજ વહેશે."

વિનોદિની : "હું જાણું છું કે મારૂં ભાગ્યજ એવું છે કે તમારૂં સન્માન સાચવીને તમારી જોડાજોડ ઉભાં રહેવાનું મારાથી બની શકશે નહિં. હમેશને માટે મારે તમારાથી દૂરજ રહેવું પડશે; પરંતુ મારૂં મન એટલો તો દાવો કર્યા વિના નથી રહી શકતું કે હું ગમે ત્યાં રહીશ તે છતાં પણ તમે મને સ્નેહ સાથે યાદ કરશોજ. હું જાણું છું કે મારા ઉપર તમને કંઇક—થોડી સરખાએ શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી. હું એ લાગણીને મારા આશ્રયરૂપ બનાવી રાખીશ; એજ કારણને લઇને, મારી બધી વાતો તમારે સાંભળવી જોઇએ. હું હાથ જોડીને કહું છું કે તમે જરાક વાર બેસો."

"નહિં. હું હમણાં જાઉં છું." એટલું કહી, બિહારી એ જગ્યાએથી હઠીને બીજી જગ્યાએ જવા તૈયાર થયો.

વિનોદિની : "તમે મનમાં જે કાંઇ ધારી લીધું છે તેવી કશી બાબત અત્રે બની નથી—આ મકાનને કોઇ પણ જાતનું કલંક લાગ્યું નથી. તમે આ મકાનમાં એક દિન સુતા હતા; એથી આ મકાન મેં તમારે માટેજ અલગ રાખ્યું છે. આ ફુલ જે આજ અહિં સુકાયલાં પડયાં છે, તે તમારીજ પૂજાનાં છે. આ ખંડમાં તમારે બેસવું પડશે."

બિહારીનું મન આ વચનોથી કાંઇક શાંત થયું. તે ઓરડામાં પેઠો. વિનોદિનીએ તેને પલંગપર બેસવા કહ્યું. બિહારી બેઠો. વિનો-

દિની તેના પગપાસે નીચે બેઠી. બિહારી એકદમ ઉઠવા ગયો. વિનોદિની બોલી: "જો ન બેસો તો તમને મારા સમ છે. ઉઠશો નહિ. હું તમારાં ચર્ણો પાસે બેસવાને યોગ્ય તો નથી. પરંતુ તમે દયા લાવીને મને એ સ્થાન આપ્યું છે. દૂર રહીને પણ એ અધિકાર હું જાળવી રાખીશ."

એટલું કહ્યા પછી વિનોદિની થોડીકવાર સુધી ચૂપ રહી. એ પછી એ એકાએક બોલી ઉઠી: "તમે જમીને આવ્યા છો કે જમ્યા વિના?"

બિહારી: "સ્ટેશનેથી જમીનેજ આવ્યો છું."

વિનોદિની: "મેં જે કાગળ મારે ગામથી લખીને તમને ટપાલ મારફત મોકલાવ્યો હતો, તે ઉઘાડીને, તેનો જવાબ લખ્યા વિના તમે મહેન્દ્રબાબૂ મારફત શામાટે પાછો મોકલાવ્યો હતો?"

બિહારી: "એવો કોઇ કાગળ મને તમારા તરફથી મળ્યોજ નથી!"

વિનોદિની: "કલકત્તામાં શું થોડાક વખત ઉપર તમારી અને મહેન્દ્રબાબૂની મુલાકાત થઇ નહોતી?"

બિહારી: "જે દિવસે હું તમને તમારે ગામ મૂકી ગયો તેને બીજે દિવસે તે મને મળ્યો હતો. એ પછી હું અહિં પશ્ચિમ તરફ આવ્યો છું. અને તે વખતથી તે મને મળ્યોજ નથી!"

વિનોદિની: "એ પહેલાં બીજે કોઇ દિવસે તમે પત્રિકા વાંચીને કાંઇપણ ઉત્તર આપ્યા વિના પાછી મોકલી દીધી હતી?"

બિહારી: "નહિ; એવું કદાપિ કર્યું નથી."

વિનોદિની થોડીકવાર સુધી ચૂપ રહી. એ પછી એક લાંબો નિઃશ્વાસ નાંખીને તે બોલી: "બધું સમજાઇ ગયું. હવે હું મારી

બધી કથા કહું છું. જો તમે તે ઉપર વિશ્વાસ રાખશો તો હું મારૂં અહોભાગ્ય સમજીશ અને નહિં રાખો તો તમને દોષ દઈશ નહિં. પણ મારો વિશ્વાસ પડવો કઠણ છે.”

બિહારીનું હૃદય એ વખતે દયાથી આર્દ્ર બની ગયું. વિનોદિનીની આ ભક્તિભાવ ભરેલી પૂજાનો તે તિરસ્કાર કરી શક્યો નહિં. તેણે કહ્યું: “ તમારે કાંઇપણ કહેવાની જરૂર નથી. હું સાંભળ્યા વિનાજ તમારી ઉપર વિશ્વાસ રાખું છું. હું તમારો તિરસ્કાર કરી શકતો નથી. આ બાબતમાં હવે તમે કશુંયે કહેશો નહિં.” એ સાંભળીને વિનોદિનીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેણે બિહારીના પગની ધૂળ પોતાને મસ્તકે લગાવી અને કહ્યું: “ બધી વાતો કહ્યા વિના મને કળ નહિં વળે; જરા ધીરજ રાખીને સાંભળજો. તમે મને જે આજ્ઞા આપી હતી, તે મેં માથે ચઢાવી હતી. વાટ જોવા છતાં તમે એકકે કાગળ આજ સુધી પણ લખ્યો ન હોત તોગે મારા ગામના લોકોની નિન્દા, મ્હેણાં ટૂણાં એ સર્વ સહન કરીને હું મારી જિંદગી વીતાડત–તમારા સ્નેહને બદલે હું એ શિક્ષા સહન કરત; પરંતુ વિધાતાને એ રૂચ્યું નહિં. મેં જે પાપને સ્થાન આપ્યું હતું તે પાપે મને એકાંતમાં પણ જંપવા દીધી નહિં. મહેન્દ્રબાબૂએ મારા ગામમાં આવીને–મારા ઘર આગળ આવીને બધાંના દેખતાં મને બદનામ કરાવી. એ ગામમાં રહેવા માટે મારે કોઇપણ સ્થાન રહ્યું નહિં. તમારી આજ્ઞાને લીધે મેં તમારી બે ત્રણવાર તપાસ કરાવી. તમે કોઈ રીતે મળી શક્યા નહિં. દરમ્યાન મહેન્દ્રબાબૂએ તમારે ઘેરથી ઉપાડેલો કાગળ લાવીને મને આપ્યો. હું સમજી કે તમે મારો એકદમ ત્યાગ કર્યો. એ પછી હું તદ્દન નાશને માર્ગે જતી હતી. પરંતુ તમારો પ્રભાવ એવો છે કે, તમે દૂર રહો છો છતાં પણ તમારાં માણસોની રક્ષા કરી શકો છો. તમને મેં મારા મનમાં સ્થાન આપ્યું હતું. એને લીધે આજસુધી હું પવિત્ર

રહી છું. એક દિવસે તમે મને દૂર ધકેલીને તમારા સ્વભાવનો જે પરિચય મને કરાવ્યો હતો, તે કઠિન પરિચય, કઠણ સોનાની પેઠે, નક્કુર હીરાની પેઠે મારા હૃદયમાં અંકિત છે. તે મને મહામૂલ્યવાન થઇ પડયો છે. દેવ, તમારાં ચરણને સ્પર્શ કરીને કહું છું કે એ મૂલ્ય નષ્ટ નથી થયું."

બિહારી ચૂપકીદીથી બેસી રહ્યો. વિનોદિનીએ પણ વિશેષ કાંઈ કહ્યું નહિં. ત્રીજા પ્રહરનો તાપ ધીમે ધીમે ચઢતો જતો હતો. એ વખતે મહેન્દ્ર વિનોદિનીના ઓરડા આગળ આવી પહોંચ્યો. તેમાં બિહારીને બેઠેલો જોઇને તે ચમકયો. તેને વિનોદિનીના વર્તનથી જે ઉદાસીનતા ઉપજી હતી તે ઇર્ષાને લીધે દૂર થવા લાગી! બિહારીના પગ પાસે વિનોદિનીને આ પ્રમાણે શાન્તિથી બેઠેલી જોઇને, તિરસ્કૃત મહેન્દ્રના ગર્વને ધક્કો લાગ્યો. મહેન્દ્રને હવે કશો પણ સંદેહ ન રહ્યો કે આ બેનું મિલન, પત્રવહેવારથી થયું છે. આજ સુધી બિહારી દૂર હતો પણ ધારો કે તે પોતાની મેળે આવી ચઢયો છે, તો પછી વિનોદિની બીજા કોના રોકવાથી રોકાઇ છે?

આજ બિહારીને જોઇને, મહેન્દ્રને એ વિચાર આવ્યો કે: "વિનોદિનીને તજી શકું છું ખરો; પણ તેને હું બીજા કોઇના હાથમાં જવા દઇ શકતો નથી."

તેણે ક્રોધથી, તીવ્ર, વિદ્રુપ સ્વરે, વિનોદિનીને કહ્યું: "હવે તો રંગભૂમિમાંથી મહેન્દ્રનું પ્રસ્થાન અને બિહારીનો પ્રવેશ થઈ રહ્યો છે, ખરૂં ને? દશ્ય ઘણું સુંદર છે. તેનાં વખાણમાં તાળીઓ વગાડવી જોઇએ. પણ મને આશા છે કે આ નાટકનો આ અંતિમ અંકજ હશે. એ પછી હવે બીજું કાંઇપણ સારૂં દેખાશે નહિં!"

વિનોદિનીનું મ્હોં લાલચોળ થઇ ગયું. તેને મહેન્દ્રનો આશ્રય લાચારીથી લેવો પડયો હતો, એટલે આ અપમાનનો કાંઈ પણ ઉત્તર તે આપી શકી નહિં. તેણે વ્યાકુળ દૃષ્ટિથી એકવાર બિહારી તરફ જોયું.

બિહારી પલંગ ઉપરથી નીચે ઉતર્યો અને આગળ આવીને બોલ્યોઃ "મહેન્દ્રભાઇ, નીચ અને કાયર માણસોની માફક તમારે વિનોદિનીનું અપમાન ન કરવું જોઇએ. તમારી સુજનતા જો તમને મના ન કરે તો તમને મના કરવાનો—રોકવાનો અધિકાર મને છે."

મહેન્દ્ર હસીને બોલ્યોઃ "આ બાબતમાં અધિકાર પણ ઠીક આવી ગયો! ભલે, તો આજથી તારૂં નવું નામ "વિનોદિની-બિહારી" રાખીશું."

બિહારીએ અપમાનની માત્રા વધતી જોઇને, મહેન્દ્રનો હાથ પકડી લીધો અને કહ્યુંઃ "મહેન્દ્રભાઇ, હું વિનોદિની સાથે પુનર્લગ્ન કરવાનો છું. અત્યારે તમને જવા દઉં છું. હવેથી સંભાળીને તથા વિચાર કરીને વાત કરજો."

આ સાંભળતાંજ મહેન્દ્ર વિસ્મિત બની, ચૂપ થઇ ગયો. જાણે તેનો નીચેનો શ્વાસ નીચે અને ઉપરનો ઉપરજ રહી ગયો હોય એમ તેને લાગ્યું. વિનોદિની પણ ચોંકી. તેના શરીરમાં લોહી વિશેષ વેગથી ફરવા લાગ્યું.

બિહારીએ મહેન્દ્રને કહ્યુંઃ "તમને એક બીજી ખબર આપવાની છે. તમારી માતા મૃત્યુશય્યા ઉપર પડી છે. તેના બચવાની લગારે આશા નથી. હું આજ રાતની ગાડીમાં કલકત્તા જવાનો છું. વિનોદિની પણ મારી સાથે આવશે."

વિનોદિની ચોંકીને બોલીઃ "શું માજી માંદાં છે?"

બિહારીઃ "હા, મટી જાય એવી માંદગી નથી. કહી શકાય એમ નથી કે ક્યારે શું થશે?"

મહેન્દ્ર કાંઈ પણ વાત ન કરતાં ચૂપકીદીથી ચાલ્યો ગયો.

વિનોદિનીએ બિહારીને પૂછ્યુંઃ "તમે જે વાત કહી તે તમારા મ્હોંમાંથી શી રીતે નીકળી? એ મશ્કરીમાં કહ્યું હતું ને?"

બિહારી : "મેં સાચુંજ કહ્યું છે. હું તમારી સાથે પુનર્લગ્ન કરીશ !"

વિનોદિની : "શું આ પાપિણીનો ઉદ્ધાર કરવા માટે ?"

બિહારી : "નહિં. હું તમને ચાહું છું–તમારી ઉપર શ્રદ્ધા રાખું છું તેથી."

વિનોદિની : "બસ્. મારો બાકીનો બદલો મને મળી ગયો. તમે આટલે સુધી પણ મારો જે સ્વીકાર કર્યો છે, તેથી અધિક મને કશું પણ જોઇતું નથી. લગ્નથી એ બદલો વળશે નહિં કેમકે ધર્મ કદી પણ એ સહન કરશે નહિ."

બિહારી : "શું એ ધર્મથી વિરુદ્ધ છે ?"

વિનોદિની : "છટ્ છટ્ એવી વાતનો વિચાર મનમાં પણ કરવાથી લજ્જા ઉપજે છે ! હું વિધવા છું, હું નિન્દિત છું. આખા સંસારમાં હું શું તમને લાંછિત કરૂં ? એ કદી પણ ન બને ! નહિં નહિં, એવી વાત કદી તમારે મ્હોંએ કહેશો નહિં."

બિહારી : "શું તમે મારો ત્યાગ કરશો ?"

વિનોદિની : "ત્યાગ કરવાનો અધિકાર મને નથી. હું જાણું છું કે તમે ગુપ્ત રહીને ઘણાઓનું ઘણું ભલું કર્યું છે–કરો છો. એજ કારણે તમે તમારાં એવા કોઇક સત્કાર્યનાં કામ મને સોંપજો. હું તેમને શિરે ચઢાવીને તમારી દાસી થઇશ. પરંતુ અરેરે ! વિધવા સાથે તમે લગ્ન કરો ? તમારી ઉદારતાથી સર્વ કોઇ વાત સંભવી શકે છે, પરંતુ હું જો એમ કરૂં તો તમે સમાજથી નષ્ટ થાઓ; અને એથી હું આ જીવનમાં ફરીથી કદી મારૂં માથું ઉંચું રાખી શકું નહિં."

બિહારી : "પરંતુ વિનોદિની, હું તમારી ઉપર પ્રેમ રાખું છું."

વિનોદિની: "એ પ્રેમના અધિકારથી હું આજ એ સાહસ કરૂં છું કે–"

એટલું કહીને વિનોદિનીએ જમીન ઉપર લળીને બિહારીના અંગૂઠાને ચુમ્બન કર્યું; અને ફરીથી તેના પગ પાસે બેસીને કહ્યું: “બીજા જન્મમાં તમને જ મેળવવા માટે હું તપ કરીશ. આ જન્મમાં તો હવે મને કાંઇ પણ આશા નથી. કશુંયે માગી શકે એમ નથી. મેં અનેકને દુઃખ દીધાં છે; અનેક દુઃખ ભોગવ્યાં છે. મને બહુ શિક્ષા મળી ચુકી છે. એ શિક્ષાઓને જો હું ભૂલી જાઉં, તો તમને હીન બનાવું અને હીન થાઉં; પરંતુ તમે ઉચ્ચ છો; અને તેથી આજ હું મારૂં શિર ઉંચું રાખી શકી છું—એ આશ્રયને હું ભૂમિશાયી નહિં કરૂં.”

બિહારી કાંઇપણ બોલ્યા વિના ગંભીર ભાવે બેસી રહ્યો.

વિનોદિનીએ હાથ જોડીને કહ્યું: “ભૂલ કરશો નહિં—મારી સાથે લગ્ન કરીને તમે સુખી થઇ શકશો નહિં. તમારૂં ગૌરવ નષ્ટ થશે અને હું પણ બધું ગૌરવ ખોઇ બેસીશ. તમે પ્રથમથીજ નિર્લિપ્ત—પવિત્ર છો. આજ પણ તમે તેવાજ રહો. હું દૂર રહીને તમારાં કામ કરીશ, તમે સુખી થાઓ! તમારૂં શુભ થાઓ!”

પરિચ્છેદ ૨૫.

અપરાધી પુત્ર અને પ્રેમાળ માતા.

મહેન્દ્ર પોતાની માતાના ખંડમાં પ્રવેશ કરવા જતો હતો એટલે આશાએ અંદરથી એકદમ બહાર આવીને કહ્યું: "હમણાં અંદર ન આવશો."

મહેન્દ્ર: "કેમ ?"

આશા: "ડાક્ટરે કહ્યું છે કે અચાનક સુખના કે દુઃખના કોઈ પણ પ્રકારના સમાચાર કહેવાથી સાસુજીના હૃદયને ધક્કો પહોંચશે."

મહેન્દ્ર: "હું ધીમે પગલે પથારી પાસે જઇને જોઇ આવીશ. એને ખબર પણ નહિં પડે."

આશા: "જરાક પણ સણસારો થાય છે કે તે ચોંકી ઉઠે છે. તમે અંદર આવશો કે તરત તે જાણી જશે."

મહેન્દ્ર: "તો અત્યારે તું શું કરવા માગે છે ?"

આશા: "પહેલાં બિહારી બાબુ આવીને જોઇ જાય. પછી તેઓ જેવી સલાહ આપશે તેવી રીતે કામ કરીશ."

એટલામાં બિહારી આવી ચઢ્યો. આશાએ તેને બોલાવ્યો હતો. બિહારીએ આવતાંવેંત પૂછ્યું: "ભાભી, તમે મને બોલાવ્યો હતો ? માજીની તબિયત બરોબર છે ને ?"

બિહારીને આવેલો જોઇને આશાને નિરાંત વળી. તે બોલી: "તમારા ગયા પછી સાસુજી વારે ઘડીએ જાગી ઉઠે છે. પહેલે દિવસે તમને ન જોયા એટલે પૂછવા લાગ્યાં: "બિહારી ક્યાં ગયો ?" મેં

કહ્યું: "તે એક ઘણા જરૂરી કામે ગયા છે. બુધવારે પાછા આવવાનું કહી ગયા છે." એ પછી તેઓ વારંવાર રહી રહીને ચોંકી ઉઠે છે. મ્હોંયેથી કશું કહેતાં નથી; પણ અંદરને અંદર મુંઝાયા કરતાં હોય અને કોઇના આવવાની રાહ જોતાં હોય એમ જણાય છે. કાલ તમારો તાર મળ્યા પછી મને થયું કે તમે આજ તો નક્કી આવશો, મેં એમને ખબર આપી એટલે આજ તમારે માટે જમવાની બધી તૈયારીઓ બરોબર રીતે કરવાનું તેમણે કહ્યું છે. તમને જે જે વસ્તુઓ ખાસ પસંદ છે, તે બધી તેમણે મંગાવી છે. રસોઇની બધી તૈયારીઓ થઇ ગઇ છે અને પોતે જાતિ દેખરેખથી કેટલીક વસ્તુઓ રંધાવવાનાં છે. ડાક્ટરે એમ કરવા ઘણીએવાર ના કહી પણ એમણે માન્યુંજ નથી. હમણાંજ થોડીવાર પહેલાં એમણે મને કહ્યું કે: "વહુ, આજ તારે હાથે બધી રસોઇ કરજે. હું આજ બિહારીની સામે બેસીને તેને જમાડીશ."

આ કથન સાંભળતાંજ બિહારીની આંખો અશ્રુથી ભરાઇ ગઇ. તે બોલ્યો: "પણ માજીને હવે છે કેમ?"

આશા: "તમે જાતે એકવાર આવીને જોઇ જાઓ. મને તો એમ લાગે છે કે એમની માંદગી ઘણી વધી ગઇ છે."

બિહારી ઓરડામાં ગયો. મહેન્દ્ર બહારજ આશ્ચર્યમાં ડૂબેલો ઉભો રહ્યો. આશાએ અનાયાસે ઘરનું કામકાજ ઉપાડી લીધું છે—તેણે મહેન્દ્રને કેવા સહજપણાથી ઓરડામાં પ્રવેશ કરતાં અટકાવ્યો? ન ઉપજ્યો તેને સંકોચ કે ન કર્યું તેણે અભિમાન! મહેન્દ્રનું મનોબળ આજ કેટલું બધું ઘટી ગયું છે! તે અપરાધી છે. બહાર ચૂપકીદીથી ઉભો રહ્યો છે. પોતાનાજ ઘરમાં, પોતાનીજ માતાના ખંડમાં પણું તે દાખલ થઇ શકતો નથી! વિશેષ આશ્ચર્યની વાત તો એ છે કે બિહારી સાથે આશાએ આજ કેવા અકુંઠિતભાવે વાતચીત

કરી ? બધી સલ્લાહ એનીજ લીધી ! આજ સંસારમાં સહુનો જાણે એજ માત્ર એક રક્ષક છે, એજ હિતૈષી–એજ સહૃદયી મિત્ર છે ! મહેન્દ્ર પોતાનો ખંડ જે પોતે થોડાક દિનથી તજી ગયો હતો તેમાં ગયો. જોયું તો ત્યાં બધુ પહેલાંની માફક નહતું !

બિહારી અંદર ગયો એટલે રાજલક્ષ્મીએ સજળ કરૂણ નેત્રે તેની તરફ જોયું અને બોલી: "બિહારી, પાછો આવ્યો ?"

બિહારી: "હા, માજી. પાછો આવ્યો !"

રાજ૦ "તારૂં કામ પુરૂં થયું ?"

એટલુ કહી તે તેના તરફ એકાગ્ર ઉત્સુક દૃષ્ટિથી જોઇ રહી. બિહારી પ્રસન્નભાવે બોલ્યો: "માજી કામ સારી પેઠે પાર પાડયું. હવે મને કશીયે ચિન્તા નથી." એ પછી, તેણે બહાર બારણા તરફ નજર કરી.

રાજલક્ષ્મીએ કહ્યું: "આજ વહુ તારે માટે એને પોતાને હાથે રસોઇ બનાવશે. હું અહિંથી એને બધું બતાવીશ. ડાકટર તો ના કહેતો હતો, પણ હવે એ શામાટે ના કહે છે ? શું મરતાં પહેલાં તમને લોકોને મારી પાસે બેસાડીને હું ખવરાવું પણ નહિં કે ?"

બિહારી: "ડાકટરને મના કરવાનું કશુંએ કારણ હું જોઇ શકતો નથી. માજી, તમારી દેખરેખ નીચે તમે રસોઇ બનાવરાવો નહિં તો કામ કેમ ચાલે ? બાળપણથીજ અમને તો તમારી બનાવેલી રસોઇ સ્વાદિષ્ટ લાગી છે. મહેન્દ્રભાઇ તો બજારની પુરી ખાઇ ખાઇને કંટાળી ગયા છે—આજ તમારી દેખરેખ નીચે બનાવાયલી રસોઇ જમીને એમનું મન પણ પ્રસન્ન થશે. આજ અમે બે ભાઇઓ પહેલાંની માફક, શરત બકીને જમતા જઇશું. અમે આજ જોઇએ તો ખરા કે તમારી વહુ કેવું પીરસે છે !"

રાજલક્ષ્મી સમજી ગઇ કે, બિહારી મહેન્દ્રને પોતાની સાથે

તેડી લાવ્યો છે. તોપણ **મહેન્દ્ર** સંબંધી ઉલ્લેખ થતાં થોડીકવાર સુધી તો જાણે તેના હૃદયની ગતિ બંધ પડી. શ્વાસોશ્વાસ લેવો કઠિન જણાયો. આ ભાવ દૂર થતાં **બિહારી** બોલ્યો : " પાશ્ચમ તરફ ફરી આવ્યા પછી, **મહેન્દ્ર**ભાઇની તબિયત સુધરી ગઇ છે. આજ રસ્તાના થાકથી તેઓને જરાક સુસ્તી જણાય છે; પણ નહાવા–ધોવા પછી તેમની તબિયત ઠીક થઇ જશે. " આમ છતાં પણ **રાજલક્ષ્મી**, **મહેન્દ્ર** વિષે એક પણ શબ્દ બોલી નહિં; એટલે **બિહારી**એ કહ્યું : " માજી, મોટાભાઇ બહાર ઉભા રહ્યા છે. તમે નહિં બોલાવો ત્યાંસુધી એમનાથી અંદર નહિં અવાય."

રાજલક્ષ્મી કાંઇ ન બોલતાં બારણાં તરફ જોઇ રહી. **બિહારી**એ કહ્યું : "મોટાભાઇ, અંદર આવો."

માના હૃદયની ગતિ એકદમ બંધ ન થઈ જાય, એ ભયથી **મહેન્દ્ર** ધીરે પગલે અંદર આવ્યો. **રાજલક્ષ્મી** તત્ક્ષણ ખુલ્લી નજરે **મહેન્દ્ર** તરફ જોઇ શકી નહિં–તેણે પોતાની નજર નીચે ઢાળી દીધી. બિછાના તરફ નજર પડતાં, જાણે કોઇયે જોરથી માર માર્યો હોય તેમ **મહેન્દ્ર** ચોંકયો.

મહેન્દ્ર માના પગ ઉપર પોતાનું માથું રાખી, બન્ને હાથવતી બે પગ પકડી રહ્યો. દુર્બલ હૃદયપિંડની સતેજ ગતિથી **રાજલક્ષ્મી**નું શરીર જાણે કંપી ઉઠયું.

થોડીવારે **અન્નપૂર્ણા** બોલી : "ભાભીજી, **મહેન્દ્ર**ને ઉઠવાનું નહિં કહો ત્યાંસગી એ નહિં ઉઠે."

કષ્ટથી પણ મંદ સ્વરે માતા બોલી : " **મહેન્દ્ર**, ઉઠ."

મહેન્દ્રનું નામ **રાજલક્ષ્મી**એ ઘણે દિવસે લીધું. તેની આંખોમાંથી આંસું સર સર વહેવા લાગ્યાં. એ આંસુઓના વહી જવાથી, **રાજલક્ષ્મી**ના હૃદયનો ભાર હલકો થયો. **મહેન્દ્ર** ઉઠીને જમીન ઉપર

ઘુંટણ ટેકવીને, પલંગની પાટી ઉપર છાતીનો ભાર દઇને માની પાસે બેસી રહ્યો. રાજલક્ષ્મીએ કષ્ટથી પાસું બદલ્યું અને બન્ને હાથે મહેન્દ્રનું મસ્તક લઇને તેને સુંઘ્યું–સ્નેહથી ચૂમ્યું.

મહેન્દ્રે રૂંધાયલા કંઠે કહ્યું: "બા, મેં તમને બહુ દુઃખ આપ્યું છે. મને માફી આપશો?"

હૃદય શાન્ત થતાં રાજલક્ષ્મીએ ઉત્તર આપ્યો: "એમ ન બોલ મહેન્દ્ર, તને માફ કર્યા વિના મારાથી રહેવાય ખરૂં? વહુ, વહુ, ક્યાં ગઇ?"

આશા પાસેના ઓરડામાં ઔષધ તૈયાર કરતી હતી. અન્નપૂર્ણા તેને બોલાવી લાવી. રાજલક્ષ્મીએ મહેન્દ્રને બિછાના ઉપર બેસવાનું કહ્યું. તે બેઠો એટલે રાજલક્ષ્મીએ તેની પાસેનું સ્થાન બતાવીને આશાને કહ્યું: "વહુ, તું અહિં બેસ. આજ હું એકવાર તમારો બેનો મેલાપ કરાવી તમને પાસે બેઠેલાં જોવા ઇચ્છું છું. મારૂં બધું દુઃખ એથી દૂર થઇ જશે. વહુ, તું મારી શરમ આજ રાખીશ નહિં,[1] અને મહેન્દ્ર ઉપર પણ જરાકે કલુષિત ભાવ રાખ્યા વિના અહિં બેસ. મારી આંખો તમને બેને પાસે બેઠેલાં જોઇને ઠરશે–મારે હૈયે ટાઢક વળશે."

હૃદયના ઉંડા આગારની પવિત્ર લાગણીથી નિકળેલાં આ વચનોને આ સંયોગમાં તાબે થવું, એ આશાને ઉચિત લાગ્યું. ઘૂંઘટ કાઢીને ધીરે ધીરે પણ લજ્જાળુભાવે અને ધડકતે હૈયે તે બિછાના પાસે ગઇ અને મહેન્દ્ર પાસે બેઠી. રાજલક્ષ્મીએ પોતાના હાથમાં આશાનો જમણો હાથ લીધો અને મહેન્દ્રને આપ્યો. બાદ તે બોલી: "મહેન્દ્ર, મારી વહુ આજ હું તને મારે હાથે સોંપું છું, તને આવી દેવી ક્યાંયે નહિં મળે! દેરાણી, આવો, આ બેને આશીર્વાદ આપો. તમારા પુણ્યથી તેમનું મંગલ કરો!"

---

૧. આર્ય સંસારનું એ એક પવિત્ર મર્યાદિત ભૂષણ છે કે વડીલ સ્રી પુરૂષોના દેખાતાં વરવહુ કદિ સાથે બેસતાં કે ઉભાં રહેતાં નથી.

અન્નપૂર્ણા, એ બન્નેની સામે આવીને ઉભી રહી, બેઉએ આંસુથી ભરેલી આંખો સાથે તેનાં પવિત્ર ચરણોમાં પ્રણામ કર્યા. અન્નપૂર્ણાએ બન્નેનાં મસ્તકને ચૂમી ભરીને કહ્યું: "ભગવાન્ તમારૂં કલ્યાણ કરો !"

રાજલક્ષ્મીએ કહ્યું: "બિહારી, આવ બેટા, તું પણ મારી સામે આજ મહેન્દ્રને ક્ષમા કર." બિહારી ઉઠીને મહેન્દ્રની સામે આવ્યો. તરતજ મહેન્દ્ર ઉઠીને બિહારીને ભેટી પડયો.

રાજલક્ષ્મી બોલી: "મહેન્દ્ર, હું તને આશીર્વાદ આપું છું કે બિહારી જેવો બાલપણથી તારો ભાઇ બનેલો છે તેવો સદાયે કાયમ રહે. એથી વિશેષ સૌભાગ્ય તારે શું બાકી છે, બેટા ?"

બોલવાના પરિશ્રમથી રાજલક્ષ્મી શિથિલ બની ગઇ. બિહારીએ તેને એક ઉત્તેજક દવા આપવા માંડી. રાજલક્ષ્મીએ તેનો હાથ ખસેડીને કહ્યું: "બેટા, હવે દવા નહિં ! હવે હું ભગવાન્નું સ્મરણ કરીશ. હવે મારા સંસારના સંતાપ મટાડનારી દવા તે આપે તો બસ. મહેન્દ્ર, હવે તમે બધાં જાઓ, આનંદ કરો. વહુ, તું રસોઇ બનાવ."

સાંજના બિહારી અને મહેન્દ્ર રાજલક્ષ્મીના પલંગ પાસે સાફસુફ કરાવી, લીંપાળી ગુંપાવી, જમવા બેઠા. રાજલક્ષ્મીએ, આશાને પીરસવાનું કામ સોંપ્યું હતું. તે પીરસવા લાગી.

મહેન્દ્રની આંખો આંસુથી ભરેલી હતી. તેના મ્હોંમાં અન્ન પેસતું ન હતું. રાજલક્ષ્મી તેને વારંવાર કહેવા લાગી: "મહેન્દ્ર, તું કેમ કશું ખાતો નથી ? સારી પેઠે ખા ને ? હું જોઉં તો ખરી ?"

બિહારી: "માજી, તમે જાણો તો છો કે મોટાભાઇ હમેશાંના એવા છે. એ તો કોઇ દહાડો પુષ્કળ જમતા નથી. ભાભી, મને જરા મગની દાળ પીરસજો—સારી થઇ છે."

રાજલક્ષ્મી ખુશી થઇ. તે હસતી હસતી બોલી: "મને ખબર

છે કે બિહારીને આ મસાલેદાર મગની દાળ બહુ પસંદ છે. વહુ, એટલી શું મૂકે છે! જરા વધારે મૂક ને ?"

બિહારી: "માજી, તમારી વહુ તો બહુ કંજુસ છે. એના હાથથી કશુંયે છૂટતું નથી!"

રાજલક્ષ્મીએ હસતાં હસતાં કહ્યું: "જો ને વહુ, બિહારી તારૂં અન્ન ખાઇને તારૂંજ ભૂંડું બોલે છે!" આશાએ બિહારીની થાળીમાં મગની દાળ પુષ્કળ પીરસી.

બિહારી બોલી ઉઠ્યો: "વાહ્ વાહ્ એમ લાગે છે કે એકલી દાળથીજ મારૂં પેટ ભરવાનું હશે! અને બધી સારી સારી વાનીઓ મોટાભાઇની થાળીમાં પીરસવાની હશે!"

આશા મધુર મંદ સ્વરે બોલી: "જેને નિંદા કરવાની ટેવ પડી હોય તેનું મ્હોં કશાથીયે બંધ ન થાય!"

બિહારી ધીરેથી બોલ્યો: "લાડુ પીરસીને જોઇ લ્યો ને? બંધ થાય છે કે નહિ?"

બન્ને બંધુઓએ એ રીતે હસી ખુશીને ભોજન કર્યું તેથી રાજલક્ષ્મીને પરમ તૃપ્તિ થઇ. એ પછી તેણે આશાને કહ્યું: "વહુ, તું જલ્દી જલ્દી જમી લે."

આશા જમવા ગઇ એટલે રાજલક્ષ્મીએ મહેન્દ્રને કહ્યું: "મહેન્દ્ર, તું સુવા જા."

મહેન્દ્ર: "હજી સુવાની વખત નથી થઇ, બા."

મહેન્દ્રે રાતની વખતે માતાની સેવા કરવાનો વિચાર કર્યો હતો પણ રાજલક્ષ્મીએ તેને તેમ કરવા દીધું નહિં અને કહ્યું: "તું થાકી ગયો છે માટે જા, જઇને સુઇ જા."

આશા જમી આવીને રાજલક્ષ્મી પાસે બેઠી અને તેને પંખા-વતી પવન નાંખવા લાગી. રાજલક્ષ્મીએ તેને ધીરે સાદે કહ્યું: "વહુ,

મહેન્દ્રનું બિછાનું ઠીક કર્યું કે નહિ? જઇને જોઇ આવ. એ એકલો છે."

આશાને ઘણી લજ્જા ઉપજી. પણ તેને જવું તો પડયુંજ. રાજલક્ષ્મી પાસે કેવળ અન્નપૂર્ણા અને બિહારી રહ્યાં.

રાજલક્ષ્મીએ કહ્યું: "બિહારી, તને મારે એક વાત પૂછવાની છે. વિનોદિની કયાં છે અને તેનું શું થયું એની તને ખબર છે?"

બિહારી: "એ કલકત્તામાંજ છે."

રાજલક્ષ્મી ગંભીરભાવે બિહારી તરફ જોઈ રહી. બિહારી તેનો ભાવ સમજી ગયો અને બોલ્યો: "માજી, વિનોદિની સંબંધમાં હવે તમારે કશો ભય રાખવાની જરૂર નથી."

રાજલક્ષ્મી: "બિહારી, એણે મને બહુ દુઃખ દીધું છે; તો પણ મને મનમાં ને મનમાં એની ઉપર દયા ઉપજે છે."

બિહારી: "માજી, એ તમને ખરા મનથી ચાહે છે, એની હું ખાત્રી આપું છું."

રાજલક્ષ્મી: "બિહારી, મને પણ એમ લાગે છે ખરૂં. ગુણ અને દોષ સહુમાંએ હોય છે; એમ છતાં એ મને ચાહતી હતી. જેવી તે મારી સેવા ઉઠાવતી હતી એવી સેવા છળ પ્રપંચથી પણ કોઇ કરી શકે નહિં."

બિહારી: "તમારી સેવા કરવા માટે એ હજી પણ વ્યાકુલ થઇ રહી છે."

રાજલક્ષ્મીએ લાંબો નિસાસો નાંખીને કહ્યું: "મહેન્દ્ર વગેરે હવે સુવા ગયાં છે. રાતના એને એકવાર લઈ આવવામાં શું નુકશાન છે?"

બિહારી: "માજી, એ તો આ ઘરની બહાર છુપાઇ બેઠી છે. મેં બહુ કહ્યું પણ આજ આખા દિવસથી તેણે એક ટીપું પાણી પણ પીધું નથી. એણે પ્રતિજ્ઞા લીધી છે કે જ્યાંસુધી તમે એને બો-

લાવીને માફી નહિં આપો ત્યાંસુધી તે પાણી પણ પીનાર નથી."

રાજલક્ષ્મી વ્યગ્ર બનીને બોલી: "આખા દિવસથી નિર્જલ વ્રત લઇ બેઠી છે? અરેરે, એને બોલાવી લાવ. ઝટ બોલાવી લાવ."

વિનોદિની ધીમે ધીમે ઓરડામાં આવી. એને જોઇને રાજલક્ષ્મી બોલી: "જા, જા, ગાંડી, આ તેં શું કર્યું? આજ આખો દિવસ નિર્જલવ્રત કર્યું? જા, જમી લે. પછી વાતચિત કરીશું."

વિનોદિનીએ રાજલક્ષ્મીની ચરણરજ મસ્તકે ચઢાવી, પ્રણામ કર્યા અને કહ્યું: "પહેલાં તમે આ પાપિણીને ક્ષમા કરો. એ પછીજ હું જમીશ, માજી."

રાજલક્ષ્મી: "બેટા માફ કરૂં છું. મને હવે કોઇના ઉપર ગુસ્સો નથી."

રાજલક્ષ્મીએ વિનોદિનીનો હાથ ઝાલીને કહ્યું: "મોટીવહુ, હવે તું પણ સારા ઢંગથી રહેજે અને કોઇનું બુરૂં ન કરીશ."

બિનોદિની: "માજી, તમારી આશિષ કદી જુઠી નહિં પડે એની મને ખાત્રી છે. હું તમારા ચરણસ્પર્શ કરીને કહું છું કે મારે હાથે કદિ આ ઘરનું અહિત નહિં થાય."

વિનોદિનીએ અન્નપૂર્ણાને પણ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એ પછી તે જમવા ગઇ. જમી આવ્યા પછી રાજલક્ષ્મીએ તેના તરફ જોઇને કહ્યું: "મોટી વહુ, હવે તું કયાં જઇશ?"

વિનોદિની: "માજી, હું તમારી સેવા કરીશ. ઇશ્વિરસાક્ષી રાખીને કહું છું કે મારા તરફથી કોઇપણ જાતનઃ અનિષ્ટની શંકા કરશો નહિં."

રાજલક્ષ્મીએ બિહારી તરફ જોયું. બિહારીએ વિચાર કર્યા પછી જવાબ આપ્યો: "મોટાં ભાભીને રહેવા દો, માજી! એથી કંઇએ નુકશાન થવાનું નથી."

રાતના અન્નપૂર્ણા, બિહારી અને વિનોદિનીએ રાજલક્ષ્મીની સેવા કરી.

પરિચ્છેદ ૨૬.

અન્નપૂર્ણાએ સ્થાપેલી શાંતિ.

આશા, આખી રાત રાજલક્ષ્મીના ખંડમાં આવી શકી નહિ. આ માટે તેને લજ્જા ઉપજી. મહેન્દ્રને પલંગ ઉપર સુતેલો મૂકીને, તે સવારના ઉઠી અને તરતજ હાથ મ્હોં ધોઇને, કપડાં બદલીને નીચે આવી. એ વખતે થોડું થોડું અંધારૂં હતું. રાજલક્ષ્મીના ઓરડા આગળ આવીને તેમાંનું દૃશ્ય જોતાં તે અવાક્ બની ગઈ. તેને વિચાર આવ્યો કે શું હું સ્વપ્ન જોઉં છું?

વિનોદિની એક 'સ્ટવ' ઉપર પાણી ગરમ કરતી હતી. બિહારી આખી રાત સુવા પામ્યો નહતો તેને માટે તે ચ્હા બનાવતી હતી.

આશાને જોઇને વિનોદિની ઉભી થઇ ગઇ અને બોલી: "આજ મારા બધાયે અપરાધ સાથે હું તમારે આશ્રયે આવી છું. મને બીજું કોઇ પણ અહિંથી કાઢી મૂકે એમ નથી, પણ જો તમે કહો કે 'જા' તો મારે અત્તરઘડી જવું જોઇએ."

આશા કાંઇ પણ ઉત્તર આપી શકી નહિ. તેનું મન શું કહેતું હતું તે પણ તે સમજી શકી નહિ. તે બ્હાવરી જેવી બની ગઇ.

વિનોદિની બોલી: "તમે મને કદાપિ માફ કરી શકશો નહિ—અને એવો પ્રયત્ન પણ ન કરશો; પરંતુ મારો ભય હવે તમારે રાખવાનો નથી. જ્યાં સુધી માજી માંદાં છે; ત્યાં સુધી તેમની સેવા મને કરવા દો. પછી હું ચાલી જઇશ."

ગઇ કાલે જ્યારે રાજલક્ષ્મીએ આશાનો હાથ લઇને મહેન્દ્રના હાથમાં મૂક્યો હતો ત્યારે તેણે પોતાના શુદ્ધ મનથી સહુ માન અભિ-

માન દૂર કરીને અને મનનો મેલ ધોઇને મહેન્દ્રને આત્મસમર્પણ કર્યું હતું. આજ વિનોદિનીને પોતાની સામે જોઇને તેના ખંડિત પ્રેમનો અગ્નિ શાંતિ પામ્યો નહિ. તેણે મહેન્દ્રને એક દિન ચાહ્યો હતો અને મહેન્દ્ર પણ તેને શુદ્ધ મનથી ચાહતો હતો. એ વાત તેના મનમાં તરંગની લહરીઓની માફક અહિં તહિં વિહરવા લાગી. થોડીવાર પછી મહેન્દ્ર ઉઠશે અને વિનોદિનીને જોશે–કોણ જાણે કેવીયે દૃષ્ટિથી જોશે! કાલ રાત્રે આશાએ પોતાનું ગૃહ નિષ્કંટક જોયું હતું. પરંતુ આજ પ્રાતઃકાલમાં ઉઠતાં વેંતજ તેણે જોયું કે કાંટાની વાડ તેના ઘરના આંગણામાંજ છે! સંસારમાં સુખનાં સ્થાન સહુથી ઘણાં ઓછાં છે. સુખને પૂર્ણપણે નિર્વિઘ્ન રાખવાનો અવકાશ નથી.

પોતાના હૃદયભારથી દબાયલી આશા રાજલક્ષ્મીના ઓરડામાં ગઇ અને અત્યન્ત લજ્જાળુપણે બોલી: "માસી, તમે આખી રાતનાં જાગેલાં છો. જાઓ, સુઇ જાઓ."

અન્નપૂર્ણાએ આશા તરફ એક વાર સારી પેઠે જોયું. એ પછી સુવા ન જતાં આશાને પોતાની સાથે લઇને પોતાના ઘરમાં ગઇ.

ત્યાં ગયા પછી તે બોલી: "ચુન્ની, જો તું સુખી થવા ઇચ્છતી હો તો હવે આ બધી વાતોને તારા મનમાં રાખીશ નહિ. બીજાને દોષિત ઠરાવવામાં જેટલું સુખ છે, તેથી અધિક દુઃખ એ દોષ મનમાં ઘોળી રાખવામાં છે."

આશા: "માસી, હું મનમાં કાંઇએ રાખવા માગતી નથી. હું તો બધું ભૂલી જવા માગું છું, પણ મારૂં મન ભૂલતું નથી."

અન્નપૂર્ણા: "બેટા, તું ખરૂં કહે છે. ઉપદેશ આપવો સહેલો છે પણ તેનો ઉપાય બતાવવો એ કઠણ વાત છે; તોપણ હું તને એક ઉપાય બતાવું છું. તારે કાંઈ નહિ તો બહારથી એવું બતાવવું જોઇએ કે તું બધું ભૂલી ગઈ છે. પહેલાં બહારથી ભૂલી જવાની ટેવ પાડ. એ

પછી અંદરથી ભૂલી જવાની ટેવ પડશે! ચુન્ની, એ વાત યાદ રાખજે કે જો તું એ વાત ભૂલી જઇશ નહિ તો બીજાંને પણ એ વાતનું સ્મરણ થયાં કરશેજ. તું તારી ઇચ્છાથી એમ ન કરી શકે તો હું તને આજ્ઞા કરૂં છું કે વિનોદિની સાથે તું એવો વ્યવહાર રાખ કે જેથી એવું જણાય કે જાણે તેણે કદાપિ તારૂં કાંઇ પણ અનિષ્ટ કર્યું નથી અને તેની મારફત બૂરૂં થાય એવી શંકા પણ તને ઉપજી નથી.”

આશાએ નમ્રતાથી શિર ઝુકાવ્યું અને કહ્યું: “માસી, કહો, હમણાં શું કરૂં?”

અન્નપૂર્ણા: “વિનોદિની આ વખતે બિહારી માટે ચ્હા બનાવે છે. તું દૂધ, ચ્હાના પ્યાલા, રકાબીઓ એ બધું લઇને જા અને તેની સાથે મળીને કામ કર.”

આશા જવા માટે ઉભી થઇ. અન્નપૂર્ણાએ કહ્યું: “એ તો સહજ છે, પણ હું એક બીજી બાબત બતાવું છું એ વળી વધુ કઠણ છે. પણ એ બાબત તારે કરવી પડશે. કોઇ કોઇ વાર મહેન્દ્ર સાથે વિનોદિનીનો ભેટો અવશ્ય થશેજ. એ વખતે તારા મનમાં શું થશે તે હું જાણું છું. એ વખતે આડી નજરે પણ વિનોદિનીનો ભાવ અથવા તો મહેન્દ્રનો ભાવ જાણવાની કોશિષ કરીશ નહિ. ભલે હૃદય ફાટી જાય તોપણ તારે અવિચલિત રહેવું. મહેન્દ્રને એ સમજાવું જોઇએ કે તું સન્દેહ રાખતી નથી, તને દિલગીરી ઉપજતી નથી, તારા મનમાં ભય નથી કે ચિન્તા પણ નથી. દોરી તૂટ્યા પહેલાં જેવી સ્થિતિ હતી એવી સ્થિતિ એ સાંધ્યા પછીજ ચાલુ રહી છે—તુટી હતી એવું ચિહ્ન પણ જણાતું નથી, એમ મહેન્દ્રને લાગવું જોઇએ. આમ થશે ત્યારે મહેન્દ્ર કે બીજું કોઇ તારા મ્હોં તરફ જોઇને પોતાને અપરાધી સમજશે નહિ. ચુન્ની, આ મારો અનુરોધ કિંવા ઉપદેશ નથી. આ તારી માસીની આજ્ઞા છે. હું કાશી જાઉં તે પછી એક ઘડી માટે પણ તું આ વાત વિસરી જઇશ નહિ.”

આશા ચ્હાના પ્યાલા, દુધ, વગેરે લઇને વિનોદિની પાસે ગઈ અને કહેવા લાગી: "પાણી ગરમ થઇ ગયું કે? હું ચ્હા માટે દુધ લાવી છું."

વિનોદિનીએ વિસ્મિત થઇને આશાના મ્હોં તરફ જોયું અને કહ્યું: "બિહારી બાબૂ બહાર બેઠેલા છે. તમે એમની પાસે ચ્હા મોકલાવી આપો. એટલામાં હું માજીને માટે દાતણપાણી તૈયાર કરૂં છું. હમણાં એ પણ ઉઠશે."

વિનોદિની પોતે ચ્હા લઇને બિહારી પાસે ગઇ નહિ. બિહારીએ એના પ્રેમનો સ્વીકાર કરીને તેને જે અધિકાર આપ્યો છે, એ અધિકારથી, જ્યારે ને ત્યારે પોતાની મરજી પ્રમાણે કામ લેવું એ વિનોદિનીને ઠીક લાગ્યું નહિ. અધિકાર મેળવવા માટે—જે મર્યાદાની રક્ષા કરવા માટે સંયમ સાથે અધિકારનો પ્રયોગ કરવો ઘટે છે. જેટલું મળે એટલું લઇને ખેંચતાણ કરવી એ કંગાલનેજ યોગ્ય છે. ભોગને ઘટાડવાથીજ સંપત્તિનું યથાર્થ ગૌરવ સચવાઈ રહે છે. આથી બિહારી પોતે તેને બોલાવે તે શિવાય એની પાસે કાંઈ મિષ કાઢીને પણ વિનોદિની જતી નહિ.

વિનોદિની, આશા સાથે વાત કરી રહી હતી એટલામાં મહેન્દ્ર ત્યાં આવ્યો.

આશાના હૃદયના અંદરના ભાગમાં જાણે કોઇએ જોશથી ધક્કો માર્યો હોય એવું દુઃખ થયું, પણ તેણે આત્મસંયમથી એ દુઃખ દબાવીને સ્વાભાવિક સ્વરે મહેન્દ્રને કહ્યું: "તમે આટલા બધા વહેલા કેમ ઉઠી આવ્યા? સુરજનો તડકો ન આવે અને તમારી ઉંઘ ઉડી ન જાય તે માટે બધી બારીઓ અને બારણાં વાસીને હું આવી હતી."

વિનોદિનીના દેખતાં આ પ્રમાણે સંકોચવિના આશાને પોતાની સાથે વાતચિત કરતી જોઇને, મહેન્દ્રના મન ઉપરથી બધો ભાર ઉતરી ગયો.

તેણે ઉત્તર આપ્યો: "બાની તબિયત કેમ છે, એ જોવા માટે હું આવ્યો. બા હજી સુઈ રહી છે, ખરું ?"

આશા: "હા, હજી એ સુઇ રહ્યાં છે. હમણાં તમે એમની પાસે ન જશો. બિહારી બાબૂએ કહ્યું છે કે આજ એમની તબિયત સારી છે. બહુ દિવસ પછી ગઇ કાલ રાત્રે તે સારી પેઠે ઉંઘ્યાં છે."

મહેન્દ્રે નિશ્ચિંત થઇને પૂછ્યું: "કાકી ક્યાં છે ?"

આશાએ અન્નપૂર્ણાવાળા ઓરડા તરફ આંગળી કરી.

મહેન્દ્રે બૂમ પાડી: "કાકી!"

અન્નપૂર્ણાએ અત્યારે નહાઇને પૂજા કરવા બેસવાનો સંકલ્પ કર્યો હતો તોપણ તેણે કહ્યું: "આવ મહેન્દ્ર, આવ."

મહેન્દ્ર તેને પ્રણામ કરીને બોલ્યો: "કાકી, હું પાપી છું. તમારી પાસે આવતાં મને લજ્જા ઉપજે છે."

અન્નપૂર્ણા: "છટ્ છટ્ એવું ન બોલ, મહેન્દ્ર, આખું શરીર ધૂળમાં રગદોળી આવીને પણ બાળક પોતાની માના ખોળામાં બેસી શકે છે."

મહેન્દ્ર: "પણ મારી આ ધૂળ કોઇ પણ પ્રકારે ઝાટકી નંખાશે નહિં."

અન્નપૂર્ણા: "બેટા, એમ નથી. તું પોતે એકવાર ધારીશ તો તરતજ એ ધૂળ ખંખેરી નાંખી શકીશ. એક રીતે આ ઠીક થયું છે. તને મૂળથી અહંકાર હતો કે તું સારો છે. વળી તારી પોતાની ઉપર હદ ઉપરાંત વિશ્વાસ હતો. આ પાપના વંટોળીઆમાં તારા એ અહંકારનો ચૂરો થયો છે. એથી વિશેષ અનિષ્ટ કાંઈ થયું નથી."

મહેન્દ્રે કહ્યું: "કાકી, હવે હું તમને કદી અળગાં નહિં કરૂં. તમારા જવાથી મારી આ દુર્ગતિ થઇ છે."

અન્નપૂર્ણા: "મારા રહેવાથી જો દુર્ગતિ રોકી શકાય એમ છે તો એકવાર દુર્ગતિ થઇ ગઇ એજ ઠીક થયું છે. હવે તને મારી જરૂર નહિં પડે."

એટલામાં બારણાં બહારથી સાદ આવ્યો: "કાકી, પૂજા કરવા બેઠાં છો કે?"

અન્નપૂર્ણા: "ના, તું અંદર આવ."

બિહારી અંદર આવ્યો. મહેન્દ્રને આટલો બધો વહેલો ઉઠેલો જોઇને બિહારી બોલ્યો: "મોટા ભાઇ, તમારા આખા જીવનમાં હું ધારૂં છું કે, તમે આજેજ આ પ્રથમ સૂર્યોદય જોયો!"

મહેન્દ્ર: "ખરૂં છે બિહારી, આજ મારા જીવનનો આ પ્રથમ સૂર્યોદય છે! મને લાગે છે કે તારે કાકી સાથે કાંઇ મસલત કરવાની હશે. લે બેસ, હું જાઉં છું."

બિહારીએ હસીને કહ્યું: "ન જશો, ન જશો. અમે તમને પણ મંત્રીમંડળમાં મંત્રી તરીકે દાખલ કરીએ છીએ. તમારાથી મેં કશું છૂપાવ્યું નથી. જો તમને કાંઇ પણ દુઃખ ન થાય તો આજ પણ હું તમારાથી કશું છાનું રાખીશ નહિ."

મહેન્દ્ર: "મને દુઃખ થાય? ત્યારે તો હવે હું તારા ઉપર કાંઇ પણ હક્ક કરી ન શકું. જો તું મારાથી કશું નહિ છૂપાવે તો હું પણ મારા પોતાના ઉપર ફરીથી વિશ્વાસ રાખી શકીશ."

હમણાં હમણાં મહેન્દ્ર પાસે સંકોચ વિના વાતચિત કરવી એ કઠણ થઇ પડયું હતું. બિહારી પહેલાં તો ખચકાયો પણ પછી હિંમતથી બોલ્યો: "વિનોદિની સાથે લગ્ન કરવાનું મેં કહ્યું હતું, એ બાબતમાં હું કાકી સાથે વાતચિત કરવા અને નિશ્ચય આવવા માટે આવ્યો છું."

મહેન્દ્રને ઘણો સંકોચ લાગ્યો. અન્નપૂર્ણાએ આશ્ચર્યચકિત થઇ પૂછ્યું: "બિહારી, આ તે વળી કેવી વાત?"

મહેન્દ્રે પ્રબળ શક્તિથી સંકોચ દૂર કર્યો: "બિહારી, એ લગ્નની કશી જરૂર નથી."

અન્નપૂર્ણા: "આ બાબતમાં શું વિનોદિની પણ સામેલ છે?"

બિહારી: "ના."

અન્નપૂર્ણા: "એ પોતે એમ કરવા રાજી છે?"

મહેન્દ્ર વચમાં બોલી ઉઠયો: "વિનોદિની કેમ રાજી ન હોય? કાકી! મને ખબર છે કે, એ બિહારી ઉપર પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ રાખે છે. તેને અનન્ય ભાવે ભજે છે. આવા આશ્રયને એ શા માટે છોડી દે?"

બિહારી: "મહેન્દ્રભાઈ, લગ્ન કરવાની વાત મેંજ વિનોદિની આગળ પહેલી કાઢી હતી, પરંતુ એણે લજ્જા સાથે તેનો અસ્વીકાર કર્યો છે."

એ સાંભળી મહેન્દ્ર ચૂપ થઈ ગયો.

પરિચ્છેદ ૨૭.

જેનું છેવટ સારૂં તેનું સૌ સારૂં.

જેમ તેમ કરતાં રાજલક્ષ્મીએ બે ત્રણ દિન કાઢયા. એક દિવસ પ્રાતઃકાલમાં એના મ્હોં ઉપર ખૂબ પ્રસન્નતા ઝલકી ઉઠી. તેનું બધું કષ્ટ ઓછું થઇ ગયું. તે દિવસે એણે મહેન્દ્રને બોલાવીને કહ્યું: "હવે મને વધુ અવકાશ નથી. પણ હું બહુ સુખમાં મરૂં છું, મહેન્દ્ર! મને હવે કશું દુઃખ નથી. તું નાનો હતો ત્યારે તારે માટે મને જે આનંદ ઉપજતો હતો, તેજ આનંદથી આજ મારૂં હૃદય ભરાઈ ગયું છે. તું

મારી કુખનો બાળક છે, મારી છાતીનું ધન છે. તારી બધી અલાબલા લઇને હું જાઉં છું, એજ બાબત મને બહુ સુખ આપે છે.”

એમ કહેતાં કહેતાં **રાજલક્ષ્મી** **મહેન્દ્ર**ના મ્હોં અને શરીર ઉપર હાથ ફેરવવા લાગી. **મહેન્દ્ર**થી રોવું રોકી શકાયું નહિં.

રાજલક્ષ્મી બોલી : “**મહેન્દ્ર**, રોઇશ નહિં. લક્ષ્મી જેવી વહુને હું તારી સેવા માટે મૂકતી જાઉં છું. વહુને મારી કુંચીઓ આપજે. મારા ઘરમાં બધો સામાન તારે માટે મેં રાખેલો છે. તને કશી વસ્તુને માટે બહાર ભટકવું પડે એમ નથી. વળી એક બીજી વાત કહેતી જાઉં છું. **મહેન્દ્ર**, મારા મરણ પહેલાં કોઇને એ કહીશ નહિં. મારી પેટીમાં બે હજાર રૂપિયાની નોટો છે. એ બધી હું **વિનોદિની**ને આપતી જાઉં છું. એ વિધવા છે, એકલી છે. આ બે હજાર રૂપિયાના વ્યાજમાંથી એનો નિર્વાહ સારી રીતે થશે; પરંતુ **મહેન્દ્ર**, એને તું તારા ઘરમાં ન રાખીશ, એ ખાસ આજ્ઞા હું કરતી જાઉં છું.”

એ પછી, **બિહારી**ને પોતાની પાસે બોલાવીને તે બોલી : “બેટા **બિહારી**, કાલે **મહેન્દ્ર** કહેતો હતો કે તેં ગરીબ પણ ખાનદાન લોકોને માટે એક બાગ વેચાતો લીધો છે. ભગવાન્ તને ચિરંજીવી બનાવીને ગરીબોનું કલ્યાણ કરે. મારાં લગ્ન વખતે સસરાજીએ મને એક ગામ આપ્યું હતું. આ ગામ હું તને આપી જાઉં છું. તેની આવક તું તારા સત્કાર્યમાં વાપરજે. એથી મારા સસરાજીના પુણ્યાત્માને શાંતિ થશે.”

* * * * *

રાજલક્ષ્મીના મરણ પછી, અને તેની ઉત્તરક્રિયા પછી, **મહેન્દ્રે** **બિહારી**ને કહ્યું : “ભાઇ **બિહારી**, તું જાણે છે કે હું વૈદકશાસ્ત્ર જાણું છું. તેં જે કામ શરૂ કર્યું છે, તેમાં મને પણ ભેગો લે; અને **ચુન્ની** સુચતુર ગૃહિણી બની ગઇ છે, એ જોઇને મને એમ લાગે છે કે એ પણ તારા કામમાં ઘણી સહાય કરી શકશે. આપણે બધાંયે આ **સ્થળે** જ રહીશું.”

બિહારીએ ઉત્તર આપ્યો: "મોટાભાઇ, બરોબર વિચાર કરી જુઓ. આ શું તમને હમેશાં સારૂં લાગશે? વૈરાગ્યના ક્ષણિક ઉમંગમાં એક સ્થાયી ભાર તમે તમારે શિરે ઉઠાવી લ્યો છો."

મહેન્દ્ર: "બિહારી, મેં વિચાર કરી જોયો છે. મારા જીવનને મારે આળસમાં વીતાવવું એ મને ઠીક લાગતું નથી. કામકાજ રૂપ દોરીમાં બાંધીને જો હું એને ઘસડીશ નહિ તો અંતે એ મને કોઇ દિવસ ઘસડીને સુસ્તી અને આફતમાં નાખશે. તારે મને કોઇપણ કામ તો સોંપવું જ જોઇશે."

આખરે એ પ્રમાણે ગોઠવણ થઇ ગઇ.

એક દિન અન્નપૂર્ણા અને બિહારી બેઠાં બેઠાં પહેલાંની વાતો કરતાં હતાં અને તેઓ પરસ્પર એક બીજાથી થોડા વખતમાં વિખૂટાં પડશે એમ ચર્ચા કરતાં હતાં તેવામાં વિનોદિનીએ બારણા આગળ આવીને કહ્યું: "કાકી, હું અંદર આવું કે?"

અન્નપૂર્ણાએ કહ્યું: "આવ, આવ, બેટા બેસ."

વિનોદિની આવીને થોડીક વાર બેઠી હશે એટલામાં અન્નપૂર્ણા બિછાનું લેવાને બહાને બીજા ઓરડામાં ગઇ.

વિનોદિનીએ બિહારીને પૂછ્યું: "આ વખતે હવે મારે શું કરવું તે આપ બતાવો."

બિહારી: "તમેજ કહો, તમારી શું કરવાની ઇચ્છા છે?"

વિનોદિની: "મેં સાંભળ્યું છે કે ગરીબોની સારવાર કરવા માટે તમે ગંગા કિનારે એક બાગ લીધો છે. હું ત્યાં તમે જે કામ બતાવશો તે કરીશ. કાંઇ કામ નહિ હોય તો રસોઇનું કામ કરીશ."

બિહારી: "મેં બહુ વિચારો કરી જોયા છે. જુદી જુદી જાતનાં કામોથી મારા જીવનની જાળમાં ઘણી ગૂંચ પડી ગઇ છે. હવે એકાન્તમાં જઇને એ બધી ગૂંચ એકે એકે ઉકેલવાનો સમય આવી પહોંચ્યો

છે. સૌથી પહેલાં બધું સાફ કરી લેવું જોઇશે. આ સમયે હૃદય જે ચાહે છે, તેને આશ્રય આપવાનું સાહસ થઇ શકતું નથી. આજ સુધી જે કાંઇ મેં સહન કર્યું છે, એનાં બધાં આન્દોલનોને શાન્ત કર્યાવિના આપણે જીવનની સમાપ્તિ માટે પ્રસ્તુત થઇ શકીશું નહિં. જો મારી ઇચ્છાનુસાર થયું હોત, તો સંસારમાં એક માત્ર તમારી જ મારફતે મારૂં જીવન સંપૂર્ણ થાત, પરંતુ હવે મારે તમારા વિના જ કામ કરવું પડશે. હવે સુખ મેળવવા પ્રયત્ન કરવો એ નકામું છે. હવે ધીરે ધીરે જીવનના તુટેલા અંશોને પુનઃ સાંધવા માટેજ યત્ન કરવા જોઇશે."

આ વખતે અન્નપૂર્ણા અંદર આવી. વિનોદિનીએ તેને કહ્યું: "માજી, તમારે મને હવે તમારાં ચરણોમાં સ્થાન આપવું જોઇશે. હું પાપિણી છું પણ તેથી મને દૂર ન ધકેલશો."

અન્નપૂર્ણા: "બેટા, મારી સાથે બનારસ ચાલ."

જે દિવસે અન્નપૂર્ણા સાથે વિનોદિની કાશી જવાની હતી, એ દિવસે બિહારીએ લાગ જોઇને તેની મુલાકાત લીધી અને કહ્યું: "વિનોદિની, તમારૂં કોઇ ચિહ્ન હું મારી પાસે રાખવા માગું છું."

વિનોદિની: "મારી પાસે એવું શું છે કે જે હું તમને ચિહ્ન તરીકે પાસે આપવા માટે આપી શકું?"

બિહારીએ લજ્જા અને સંકોચથી કહ્યું: "અંગ્રેજોમાં એવો રિવાજ છે કે પોતાના પ્રિય માણસના થોડાક વાળ કાપીને તે સ્મારક રૂપે રાખવામાં આવે છે. જો તમે..."

વિનોદિની: "છટ્, છટ્, એ તે કેવી વાત! મારા વાળ લઇને તમે શું કરશો? એ અપવિત્ર જડ વસ્તુને હું તમને આપવા યોગ્ય લેખતી નથી. હું અભાગિની તમારા કામમાં મદદ રૂપ નહિ થઇ શકું એનો મને શોક થાય છે. આથી હું તમને એવું કાંઇ આપવા માગું

છું કે જે મારી વસ્તુ તરીકે તમારા કામમાં આવે. કહો, તમે લેશો કે?"

બિહારી: "હા, લઇશ."

વિનોદિનીએ તરત પોતાના કબજામાંથી બબ્બે હજાર રૂ. ની બે નોટ કાઢીને બિહારીના હાથમાં મૂકી!

બિહારી ગંભીર આવેગ સાથે સ્થિર દૃષ્ટિથી વિનોદિની તરફ તાકી રહ્યો. થોડીવાર પછી તે બોલ્યો: "હું શું તમને કાંઇ પણ આપી શકીશ નહિ?"

વિનોદિની: "તમારૂં ચિહ્ન મારી પાસે પહેલેથી જ છે. એ મારા અંગનું આભૂષણ છે–એને કોઇ છીનવી લઇ શકે એમ નથી. મને બીજા કોઈ ચિહ્નની હવે જરૂર નથી." એટલું કહીને તેણે પોતાના હાથ ઉપર બિહારીથી અગાઉ પડેલો ઘા બતાવ્યો.

બિહારી આશ્ચર્યચકિત થયો. વિનોદિનીએ કહ્યું: "તમે નથી જાણતા આ ઘા તમારાથી જ પડ્યો છે! અને એ તમારા ચારિત્રને જ યોગ્ય છે. આથી આ વખતે તમે તે ચિહ્ન પાછું લઈ શકો એમ નથી!"

માશીના ઉપદેશ પછી, આશા વિનોદિની સંબંધમાં પોતાનું મન નિષ્કંટક કરી શકી નહિં. રાજલક્ષ્મીની સેવા બન્નેએ સાથેજ ઉઠાવી હતી, પરંતુ આશાએ જ્યારથી વિનોદિનીને જોઈ છે, ત્યારથી તેના હૃદયમાં વ્યથા થઈ છે. મ્હોંયેથી તે સહજ રીતે વાતચિત કરી શકતી નથી અને હસવાનો પ્રયત્ન કરતાં એને દુઃખ ઉપજે છે વિનોદિનીની, સાધારણ સેવાનો સ્વીકાર કરવામાં પણ તેનું મન કબુલ કરતું નથી. વિનોદિનીએ કરેલી અનેક પાનની બીડીઓ અનેક સમયે શિષ્ટાચારને લીધે એને લેવી પડી છે પરંતુ નજર ઓળવીને તેણે તે ફેંકી દીધી છે, કદી ખાધી નથી! એમ છતાં આજ જ્યારે વિનોદિનીને જવાની વખત થઇ અને માસી બીજી વાર ઘર છોડીને કાશીએ

જવાનાં હતાં ત્યારે **આશા**નું હૃદય દુઃખી થયું, તેની આંખો અને તેનું વદન આંસુથી આર્દ્ર બની ગયાં. એ વખતે **આશા**ને **વિનોદિની** ઉપર પણ કરુણા ઉપજી, તેનો બધો રોષ દૂર થઇ ગયો. જેઓ સહવાસ છોડીને દૂર જતાં હોય તેઓને પણ માફ ન કરી શકે એવાં કઠણ હૃદયનાં કોઇકજ હોય છે. **આશા** જાણતી હતી કે **વિનોદિની** **મહેન્દ્ર**ને ચાહે છે. **મહેન્દ્ર**ને શા માટે ન ચાહે? પરંતુ **મહેન્દ્ર**ને ચહાવું એમાં કેટલું દુઃખ છે, એ **આશા** પોતાના અનુભવથી જાણતી હતી. પોતાના પ્રેમના વેદનામય અનુભવને પરિણામે આજ **આશા**ને **વિનોદિની** ઉપર દયા ઉપજી. **વિનોદિની** હમેશને માટે **મહેન્દ્ર**ને તજી જાય છે, એ એક એવું દુઃખ છે કે–**આશા** પોતાના મોટામાં મોટા શત્રુને માટે પણ એવા દુઃખની કામના કરે નહિં. આવા પ્રકારના વિચારોથી **આશા**ની આંખમાં આંસું આવી ગયાં. ધીરે ધીરે તે **વિનોદિની** પાસે ગઈ અને ઘણા સ્નેહ સાથે બોલી: "બ્હેન! તમે જાઓ છો?"

વિનોદિની **આશા**ની હડપચી ઝાલીને બોલી: "હા બ્હેન, મારે જવાનો સમય આવી પહોંચ્યો. એક વખત તમે મારા ઉપર વ્હાલ બતાવ્યો હતો. આ વખતે સુખના દિવસોમાં એ વ્હાલનો કાંઇક અંશ મારે માટે રાખજો અને બીજાું બધું ભૂલી જજો!"

મહેન્દ્રે આવીને પ્રણામ કર્યા× અને કહ્યું: "મોટાં ભાભી, માફ કરજો." બોલતાં બોલતાં **મહેન્દ્ર**ની આંખોમાંથી આંસુનાં બે ટીપાં પડ્યાં!

વિનોદિની બોલી: "**મહેન્દ્ર**બાબૂ, તમે પણ માફ કરજો. ભગવાન્ તમને બેને સદાય સુખી રાખે!"

સમાપ્ત.

× તેની સાથે પૂજ્ય સ્ત્રી તરીકેનો સંબંધ શરૂ કરવાના ચિહ્ન તરીકે.

જર્મનીની ઉન્નતિ શાથી થઈ?

વડોદરા સ્ટેટની લાયબ્રેરીઓમાં રાખવા માટે પસંદ થયું છે.

કિંમત રૂ. ૧-૧૦-૦

આ પુસ્તક કલ્પિત વાર્તા કે રાજકીય બાબતોનું નથી; પણ **જર્મનીએ** પોતાની ઉન્નતિ કરવા માટે કેવા સુધારા વધારા કર્યા છે, તેમજ દરેક રાષ્ટ્રે પોતાની ઉન્નતિ કરવા માટે ખાસ કરીને સુધારવા જેવી બાબતો કઈ કઈ હોય છે તેનો બરાબર ખ્યાલ તથા પુરતી માહીતી આપનારૂં છે. જે અંગ્રેજી પુસ્તકના આધારે આ પુસ્તક લખાયું છે તેની ત્રણ ચાર આવૃત્તિઓ થઈ ગઈ છે, ને સર્વત્ર પસંદગી પામ્યું છે; એજ તેની ઉત્તમતાની સાબીતી છે.

આ પુસ્તકમાં જર્મનીમાં વિચારક્રાન્તિ; જર્મનીનો વેપાર: જર્મનીનો ઔદ્યોગિક યુગ; જર્મનોનું વિશિષ્ટ લક્ષણ; જર્મનીમાં ધંધાશિક્ષણની શાળાઓ; ઔદ્યોગિક મંડળોની યોજના; કારખાનાં અને મજુરો સંબંધી; સરકારે માથે લીધેલાં કાર્યો—જેવાં કે રેલ્વે, નહેર, ખેતીવાડી, હુન્નર ઉદ્યોગો; પ્રજાસંવર્ધન અને બાળસંરક્ષણની યોજના વગેરે—રાષ્ટ્રનો વિસ્તાર તથા દરીઆઈ બળ, અને જર્મનીનો પૂર્વ ઇતિહાસ તથા સામાન્ય માહિતી વગેરે જુદી જુદી બાબતોનાં ૨૪ પ્રકરણો છે.

મોટા કદનાં ૨૫૦ પાનાં, ગ્લેઝડ કાગળ તથા સુંદર પાકું પૂંઠું છે. **જર્મની સંબંધી પુરેપુરી માહીતી આપનારૂં પુસ્તક ગુજરાતીમાં આ પહેલું અને એકજ છે.** ગુજરાતની જાહેર તથા ખાનગી દરેક લાયબ્રેરીમાં રાખવા વિદ્વાનો ખાસ ભલામણ કરે છે.

મળવાનું ઠેકાણું:—જીવનલાલ અમરશી મહેતા,

ઠે. પીરમશાહ રોડ—**અમદાવાદ.**

મહાન્ કર્મયોગી મહાત્મા

ગુરૂદત્ત વિદ્યાર્થીનું જીવનચરિત્ર.

આદર્શ સ્વાર્થત્યાગી, અદ્વિતીય વક્તા, ૨૬ વર્ષના અલ્પ જીવનમાં સ્વામીશ્રી શંકરાચાર્યજીની અસાધારણ બુદ્ધિનું પુનઃ સ્મરણ કરાવે તેવા, અપૂર્વ પાંડિત્યવડે ગૂઢ ગ્રંથોના લેખક, અને તન, મન તથા ધનવડે દેશની મોંઘી સેવા કરનાર પંડિત **ગુરૂદત્ત વિદ્યાર્થી** એમ. એ. નું દેશભક્ત શ્રીયુત **લાલા લજપતરાયની** હૃદયસ્પર્શી કલમવડે લખાયેલ જીવનચરિત્રનો ગુર્જરગિરામાં સરળ આ અનુવાદ કરવામાં આવ્યો છે.

ગુર્જર સાહિત્યની શોભામાં વૃદ્ધિ કરનાર આ ઉત્તમ ગ્રંથનું એકાદજ પ્રકરણ વાંચનારના પોતાના જીવનમાં નવજીવન રેડયા સિવાય રહેશે નહિ. ખાસ કરીને દેશની સેવા કરવાની ઇચ્છા રાખનાર નવયુવાનો, કોલેજના વિદ્યાર્થીઓ, યુનિવર્સીટીના ગ્રેજ્યુએટો તથા વિવિધ ઉદ્દેશોને લઇ કાર્ય કરનારાં નાનાં મોટાં મંડળો, સભાઓ અને સંસ્થાના મંત્રી અને પ્રમુખોને આ ગ્રંથ આશિર્વાદરૂપ છે. શ્રીયુત ગુરૂદત્ત વિદ્યાર્થીના જીવનપર મુગ્ધ બની, રા. સા. ગણપતરામ અનુપરામ ત્રવાડી, વિદ્વદ્વર્ય આત્મારામજી એજ્યુ. ઇન્સ્પેકટર, વૈદ્યકલ્પતરૂ, સત્ય વિગેરે વર્તમાનપત્રો અને વિદ્વાનોએ ઉત્તમ ઉદ્દગારો કાઢયા છે. જે સ્થળાભાવને લીધે અત્રે ટાંકી શકાયા નથી. ટુંકામાં કોઇ મિત્રને ત્યાંથી અગર લાયબ્રેરી-માંથી આ ગ્રંથ મેળવી દરેક ગૃહસ્થને વાંચવા માટે અમારી ખાસ ભલામણ છે.**વડોદરા સ્ટેટમાં ઈનામ તથા લાયબ્રેરી બેઉ માટે મંજુર થયું છે. કીંમત રૂપીઓ સવા.**

સુવર્ણાક્ષરે પાકા પુંઠાવાળો, સુંદર ગ્લેઝ કાગળનાં ૨૫૦ પૃષ્ઠ પરનો આ ગ્રંથ નીચેના ઠેકાણેથી મળશે.

જીવનલાલ અમરશી મહેતા. ઠે.પીરમશાહરોડ–**અમદાવાદ.**

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"નું પાંચમું પુસ્તક.

બંગ કવિવર ડૉ. સર રવીન્દ્રનાથ ટાગોરકૃત

ચોખેર વાલી.

એટલે

આંખની કણી!

ભાષાન્તરકર્તા,

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી; મુંબાઈ.

પ્રકાશક,

જીવનલાલ અમરશી મહેતા

મેનેજર—"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"; અમદાવાદ.

કિંમત એક રૂપીઓ.

જ્ઞાન વ. પુસ્તકમાળાના ગ્રાહક માટે—આઠ આના.

અનુક્રમણિકા.

પ્રકાશકની પ્રસ્તાવના.

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"ના બીજા વર્ષના પ્રથમ પુસ્તક તરિકે બંગ કવિવર ડૉકટર રવીન્દ્રનાથ ટાગોરકૃત આ નવલકથા આપતાં મને અત્યાનંદ થાય છે. પહેલા વર્ષના છેલ્લા પુસ્તકમાં જાહેર કર્યા પ્રમાણે "ચક્રવર્તી અશોક" પ્રથમ આપવાનું હતું. તેના નવ ફરમા છપાઈ પણ ગયા છે; પરંતુ પુસ્તકમાળાના કેટલાક ગ્રાહકો તેમજ મિત્રો તરફથી થયેલી સૂચનાને માન આપીને તે પુસ્તકને બદલે પ્રથમ આ નવલકથા આપવાની યોજના કરી છે. એશિયાના કવિશિરોમણી ડૉ. રવીન્દ્રનાથ ટાગોરનું નામ સમસ્ત જગતમાં મશહુર થયેલું હોવાથી તેમનાં પુસ્તકોનાં ભાષાન્તરો ઘણીખરી ભાષાઓમાં થઈ ગયાં છે. પરંતુ ગુજરાતીમાં હજી સુધી તે મહાપુરુષની એકે કૃતિ ઉતરી નહોતી. હમણાંજ તેમનાં નાટકોમાંનું "ચિત્રાંગદા"નું ભાષાન્તર એ વિદ્વાન્ ગૃહસ્થોએ બહાર પાડયું છે, અને નવલકથારૂપે આ "ચોખેર વાલી" પ્રસિદ્ધ થાય છે. આ સુન્દર નવલકથાનું ભાષાન્તર કરવાની કોઇ પણ જાતની શરત વિના પરવાનગી આપવા માટે ડૉ. ટાગોરનો, અને નડીઆદના એક ઉત્સાહી લેખક રા. રા. ધનશંકર હીરાશંકર ત્રિપાઠીએ, તેનું ભાષાન્તર છાપવાનો હક્ક મને આપ્યો તે માટે તેમનો, તેમજ તે યોગ મેળવી આપનાર એક સાહિત્યવિલાસી ભાઇનો મારી ઉપર બહુ આભાર થયો છે.

આ નવલકથાનો બીજો ખંડ, કે જેમાં કથાનક બહુજ આકર્ષક થાય છે ને કથારસ જામે છે, તે આપ્યા પછી ડૉ. સર ટાગોરનાં બીજાં પુસ્તકોનાં ભાષાન્તર પણ ક્રમે ક્રમે આપવાનો વિચાર છે.

આ પુસ્તકની સાથેજ મહાત્મા જેમ્સ એલનના એક મનન કરવા યોગ્ય ગંભીર વિચારોના પુસ્તકનું ભાષાન્તર—"પશુમાંથી દેવ"—

(કિં. આઠ આના.) ગ્રાહકોને અપાય છે. આ બેઉ પુસ્તકો એટલાં ઉત્તમ ને આકર્ષક છે કે તેની સરખામણી બીજા સાથે કરી શકાય તેમ નથી.

"**દીવાને સાગર**" કિં૦ રૂ. અઢી તથા "**કુમુદચન્દ્ર**" (નવલકથા) કિં૦ રૂ. સવા એ બે પુસ્તકો પણ પુસ્તકમાળાના ગ્રાહકોને ઐચ્છિક દાખલ અર્ધી કિંમતે આ વર્ષમાં અપાય છે.

હવે પછી આપવા માટે હાલ નીચેનાં પુસ્તકો છપાય છે:—

(૧) **ચક્રવર્તી અશોક.** (અર્ધ–ઐતિહાસિક નવલકથા)

(૨) **જર્મનીની ઉન્નતિ શાથી થઇ ?** (લગભગ ૪૦૦ પૃષ્ઠ)

(૩) **મુક્તિમાળા** અથવા **જીવરાજ જીવન્મુક્તિ આખ્યાન.**

(૪) **ચોખેર વાલી,** ખંડ બીજો. સંપૂર્ણ.

આ બધાં પુસ્તકો પણ અત્યંત વિચારણીય, બોધદાયક અને મનોહર થશે, એ ચોક્કસ છે.

આ પુસ્તકની કિંમત એક રૂપીઓ રાખી છે તેથી પુસ્તકમાળાના ગ્રાહકોને **આઠ આના**માં મળશે. આ કિંમત મારી પ્રથમની ધારણા કરતાં લગભગ સવાઈ થવા જાય છે; પરંતુ કાગળ વગેરેના ભાવ બમણા કરતાં પણ વિશેષ થવાથી તેમ કરવાની ફરજ પડી છે. તોપણ સંતોષની વાત એ છે કે, આવી બીજી માળાઓ ચાલે છે, તેનાં પુસ્તકોની કિંમતની સરખામણી કરતાં પ્રમાણમાં આ પુસ્તકમાળાના આ પુસ્તકની કિંમત આઠ આના છે એ વધારે લાગતી નથી.

છેવટે "**જ્ઞાનવર્ધક પુસ્તકમાળા**"નાં પુસ્તકોની ઉંચી પસંદગી તરફ લક્ષ રાખીને નવા એકેક બબે ગ્રાહકો વધારી આપવાની કૃપા કરવા દરેક વાચકને વિનંતી છે. સુજ્ઞોને વિશેષ શું કહેવું ?

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ઑફિસ
અમદાવાદ
તા. ૨૬–૪–૧૯૧૬. } **જીવનલાલ અમરશી મહેતા.**

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"નાં પુસ્તકો વિશે

કેટલાક અભિપ્રાયના ઉતારા.

રા. રા. છગનલાલ હરિલાલ પંડયા, બી. એ.—"**સત્યભામા** નાટક વાંચીને મને આપની લેખક તરીકેની શક્તિ વિશે પણ ઘણો ઉંચો વિચાર બંધાયો છે. ગ્રન્થ સર્વ સુજ્ઞ જનોએ ઘરમાં રાખી બાળકોને વંચાવી મનન કરાવવા યોગ્ય છે."

રા. રા. ધિમંતરામ નવલરામ પંડિત—"**સત્યભામા** નાટક બધું વાંચી નાખ્યું છે. ગુજરાતી સાહિત્યમાં તે નાટક અલબત્ત અપ્રતિમ ગણાશે, અને આપની અનુવાદશક્તિ બેશક પ્રશંસાપાત્રજ લેખાશે."

રા. રા. વીરમિત્ર હ૦ મહેતા, બી. એ.—"**સત્યભામા** બહુ સુન્દર પુસ્તક છે, અને સાહિત્યમાં તે ઉચ્ચ સ્થાને વિરાજશે."

"બુદ્ધિપ્રકાશ" (ફેબ્રુઆરી, ૧૯૧૬)—"**સત્યભામા**—મૂળ લેખક શ્રીયુત કોલ્હટકરનું 'વધૂપરીક્ષા' નાટક દક્ષિણી નાટક મંડળીમાં બહુ લોકપ્રિય થયું છે, અને વારંવાર ભજવાય છે. સત્યભામા એ તે નાટકનો અનુવાદ છે. અનુલોમ વિવાહ એ નાટચનો મુખ્ય વિષય છે. અને શેક્સપિયરનું Comedy of Errors. (હાસ્યકારક ભૂલભૂલામણી) વાંચતાં જેવો આનંદ થાય છે, તેવો આનંદ આપણે આમાં અનુભવીએ છીએ. અનુવાદ સારી રીતે અને કાળજીપૂર્વક કરવામાં આવ્યો છે. ભાષાશૈલી રૂઢ અને સરલ છે.

સાહિત્ય (ઑગસ્ટ, ૧૯૧૫)—"**હાસ્યમંદિર**—રા. બ. રમણભાઇ તથા સૌ૦ વિદ્યાબ્હેનની કલમથી લખાઈ વખતોવખત ચોપાનીઆમાં પ્રગટ થયેલા હાસ્યરસને લગતા નિબંધો પુસ્તકના રૂપમાં મૂકીને વિદ્વાન્ કર્તાયુગલે સારી સાહિત્યસેવા કરી છે. × × × હાસ્યરસ જમાવવાની શક્તિ વિદ્વાન્ દંપતીમાં ઘણી ઉંચી પ્રતિની છે. મીઠી

હાવકી મજાક—ક્વચિત્ છલકાઇ જતી પણ કદી હદ બહાર નહિ જતી ને ગ્રામ્યપણાનો તો કોઈ પણ વખત આભાસ સરખોએ નહિ કરાવતી એ 'હાસ્યમંદિર'ની અંદરના લેખોની ખુબી છે. શૈલી સહેલી તોપણ પ્રૌઢ ને વાક્યરચના આડંબર વિનાની છે."

સત્સંગ (માહ—ફાગણ, સં. ૧૯૭૨)—**ગોપાળ કૃષ્ણ ગોખલે**— પુસ્તકનું પાને પાનું, લીટીએ લીટી, અક્ષરે અક્ષર મનન કરવા જેવો છે. બાપદાદાએ મૂકેલી પુંજીપર બેસી સારા નબળા બે શબ્દ લવી માન ખાટવાની ઇચ્છા રાખનાર, 'અમે તો ગરીબ એટલે શું કરીએ,' એમ કહી સ્વસ્થ થઇ બેસનાર, આદિ સર્વને આ પુસ્તક ધડો લેવા જેવું છે."

કેળવણી (એપ્રિલ, ૧૯૧૬)—"**સૉક્રેટિસ અને તેનો છેલ્લો સંવાદ**—આત્મા શું છે, મૃત્યુ પછી તેની શી ગતિ થાય છે, પુનર્જન્મ કેવી રીતે થાય છે, મોક્ષનું સ્વરૂપ શું, ઇત્યાદિ વિષયો આ પુસ્તકમાં સૉક્રેટિસ અને તેના શિષ્યોના સંવાદરૂપે સાદી ભાષામાં અને સાદી યુક્તિઓથી અદ્‌ભૂત રીતે પ્રતિપાદન કરેલા છે. સૉક્રેટિસના આત્મા સંબંધી વિચારો વાંચનારને ક્ષણવાર એમજ લાગે કે તે જાણે ઉપનિષદોમાંના આત્મા સંબંધી પ્રકરણને વાંચતો હોય! × × × પુસ્તકને અન્તે મૂકેલું નીતિતત્વોનું પ્રકરણ પણ તેટલુંજ ઉપયોગી છે."

નવજીવન અને સત્ય (માર્ચ, ૧૯૧૬)—"**સૉક્રેટિસ અને તેનો છેલ્લો સંવાદ**—જે અસાધારણ બુદ્ધિ, પરમ સાત્વિકતા અને દિવ્ય શ્રદ્ધાનું દર્શન આ સંવાદમાં થાય છે, તેનું વર્ણન કરવા અમે ઇચ્છતા નથી. જેમ ગ્રીકમાં અને અંગ્રેજીમાં તેમ ગુજરાતીમાં પણ આ સંવાદ અમૂલ્ય રત્ન સમાન છે, અને અમારી ખાત્રી છે કે સામાન્ય વાંચકો તેમજ મ્હોટા વિદ્વાનો ત્હેને આવકાર આપશે. અનુવાદની ભાષા સરળ અને ઉચિત છે, અને સંવાદની પહેલાં સૉક્રેટિસનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આપવામાં આવ્યું છે."

"ગુજરાતી" તા. ૧૬ એપ્રીલ સને ૧૯૧૬ ના અંકમાં લખે છે કેઃ—

"**જ્ઞાનવર્ધક પુસ્તકમાળા**"—આ પુસ્તકમાળાના પ્રથમ વર્ષનાં ૪ પુસ્તકો હાસ્યમંદિર, ગોપાળ કૃષ્ણ ગોખલેનું જીવનચરિત્ર, સોક્રેટિસનો સંવાદ અને સત્યભામા અમને કેટલાક સમયથી અભિપ્રાયાર્થે મળ્યાં છે. આજ કાલ સસ્તી વાંચનમાળાઓની યોજના મહારાષ્ટ્રીઓની માફક ગુજરાતી ભાષામાં ઘણાએએ ઘડી કાઢી છે, અને તેને પરિણામે અનેક નમાલાં પુસ્તકો આપણા સાહિત્યમાં ઉભરાઈ ગયાં છે. આથી ઘણીવાર કઈ સસ્તીમાળા ખરીદવી એ માટે સામાન્ય જનસમૂહ મુશ્કેલીમાં મૂકાય છે. પરંતુ આ પુસ્તકમાળા સંબંધમાં તટસ્થપણે એમ કહી શકાય કે, રા. જીવણલાલે પુસ્તકોની પસંદગી કરવામાં હાલ સુધી ઠીક વિવેક વાપર્યો છે; અને પુસ્તકો પણ સારી છપાઇ, સારા કાગળ અને સારા લખાણવાળા આપવા માંડયાં છે. તેથી આશા રાખી શકાશે કે આવીજ રીતે સારાં પુસ્તકોની પસંદગી કરીને ભવિષ્યમાં રા. જીવણલાલ ગુજરાતી સાહિત્ય, સમૃદ્ધ અને સુંદર બનાવવામાં સારો ફાળો આપશે."

"**હાસ્યમંદિર**—આ પુસ્તકમાં રા. બા. રમણભાઇ મહીપતરામ અને સૌ. વિદ્યાગૌરીના હાસ્ય ઉપજાવનારા લેખોનો સંગ્રહ છે. પુસ્તકમાં જ્ઞાનસુધા, વસંત આદિ માસિકોમાં એક વાર પ્રકટ થયેલા લેખો ઉતારેલા છે. શરૂઆતમાં હાસ્યરસ સંબંધી રા. બા. રમણભાઇએ લગભગ ૧૨૦ પાનાંનો એક નિબંધ લખેલો છે. અને તેમાં નર્મયુક્ત વાક્ચાતુર્ય (wit) અને સમર્મ હાસ્ય રસ (Humour) નો તફાવત, ગુજરાતી ભાષામાં અગાઉ થઇ ગયેલા લેખકોનાં કેટલાંક હાસ્યરસના ઉદાહરણ સાથે તેમજ અંગ્રેજી લેખકોના એ રસ સંબંધી મત સાથે વર્ણવેલો છે. × × × ભોમિયાએ દીધેલી ભૂલથાપ, નવાબ સાહેબની મુલાકાત, પાટીઆ વાંચનારા, વગેરે લેખો, તથા સૌ. વિદ્યાગૌરીના વખત ગુમાવવાની કળા, દાંત કાઢવાનો સંચો, ઠંડા પાણીની લહેજત વગેરે લેખ આનંદ આપનારા છે.

ગોપાળ કૃષ્ણ ગોખલેનું જીવનચરિત્ર—ઉપર્યુક્ત માળાનું આ બીજું પુસ્તક મનોરંજનમાંના એક મરાઠી લેખનું ગુજરાતી ભાષાંતર છે. પ્રો. વાસુદેવ બળવંત પટવર્ધન બી. એ. ના મરાઠી લેખ સાથે સરખાવતાં આ ભાષાંતર નિરાશા આપે એવું નથી. ભાષા સરળ અને શુદ્ધ છે. શ્રીયુત ગોખલેનું આખું ચરિત્ર આ પુસ્તક વાંચવાથી વાચકની આંખ સમક્ષ તરવરી રહે છે, અને એ સાથે પુસ્તકમાં અપાયલા એ સ્વર્ગસ્થ નરના જુદી જુદી અવસ્થાના તેમજ બીજા ફોટોગ્રાફ વાચકના મન ઉપર સારી અસર કરનારા નીવડે એમ છે. અંગ્રેજી અને મરાઠી નહિ જાણનારાઓ માટે આ પુસ્તક વિના શકે ઉપયોગી જ્ઞાન વધારનારૂં થઈ પડે છે.

સોક્રેટિસ અને તેનો છેલ્લો સંવાદ—આ પુસ્તક રા. જીવણલાલની જ્ઞાનવર્ધક પુ. માળાનું ત્રીજું પુસ્તક છે. વિશુદ્ધ અને સાત્વિક હૃદયવાળા આ ગ્રીક વિદ્વાન્ સોક્રેટિસના વિરોધીઓએ તેના ઉપર ગ્રીસના ધર્મથી વિરૂદ્ધ ઉપદેશ આપવાનો આરોપ મૂકી તેને દ્વેષથી દેહાંતદંડની શિક્ષા કરાવી હતી. તેને ઝેરનો પ્યાલો પીને મરી જવાનું ફરમાવાયું હતું. એ માટે નિર્ણીત થયેલા દિવસ પહેલાં ક્રીટો નામે સોક્રેટિસના એક પરમ હિતૈષી મિત્રે તેને તુરંગમાંથી સહિસલામતિથી નસાડી દેવાની સૂચના કરી હતી, પરંતુ સોક્રેટિસે તેમ કરવા ચોખ્ખી ના પાડી, અને મરણથી પોતે લેશ પણ ડરતો નથી એમ જણાવી વિષ પી જઈને તેના વાજબીપણા વિષે એક લાંબો સંવાદ કર્યો હતો. આ સંવાદમાં અત્યંત ડહાપણ અને અપ્રતિમ બુદ્ધિ દાખવનારાં નીતિતત્ત્વો સમાયલાં છે. અંગ્રેજીમાં આ પુસ્તક અનેક બંધુઓએ વાંચ્યું હશે, અને ગુજરાતી પ્રજાને આ પુસ્તકના ભાષાન્તરની જણાતી જરૂર મી૦ જીવણલાલે ઠીક સમયે પુરી પાડી છે. સંવાદની ભાષા સરળ અને શુદ્ધ છે. સોક્રેટિસનું જીવનચરિત્ર પણ તે સાથે આપવામાં આવ્યું છે. આ ગુજરાતી રૂપાન્તર વાંચી જવાની ગુર્જર બંધુઓને અમારી ભલામણ છે."

"ચોખેર વાલી" વિશે બે બોલ.

આ પુસ્તક હાથમાં લેતાં દરેક વાચકને તેના નામ માટે કાંઈક આશ્ચર્ય થયા વિના રહેશે નહિ. 'ચોખેર વાલી' એ શબ્દ મૂળ બંગાળી છે અને તેનો અર્થ આંખની કરકર—આંખની રજકણ—આંખની કણી એવો થાય છે. જે વ્યક્તિથી આપણને કંટાળો ઉપજે અથવા જેને દેખતાં આપણને ઈર્ષા ઉપજે એને આપણે 'ચોખેર વાલી' કહી શકીએ. અંગ્રેજીમાં તેનો અર્થ Eyesore દરેક રીતે બંધબેસ્તો થઈ પડે છે, અને એવોજ એક સાદો કે પ્રચલિત સમાસ વાળો શબ્દ આપણી ભાષામાં ન જડવાથી આખરે 'ચોખેર વાલી' એ નામજ કાયમ રાખી, તેના અર્થ રૂપે 'આંખની કણી' એ નામ રાખ્યું છે. બંગાળામાં આ શબ્દ આપણા પ્રાંત કરતાં ઘણો વપરાય છે, અને તે એક લાડકા નામ તરીકે ગણાય છે.

આ પુસ્તકમાં એ મૂળ નામ ગોઠવવાની ખૂબી એ રહેલી છે કે તે બે અર્થમાં વપરાયું છે. બંગાળામાં જ્યારે કોઈ બે યુવતિઓ સહીપણાં કરે છે ત્યારે એકબીજીને અમુક નામથી સંબોધે છે, આ નામે બન્ને સહીપણીઓ એકબીજીને બોલાવે છે. આ વાર્તામાં એવી રીતે બે સ્ત્રીઓ સહીપણામાં ઉપરનું નામ પસંદ કરી ખુલ્લી રીતે એ નામે બોલાવે છે; અને એ બન્નેને પછીથી એકબીજીથી અદેખાઇ આવે છે. ખાસ કરીને આશા નામની નિર્દોષ અને પરિણિત યુવતિનું સુખ જોઇ વિનોદિની નામની એક યુવાન વિધવા અંતરથી દાઝે બળે છે. તેને આશાના પતિ મહેન્દ્રના ઘરમાં રહેવાનો પ્રસંગ મળતાં, આશાનું સુખ નષ્ટ કરવા, તેના પતિને પોતાના ફંદમાં ફસાવવા, અનેક સ્ત્રીચરિત્રો તે કરે છે; એટલુંજ નહિ, પણ ઉઘાડેછોક તે વિધવા, આશાના પતિ મહેન્દ્ર સાથે નાસી જઈ, પોતાની 'આંખની કણી'નું સંસારસુખ નષ્ટ ભ્રષ્ટ કરે છે. આવી સખીને જોઈને એકપક્ષે આશાને કંટાળો ઉપજે, અને બીજેપક્ષે ઈર્ષાગ્નિથી બળેલી વિનોદિનીને આશા ઉપર ક્રોધ ઉપજે

એ સ્વાભાવિક છે. આ રીતે 'ચોખેર વાલી' એ નામમાંથી ગૂઢાર્થ પણ નીકળે છે. એ નામ મૂકવામાં સર રવીન્દ્રનાથે દેખીતો તેમજ અંદરનો એવા બે હેતુઓ રાખ્યા છે. તેમના એ હેતુ જાળવવા માટેજ મરાઠી આવૃત્તિની માફક 'પતિપત્નીપ્રેમ' કે એવું કોઈ નામ રાખવું ઉચિત ધાર્યું નથી.

* * * * *

આ કથાની ખૂબી એ છે કે તેમાં બીજાં કેટલાંક પુસ્તકોની માફક પુષ્કળ પાત્રો નથી; કેવળ છ પાત્ર છે. બે પુરુષ પાત્ર અને ચાર સ્ત્રી પાત્ર, પુરુષ પાત્ર બન્ને નવજવાન છે. સ્ત્રી પાત્રોમાં બે પ્રૌઢા, એક નવયુવતી અને એક નવયુવતી હોવા છતાં પ્રગલ્ભ પ્રકૃતિની છે. નવયુવતીનું નામ **આશા** છે અને પ્રગલ્ભાનું નામ **વિનોદિની** છે. આ છ પાત્રોનાં ચરિત્ર લેખકે આ નવલકથામાં કેવળ જનસ્વભાવના હાર્દને અનુસરતાંજ પ્રસ્ફુટિત કર્યાં છે. એ સાથે એક ખૂબી એ બતાવી છે કે, એક પાત્રનું ચરિત્ર બીજા પાત્રના ચરિત્ર દ્વારા સ્પષ્ટ કર્યું છે. વિસ્તારથી એ પાત્રોના ચરિત્રની આલોચના કરવા માટે આ નાની સરખી ભૂમિકામાં સ્થાન નથી, તથાપિ તે પાત્રોનો કાંઈક પરિચય અને લેખકની ખૂબી અત્રે મારાથી બનતી રીતે દર્શાવીશ. **મહેન્દ્ર** પ્રકટમાં પ્રધાન નાયક છે. તે ઉતાવળીઓ, અવિવેકી, સ્વચ્છંદી અને ચંચલ મનનો છે. એનાથી વિરુદ્ધ ગુણોવાળો એનો બાલમિત્ર **બિહારી** છે. તે ગંભીર, ઠરેલ અને સુજ્ઞ તેમજ સેવાપરાયણ યુવક છે. એકજ પ્રકારના પ્રસંગોમાં પડતાં બન્ને કેવું જુદું જુદું વર્તન કરે છે તે વાર્તામાંથીજ સમજાઈ આવે તેમ છે. **વિનોદિની**નું ચિત્ર લેખકે આબેહૂબ આજકાલની ઓછું ભણેલી વિધવાઓને અનુકૂળ મૂક્યું છે. ગમે તેવાં પુસ્તકો વાંચીને, વિધવાધર્મનો સાર સમજ્યા વિના, પારકી સ્ત્રીઓના સુખમાં વિઘ્નરૂપ થવામાંજ તે મોજ માનનારી છે. **આશા**, **મહેન્દ્ર**ની સ્ત્રી, એ અતિશય સરલ બાલિકા છે; અને તેની સહિપણી થયા પછી **વિનોદિની**, તેનીજ સરલ પ્રકૃતિને પરિણામે **મહેન્દ્ર**ના પરિચયમાં આવે છે. **મહેન્દ્ર**ને અસ્થિર મનનો

જોઈ, **વિનોદિની** પોતાની માયા તેની ઉપર ફેલાવે છે. **મહેન્દ્ર**નો પરમ હિતૈષી મિત્ર અને બાલ્યબંધુ **બિહારી** **મહેન્દ્ર**ને આ સ્ત્રીથી દૂર રહેવા ચેતાવે છે; પણ **મહેન્દ્ર** તેની ઉપર ઉલટો આક્ષેપ મૂકે છે કે 'તું **આશા**ને ચાહે છે.' આમ તેને ખસીયાણો પાડી, તેની સલાહની દરકાર તે કરતો નથી. **વિનોદિની**, ભોળી **આશા**ની ભોળાઇથી અને પોતાને સુખેચ્છા હોવાથી ઇર્ષાગ્નિથી બળી જઈ **આશા**ના સંસારમાં અંગાર મૂકે છે. **વિનોદિની** નિપૂણ, ઘરકામકાજમાં ખબરદાર, બુદ્ધિમતિ, ચતુરા અને દીર્ઘદર્સિની બાળા હોવાથી **મહેન્દ્ર**ને વિવશ બનાવી તેની સાથે નાસી જાય છે. એમ છતાં **બિહારી** જેવા ઠરેલ અને ગંભીર યુવક ઉપરથી તેનું ચિત્ત ડગતું નથી. **બિહારી** તેની માયામાં ફસાતો નથી એ જોઇને તે તેને પગે લાગતી જાય છે. તેની તે પૂજારીણી બને છે, અને આખરે એ ગુણવાન માણસને પણ તે વિવશ કરી લે છે.

આમ બન્નેને વશ કર્યા પછી પણ છેવટે આ બાળાને પવિત્રતામાં મૂકવામાં કવિએ ઘણીજ ખૂબી વાપરી છે. આ પ્રથમ ખંડમાં તેની બાબત ન હોવાથી એ સંબંધી ફક્ત ઉલ્લેખજ કરીને હું અટકીશ કે **બિહારી**ની પવિત્રતાને **વિનોદિની** છેવટે બગડવા દેતી નથી. **મહેન્દ્ર**ને પણ તિરસ્કારના ઉપાયથી તે **આશા** ભેગો કરાવે છે અને છેવટે સર્વનો સુખરૂપ છેડો આવે છે. આ પુસ્તક એજ પવિત્ર છેવટને લીધે વધુ પ્રિય લાગે એમ છે.

રાજલક્ષ્મી અને **અન્નપૂર્ણા**, એ બે પાત્રોમાં **રાજલક્ષ્મી** સ્નેહ-ગર્વિતા, પોતાને અન્ય સ્ત્રીઓ કરતાં ઉંચી સમજનારી અને પુત્રને લાડમાં બગાડી નાંખનારી માતા છે. જ્યારે **અન્નપૂર્ણા** એક ઠરેલ, સમજુ, શાન્ત તથા ભક્તિપરાયણા સાધ્વી બાઈ છે. **આશા**ની સરલતાએજ **આશા**ને અને **મહેન્દ્ર**ને જૂદાં પાડયાં છે. પણ જ્યારે **આશા** પતિવિમુખ થાય છે ત્યારે તે અનુભવવાળી બને છે, અને છેવટે એક ડાહી યુવતિ ગણાય છે.

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી.

સામાજીક નવલકથાઓ.

નિર્દોષ—સ્ત્રી પુરૂષ સર્વેને વાંચવા યોગ્ય—ગ્લેઝડ કાગળ ને સુન્દર પુંઠું—લાઇબ્રેરીનો શણગાર.

એક અપૂર્વ લગ્ન—અંગ્રેજી ઉપરથી કર્તા છગનલાલ હરિલાલ પંડ્યા, બી. એ. "કાદંબરી" ના કર્તા. **કિંમત આઠ આના.**

કમળાકુમારી—કર્તા કવિ ભવાનીશંકર નરસિંહરામ. **કિંમત રૂ. ૧.**

કમળાદેવી યાને **કૃત્રિમ પ્રેમનું વિકટ પરિણામ**—હિંદી ઉપરથી ભાષાન્તર કર્તા ત્ર્યંબકલાલ જીવરાજ જોશી. ઐતિહાસિક નવલકથા. સોનેરી પાકું પુંઠું. **કિંમત રૂ. ૧-૮-૦**

ઉષ:કાળ—ભા. ૧-૨ રા. રા. આપ્ટેના મરાઠી ઉપરથી ઐતિહાસિક ને આકર્ષક નવલકથા. બન્ને ભાગની **કિં. રૂ. ૨-૮-૦**

ગુલાબસિંહ—કર્તા સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદી. કિંમત રૂ. બે.

કુમુદકળા—(સામાજીક નવલકથા.) **કિંમત રૂ. સવા.**

કુસુમ-કળા—રેનોલ્ડસના એક નોવેલ ઉપરથી. **કિંમત રૂ. અઢી.**

સુધાહાસિની—સૌ. વિદ્યાગૌરી બી. એ. કૃત. **કિંમત રૂ. સવા.**

માલા અને મુદ્રિકા—(સ્વ. **કલાપી** કૃત વાર્તા.) **કિંમત આઠ આના.**

એક દેવીનો આત્મવૃતાન્ત—અંગ્રેજી ઉપરથી કર્તા **કાન્ત**—રા. રા. મણિશંકર. રત્નજી ભટ્ટ, બી. એ. **કિંમત છ આના.**

જીવનલાલ અમરશી મહેતા,
ઠે. પીરમશાહ રોડ; **અમદાવાદ.**

અમદાવાદમાં ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

